<u>પ્રથમ વિભાગ</u>

<u>સત્સંગ અને ગુરુભક્તિ નું મહત્વ</u>

પ્રકરણ 1

મનુષ્યનું પરમ કર્તવ્ય

"પરમ- અર્થ અત્યંત શ્રેષ્ઠ છે. પરમ અર્થ શોધવો એ જ મનુષ્યનું પોતાનું કર્તવ્ય છે" એવું ન જાણીને અથવા જાણ્યા છતાં પણ તેના તરફ દુર્લક્ષ કરીને મનુષ્ય પોતાનો નિત્ય વ્યવહાર કરે છે તથા વધેલા સમયને વાતચીત, મનોરંજન,ગાયન-વાદન વગેરે કલા અથવા ધન પ્રાપ્તિના વિવિધ ઉપાયો કરવામાં વેડફી નાખે છે. પણ પોતાને પ્રાપ્ત થયેલ સોના જેવા કીમતી સમયનો આત્મકલ્યાણ માટે ઉપયોગ કરી લેતા નથી! ખરું કહું તો સત્સંગ, આધ્યાત્મિક ગ્રંથોનું અધ્યયન, ધ્યાન વગેરે સાધનો પાછળ ખર્ચેલો સમય જ સાર્થક હોય છે અને એ સિવાય પસાર કરેલો સમય નિરર્થક! આ નાનકડા શરીરને કેટલુક જોઈએ? એને તો અન્ન, વસ્ત્ર અને સાધારણ આવાસ, એટલી જ જરૂર છે. પણ શરીરના અધિકાધિક વિષયોની પૂર્તિ માટે અધિકાધિક ધન કમાવવાની વૃત્તિ જનતામાં પ્રચૂર છે. હે સાધક, તને જ્યારે સમય મળે ત્યારે જ્ઞાન પ્રાપ્ત કરી લો. પરમ-અર્થના મહત્વને જાણ્યા પછી ફરી વ્યવહારમાં ડૂબી બધો સમય તેના માટે જ રાખી ન મૂકો ઇચ્છા ન હોય તો હજારો કારણો મળે છે એ કહેવત પ્રમાણે પરમ અર્થ છોડવાનું નિમિત્ત શોધતા નહી. એ ભૂલશો નહિ કે તમારી મુખ્ય પ્રવૃત્તિ પરમ અર્થ મેળવો એ જ છે.

મનુષ્ય માત્ર નું કલ્યાણ પરમ અર્થમાં જ છે. પ્રપંચ એટલે "લાકડાના લાડુ" જે ખાય તે પસ્તાય જે ન ખાય તે પણ પસ્તાય. બરાબર એ જ પ્રમાણે ધન-વૈભવ અધિકાર કીર્તિ વગેરે જોઈને તે ન હોય તો મન બેચેન થઈ જાય છે અને મળે તો તેના દોષથી શેકાઈ જાય છે!! સારાંશ- આવા ફસાવી દે તેવા પ્રપંચ પર ભરોસો કરીને તેને પોતાનું સર્વસ્વ ન આપવું એ જ અતિ શ્રેયસ્કર છે!!

સાધકને પૂછવામાં આવે કે તું કોણ છે? તો તેનો ઉત્તર મળે છે- હું અધિકારી છું, નોકર છું અથવા હું વેપારી છું. તેને બદલે "હું સાધક છું" એવો અંદરથી ઉત્તર આવવો જોઇએ. એનો અર્થ એ નથી કે અમે વ્યવહાર કરવાની ના પાડીએ છીએ. પણ યોગ્ય રીતે સાધના કર્યા પછી વધેલા સમયમાં વ્યવહાર કરો. વધારે મહત્વ પરમ અર્થને આપો. વ્યવહાર અને પરમ અર્થ બંને કરવા હોય તો આપ કોને વધારે મહત્વ આપો છો તે મહત્વપૂર્ણ છે. જેમ રમત રમતી વખતે બાળકો એક આંગળી નું થૂંક બીજી આંગળી પર લાવીને દેખાડે છે તે રીતે અત્યાર સુધી સાધક જે મહત્વ વ્યવહારને આપતો હતો તે મહત્વ હવે પરમઅર્થ ને આપવું જોઈએ. માત્ર આટલું જ પરિવર્તન કરવાનું છે આપણે જે દ્રષ્ટિથી વ્યવહારની જોઈએ છીએ એવો તે

દેખાય છે. સંસાર વ્યવહાર ની બાબતોને મહત્વ આપવાને કારણે જે વસ્તુઓ ભવ્ય અને દિવ્ય દેખાય છે તેને સામાન્ય માનવાથી તે કનિષ્ઠ દેખાશે

સાધકમાં વિવેક અને વૈરાગ્ય બંનેનું હોવું આવશ્યક છે. સત્ય શું છે અને અસત્ય શું છે એનો નિર્ણય કરવાનો વિવેક અને સત્યને ગ્રહણ કરવા માટે અસત્યનો ત્યાગરૂપી વૈરાગ્ય હોવું ખૂબ આવશ્યક છે પણ ઘણા સાધકો માં પ્રાયઃ વૈરાગ્યનો અભાવ જોવા મળે છે ઉચ્ચતમ વેદાંત નું શ્રવણ કરી લીધું અને સત્ય સ્વરૂપ જ્ઞાન મેળવી લીધું હોય તો પણ સાધકો નાના-નાના દુઃખોને મોટી આપત્તિઓ માનીને ચાલે છે! સાચું કહીએ તો દુઃખી થવા જેવી મોટી મુશ્કેલીઓ મનુષ્યના જીવનમાં ભાગ્યે જ આવે છે. પણ તેને પોતાના સ્વાર્થી સ્વભાવ ને કારણે આ નાના-નાના દુઃખ પણ પહાડ જેવા મોટા લાગે છે. સારાંશ- રોજ-બરોજના અલ્પ દુઃખોને સત્ય અને મહત્વ આપવાનું અવૈરાગ્ય જવું જોઈએ.

જ્ઞાનના સાધકનું ધ્યાન હંમેશા આત્માના યથાર્થ જ્ઞાન અને અનુભવની પ્રાપ્તિ તરફ રહે છે તે હંમેશાં અંતર્મુખ આનંદમાં રહીને આત્માનુસંધાન માં લાગ્યો રહે છે. શરીર છે કે નહિ એવું લાગે ત્યાં સુધી આત્માનુસંધાન કરે છે. તે શરીરને પ્રારબ્ધ પર છોડીને સતત સાધનામાં પ્રયત્નશીલ રહે છે.

સંસાર વ્યવહાર ને તો લોકો પૂરેપૂરા પ્રયત્ન થી કરે છે, જ્યારે પરમ અર્થને પ્રારબ્ધ પર છોડી દે છે, વળી પાછા તેઓ કહે છે કે "પરમ અર્થ માટે પૂર્વ જન્મનું પુણ્ય જોઈએ અથવા જો અમારા ભાગ્યમાં હશે તો જ અમને પરમ અર્થની પ્રાપ્તિ થશે!" પરંતુ સંસાર માટે આટ આટલા કષ્ટ ઉઠાવવા છતાં પણ તેનું ફળ શું મળે છે? સર્વ પ્રથમ મનુષ્ય વિચારે છે કે શિક્ષણ પ્રાપ્ત કરવાથી સુખ મળશે. તે પછી નોકરી માટે દોડધામ કરે છે અને સમજે છે કે નોકરી મળી ગયા પછી સુખ મળશે. નોકરી મળ્યા પછી વિચારે છે કે લગ્નમાં સુખ મળશે લગ્ન થયા પછી બાળકો થશે એટલે સુખ એમ સુખઆગળ છે આગળ છે એમ કહેતા કહેતા આયુષ્ય પૂરું કરનારને ખરેખર શું મળે છે? આમ પ્રયાસોમાં અને પ્રયાસોમાં મનુષ્યનું જીવન વેડફાઈ જાય છે. અંતમાં વૃદ્ધાવસ્થા રોગ અને મૃત્યુ એ જ પહાડ જેવા કષ્ટ વેઠીને મળેલું ફળ છે. અમે એ કહેવા માંગીએ છીએ કે આખું જીવન આપણે નિરર્થક દોડાદોડીમાં જ પસાર કરી નાખીએ છીએઅને તેના બદલે થોડા જ પ્રયત્નોથી મળનારા મહાન ફળનો અનુગ્રહ કરવા વાળા પરમ અર્થ જાણવા ની તરફ લક્ષ્ય નથી આપતા.

આત્મજ્ઞાન આ રહસ્યને સુલભતા સાથે સમજાવી દેવું એ જ સદગુરુ ની વિશેષતા છે. આ કાર્ય અનુભવી ગુરુ દ્વારા જ થાય છે. એટલા માટે એને ગુરુગમ્ય માર્ગ કહેવામાં આવે છે. શિષ્યોએ આ ગુરુપ્રદત્ત બોધને ગ્રહણ કરીને પૂર્ણત્વને પામવું જોઈએ. ગુરુ નો બોધ તો બધે જ વરસતા વરસાદની જેમ બધા પર સમાન રીતે વરસે છે. દાતા ભરી ભરીને આપતો હોય તો પણ ખોબો આગળ કરીને કોઈ લે નહીં તો તે શું કરે?

ગુરુએ ઉપદેશ કરેલો જ્ઞાન બોધ ગ્રહણ કર્યો એટલે તેમના ઉપદેશ પ્રમાણે આપણે રહેવા લાગ્યા તો જ ગુરુકૃપા થાય તો પછી ગુરુકૃપા તમારા હાથમાં છે એમ થયું. ગુરુ એ કોઈ ના માથે હાથ મૂકી દીધો અથવા કોઈના પર અમીદ્રષ્ટી કરી દીધી એટલે ગુરુ કૃપા થઈ એમ માનવું ભૂલ ભરેલું છે. એવું માનીએ તો એક પર કૃપા કરે છે અને બીજા પર નહિ એવો ભેદભાવ કર્યા જેવું થાય!

આત્મધ્યાન એટલે ધ્યેય ધ્યાતા ધ્યાનરૂપી ત્રિપુટીનું ધ્યાન નથી. આત્માને જોવાના કે તેનો અનુભવ લેવાના ઉદ્દેશથી ધ્યાન કરનાર આત્મા પોતાનાથી અલગ છે એવું સમજે છે. તે પરથી ધ્યાનથી તેને મળનાર આનંદ સ્વરૂપભૂત ન રહેતા કૃત્રિમ છે, તેવું સિધ્ધ થાય છે. પણ જ્ઞાનના સાધકનું સત્યધ્યાન ત્રિપુટી રહિત, અખંદાનંદરૂપ, સનાતન, ચૈતન્યઘન વસ્તુ હું જ છું એવું પરમ સમાધાન કરાવે છે. ધ્યાતા ધ્યાન ન હોય એવું ધ્યેયરૂપ જ શેષ રહે એવો સાક્ષાત્કાર એટલે જ સાક્ષાત આત્મા થવું !

શિવ રામકૃષ્ણ વગેરે દેવતાઓને ભજવાનો ઉદ્દેશ્ય –

સર્વ દેવ દેવતાઓમાં નિવાસ કરવાવાળો આત્મા આપણા સૌમાં પણ છે. શ્રી રામ, કૃષ્ણ, શિવ, ગણેશ, દેવી વગેરે દેવતાઓની ઉપાસનાનું ફળ નિજ સ્વરૂપને જાણીને આત્મજ્ઞાનને પ્રાપ્ત કરી લેવાનું છે. એવું ન કરીને જો તેમની પુરાતન વેશભૂષાનું વર્ણન કર્યું કે તેમના રૂપની ચર્ચા કરી કે તેમના ગુણોનું ઉપર-ઉપરથી વર્ણન કર્યું તો એનાથી કઇ પોટલી મળી જવાની છે?

શ્રી રામ, કૃષ્ણ, શિવ, ગણેશ વગેરે ભગવાનોએ રામ-ગીતા, ભગવદ્ ગીતા, શિવ-ગીતા વગેરેમાં આ જ બોધ આપવામાં આવ્યો છે કે 'હું સર્વના હ્રદયમાં રહું છું'. આનો ગૂઢ અર્થ શું છે? શું એ બધા રામ શિવાદિ આકાર રૂપે સર્વના હ્રદયમાં બિરાજમાન છે? તે કદાચ શક્ય નથી. તેઓ એક આત્માના રૂપમાં સર્વાંતર્યામિ છે. અર્થાત્ એક જ આત્મા સર્વમાં રહે છે અને સર્વ દેવતાઓ પણ આપણે જ છીએ એવું સમજવાનું છે.

હવે, દેવતાઓની સાચી ભક્તિ કઇ છે? અહંકાર રાખીને દેવતાની સન્મુખ ખુદના ગાલ પર થપાટ મારવી એમ નહીં, પણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને સ્વયંના અહંકારને તેમના ચરણોમાં અર્પિત કરી દેવામાં છે. સ્વયંના અહંકારનો ત્યાગ કરવો, એ જ સાચું નમન છે!!

ભગવાન કે ગુરુ ત્યારે જ આનંદિત થાય છે, જયારે તમે આત્માનંદથી સંતોષપૂર્ણ હોવ છો. જેમ પિતા પોતાના પુત્રની ઉન્નત સ્થિતિ જોઇને પ્રસન્ન થાય છે. તે રીતે જ દેવ અને ગુરુ પણ પોતાના ભક્તને પરમાનંદની સ્થિતિમાં જોઇને પ્રસન્ન થાય છે. જ્ઞાની પુરુષ પોતાના તમામ શિષ્યોને "તમે પણ અમારી જેમ ઉન્નત સ્થિતીને પ્રાપ્ત કરો" એવો બોધ કરાવે છે. ગુરુને પારસની ઉપમા આપવી યોગ્ય નથી. કારણ કે પારસ તો લોખંડ ને સોનું બનાવે છે, પોતાની જેમ પારસ નથી બનાવતો. પરંતુ સદગુરુ તો શિષ્યને પરિપૂર્ણ ગુરૂસ્વરૂપ જ કરી દે છે! પરંતુ જો ભક્તગણ ઉન્ન્ત આત્માનંદ પ્રાપ્ત કરવાની ઇચ્છા ન કરતાં, ધન-સન્માન

વગેરે અલ્પસુખ આપવાની માંગણી કરતા કેવળ બાહ્ય ઉપચારની સ્તુતિ-સ્તોત્ર-પૂજા વગેરે કર્યા કરે તો દેવતાને લગીરે આનંદ થશે નહિ! બાળકો પિતાના કહ્યા પ્રમાણે ન વર્તતા, " કેમ છો પિતા, તમારો ચહેરો કેટલો સુંદર છે! તમારી આંખો કેવી કમળ જેવી છે! તમારું નાક ચંપાની કળી જેવું શોભાયમાન છે!" એવું વર્ણન કરતા રહે તો પિતાને પ્રિય થશે? સારાંશ- સર્વ ઉપાસનાના ફળ સ્વરુપ આત્માનુભવ પ્રાપ્ત કરી લો.

આનંદરૂપ એવા આપણે પૈસો વગેરે કોઇપણ વિષયથી આનંદની અપેક્ષા કરીએ તો તે પાણીને તરસ લાગવા જેવું છે! આ ભ્રમિત પાણી પોતાની વ્યર્થ મથામણ છોડીને, " હું જ પાણી છું" એવું જાણશે પછી એની તરસ જશે. તે જ પ્રમાણે તું ' હું જ આનંદરૂપ છું' એવું જાણીશ એટલે, બાહ્ય વસ્તુ મેળવીને સુખી થવાય એવો ભ્રમ દૂર થાય છે. ત્યારે આ વિપરીત ભ્રમથી ઉત્પન્ન થનારો અહંકાર ક્યાંથી આવ્યો ? અજ્ઞાનથી. સારુ, અજ્ઞાન એટલે કઈ વસ્તુનું અજ્ઞાન? આપણા નિજ સ્વરૂપનું અજ્ઞાન. બરાબર. આ અજ્ઞાન શેનાથી દૂર થાય છે? આપણા નિજ સ્વરૂપના જ્ઞાનથી, અર્થાત આત્મજ્ઞાનથી- એવી પ્રણાલી છે.

સાધકે, જરુર જેટલો વ્યવહાર કરી બધું લક્ષ પરમ અર્થ તરફ આપવું જોઈએ. તેણે કોઇપણ કારણથી સાધનામાં શિથિલતા આવવા ન દેવી જોઇએ. સાધકે પોતાનું પ્રથમ કામ એટલે સાધના કર્યા બાદ જ સંસારના કામમાં ધ્યાન આપવું જોઇએ. એટલું જ નહી પણ સાધના માટે એક નિયમિત સમય રાખવો એટલો જ મહત્ત્વનો છે. સાધનામાં નિયમિતતા આવશ્યક છે, એ સિધ્ધ છે. સાથોસાથ, સાધના તત્ત્વાનુસાર અને ચીવટતાથી કરવી એટલું જ મહત્ત્વનું છે. 60-70 વર્ષ પૂર્વે થોડા શ્રમથી જીવન સુચારુ રૂપે ચાલતું હોવાથી, અમારા પરમ ગુરુ તેમના શિષ્યોને દિવસમાં ત્રણ વાર ત્રણ-ત્રણ કલાક ધ્યાન કરવાનું કહેતા હતા. 20-25 વર્ષનો સમય થયા બાદ, અમારા ગુરુ દિવસમાં બે વાર બે-બે કલાક ધ્યાન કરવાનું કહેતા હતા. હવે જીવન કલહની તીવ્ર પરિસ્થિતિને અનુલક્ષીને, અમે પ્રભાતે એક કલાક, સાંજે અડધો કલાક એમ દિવસમાં બે વાર કુલ દોઢ કલાક એટલું જ ધ્યાન કરો એવું કહીએ છીએ! પણ આ રીતે સમયનું પરિમાણ (Quantity) ઉત્તમ ગુણવત્તાના (Quality) ધ્યાનથી ભરવાનું છે, એ વાત શિષ્યે ભૂલવી નહી. ધ્યાનનો મર્મ યથાર્થ રીતે જાણી લઈ, તે ચીવટ પૂર્વક આચરવામાં આવે, તો અમે આપેલી સવલત ફળદ્રૂપ થાય છે. તેમ ન કરતાં, તત્ત્વ રહિત અને ગમે તેમ થોડી વાર સાધના કરી તો તેનું ફળ શૂન્ય!!

સંપત્તિ, આપ્તજનો વગેરેના મમત્વ પર અવલંબી ન રહેશો. કારણ કે તે બધા દેહરૂપી માટીના પાયા પર બાંધેલા હોય છે. દેહના ભરોસે મૂકેલી એસ્ટેટ, બેંકની થાપણ, પત્ની, બાળકો, ભવ્ય ઇમારતો વગેરે દેહ નાશ પામે એટલે એકદમ કડડભૂસ થઈ જાય છે! તેને માટે શરીરની નશ્વરતા ધ્યાનમાં રાખી, વ્યવહારનું અવલંબન ન રાખતા અને ' મારે હજી ભરપૂર જીવવાનું છે, સાધના આગળ કરીશું, એવા વિચારથી કાલે ન કરતાં આજે જ- હમણા જ સાધના શરુ કરો' કાલ કહેનારનું ઘર નાશ પામે છે, એ કહેવત મુજબ તુ કાલ સુધી રહીશ, એની શી ખાત્રી છે? કહો જોઇએ !!

પ્રકરણ-૨

સત્સંગ અને ગુરુભક્તિનું મહત્વ

સંત દયાળુ હોય છે. તે તમામને સમભાવથી જુએ છે. તેઓ કોઈના પ્રતિ દ્વેષ નથી રાખતા. ક્ષમા, દયા, શાંતિ જેવાં સદગુણોને જ્યારે જગતમાં ક્યાંય પણ આશ્રય ન મળ્યો ત્યારે તે બધા સાધુજનોના આશ્રયમાં આવી ગયા!

આસુરી સંપત્તિ અને દૈવી સંપત્તિ પરસ્પર વિરોધી છે. એમાંથી દૈવી સંપદા સંતોની મૂડી છે. સંતો દુ:ખોથી પીડિત મનુષ્યોનાં દુ:ખોને દૂર કરવા માટે સતત મહેનત કરતા રહે છે. જો કે, આર્થિક મદદ કરવામાં અસમર્થ હોવા છતાં સ્નેહ સભર ચાર શબ્દોથી મનુષ્યોના અંતકરણમાં શાંતિ લાવવા માટે પ્રયાસ અવશ્ય

કરે જ. ગોળ ન આપી શકે છતાં ગોળ જેવી મીઠી વાણી બોલવામાં શું વાંધો છે? પરંતુ મીઠી વાણી બોલવા માટે પણ અંતકરણમાં નિર્મળ પ્રેમ હોવો જોઈએ!

સાધુને માટે સંભવ હોય છે એટલી શારીરિક સેવા તેમજ આર્થિક મદદ કરે છે. પ્રત્યક્ષ રૂપે કંઈ ન કરતા રહીને માત્ર મીઠી-મીઠી વાતો કરવી એ ઠગાઈ જ છે! સાધુ તન-મન-ધન-વચન દ્વારા સમભાવે વ્યવહાર કરે છે, તેઓ જ ખરો પ્રેમ આપે છે, તેમજ જેટલી આપી શકાય તેટલી શારીરિક તેમજ આર્થિક મદદ દ્વારા બીજાઓના દુ:ખોનું નિવારણ, કરવાનું જ તેઓનું ધ્યેય હોય છે.

'તમને જે વાતોથી કષ્ટ પહોંચે છે તે બીજા સાથે કરશો નહી' , આ નીતિનો મૂળભૂત સિદ્ધાંત છે. એમાંય મુખ્ય પણે બીજાના મનને ખૂંચે એવી વાત ક્યારેય પણ ન કરવી જોઈએ. "અમે કંઈ પણ સહન કરીશું પણ ખટકે એવા કવેણ, સહેવા અત્યંત કઠિન છે', એવું કહેતા આપણે લોકોને સાંભળ્યા છે ને? કહેવત છે કે, ''કુહાડીનો ઘા કરતા પણ શબ્દોના ઘા અતિ ભયંકર!." એટલા માટે સંત આ બાબતે જાગ્રત રહે છે. સંતના મુખેથી જાણતા-અજાણતા કોઈ કડવું વેણ નીકળી જાય છે તો તુરંત ક્ષમા માંગવામાં અચકાતા નથી!

આપણે મનથી પણ કોઈનું ખરાબ ઈચ્છવું જોઈએ નહીં. કોઇનું પણ ખરાબ ઇચ્છવું, ખરાબ કરવા બરાબર દોષપૂર્ણ છે. સાધુ સદૈવ જ જનકલ્યાણની વાત કરે છે. તેઓના વાક્ય આ જ હોય

સર્વ ભવન્તુ સુખિન:, સર્વે સંતુ નિરામયા: ।।

સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશિચદ્ર દુ:ખમાપ્નુયાત ॥

કોઈએ સાધુનું કંઈ ખરાબ કર્યું તો સાધુ સમજે છે કે 'સારુ-ખરાબ એ બન્ને મારા પ્રારબ્ધ અનુસાર જ આવ્યાં છે'. તે પોતાના વિવેકને લીધે ખરાબ કરનારાનું ખરાબ તો કરતો જ નથી પરંતુ એને પણ ભગવાન! એને સદબુદ્ધિ આપે એવો આશીર્વાદ આપે છે! બીજાઓ દ્વારા કરવામાં આવેલ બુરાઈને શાંત ભાવથી સહી લેવી એ તો વ્યવહાર ચલાવવા માટે પણ આવશ્યક છે. પરમ અર્થમાં તો શાંતિ સર્વસ્વ છે. શાંતિ જ શિવ તત્વ છે!

શાંતિ ધારણ કરવાના બે પ્રકાર છે. એક છે મનમાં કોઈ વિષમતા યા દ્વેષભાવ ન રાખવાવાળી અનાક્રોશ શાંતિ અને બીજી છે મનમાં ક્રોધ તથા ઈર્ષા ભાવ રાખીને ઉપરથી દેખાતી આભાસી શાંતિ! સંતોના જીવનમાં આક્રોશવગરની પરમ શાંતિ રહે છે એ કહેવુ ન પડે.

સાધુ સરળ અને શુદ્ધ હોય છે. તેમનું અન્તર્મન મલિનતા ધોવાને લીધે સ્વચ્છ હોય છે. આ શરીરને ગમે તેટલી વારે ધોઓ તો પણ એ ગંદુ થઈ જ જાય છે. શરીરની રચના જ એવી છે કે ભલેને તેને ગૌમૂત્રથી ધોઈ નાખો યા તો ગૌમૂત્રને પી લો તો પણ એ શુધ્ધ થઇ શકતું નથી! કારણ કે તે ગંદી વસ્તુઓમાંથી જ બનેલું છે. તેને શુદ્ધ કરવું એ એક મોટી મુશ્કેલી જ છે. સારાંશ- અંતરંગ નિર્મળતા જ વાસ્તવિક નિર્મળતા છે. સાધુ જ્ઞાનરૂપી તીર્થોમાં સ્નાન કરીને પરિશુદ્ધ થયેલા હોય છે.

જ્ઞાનતીર્થમાં સ્નાન કર્યા પછી મલિનતા ક્યારેય ન આવી શકે! હવે, પુણ્યતીર્થ કોને કહે છે? તેનું પરિક્ષણ કરીએ. નદીનું પાણી જે સ્થળે તળાવની જેમ સ્થિર રહે છે તેને તીર્થ કહેવામાં આવે છે. અર્થાત નિશ્ચલતા જ તીર્થનું સ્વરૂપ છે. અતઃ પરિપૂર્ણ નિશ્ચલ પર બ્રહ્મમાં સ્થિત સાધુ જ સત્યતીર્થ સ્વરૂપ નથી? એટલા માટે તેમના પગ ધોયેલા પાણીને "ચરણતીર્થ" કહેવામાં આવે છે અને બધા તેનું ચરણામૃત લે છે!

પહેલાં સ્થાવર તીર્થોમાં જ્ઞાની-સાધુ રુપી જંગમતીર્થ નો વાસ હતો. તે સમયે તીર્થ ક્ષેત્રમાં સાધુ વાસ કરતા અને પુરાણ વગેરે પુણ્ય કથાઓ અને જ્ઞાન બોધનું શ્રવણ થતું રહેતું. પરંતુ જે રીતે જડ શરીરમાંથી પ્રાણ નીકળી જાય છે તે જ રીતે તીર્થોમાંની બોધ શક્તિ જ લય પામી છે. આવા નદી પર્વતો અને પ્રાચીન વાસ્તુવાળા તીર્થોની યાત્રા કરવાથી ખરેખર યાત્રીઓનું ક્યાંથી કલ્યાણ થાય?

સંત અથવા જ્ઞાની, એ જ ધર્મના આધારસ્તંભ! એમને જ સદગુરૂ કહેવામાં આવે છે. એ સંતોનો મહિમા અવર્ણનીય છે. એક વખત નાદરજી શ્રીકૃષ્ણના મંદિરે ગયા ત્યારે સેવકે કહ્યું કે અત્યારે " શ્રીકૃષ્ણ પૂજા કરી રહ્યા છે". આ સાંભળીને નાદરજીને ખૂબ નવાઈ લાગી. તેઓ વિચારવા લાગ્યા કે જેની પૂજા ત્રણે લોક કરે છે, એ શ્રીકૃષ્ણ કોની પૂજા કરી રહયા છે! જ્યારે શ્રીકૃષ્ણ બહાર આવ્યા તો નાદરજીએ વિનોદમાં પૂછ્યુ કે, "આપ પણ અમારી જેમ પૂજા કરો છો તો તેનો મતલબ, ભાવાર્થ એ થયો કે આપના પણ કોઈ એક દેવ છે. જો એમ જ હોય તો આપ ભગવાન કેવી રીતે હોઈ શકો?" શ્રી કૃષ્ણએ એનો કોઈ જવાબ આપ્યો નહીં. તેઓએ માત્ર સ્મિત જ કર્યું. આ જોઈને નાદરજીનૂં કુતુહુલ વધારે થયું. તેમણે શ્રી કૃષ્ણને આગ્રહ કર્યો કરીને આપ મને આપના ભગવાનનાં દર્શન કરાવો."

એક મંદ મંદ સ્મિત સાથે શ્રી કૃષ્ણ મહર્ષિ નારદને તેમના પૂજાઘરમાં લઈ ગયા. ત્યાં નારદજી એ મોટા પટારો જોયો. તેમણે કુતુહુલ સાથે પૂછ્યુ " તમારા ભગવાન આવડા મોટા પટારામાં રાખવાનું કારણ શું ?" શ્રી કૃષ્ણે મૌન રહીને પટારો ખોલ્યો તો તેની અંદર એક બીજો પટારો રાખ્યો હતો! આ રીતે પટારાની અંદર પટારો,પટારા ની અંદર પટારો, સાત પટારા રાખ્યા હતા. છેલ્લા પટારામાં એક રેશમી રૂમાલમાં વીંટાળેલી એક સોનાની ડબ્બી હતી. જયારે એ ડબ્બીને ખોલી તો તે ડબ્બીમાં ચપટી માટી હતી. નાદરજીએ શ્રી કૃષ્ણને કહ્યું "આપના ભગવાન તો ખૂબ જ અદભુત લાગે છે. એક ચપટી માટી !! શું આ ચપટીક માટી જ આપના ભગવાન છે?" શ્રીકૃષ્ણએ તેમને જણાવ્યું હે નારદ ! મારો મહિમા જેમના પર આધારિત છે, તે સંતો-ભક્તો જ મારા પરમ દેવ છે! તે સંતોની ચરણરજને આ પેટીમાં રાખીને, હું તેની પૂજા કરૂં છું." હવે નારદજીને સંતો, ભક્તો અને ભગવાનનું એકત્વ સમજમાં આવી ગયું. તેઓ બોલ્યા, "સત્ય છે પ્રભુ, ભગવત સ્વરૂપ આ જ છે"

સંતો પરમ ઉપકારી હોય છે. જે રીતે વૃક્ષ પોતે તાપ-તડકો, વરસાદને સહી લે છે અને બધા જીવોને મીઠાં-મધુરાં ફળ શીતળ છાંયડો આપે છે, તેવી જ રીતે સંત પણ ખુદ દુઃખ વેઠીને પણ સર્વનું કલ્યાણ કરે છે. તેઓ પોતાની સહાનુભૂતિપૂર્ણ દયામયી અમૃતવાણી દ્વારા તમામના મનને સંતોષ આપે છે. જે રીતે જળ આ સારો છે, આ ખરાબ છે, કે આ ગાય છે, આ વાઘ છે એવું ન જોતાં બધાની સમભાવે તરસ છીપાવે છે, તે જ રીતે સંત પણ બધે જ આનંદની વર્ષા કરે છે.

સંતોનું એક બીજું મુખ્ય લક્ષણ એટલે તેઓ બધાને સમદ્રષ્ટિથી જુએ છે. સર્વમાં એક જ આત્માનો વાસ છે. આમ સમજીને સર્વત્ર સમદ્રષ્ટિ રાખે છે. જેમકે, બે મિત્રો હોય અને નાટકમાં પરસ્પર શત્રુની ભૂમિકા ભજવે છે, તો પણ નાટક પૂર્ણ થયા પછી વેશભૂષાને ભૂલી જઈને મિત્રો જ રહે છે. તે પ્રમાણે જ્ઞાની પુરુષ અનંત રૂપોમાં વિલસી રહેલ અને જીવોમાં વ્યાપ્ત આત્માને જુએ છે અને તેના પર સમભાવે સ્નેહ રાખે છે. ખાંડમાંથી બનાવેલી હાથી,ઊંટ,ગાય,સિંહ,મનુષ્યની પૂતળીઓમાં સુજ્ઞજનોને બધે ખાંડ જ દેખાશે. તે એમાંથી કોઈ એકને ખરીદીને ખાઈ જાય છે. તે બાળકોની જેમ એમાં શ્રેષ્ઠ-કનિષ્ઠનો ભેદભાવ નથી રાખતો, જેમ સોનાની ઠંડી,હાર,કડું વગેરે ઘરેણાંમાં સોનું જોઈને જ માણસ ખરીદી કરે છે. એ રીતે જ સંત બધામાં એક જ આત્માને જુએ છે. બાહ્ય રૂપથી જોવા જોઈએ તો બે માણસના ચહેરા એક જેવા હોતા નથી. બહુ જ ઓછા જોવા મળે છે. જગતમાં અબજો લોકોના ચહેરા ભિન્ન હોય છે. પરંતુ આંતરિક રૂપથી અનંત નામ, અનંત રૂપ અને આકારના વ્યક્તિઓમાં એક જ વસ્તુ વિરાજમાન હોય છે. **અનેકત્વમાં એકત્વને જોવું એ જ જ્ઞાન છે અને એકત્વ ભાવથી બધાને પ્રેમ કરવો, એ જ ભક્તિ છે.**

સત્સંગનું મહત્વ – સત્સંગ અલભ્ય, અગમ્ય અને અમોઘ છે. ખરેખર તો સાચા સંતનું મળવું ખૂબ જ મુશ્કેલ છે. હજારો શું લાખોમાં પણ કોઈ એકાદ સંત હોય છે! બીજી વાત એ છે કે સંત નજીક માં હોય તો પણ તેમને ઓળખવા મુશ્કેલ છે! કેમ કે કોઈ આડંબર નથી કરતા. તેઓ પોતાના શ્રેષ્ઠગુણો છુપાવી રાખે છે. સારાંશ-સાચા સંતનું મળવું અને તેમને ઓળખીને તેમના સાંનિધ્યમાં સત્સંગ કરવો અતિદુર્લભ છે! જો તે મળી જાય તો પરમ પદની પ્રાપ્તિ થઈ જાય છે.

સંતોથી સંગતથી અતં:કરણ શુદ્ધ થાય છે. તેમની સહજ વાણીથી સંશયનું નિવારણ થાય છે. તેઓ હરક્ષણ અનુભવપૂર્ણ હિતોપદેશ દ્વારા સાધકોને બોધ આપે છે.

અનેક સંતોમાં સદગુરૂ જ શ્રેષ્ઠ છે. આપણા કલ્યાણનો ભાર પોતાના ઉપર લઈ લેનાર સંત જ સદગુરૂ હોય છે.એવા સંત શિરોમણિ સદગુરુને સેવા કરીને, તેમના પ્રીતિ પાત્ર બનીને જ આપણને અધ્યાત્મ-વિદ્યા પ્રાપ્ત થાય છે. સામાન્ય વિદ્યા અને કળા તો ધન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ અધ્યાત્મ વિદ્યા ધનના ઢગલાથી પણ મેળવી શકાતી નથી. તેનાં માટે તો અનન્ય ભાવથી સદગુરુ ની સેવા કરવી આવશ્યક છે.

ગુરૂભક્તિ, સદગુરુ ની પ્રત્યક્ષ સેવા કરીને, પૂજ્ય ભાવથી, ધનથી, વાણી દ્વારા આચરણ કરવી જોઇએ. એવી ભક્તિ કરવાથી જ અધ્યાત્મ વિદ્યાનું રહસ્ય સમજાય છે. સતત સદગુરુ નાં સાનિધ્ય માં રહેવાથી સાધકને અધ્યાત્મ વિષય શ્રવણ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે, અને આત્મબોધસ્પષ્ટ રુપે પ્રાપ્ત થાય છે. ગુરૂ ભાવના વગર માત્ર પાંચ દશ મિનિટ નાં શ્રવણ માત્રથી બોધની પ્રાપ્તિ થતી નથી. શિષ્ય જયારે સદગુરૂ નાં ઉપદેશમાં સર્વભાવથી એકરૂપ થઈ જાય છે ત્યારે જ તે મહત્વપૂર્ણ સિદ્ધાંતથી અવગત થાય છે. આત્મબોધનું રહસ્ય એવું છે કે તે કોના અંત કરણમાં ક્યારે અને કેવી રીતે પ્રકાશિત થઈ જાય એ જણાવી શકાય નહી. સદગુરુ નું કોઇ એક વાક્ય, કોઈ એક શબ્દ, કોઈ એક દ્રષ્ટાંત, એમનું ક્યુ કાર્ય , કે તેમનો કયો વ્યવહાર ક્યારે હૃદય માં પ્રવેશી જાય અને સાધક ને ક્યારે સમાધિ સ્થિતી સુધી પહોંચાડી દેશે, એની કલ્પના પણ કરી શકાતી નથી. એટલાં માટે ગુરુનું પ્રત્યેક વાકય ધ્યાનપૂર્વક સાંભળવું જોઈએ.

ઉપર કહેલ ગુરુ-શિષ્ય સદપરંપરા મુજબની રીતને બદલે જે સદગુરુ ની પાસે માત્ર એ જોવા આવે છે કે "તેમનું પ્રતિપાદન કરવાની પધ્ધતિ કેવી છે, તેમનામાં કેટલું પાંડિત્ય છે, તેઓ પોતાની રમૂજી વાણી દ્વારા શ્રોતા ઓનુ કેટલું મનોરંજન કરે છે" વગેરે દ્રષ્ટીથી સાંભળનારને લાભ થતો નથી! પણ વક્તા શું કહે છે તે જાણી લેવું, ગ્રહણ કરવું, તેમનો પ્રત્યેક બોધ પોતાના અંતઃ કરણમાં ભરી લેવો, અને તેને સાચવી રાખવો આ ભાવનાથી શ્રવણ કરનારને જ રહસ્ય પ્રાપ્ત થાય છે. આ વાત અનન્ય ગુરૂભકતોને જ સાધ્ય છે.

ગુરૂભકતિ નાં વિષયમાં એક બીજી વાત કહું છું- ગુરૂભકતિ અનેક રીતે કરવામાંં આવે છે. જેમકે ગુરુની દૈહિક સેવા દ્વારા, ગુરુને જરૂરિયાતોની વસ્તુઓ આપીને ,ગુરૂસ્થાન માં થઈ રહેલા કાર્યોને પરિપૂર્ણ કરવામાં સહયોગ આપીને અને સંત અને ગુરૂબંધુઓની સેવા કરવી, આ બધુ ગુરૂભકતિ જ છે. કેટલાંક શિષ્યો ગુરુની માત્ર દૈહિક સેવા કરવાનો પ્રયત્ન કરે છે અને અન્ય પ્રકારની સેવા કરવામાં પીછેહઠ કરે છે! પરંતુ ગુરુને તો પોતાનાં શરીરની સેવાથી વધારે સંતો તથા ગુરૂભકતોની સેવા કોઈ કરે એ વધારે ગમે છે. શિષ્યે ગુરુ વૈયક્તિક સેવા તો કરી નાખી, પરંતુ જો તેણે ગુરૂસ્થાન માં થઈ રહેલી વ્યવસ્થા માં કોઈ અવ્યવસ્થા પ્રતિ લક્ષ ન આપ્યું, અથવા ઉત્સવ વગરે માં અવ્યવસ્થા દુર કરવામાં સહકાર ન આપ્યો તો આનાથી ગુરુનું મન વ્યથિત થાય છે. એનાં બદલે જે શિષ્યો પોતા પાસે સમય નો અભાવ હોવા છતાં પણ **જે શિષ્ય સપ્તાહ, ઉત્સવ જેવાં ગુરૂકાર્યો માં તનથી સેવા અર્પણ કરે છે તેઓ પર ગુરુ કૃપા કરે છે. ગુરુ શિષ્યોનું તમામ દ્રષ્ટિથી અવલોકન કરતા રહેતાં હોય છે !** જેઓ માત્ર ગુરુના શરીરની સેવા કરતા રહે છે અને અન્ય કાર્યોમાં રુચિ નથી લેતા તેમણે "બેટા, ખૂબ સેવા થઈ ગઈ !" એવુ કહીને ટાળી દે છે. પરંતુ જેઓ કાર્યના ભાર ને કારણે અથવા કોઈ વિશેષ પરિસ્થિતિ નાં કારણે પોતાનથી દૂર રહીને પણ જે શિષ્યો કષ્ઠ વેઠી સેવા કરે છે, તેમના પર ગુરુ કૃપા કરે છે!

ઉપર્યુક્ત વિવેચનથી એ નથી સમજવાનું કે ગુરુની પ્રત્યક્ષ સેવાનું કોઈ મહત્વ નથી. ગુરુની આજ્ઞાનુસાર સેવા કાર્ય કરતા રહીને શિષ્યોએ પ્રત્યક્ષ ગુરૂસેવા માટે પણ તત્પર રહેવાનું છે. પરંતુ ગુરુ ની સેવા કરવામાં પન વિવેક રાખવો જોઈએ. ગુરુ માટે આવશ્યક એવી દૈહિક સેવાની ખૂબ મર્યાદા છે. અસંખ્ય શિષ્યો ગુરુસેવા કરવા લાગે તો ગુરુને " તોબા-તોબા" કહેવાનો વખત આવે છે ! સારાંશ- ગુરુને ખૂબ જ ઓછી સેવાની જરૂર હોય છે. જો બધા શિષ્યો તેમની સેવા કરવા લાગશે તો તેમને આરામ મળવો મુશ્કેલ થઈ જશે ! એટલા માટે તેમની જરૂરીયાત પ્રમાણે તેઓ જેમને કહે, તેમણે સેવા કરવી જોઇએ.

ગુરુસેવા કરવાવાળા શિષ્યોએ એમ ન માનવું જોઇએ કે વધારે પ્રમાણમાં સેવા કરવી ઉચિત છે, એવું ન સમજતા, ગુરુને જોઇએ એટલી જ કરવી યોગ્ય છે ! એ બરાબર છે કે, ચા મોળી ન હોવી જોઇએ, પરંતુ ચા ગળી હોવી જોઇએ એમ માનીને ખૂબ જ ગળી કરી નાખવી એ નુકસાનકારક છે ! અતઃ, સેવા ઓછી પણ ન હોવી જોઇએ ને વધારે પણ ન હોવી જોઇએ. જે ગુરુને ગમે તેટલા પ્રમાણમાં સેવા કરવી વાજબી છે. ગુરુસેવાની પદ્ધતિને જો એકવાક્યમાં કહીએ તો – ગુરુ જેમને જે કરવાનું કહે છે તે શિષ્યોએ ગુરુ કહે તેટલી અથવા ગુરુને જેટલી આવશ્યકતા હોય તેટલી, તેમની ઈચ્છાનુસાર એટલા જ પ્રમાણમાં સેવા કરવી જોઇએ.

કેટલાક શિષ્યો ગુરુની ઇચ્છાની પરવા કર્યા વગર પોતાની ઈચ્છાનુસાર સેવા કરે છે ! ગુરુને ભાવતું ભોજન ન બનાવીને પોતાને ભાવતા પાંચ પકવાન બનાવે છે ! ગરમીની ઋતુમાં હાથ ધોવા માટે ગરમ પાણી આપે છે ! શિયાળામાં પંખો નાખે છે ! ખૂબ જ મોટી માત્રામાં પૂજોપચાર-નૈવેદ્ય પથ્થરની મૂર્તિ માટે તો ચાલી જાય છે. પરંતુ મૂર્તિપૂજાની જેમ ગુરુની પૂજા નૈવેદ્ય વગેરે કરવું અવિચારીપણું છે.

જુઓ, ગુરુ એટલે, ગમે તે થાય પણ છે તો માનવ શરીર જ ! તેમને પણ પ્રિય-અપ્રિય વસ્તુ- ઓછું લાગે છે. શિષ્યોએ બધી બાબતોનું ધ્યાન રાખીને સેવા કરવી જોઇએ. વિવેકરહિત મૂર્ખામીપૂર્વક ભક્તિ ન કરવી !

હવે, કેટલાંક માટે શરીરથી સેવા કરવી સુગમ હોય છે, તો કેટલાંક ને માટે ધનથી. આવા સાધકો ઉત્સવ, સપ્તાહમાં વધારે ધન આપી શકે છે. સગવડ ન હોય એવા ગુરુબંધુઓને સપ્તાહમાં આવવા માટે ધન દ્વારા સહાયતા કરી શકે છે. એક વખત સદ્ગુરુ શ્રી ભાઉસાહેબ મહારાજે પોતાના શિષ્યોને કહ્યું હતું, ''બેટા, કોઇ ગુરુભાઇ માટે ધનના કારણે સપ્તાહમાં આવવું સંભવ ન હોય તો એવા કોઇ પણ ગુરુભાઇને તું તારી સાથે સપ્તાહમાં જરૂરથી લેતો આવજે.''

તાત્પર્ય - સંપન્ન શિષ્યો આ રીતે વિશેષ ધન સેવા કરી શકે છે. જો કે, સપ્તાહના ભંડારા પ્રસંગે તમામ શિષ્યોએ પોતાની શક્તિ અનુસાર ધન આપવું જ જોઇએ. અહીં એ વાતનું પણ ધ્યાનમાં રાખવાનું છે કે, "તમામ ધાર્મિક કાર્યોમાં પોતાની શક્તિ પ્રમાણે આપવું જોઇએ." આનો અર્થ થોડું આપવું એવો કરવામાં આવે છે. એટલે સંસાર વ્યવહારમાં કંઇ પણ ઓછું નહી કરી, કંઇ પણ કષ્ટ લીધા વગર ઓછામાં ઓછું ધન આપવું. આ જ બધાનું "સામર્થ્ય અનુસાર'' નું અર્થઘટન છે! પરંતુ તેનો વાસ્તવિક અર્થ એ છે કે, **જો તમે શ્રીમંત છો તો તમારી અમીરીને શોભે એવું, પ્રમાણમાં જો મધ્યમ સ્થિતિ હોય તો મધ્યમ સ્થિતિને શોભે એવું અને જો નિર્ધન હો તો તમે જેટલું સહી શકો તેટલું !** પરંતુ મોટા ભાગે જોવા મળ્યું છે કે, જે લક્ષાધીશ છે તેઓ પોતાના સુખ માટે હજારો રૂપિયા ખર્ચે છે. કોઇ શહેરમાં જાય તો ઉત્તમ હોટલમાં ઉતરે છે. છોકરા છોકરીના લગ્નમાં ૩૦-૪૦ હજાર (૧૯૪૦-૪૫ સાલે, હવે તો ૩૦-૪૦ લાખ) સહજપણે ખર્ચે છે. પરંતુ સપ્તાહમાં શું કરે છે? ત્યારે સામાન્ય વ્યકતિ જે આપે છે, તેનાથી ૧૦ રૂપિયા જ વધારે આપે છે ! આ સામર્થ્ય અનુસાર નથી !! તાત્પર્ય - બધા શિષ્યોએ પોતાની શક્તિને સહન થાય એટલે શક્ય એટલું ઓછું નહી પણ શક્ય એટલો વધારે વિનિયોગ ગુરુકાર્ય માટે કરવો જોઇએ. આમાં જ આપણી સાર્થકતા છે !

તમામ સેવાઓમાં શ્રેષ્ઠ એવી ગુરુસેવા એટલે, ગુરુએ જે બોધ આપ્યો છે તેને પોતાના આચરણમાં મુકવો. ગુરુ પર પૂર્ણ વિશ્વાસ રાખીને તેમની આજ્ઞાનું પાલન કરવું. ગુરુને ગમતું પ્રેમકાર્ય કરનારને એમનો પ્રેમ પ્રાપ્ત થાય છે. ગુરુનો સૌથી વહાલો વિષય ''આત્મબોધ'' છે. **જે શિષ્ય આ આત્મબોધ અખંડપણે જાગૃત રાખે છે, તેના પર ગુરુ પ્રસન્ન થાય છે**. અમે પહેલાં પણ જણાવ્યું છે કે પોતાના અહંકારનો નાશ કરીને, સ્વયંની પરમાનંદ સ્થિતિનો અભ્યાસ કરનારા શિષ્ય પર સદ્ગુરુનો પૂર્ણ અનુગ્રહ રહે છે. ભાઇઓ! ગુરુભક્તિના આધારે તમારા લક્ષ્ય પરમધામની પ્રાપ્તિ કરો. સમજો - તમારે દૂધ લાવવું છે તો તેના માટે

એક વાસણ જરૂરી છે. વાસણ વગર દૂધ લાવી શકાય છે? ગુરુભક્તિ જ તે વાસણ છે કે જેમાં જ્ઞાનસુધા રૂપી દૂધ ભરી શકાય છે.

ભક્તિ ભક્ત ભગવંત ગુરુ

ચતુર નામ વપુ એક !

ભક્તિ, ભક્ત, ભગવંત, ગુરુ એવા ચાર નામથી કીધેલી વસ્તુ એક જ છે. એટલા માટે ગુરુ ઉપાસના ઈશ્વર ઉપાસનાની જેમ જ કરવી જોઇએ. ગુરુ એક માનવ છે એવી ભાવના રાખવી નહીં. સામાન્ય ઇશભક્તિ, તેનું ફળ ગુરુભક્તિ અને છેલ્લે ગુરુતરફથી ઈશના સ્વરૂપનું જ્ઞાન થઇ વાસ્તવિક ઇશભક્તિ એવો ક્રમ છે.

અહીં આપ એક પ્રશ્ન કરી શકો છો કે "સ્વયંની સાધનાના બળે ઈશસ્વરૂપનું જ્ઞાન થઇ શકે છે ? જો એમ હોય તો ગુરુભક્તિ કરવાની શું જરૂર છે? એવું હોય તો ગુરુ ન કરીને પૂર્ણ તત્ત્વને પામેલા શ્રી સમર્થ રામદાસ સ્વામી, રમણ મહર્ષિ આદિ અનેક મહાત્મા થયા કે નહી? એનો જવાબ એ છે કે એ તીવ્ર વૈરાગ્ય અને તીવ્ર પ્રજ્ઞા ધરાવતા અસામાન્ય અધિકારી પુરુષોને પણ લાંબા સમય સુધી સાધના કર્યા પછી જ સાક્ષાત્કાર થયો, એ વાત સાચી છે. પણ તેમના જેવી યોગ્યતા અને પ્રયત્નનો છાંટો પણ ન હોય તેવી સામાન્ય જનતાને ગુરુની કોઇ આવશ્યકતા નથી એ કહેવું ઘાતક ઉપદેશ છે ! ગુરુ વગર પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાવાળા એ સંત પુરુષોએ પણ આગળ જતાં એ જ ઉપદેશ આપ્યો છે કે " **અમારે ખૂબ જ દુ:ખ, કષ્ટ સહન કરવું પડ્યું છે ! તમે ગુરુભક્તિ કરીને એ રહસ્યને સુલભતાથી જાણી લો." શ્રી રામદાસ સ્વામીએ પણ "દાસબોધ" માં ગુરુમહિમાનું વિશેષ રૂપે વર્ણન કર્યું છે.**

ઇશકૃપા શું છે? ઇશ્વરે મનુષ્યદેહ આપ્યો, ભક્તિ કરવા માટે સાધન ઉપલબ્ધ કરી આપ્યું, મુમુક્ષુતાની મહેર કરી, સદગુરુનાં દર્શન કરાવ્યાં અને ગુરુ રૂપથી "સ્વયંના સ્વરૂપનો" અને "પરાભક્તિનો" બોધ પ્રાપ્ત કરાવ્યો. આ બધું ભક્તોના ઉદ્ધાર માટે ઇશ્વરે આપણને ઉપલબ્ધ કરાવ્યું, છતાં મનુષ્ય આ ઈશકૃપા તરફ ધ્યાન જ નથી દેતો અને કહે છે, 'હે ઈશ્વર! મારો ઉદ્ધાર કયારે કરશો?' આવી પ્રાર્થના કરતા રહેશો તો ઈશ્વરે શું પોતાનું માથું ફોડી લેવું? ઇશકૃપાનો અર્થ છે: ઇશ્વરના મુખ્યરુપ એવા પોતાના આત્માનો સાક્ષાત્કાર કરીને પરમાનંદમાં સ્થિત થઇ જવું. આ વાત મંદબુદ્ધિવાળાને કયારે સમજાશે?

પ્રકરણ-3

સુખનું મૃગજળ

૧) આર્થિક રીતે સધ્ધર સ્થિતિમાં રહેવાવાળા લોકો પૈકી મોટાભાગના લોકો અનેક દુરાશાઓથી ઘેરાયેલા રહીને સદા અસંતુષ્ટ રહે છે ! તેમની કામનાઓની પુર્તિ કલ્પવૃક્ષ પણ નથી કરી શકતું ! તેઓ ખરેખર જ આવશ્યક ન હોય તેવી અને અસ્વાભાવિક દીર્ઘ આશાઓ રાખીને વિનાકારણ નિરાશ રહે છે.

૨) એક વખત માસિક અઢી હજાર (ઇ.સ. 1940 – 45 ના સમયનો પગાર) કરતાં વધારે વેતન મેળવતા અધિકારીઓની ક્લબમાં 'સુખી કોણ?' એ વિષય પર ચર્ચા થઇ. બધાંએ કહ્યું- પહેલી તારીખ વીતી ગઈ એટલે પત્યું! લાંબાં-લાંબાં બિલો સાથે-સાથે આવી જાય છે. પાંચ તારીખ સુધી માંડ માંડ ખિસ્સામાં પૈસા રહે છે. પછી ખિસ્સું ખાલી ! આ રીતે અનેક પ્રકારે ચર્ચા કર્યા પછી તમામ અધિકારીઓએ નિષ્કર્ષ પર આવ્યા કે,'એક પણ પૈસો પાસે ન રાખવાવાળો ભિખારીજ સૌથી વધુ સુખી છે.' ! સારાંશ- પ્રત્યેક વ્યક્તિને આ સંસારમાં પોતાના સિવાયના અન્ય બધા જ સુખી લાગે છે !

૩) હંમેશા સુખ પ્રત્યક્ષ આવીને તમને મળે છે, તો પણ મનુષ્યના મનમાંથી કાલ્પનિક દુ:ખ જતું જ નથી !

૪) આયુષ્ય હોય ત્યાં સુધી ભાવિ જીવનની તૈયારી માટે જ પરિશ્રમ કરી વર્તમાન જીવનને શૂન્યમાં વેડફી દેવું આ માનવનો ભ્રમ છે. બાલ્યાવસ્થા પછી 13-14 વર્ષ વિધાભ્યાસ કરવામાં લોકો વાપરે છે. બી.એ કે એમ.એ ની પદવી મળ્યા પછી તેઓ ૨-૩ વર્ષ નોકરીની શોધમાં ખર્ચે છે. નોકરી મળ્યા પછી પણ યુવાનો પદોન્નતિ માટે અન્ય પરીક્ષા આપવાના પ્રયાસમાં કે પોતે હોય તે કંપની સિવાય વધારે પગાર આપનાર અન્ય કંપનીમાં નોકરી મેળવવા માટે પ્રયત્નશીલ રહે છે. આ રીતે, પ્રતયેક વ્યક્તિ પોતાના વર્તમાન જીવનને આશા-આકાંક્ષાઓમાં વેડફી નાખે છે. તાત્પર્ય - તમામ વ્યક્તિઓ પોતાનું જીવન, ભાવિ જીવન માટે જ વેડફે છે !! આવા ભાવિ જીવનરૂપી મૃગજળ પાછળ દોડનારા માનવપ્રાણીના વર્તમાન જીવનમાં અતૃપ્તિઓ અને ખાલીપો જોવા મળે છે, તો એમાં કયું આશ્ચર્ય છે!

૫) મનુષ્ય, ''હું અને મારું'' માં જ સુખ માને છે અને તે સુખ પરત મેળવવા માટે જ કાર્ય કરવામાં લાગ્યો રહે છે. પરંતુ આ લેણ-દેણના વ્યાપારમાં એવો ચમત્કાર થાય છે કે તે પોતાના સુખની ગાંસડી પણ ખોઇ

બેસે છે. વ્યવહારમાં જો કયારેક કોઇ આત્મીયજનની કૃપા થઇ, તો જ તે મેળવેલ સુખમાંથી જરાક જેટલું સુખ પ્રાપ્ત કરે છે !

૬) વિષયનો નાશ થવાથી કે તમારાથી દૂર જવાથી દુ:ખ થાય છે. માની લો કે તમારી પાસે આખુ જીવન પસાર કરવા માટે પૂરતી સંપત્તિ ઉપલબ્ધ હોય તો પણ વૃદ્ધાવસ્થામ કે રોગગ્રસ્ત શરીરને લીધે ભોગો ભોગવવાની શક્તિ ન રહે ત્યારે તે બધાં વિષયો નકામા થઇ જાય છે ! સારાંશ- વિષય સુખ એક કલ્પના માત્ર રહી જાય છે, આ વાત બિલ્કુલ નિશ્ચિત છે.

૭) મનુષ્ય કયું સુખ ઇચ્છે છે એનું જો પરીક્ષણ કરીશું તો માલૂમ પડશે કે તેને એવા સુખની અપેક્ષા છે કે જે એકવાર મળ્યા પછી સદૈવ તેની સાથે જ રહે. જેનો કયારેય વિયોગ ન થાય.

૮) વસ્તુત: આપણે આનંદ સ્વરૂપ જ છીએ. પરંતુ એ ન જાણીને તે અન્ય વિષયો (પદાર્થો અને વ્યક્તિઓ) પાસેથી આનંદની અપેક્ષા રાખે છે. આથી જો આપણને કોઇ વિષય મળી જાય, તો જ આનંદ થાય છે. જેમકે ધન મળે તો આનંદ, પત્ની-બાળકોનો પ્રેમ મળે તો આનંદ, સમાજમાં પ્રશંસા થઇ કે સન્માન મળ્યું તો આનંદ, વગેરે. આ રીતે, આપણે સ્વતંત્ર એવા આનંદને ધન, પત્ની-બાળકો, લોકો વગેરેને સોંપીને પરાધીન થઇ જઇએ છીએ. તેઓએ કૃપા કરી તે આપ્યો તો તે સમય પૂરતા આનંદીત અનુભવ કરીએ છીએ અને તેના અભાવમાં દુ:ખી થઇએ છીએ. આપણે અપેક્ષાઓ રાખી તે પૂર્ણ થઈ જાય તો સુખી, નહીં તો દુ:ખી એવા દ્વન્દ્વમાં ફસાઇ જઇએ છીએ. દરરોજની દિનચર્યામાં કેટલાક ઉદાહરણો જોઇએ તો - કાર્યાલયમાં વેતન વધારાની અપેક્ષા રાખે છે, જેની પર ઉપકાર કર્યો હોય તે આભાર માની કૃતજ્ઞતા પ્રગટ કરે તેની રાહ જુએ છે. પત્ની-સંતાનો પાસેથી પ્રેમની અપેક્ષા રાખે છે. વેપારમાં મોટો ફાયદો થાય, લોટરી લાગે એવી ઈચ્છા કરે છે. આવી રીતે, કોઇ ન કોઇ અપેક્ષા કરી, તે પ્રાપ્ત કે અપ્રાપ્ત થાય તો સુખી અથવા દુ:ખી થાય છે.

૯. માયાની રમત - એક ચમત્કારી ડોશીની વાર્તા—

'' એક ધુર્ત ડોશીએ ચાર લોકોને કામ પર રાખ્યા. કામ એ હતું કે મોટા ઘડામાં આખો દિવસ પાણી ભરવાનું ! આ કામ માટે તે ડોશીએ તેઓને ભોજન અને પૂરતા પ્રમાણમાં ધન આપવાનું આશ્વાસન આપ્યું. ચારેય જણે પોતાની સહમતિ આપી દીધી અને કામ કરવા લાગી ગયા. પરંતુ ચમત્કાર એ થયો કે તે ઘડામાં આખો દિવસ પાણી નાખવાં છતાં ઘડો ભરાયો જ નહીં ! કેમકે, ડોશીએ તે ઘડાની નીચે એક કાણું પાડ્યું હતું અને તે કાણાં સાથે એક પાઇપ જોડીને પોતાનાં ખેતરમાં પહોંચાડતી હતી !! તે માણસોને દરરોજ એ કામ કરતાં-કરતાં એક વર્ષ પૂરૂં થવા આવ્યું, ત્યારે તેમણે ડોશી પાસે પગાર માંગ્યો. ડોશીએ કહ્યું કે તમે વારાફરતી આ બારીમાં તમારું મોઢું નાખો હું તમને અંદરથી પેસા ચૂકવી આપીશ. જ્યારે તે મજૂરોએ પોતાના માથાં અંદર રાખ્યાં ત્યારે તે ઠગારી ડોશીએ મજૂરોનાં મોં પર એક-એક ડંડો માર્યો ! ચારે મજૂરોએ અંતમાં આ વિષય પર પરસ્પર વાત કરી તો દરેકે તમામે પોતાના ટૂટી ગયેલાં દાંતોની સંખ્યા જ કહી.''

ઉપરની વાર્તામાંની ડોશી ની જેમ માયા છેલ્લે સુખ આપશે એવી લાલચ આપી બધા મનુષ્યોને ફક્ત ભોજન અને કપડાં લત્તા આપી કામ કરાવી લે છે ! મનુષ્ય આ આશારૂપી વિશાળ ઘડામાં મમત્વનું જળ ભરતો રહે છે. તે આ કામ પોતાની શક્તિ, બુદ્ધિ અને ઉત્સાહ ખતમ થાય ત્યાં સુધી કરતો રહે છે અને અંતે

આ માયારૂપી ડોશી વૃદ્ધાવસ્થા અને રોગરૂપી તૂટેલાં દાંત જ મનુષ્યના હાથમાં પકડાવે છે ! આ તૂટેલાં દાંતવાળા મનુષ્યની જેમજ સંસારી મનુષ્ય પણ પોતાનાં જીવનના અંત કાળમાં પોતાની વૃદ્ધાવસ્થાની પીડા અને વ્યાધિઓના વિષયમાં જ ચર્ચા કરતાં રહી જાય છે !

૧૦) સાધકને હેરાન કરવાવાળી તેને બળપૂર્વક સંસારમાં ઢસડી જવાવાળી અને દરરોજ વારંવાર તે જ વિષયોનું જ ચિંતન કરાવવાવાળી આ કઇ બાબત છે? જો તેનું બારીકાઇથી નિરીક્ષણ કરવામાં આવે તો આપણને ખ્યાલમાં આવશે કે એનું મુખ્ય કારણ છે કે, મનુષ્ય દ્વારા કરવામાં આવેલ દૃઢ નિશ્ચય કે સંસારનાં કેટલાક કામો કરવા અત્યંત જરૂરી છે અને તેમને પૂરાં કરી લઉં એટલે હું મુક્ત થઇ જઇશ. સાંસારિક કાર્યો કેમ કરીને પુરાં કરી શકાય તેના જ ઉપાયો શોધવામાં તે રાત-દીવસ વ્યસ્ત રહે છે. દરેક જણ આને જ પોતાનું કર્તવ્ય માનીને અહં અને મમતાની જાળમાં ફસાયેલો રહી હેરાન થાય છે !

ફરી એકવાર કહીએ છીએ કે, મનુષ્ય ચિંતાઓનો બહુ મોટો ભાગ તો પોતાના કર્તવ્ય પૂર્ણ કરવાની બાબતે જ હોય છે. પરંતુ તેમ ન કરતાં અન્યોની જવાબદારીનો ભાર સ્વયં પોતાની ઉપર લાદીને પછી તેનાથી મુક્ત થવા માટેના પ્રયત્નો જાણે સ્વયં જ ખુદના હાથને એક મોટા પથ્થર નીચે રાખીને હાથને પથ્થર નીચેથી છોડાવવા જેવું છે ! એ કર્તવ્યોને પૂર્ણ કર્યા પછી કંઇક વધારે પ્રાપ્ત ન થતાં, ત્યાર પછી તે પોતાની પૂર્વ સ્થિતિમાં જ રહે છે. મનુષ્ય હંમેશા એ ભ્રમમાં રહે છે કે પોતાનાં કર્તવ્યો પૂરાં કર્યા પછી પણ મારે સુખી થવા માટે કંઇક વધારે ધન કમાવું જોઇએ.

જન્મથી લઇને આજ સુધી આ રીતે અનેક કર્તવ્યોને પૂર્ણ કર્યા પછી પણ આ કાર્યકલાપોથી સુખ મળ્યું નથી એ પ્રત્યેક મનુષ્યનો અનુભવ છે.

૧૧) મનુષ્ય પોતાના દૈનિક જીવનમાં સામાન્ય કર્મોની તેમજ આવનારી નાની-મોટી મુશ્કેલીઓની અને કાલ્પનિક અડચણોની પોટલીને બાંધીને પોતાના માથા પર રાખી તેના ભાર નીચે દબાઇ જઇ રહ્યો છે ! એનાથી તે ખૂબ જ મોટા સંકટમાં ફસાઇ ગયો છે અને તેનો સામનો કરવાની ત્રેવડ મારામાં નથી, એવી ભાવના રાખી નિસાસા નાખે છે ! પરંતુ હોય કે ન હોય તે બધાનો સરવાળો કરી તેમજ તેમાં કલ્પનાના ભૂતને ઉમેરી બાંધેલી આ સંકટરુપી પોટલી ખોલવી શક્ય છે. આશ્ચર્યની વાત એ છે કે **વિચાર નામના હાથથી આપણે આ પોટલીને ખોલવાનું શરૂ કરવાથી તેમાં બાંધેલું પર્વત જેવડું મોટું કલ્પનારૂપી ભૂત ભાગી જાય છે! અને અંતે સમસ્યા રૂપી પોલી લાકડી સરળતાથી તોડી શકાય છે !**

૧૨) જીવનમાં પ્રારબ્ધ અનુસાર દુ:ખ આવવાનું જ ! તમારા પ્રયત્નોનો એની ઉપર કોઇ પ્રભાવ પડતો નથી. દુ:ખ આવવાનાં અનેક નિમિત્તો હોય છે. જેમકે, આપણા આપ્તજનોના સ્વભાવ, તેમના દ્વારા થયેલાં કર્મો અને તેમાં તમને ભાગીદાર બનાવનાર તેના કડવાં ફળ, વગેરે ઉપર તમારો કોઇ અંકુશ નથી. અથવા આકસ્મિક રીતે બનતી ઘટનાઓમાં તમે શું કરી શકો છો? ઉદાહરણાર્થ- આપ ન ઈચ્છો તો પણ રોગ થવાનો હશે તો થાય જ છે ને? આવી પરીસ્થિતીમાં દુ:ખ ન આવે તેવું કરીએ, એવું કહેવાનું અજ્ઞાન છોડી, એ બધું પ્રારબ્ધના અનુસાર આવે છે એમ સમજીને એનાથી અલિપ્ત રહેવાનો માર્ગ શોધી લેવો.

૧૩) વૈરાગ્યનો શો અર્થ છે? શું ભોજન ન કરવું તે, વાતચીત ન કરવી વગેરે બાહ્ય ક્રિયાઓને વૈરાગ્ય કહેવામાં આવે છે? નહીં વૈરાગ્યનો અર્થ છે વિષય-વાસનાનો અભાવ અને મન દ્વારા સમ્યક્ સ્થિતિ પ્રાપ્ત કરી લેવી તે. વિષય-વાસના અને તેના કારણે ઉપજતી ચિંતા અને દુ:ખથી મુક્તિ આ જ વૈરાગ્ય છે. આમ ન કરી વિક્ષિપ્તપણાની બાહ્ય ક્રિયાઓ કરવાથી કોઇ ફળ મળતું નથી.

૧૪) સંસાર કયારેય સુખ નથી આપતો. તેમ છતાં આગળ આપીશ, આટલું થયા પછી આપીશ, એવું ગમેતેમ સમજાવી છેલ્લે કાંઇ નથી આપતો ! આમ વિચારતા-વિચારતા શારિરીક રોગ, વૃદ્ધાવસ્થા આવે એટલે સુખની માંગ પણ સમાપ્ત થઇ જાય છે. રોગોને દૂર કરવાના પ્રયાસો કરી કરીને નાકે દમ આવી જાય છે. પછી સુખ ક્યારે માંગશો? આ રીતે, સુખની આશા બંધાવતા-બંધાવતા અંતમાં સુખ ન આપવાની માયાવી જંજાળની અભિલાષા, સહજતાથી પૂરી થઇ જાય છે. સારાંશ- માયાની આ રમત એવી છે કે શરીર વૃદ્ધ થાય ત્યાં સુધી સુખ આગળ આગળ ધકેલીને તે પછી રોગ-જરા અને મૃત્યુનું દુ:ખ સાતત્યપૂર્વક આપે છે.

૧૫) આ જંજાળ મારી છે, એમ મોહમાં નાખીને માયા માણસને કર્મમાં પ્રવત્ત કરે છે. માણસ જે ધન એકઠું કરે છે, તે મારું જ છે એમ સમજે છે. પરંતુ આ મિલકતમાં અનેક ભાગીદાર છે. માણસ એકલો શ્રમ કરી કમાય છે, તથા પોતાના હોવાનો વેષ ધારણ કરી આવનારાઓને પોતાની મિલકત વહેંચી નાખે છે અને મારું મારું કરી એ બધું છોડી જાય છે, આ પ્રપંચની રીત છે. સારાંશ – પ્રપંચ કરવો એ બીજા માટે અને પરમ અર્થ માત્ર સ્વહિત માટે !

૧૬) ગુરુ ઉપદેશ કરે છે કે તમે તમારો આનંદ તમારી પાસે રાખો. એને બીજાને આધીન થવા દઇ પછે તેમની પાસે આનંદ માગવો પડે એવી સ્થિતિ પેદા જ ન થવા દો. એક બુદ્ધિહીન ધનવાને પોતાની લાખોની સંપત્તિ તેના એક પાડોશીને સાચવવા આપી દીધી અને દરરોજ તેની પાસેથી ખર્ચ કરવા માટે થોડી-થોડી રકમ માંગી લેતો હતો ! તેના ધૂર્ત મિત્રએ થોડું ઘણું આપી તેની તમામ સંપતિ કબ્જે કરી લીધી !! વિષયો પર વિશ્વાસ રાખીને તેમાંથી આનંદ મેળવવાના પ્રયાસો છોડી દો અને ખુદમાં જ ઉપલબ્ધ આત્મસુખનો અનુભવ લો. તમે સાગરની જેમ આનંદ ભંડાર થઇ જાઓ. વિષયરૂપી નદીઓ તમારામાં વિલય થઇ જવી જોઇએ !

''તમે આનંદનો ખજાનો છો, એટલે શૂન્યરુપી વિષયોને જેટલો માગે તેટલો આનંદ આપો. અર્થાત પત્ની અને સંતાનો પર આનંદની પ્રેમની વર્ષા કરો ! સંપત્તિથી સુખની આશા રાખો નહીં પરંતુ સંપત્તિને તમારા શ્રેષ્ઠત્વની ઝાંખી થવા દો ! કીર્તિથી સુખની આશા રાખો નહીં પરંતુ તમારી પરમ ઉચ્ચ સ્થિતિથી કીર્તિને ગૌરવ લેવાનો અવસર આપો !''

પ્રકરણ-૪

સપ્તાહ (આધ્યાત્મિક ઉત્સવ) નો ઉદ્દેશ્ય
(સને 1989 માં ૮૧મા જન્મોત્સવ પર પ્રથમ દિવસે કરેલું પ્રવચન)

અહીં આજથી ઉત્સવનો પ્રારંભ થઇ રહ્યો છે. જન્મોત્સવ તો ફક્ત નિમિત્ત માત્ર છે. સપ્તાહનો ખરેખર ઉદ્દેશ્ય તો આધ્યાત્મ જ્ઞાનનું પ્રતિપાદન અને આધ્યાત્મિક વિષયોનું વિશ્લેષણ કરવાનો છે. તેના માટે આ એક સુયોગ છે. એ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને અમે આ ઉત્સવને ભવ્ય રીતે ઉજવીએ છીએ. તમે કહેશો - જનતાને જ્ઞાન બોધ આપવા માટે આવડા મોટા આયોજનની શું જરૂર હતી? તો અમારો જવાબ એ છે કે આમ જનતાને જ્ઞાનનો વિષય પ્રિય નથી. જો ફ્કત જ્ઞાનની જ ચર્ચા કરતાં રહીશું તો કોઇ સાંભળશે નહીં. એટલા જ માટે પ્રથમ તેમને થોડા આકર્ષિત કરી પછી જ્ઞાનબોધ આપવો ઉચિત જણાય છે. જે રીતે એક મદારી સાપનો ખેલ દેખાડતા પહેલાં જનતાને એકત્રિત કરવા માટે પહેલાં ઢોલ વગાડે છે અને પોતાના જંબુરિયા સાથે હસી-મજાક કરે છે. એ પછી જ તે પોતાનો સાપનો કરંડિયો ખોલે છે. એ જ પ્રમાણે આ સપ્તાહનો હેતુ ભિન્ન- ભિન્ન પ્રકારની રુચિવાળા શ્રોતાઓને આકર્ષિત કરીને તેમને જ્ઞાન બોધ દેવાનો છે.

વેદાંત વાડમયમાં જ્ઞાનની ઉપમા સર્પ સાથે કરેલ છે. ભગવાન વિષ્ણુ શેષશાયી છે ! અર્થાત્ તેઓ સર્પની પથારી પર શયન કરી રહ્યા છે. અર્થાત્ ભગવાને જ્ઞાનનું શરણું લીધું છે. તાત્પર્ય - આ સમારોહનો પણ હેતુ એ જ છે કે શ્રોતાઓને અધ્યાત્મ જ્ઞાન દ્વારા મોક્ષ પ્રાપ્તિનો માર્ગ હાથવગો થાય. એ હેતુથી આ ઉત્સવમાં અનેક જ્ઞાની સત્પુરુષોને આમંત્રિત કરવામાં આવ્યા છે. સંતોનું આગમન કોઇ નિમિત્ત વગર થઇ શકે નહીં. ઉત્સવનું કારણ આપ્યું એટલે એ અહીં આવ્યા છે અને હવે આપની સમક્ષ જ્ઞાનનો ભંડાર ખોલીને રાખશે. આપણે આ સત્ પુરુષોની સહજ વાણીમાંથી ઘણું બધું શીખી શકીએ છીએ.

સદા સંતોભિગંતવ્યા યર્ધ પ્યુપદિશંતિ ન ।

યષિ સ્વૈરકથાસ્તેષાં ઉપદેશાભવંતિ નઃ ॥

મહર્ષિ વસિષ્ઠ શ્રી રામને કહી રહ્યા છે કે માત્ર સત્પુરુષોનાં પ્રવચન થી જ લાભ થાય છે, એવું નથી. તેમનાં દર્શનથી પણ અપાર લાભ મળે છે. તેને લીધે તમારા કેટલાય પાપ નાશ પામે છે, અને વિવેક ઉત્પન્ન થાય છે. જયારે ફક્ત તેમનું દર્શન જ મહાન લાભકારી છે તો તેમના સ્પર્શ અને સંભાષણથી કેટલો લાભ મળશે, એ કહેવાની આવશ્યકતા છે ? તાત્પર્ય - સત્પુરુષોની અનુભવપૂર્ણ વાણીના શ્રવણથી કૃતાર્થતા થાય છે. આ જ હેતુ ધ્યાનમાં રાખી સપ્તાહ-સમારોહમાં ભાગ લેવો જોઇએ.

જ્ઞાનનો વિષય કોલેજના ભણતરની જેમ થોડો કઠિન હોય છે. ભક્તિ સુલભ છે, પરંતુ ભક્તિમાં અનન્યતા હોવી જોઇએ. અહીં જે સંતો પધાર્યા છે તેઓ જ્ઞાન અને ભક્તિ બંનેનું સરળતાથી વિવેચન કરવાવાળા છે. આ આત્મજ્ઞાનના રહસ્યોને શ્રોતાઓ પોત-પોતાની યોગ્યતાનુસાર ગ્રહણ કરે એજ અમારો ઉદ્દેશ્યછે. અહીંયા તમામ આકર્ષણ છે ! સ્નાન, ભોજન, સુવ્યવસ્થા, ગાયન વગેરે મનોરંજન ઉપલબ્ધ છે. પરંતુ અહીંનો મુખ્ય વિષય એટલે પ્રવચન અને અહીં પ્રતિપાદીત કરેલ વિષયનું ગ્રહણ કરવું તે છે. બીજું બધુ ભૂલશો તો ચાલશે,પણ શ્રવણ કરેલું જ્ઞાન સંગ્રહિત કરી રાખવાનું છે.

શ્રી સમર્થ રામદાસ સ્વામી એ ''દાસબોધ'' ના પ્રારંભે પ્રથમ દશકના પ્રથમ સમાસમાં ઉપોદઘાતરુપે બધું જ કહી દીધું છે. આ ગ્રંથમાં કયાં કયાં વિષયોનું પ્રતિપાદન છે, એ સાંભળવાનો અધિકારી કોણ? આ ગ્રંથ શ્રવણ કરવાથી શું ફળ મળશે? વગેરે આ ગ્રંથના અનુબંધ ચતુષ્ટ્ય ખુબ જ માર્મિક રીતે કહ્યા છે.

મોટેભાગે લોકોનો અભિપ્રાય એવો હોય છે કે ''અમે જ્ઞાનના અધિકારી નથી. સ્નાન, સંધ્યા, જપ, તપ કર્તવ્યપાલન કરવાવાળાઓને જ જ્ઞાનનો અધિકાર મળે છે." વિહિત કર્મયો કરીને ચિત્ત-શુદ્ધિ કર્યા પછી જ્ઞાનમાં પ્રવેશ કરી શકાય છે. આવું લગભગ બધા પ્રતિપાદિત કરે છે. પરંતુ સાધન-ચતુષ્ટયમાં, જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે, કોઇપણ કર્મનું કોઇ બંધન નથી બતાવ્યું. જ્ઞાનાધિકારનું નિર્દેશન કરતી વખતે, આવાં કોઇ કર્મ કરવા જોઇએ કે અમુક અમુક યજ્ઞ કરવો જોઇએ, એવું કંઇ બતાવ્યું નથી. વિવેક, વૈરાગય, શમદમાદિ ષટ્સંપત્તિ, મુમુક્ષુતા એ બધા સાધકોની અંતર્સ્થિતી સાથે સંબંધિત છે, એ ધ્યાનમાં રાખો! આ લક્ષણો હોય એટલે બસ ! એ ગમે તે રીતે આવશે તો ચાલશે.

આપ સૌ જ્ઞાન અને ભક્તિના અધીકારી છો એટલા જ માટે અહીં આવ્યા છો. આ સ્થાનમાં આવવું સાર્થક થવું જોઇએ, ઉદ્ધાર થવો જોઇએ એવો વિચાર આવ્યો છે, એટલે પ્રમુખ અધિકારી લક્ષણ એવું મુમુક્ષત્વ આપની અંદર છે, એ સિધ્ધ થવા જેવું થયું.

''ઉદ્ધરેદાત્મનાત્માનમ્'' એટલે મોક્ષ પ્રાપ્ત કરી લેવો, એવી ઈચ્છા માનવના ઉદ્ધારનું મૂળ કારણ છે. જ્ઞાની પુરુષ ગ્રંથો લખે છે, પ્રવચન કરે છે, એને વાંચીને કે સાંભળીને જ્ઞાન પ્રાપ્ત કરી લેવું, એવું મુમુક્ષુત્વ ન હોય તો કોઇ કાર્ય થતું નથી. એક મોટી હોસ્પિટલ બાંધી તેમાં તજજ્ઞ ડોક્ટર પણ નિયુક્ત કરી દીધા, પરંતુ ત્યાં કોઇ પણ રોગી ન આવે તો વિચારો કે આ હોસ્પિટલનો નાગાલેન્ડ્ની જેમ શો લાભ? (નાગાલેન્ડમાં આમ જ થાય છે. ત્યાંની જનતાને ભૂત-પ્રેત પર અધિક વિશ્વાસ છે. તેઓની એવી માન્યતા છે કે બલિ ચડાવવાથી રોગ ઠીક થઇ જાય છે. એટલા માટે ત્યાં લોકો ઔષધાલયમાં નથી જતા.) હવે આવા સ્થળે કે જયં રોગના નિદાન માટે રોગી જ નથી આવતા તો ત્યાં દવા લઇને, દવા સાથે ડોકટરોને ઔષધાલયમાં બેસાડવાથી શું લાભ થવાનો?

એક બીજું ચમત્કારિક ઉદાહરણ સાંભળો. મહારાષ્ટ્રમાં દાપચેરી નામનું એક સ્થાન છે. અહીયાં આદિવાસીઓની બહુમતિ છે. સરકારે તેઓને રહેવા માટે બે-બે ઓરડાવાળા પાકા મકાન બનાવ્યા હતા, પરંતુ તે મકાન ખાલી પડ્યાં હતાં. અમને એ જોઇને ખૂબ જ આશ્ચર્ય થયું. તપાસ કરતા ધ્યાનમાં આવ્યું કે તે આદિવાસી પોતાની તૂટેલી, દરવાજા વગરની જીર્ણ-શીર્ણ ઝૂંપડીઓમાં જ રહેવા ઈચ્છતા હતા! આ બધું કહેવાનો ઉદ્દેશ્ય એટલો જ કે જો મનુષ્યમાં મૂળભૂત રીતે જ પોતાના ઉદ્ધારની ઈચ્છારૂપી મુમુક્ષત્વ હશે તો જ આગળની યાત્રા થશે!

આ જ્ઞાનનું શું ફળ છે? આપણે કોઇપણ કર્મમાં એ જોઇને પ્રવૃત્ત થઇએ છીએ કે આનું ફળ કેવું છે. જેટલું મોટું ફળ એટલું મોટું કાર્ય હોય છે. અહીંયા આવીને આપણે જ્ઞાનીઓને ભક્તિપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ અને પ્રવચનો પ્રેમપૂર્વક સાંભળીએ છીએ. પરંતુ લૌકિક જગતમાં આપણે કોઇનું ગમે તેટલું મોટુ વ્યકતિત્વ હોય તો પણ તેને કયારેય સાષ્ટાંગ પ્રણામ નથી કરતા. અહીં આપણે ગુરુને પગે પડીએ છીએ. તેની અર્થ એ છે કે અહીં કોઇ વિશેષ ફળની પ્રાપ્તી થાય છે. એ વિશેષ ફળ કયું એ ટૂંકમાં કહેવું પડે તો- જીવનમાં આપ સૌ અનેક મુશકેલીઓ વેઠીને ધન, સત્તા કીર્તિ વગેરે મેળવો છો. પરંતુ એમાંથી કોઇથી પણ સમાધાન નથી થતું. કોઇને કોઇ અભાવ, કોઇ ને કોઇ અશાંતિ જીવનમાં રહે જ છે ! એની જગ્યાએ આપણને શાંતિ, શાશ્વત સુખ અને પરમાનંદ પ્રાપ્ત થવા જોઇએ. એ જ મોક્ષરૂપી મહત ફળ છે એમ કહી શકાય.

મુક્તિની બાબતમાં અનેક લોકો, અનેક રીતે ભિન્ન ભિન્ન વાતો કહે છે ! કેટલાંક લોકો એમ સમજે છે કે વૈકુંઠ અને કૈલાસ જેવા લોકમાં જઇને ત્યાં બધા ભોગ-વિલાસ મેળવી શકાય છે. પરંતુ ત્યાં પણ આ સંસાર

જેવા જ પશુ- પક્ષી, વૃક્ષ-લતા, વન-ઉપવન, સરિતા-સરોવર, ખાવું-પીવું-સુવું અને સ્ત્રી ભોગ વગેરે હોય છે. અંતર ફક્ત એટલું જ કે, આ બધું ત્યાં અપ્રાકૃત હોય છે. તે લોકમાં અપ્રાકૃત શરીરથી, અપ્રાકૃત ભોગ, અપ્રાકૃત રીતે ભોગવવામાં આવે છે ! પણ એવું કહેનારા લોકોને અપ્રાકૃત એટલે શું એવું પૂછવામાં આવે તો તેઓ કંઇપણ કહી શકતા નથી ! સંસારમાં જે પણ છે તે તમામ વસ્તુઓ સાથે અપ્રાકૃત શબ્દ જોડી દેવામાં આવે એટલે થયું ! તે વૈકુંઠ પ્રમાણે પ્રાપ્ત થાય છે ! કોઇએ એક બાળકને ગમ્મત ખાતર એમ શીખવાડી દીધું કે કોઇપણ શબ્દના અંતે 'અમ્' લગાડી દેવાથી તે ગુજરાતી શબ્દ સંસ્કૃત શબ્દ બની જાય છે. તેણે પછી તે બાળકને પૂછયું કે 'ઝાડને સંસ્કૃતમાં શું કહે છે?' તે બોલ્યો, 'ઝાડમ્', તે પ્રમાણે બોલવાને 'બોલવમ્' પીવાને 'પીવમ્' આ રીતે તે પ્રત્યેકશબ્દને 'અમ્' લગાડીને બોલવા લાગ્યો ! 'અપ્રાકૃત' પણ એટલું જ બાલિશ છે. 'મુક્તિ'નો વાસ્તવિક અર્થ છેઃ દુઃખ, ચિંતા, ભય વગેરેનો અભાવ થઇ પરિપૂર્ણ આનંદ, શાંતિ તથા સમાધાનથી સ્થિર થઇ જવું. આ જ આત્યન્તિક દુઃખ-નિવૃતિ અને પરમાનંદ પ્રાપ્તિ રૂપ નિજ મુક્તિ છે. એ જ ઉત્સવમાંથી પ્રાપ્ત થનારૂં ફળ છે.

અધ્યાત્મ શ્રવણથી અર્થાત સત્ પુરુષોનાં પ્રવચનોથી મહત્ લાભ થાય છે. અનેક દિવસોના શ્રવણથી કંઇ લાભ થયો છે કે નહીં, એનો વિચાર કરશો તો જણાશે કે અવશ્ય લાભ થયો છે. તમારી ઘણી પ્રગતિ થઇ છે. અન્ય લોકો કોઇ ન કોઇ ચિંતાથી ઘેરાયેલા રહે છે. જયારે આપ ચિંતા રહિત જીવો છો. હવે આ કરવું છે, તે કરવું છે, એવી વાસના તમારામાં જોવા નથી મળતી. આ પ્રગતિનું લક્ષણ છે. શું આપમાં તીવ્ર વાસનાઓ છે? આપને જો કંઇ ન મળે તો શું આપ દુઃખી થઇ જાઓ છો? નથી થતાં. સામાન્ય વ્યક્તિઓની જેમ તમારૂં મન હાલક-ડોલક નથી થતું. અર્થાત, તમારી આધ્યાત્મિક પ્રગતિ થઇ છે. પણ તે હજુ પૂર્ણપણે થઇ નથી. એટલા માટે અમે વારંવાર કહીએ છીએ કે 'અભ્યાસ આવશ્યક છે'. આવી પરિપૂર્ણતા પ્રાપ્ત કરી લેવા માટે, સમારોહ એક સાધન છે. અહીં આવેલા અનુભવી સંતો આ જ વિષયનું વિવેચન કરે છે. આપ તે ધ્યાનપૂર્વક સાંભળો અને કૃતાર્થ થઇ જાઓ.

પ્રકરણ- ૫
સમય સાર્થક કરો

આ નરદેહ કેટલો બહુમૂલ્ય છે! આયુષ્યની ક્ષણ–ક્ષણનો ઉપયોગ કરી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ આપણે ધન ઉપાર્જનની તો ઘણી ચિંતા કરીએ છીએ. પણ આ અમૂલ્ય ક્ષણની પરવા ન કરી તેને વેડફી નાખીએ છીએ ! વધારે તો શું કહેવું, આ ક્ષણ આપણે વ્યર્થ જ ફેંકી રહ્યા છીએ, એવું કહેવામાં હરકત નથી !! તમામ મનોકામનાઓને પૂર્ણ કરી દે એવી કામધેનુ આપના ઘરે આવી છે! પરંતુ તેને ખવડાવીશ કેવી રીતે? એમ કહી તેને હાંકી કાઢવાની મૂર્ખતા કરશો નહીં!! તાત્પર્ય - જીવનની પ્રત્યેક ક્ષણનો સદ્ઉપયોગ કરો. તમારા સમયને વધુમાં વધુ, પોતાનું સાચું હિત સાધનાર પરમ-અર્થમાં જ લગાવો.

તમે તમારો બધો સમય કુટુંબની સેવામાં જ વ્યતીત કરો છો. પરંતુ એ ઘેટાંઓની સેવામાં કંઇ વાહ-વાહ થતી નથી ! એ ઘેટાંઓ તો એક વખત ચાલવાનું શરૂ કરે છે તો ચાલતા જ રહે છે, એ જ રીતે કુંટુંબ-

પરિવારના સભ્યો પણ પોતાના શરીર માટે, પોતાની સાંસારિક સુખ-સુવિધાઓ માટે આગળને આગળ દોડતા રહે છે ! એક વખત પણ પાછું વળીને પોતાના માતા-પિતા તથા પોતાના પર ઉપકાર કરનારા પર નજર નાખવાની બુદ્ધિ તેમની પાસે નથી હોતી !! તમે તમારો સમય સાર્થક કરો. વહેલી સવારે સાડા ચારથી પાંચ વાગ્યા સુધીમાં જાગી, મધુર સ્વરથી પ્રાર્થના કરો. નિરાંતે એક કલાક ધ્યાન કરો. અનુભવ પદ તથા શ્લોકોનું મનનપૂર્વક પઠન કરો. બ્રહ્મ મુહૂર્તની સોનેરી ક્ષણોને ઊંડી ઊંઘમાં વેડફવી એ મૂર્ખતા છે. પોતાના સમયનો આ રીતે સદ્દપયોગ કરવો એ જ સાચું જીવન છે. આમ, ન કરીને ખાણી-પીણીમાં તથા નકામી વાતોમાં સમયને વેડફાવો એ જીવનને વ્યર્થ ગુમાવવા બરાબર છે ! એક ભક્તિમાન બાલિકા એક સત્પુરુષની પાસે રહેતી હતી. તેમની છત્ર છાયામાં ઉછરી મોટી થઇ. તે સદૈવ પોતાનો સમય સદ્દગુરુની સેવામાં તથા ભજન ધ્યાન વગેરેમાં પસાર કરતી હતી. ત્યાં રહીને તેણે પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. યુવાન થઇ ત્યારે તેના માતા-પિતાએ તેનાં લગ્ન કરી નાખ્યા. જયારે તે પોતાના ઘરે ગઇ ત્યારે તે ગુરુપુત્રી એ જોયું કે તેના સાસરિયાંનો ભક્તિ તરફ ઉદાસીન ભાવ છે. પરંતુ આ સાધ્વીએ પોતાના સાત્વિક આચરણ તથા કોમળ વ્યવહારને લીધે પરિવારના તમામ સભ્યોને ભક્તિમાર્ગમાં જોડી દીધા. સૌ પ્રથમ તેણે પોતાના પતિને પ્રેરિત કરી પરમ અર્થ તરફ આકર્ષિત કર્યો અને સદ્દગુરુ પાસેથી ગુરુમંત્રની દીક્ષા અપાવી. એ પછી તેણે સાસુ-સસરાંને પણ પરમ અર્થમાં જોડ્યાં. આ રીતે એ ગુરુભક્ત બાલિકાનું આખું કુંટુંબ જ પરમાર્થમાં લાગી ગયું. એક દિવસ અચાનક જ આ પરિવારમાં એક વૃદ્ધ સજ્જનનું આગમન થયું. આ ગુરુપુત્રીના સ્વભાવને જોઇને તેઓ મુગ્ધ થઇ ગયા અને તેને પૂછ્યું, ''બેટા, તારી ઉંમર કેટલી છે?'' તે બાલિકાએ ઉત્તર આપ્યો, ''૨૫ વર્ષ'' વૃદ્ધને તે યોગ્ય ન લાગ્યું. તેમણે વળી પૂછ્યું, ''તારા પિતાની ઉંમર કેટલી છે?'' બાલિકા એ કહ્યું, 'દશવર્ષ'. એ સાંભળીને વૃદ્ધ સજ્જનને ખૂબ નવાઇ લાગી. આમ-તેમ જોઇને તેમણે બાલિકાને પ્રશ્ન કર્યો, 'તારી સાસુની ઉંમર કેટલી છે? ''સાસુની ઉંમર ચાર વર્ષ અને સસરાંની ઉંમર એક વર્ષ.'' એ ઉત્તર સાંભળીને વૃદ્ધ આશ્ચર્ય ચકિત થઇ કહેવા લાગ્યા, તો, તું જ સૌથી મોટી છે. તારા પતિ તારાથી ૧૫ વર્ષ નાના, તારી સાસુ તારા પતિ કરતાં ૬ વર્ષ નાની છે અને સસરાજી તો હજુ એક વર્ષના બાળક-શિશુ જ છે !! હે માતા! આનું શું રહસ્ય છે. એ મને કહે. તે કન્યાએ કહ્યું, 'મેં પિયરમાં અને સાસરવાસમાં બધા મળીને ૨૫ વર્ષ પરમ-અર્થ માટે વિતાવ્યા છે. મારા પતિને ગુરુ ઉપદેશ લઇ સાધના શરૂ કર્યાને ૧૦ વર્ષ થયા છે. મારા સાસુ ૪ વર્ષથી સાધના કરી રહ્યા છે. અને મારા સસરાજીએ તો ગયા વર્ષે જ ગુરુમંત્ર લીધો છે. એટલે આપણું જે પરમાર્થિક સાર્થક જીવન છે તે જ આપણી સાચી ઉંમર છે. આ રીતે, મારી ઉંમર ૨૫ વર્ષ, મારા પતિની ૧૦ વર્ષ, મારાં સાસુની ૪ વર્ષ અને મારા સસરાજીની ૧ વર્ષ છે, એવું મેં આપને કહ્યું છે દાદાજી, હવે આપ જ કહો કે, 'આ સાચું છે કે ખોટું?'' આ સાંભળીને તે વૃદ્ધ સજ્જને હકારમાં માથું હલાવ્યું.

ઉપર્યુક્ત કથા એ બતાવે છે કે, સાર્થક રીતે પસાર કરેલ જીવન જ આપણું સાચું આયુષ્ય બતાવે છે, સાચી ઉંમર દર્શાવે છે. આમ જોવા જઈએ તો ગુરુ-પુત્રી એ કહેલી ઉંમર પણ ઓછી કરવી પડશે, કારણકે જો પતિ ૧૦ વર્ષથી પરમ અર્થ કરી રહ્યો છે તો તે દશ વર્ષમાં તેણે કેટલા કલાક પરમ અર્થમાં ગાળ્યા હશે? જો એની ગણતરી કરવામાં આવે તો તેની ઉંમર એક થી સવા વર્ષ જ નીકળશે, સાસુની ૬ માસની અને સસરાને તો હજુ નવજાત શિશુ જ કહેવા પડશે !! સારાંશ – પોતાના જીવન ની પ્રત્યેક ક્ષણને (પરમ અર્થ) સાધનામાં વિતાવો.

એક બીજી મહત્વપૂર્ણ વાત – તમારા આયુષ્યના મહત્ત્વના ભાગમાં જ્ઞાન પ્રાપ્ત કરી લો. 'પછી કરી લઇશું' એવું ન કહો. મહત્વના કાર્યને પહેલાં સાધ્ય કરી લેવામાં જ સમજદારી છે. શરીરમાં શક્તિ, સ્વાતંત્રતા, ધન, બુદ્ધિ હોય ત્યારે પરમ-અર્થ ન સાધતા 'આગળ જતાં કરી લઇશું' એમ કહો છો ! તો આગળ એટલે ક્યારે? શું શક્તિ, બુદ્ધિ વગેરે પ્રાપંચિક વિષયો માટે વ્યર્થ થયા બાદ હવે બહુ થયું! એમ કંટાળેલા હોય ત્યારે, છોકરાઓ કશા માટે કોડી પણ આપશે નહીં ત્યારે, બુદ્ધિ ભ્રષ્ટ થયે ત્યારે, સાર્થક કાર્ય કરી લઇશું એમ કહો છો? એમ ન કહો. પૈસા હોય તયારે ભક્તિ, શક્તિ હોય ત્યારે સેવા અને બુદ્ધિ સાબૂત હોય ત્યારે જ્ઞાન પ્રાપ્ત કરી લો ભાઇ!

ગુરુભક્તિ શા માટે કરવી જોઇએ? ગુરુની જેમ શ્રેષ્ઠ આનંદ પ્રાપ્ત કરવા માટે (આ જ ઉદ્દેશ માટે). શિવને પૂજવાના છે શિવ થવા માટે ! આપણે પોતે ગુરુસ્વરૂપ ન બનીને ફક્ત ગુરુની વિભૂતિ પૂજાને વધારવાને કોઇ અર્થ નથી. તત્વનિષ્ઠા વગર, અનેકાનેક દેવતાઓના મંદિરો અને અનેકાનેક ગુરુઓનાં સમાધિ સ્થાનો વ્યર્થ જ છે. સાક્ષાત્કારી સત્પુરુષની પાસે રહેવા છતાં પણ જો શિષ્યે પ્રત્યક્ષ બોધ મેળવ્યો નથી, તો તેમનું સાંનિધ્ય ફક્તને ફક્ત મૂર્તિ પૂજા જ કહેવાશે ! એટલા માટે ગુરુભક્તીનો હેતુ સદ્દગુરુના સહવાસામાં રહીને આત્મબોધ પ્રાપ્ત કરી લેવો એ જ છે. અમારી જેમ જ તમે પણ આનંદિત થઇ ગયા, તો જ અમને આનંદ થશે ! ફક્ત અમારી જ પ્રશંસા કરતા રહેવાથી અમને હર્ષને બદલે ખેદ જ થાય છે ! પણ અમારા ઉપદેશ પ્રમાણે આચરણ કરીને, કૃતકૃત્ય થઈને આનંદોદ્ગારથી તેનું વર્ણન કરો, તો અમને તેમાં કોઇ આપત્તિ નથી.

આપણે અસ્થિર સુખની આશા કરીએ છીએ, એટલા માટે જ દુ:ખી થઇ ગયા છીએ. સંસાર 'આગળ વધો, આગળ વધો' એમ આગળ વધવા પ્રેરે છે. 'આગે બઢો' એ આ જગતનો નારો થયો છે, પરંતુ સદ્દગુરુનું તો કહેવું છે કે "પીછે હટો" એટલે "પાછા ફરો", અંદર જુઓ, અંતર્મુખ થઇ જાઓ. સત્યવસ્તુ અંતરંગમાં રહેતી હોવાથી દેખાતા સ્થૂળ પદાર્થોમાં તે નથી. એટલે આગેકુચ કરવાથી આપણને શું ખાક મળશે? જો અંતર્મુખ થઇ ગયા તો બધાની આધારભૂત સત્યવસ્તુ મેળવવી સાધ્ય થઇ ગઇ સમજો.

તમે નિશ્ચલ આત્માના આધારે રહેશો તો પડવાનો ભય નહીં રહે, પણ જો વિષયરૂપી ગબડતા ગોળા પર ઊભા રહેશો, તો નિશ્ચિત પણે ગબડીને પડી જશો ! આત્મા અંતરંગમાં છે અને તમામ સુખ તેમાં જ છે. પરંતુ આપણે આ શરીરરૂપી પોટલી વિષયરૂપી ઠગના હાથમાં પકડાવી દઇ, એની પાસે સુખની ભીખ માંગી રહ્યા છીએ. આ કેટલો અનર્થ છે!

અંતમાં સદ્દભક્ત સમુદાયને અમારું કરબદ્ધ નિવેદન છે કે પોતાનામાં વિરાજમાન આત્માને ઓળખો અને સુખી થઇ જાઓ. એ માટે ગુરુભક્તિ કરીને કૃતકૃત્ય થઇ જાઓ, ભાઇઓ!

પ્રકરણ-૬

અનુભવાધિષ્ઠિત વેદાન્ત

મોટાભાગના લોકોને વેદાન્તના વાસ્તવિક અર્થની ખબર નથી. એટલા માટે સર્વ પ્રથમ વેદાન્તનો નિજ-અર્થ જાણવો ખૂબ જ જરૂરી છે. 'વેદાન્ત' અર્થાત વેદોના અંતિમ ભાગ ઉપનિષદોમાં બતાવેલું જ્ઞાન અથવા 'વેદ' એટલે જ્ઞાન અને અંત એટલે પરિસીમા અર્થાત પરિપૂર્ણ જ્ઞાન.

વેદાન્તનો મુખ્ય વિષય આત્મજ્ઞાન જ છે. અર્થાત પોતાના નિજ સ્વરૂપને યથાર્થ રૂપે જાણી લેવું. "હું" એવું સમજવાવાળો બીજો કોઇ નથી, તમે પ્રત્યગાત્મા જ છો. પ્રત્યેક આત્મા અર્થાત્ અલગ કરેલો તું છે. પ્રશ્ન થાય છે કે 'પ્રત્યેક આત્મા' એમ કેમ કહેવામાં આવ્યું છે? એનો ઉત્તર એ છે કે આ સમયે તમે ''હું'' જેને કહી રહ્યા છો તે દેહ-ઇન્દ્રિઓ મનને સાથે રાખીને ''હું'' માની રહ્યા છો. પરંતુ વેદાન્તનું પ્રતિપાદન છે કે આ બધી વસ્તુઓને નહીંવત કરી દીધા પછી જે શુધ્ધ ચૈતન્ય રહે છે, તે પ્રત્યેક આત્મા તમે છો. તમારી હાથમાં આવેલ પરવસ્તુ જ તમે પોતે છો.

વેદાન્તથી વધારે લાભદાયક આ ત્રણેય લોકમાં કંઇ પણ નથી. કેમકે એ જીવોને અત્યંત શ્રેષ્ઠ પરાત્પર બ્રહ્મ જ બનાવી દે છે. આ વિશ્વના કોઇપણ દેશમાં કોઇને પણ ઉચ્ચતમ પદ આપવું હોય તો દેશના વડાપ્રધાન યા તો રાષ્ટ્રપતિનું પદ આપી શકો છો. તેનાથી ચઢિયાતું બીજું કોઇ પદ કોઇ છે? તે કદાપિ શક્ય નથી. કારણ કે વડાપ્રધાન યા તો રાષ્ટ્રપતિનું પદ સર્વોચ્ચ છે. આ જ રીતે આ ચરાચર જગતમાં

પરમાત્માથી ઉપરનું બીજું કોઇ પદ નથી. વેદાંત તે જ પદ મેળવી આપે છે એવું કહેવાયું છે અને આ જ કારણે તમામ મતોમાં, સંપ્રદાયોમાં વેદાન્તને પરમશ્રેષ્ઠ માનવામાં આવે છે.

વેદાંતના મહિમાને આધારભૂત એવું તેનું પ્રયોજન હવે અમે કહીએ છીએ. વેદાન્ત દ્વારા ચાર પુરુષાર્થોમાં સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ એવો ''મોક્ષ'' પ્રાપ્ત કરી શકાય છે. તીર્થ, વ્રત વગેરેના વિષય સંબંધી એમ કહેવામાં આવે છે કે તે કરવાથી ધન- ધાન્ય, પુત્ર- પૌત્ર, આરોગ્ય અને આનંદ વગેરેની પ્રાપ્તિ થાય છે અને અંતે અહીં ઐહિક સુખ ભોગવીને, મૃત્યુ પછી મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે. આ પ્રકારના કેવળ શબ્દ જાળનો મોક્ષ નહી પરંતુ વેદાન્ત જીવતાં જ મુક્તિ પ્રદાન કરે છે. એટલું જ નહી જીવન મુક્તિનું પ્રતિપાદન કરનારા અદ્વૈત વેદાન્ત સિવાયના અન્ય ધર્મ અને મતો મરણ પછીના ઉધાર મોક્ષની વાતો કરે છે. તુકારામ મહારાજે કહ્યા પ્રમાણે, મારી મુક્તિની સ્થિતિ મેં મારી આંખે જોઇ! આપણને આવા જ મોક્ષની અપેક્ષા હોઇ કયારેક કોઇ કાળે મળવાવાળો ગમે તેવો મોક્ષ અમારે જોઇતો નથી!

સારૂ, હવે બંધન એટલે અમને શું થયું છે અને મોક્ષ એટલે અમારે શું થવાનું છે, એ મૂળ પ્રશ્ન પર નજર નાખીએ. 'હું – હું, મારું-મારું" જીવનમાં હંમેશાં દુ:ખ, ચિંતા, અસમાધાન, અશાંતિ અને કોઇ ને કોઇ અભાવ રહેવો, એ બધું બંધન છે. આ અહં- મમત્વના ગ્રહણને લીધે આપણે મહાન હોવા છતાં અલ્પ થઇ ગયા છીએ. સીમિત અને સંકુચિત થઇ ગયા છીએ. વેદાન્તના જ્ઞાનબોધથી આ ઉપાધિ તાદાત્મને બદલે અહં-મમત્વનું નિરસન થઇ 'હું સર્વાતીત, પરિપૂર્ણ, નિરુપાધિક છું' એ બોધ થઇ જતાં પહેલાં અજ્ઞાનને લીધે જીવનમાં જે અસમાધાન અશાંતિ અને દુ:ખની હાલત હતી. તે સમાપ્ત થઇ જાય છે. આ જ મોક્ષની સ્થિતી છે.

સંસારમાં કલા, અધિકાર, સિદ્ધિ બધાથી વેદાન્તને વધારે મહત્વ કેમ અપાયું છે? અતિ પ્રાચિન કાળ એટલે દસ હજાર વર્ષ પહેલાં પણ વેદાન્તનું ખૂબ જ મહત્વ હતું, આજે પણ છે અને ભવિષ્યમાં પણ એ કાયમ માટે રહેશે. એનું કારણ એ છે કે વેદાન્તથી સુખનું સામ્રાજ્ય મળે છે, એ જ સાચું છે! જો આ વાત સત્ય છે તો વેદાન્તના અનુયાયીઓ એવા આપણને પણ તેવું જ કાયમી સુખ મળવું જોઇએ. 'મને પૂરું સુખ મળ્યું છે કે નહીં', એ બાબતે સાધકે જાગૃત રહીને પોતાના ધ્યેયની પ્રાપ્તિને માટે હર-હંમેશ પ્રયત્નશીલ રહેવું પરંતુ ઉપર-ઉપરથી જ્ઞાન સાધના કરવાવાળા અમને, પરમ સુખનો લાભ નથી થયો, એ કહેવાનો શો ઉપયોગ છે? જીભથી તો કોઇ પણ કહી શકે છે કે ' હું મુક્ત છું મને શાશ્વત આનંદની પ્રાપ્તિ થઇ ગઇ છે.' કંઇપણ કહેવામાં ક્યાં વાર લાગે છે? આવું તો કોઇ પણ કહી શકે છે કે ''હું લક્ષાધીશ છું'' આવું કહી દેવામાં થોડી પણ મહેનત નથી પડતી. શબ્દ બોલવા ક્યાં પ્રયાસની જરૂર છે? હું લક્ષાધીશ છું એ દેખાડવા માટે મોટી તિજોરી લાવી શકાય છે. પરંતુ તિજોરીમાં રાખવા માટે ધન જોઇએ, તેવી રીતે આપણામાં પરમાનંદરૂપી સંપદા હોવી જોઈએ. સાધકને માટે એ આવશ્યક છે કે વેદાંત શ્રવણ અને પરમાર્થિક આચરણરૂપી તિજોરીમાં અનુભવરૂપી સંપતિ પણ હોય.

વેદાંતનો વિષય બધે ઠેકાણે સાંભળવા નથી મળતો. માત્ર બ્રહ્મવેત્તા, અનુભવી, જ્ઞાની પુરુષ જોડે તેનું વિવરણ થતું હોય છે. એટલા માટે તેમના સાંનિધ્યમાં રહીને તેમનું શિષ્યત્વ ગ્રહણ કરીને તેનું સંપાદન કરવું જોઇએ.

અનુભવહીન પંડિતો ફક્ત શબ્દ જાળનો જ વિસ્તાર કરે છે. પણ મનુષ્યના અનુભવનું આંતરિક ગૂઢ રહસ્ય તે સમજાવી શકતા નથી. તેઓ શાસ્ત્રમાંથી અનેક વાક્યો ટાંકીને પોતાના ભવ્ય પાંડિત્યનું પ્રદર્શન કરતાં રહીને શ્રોતાઓને આશ્ચર્યચકિત કરી શકે છે. પોતાના વ્યાખ્યાન વિષય પર બોલતી વખતે શ્રુતિ અને

શાસ્ત્રોમાંથી ચમત્કારિક શબ્દોનો ઉપયોગ કરીને ધારાપ્રવાહ રૂપે મંત્રોચ્ચારણ કરી, શ્લોકનું મનોહારી વર્ણન કરી શકે છે. પરંતુ તેમનાં વ્યાખ્યાનોમાં તે પરવસ્તુ શું છે એનું યથાર્થ જ્ઞાન રજ માત્ર પણ હોતું નથી. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી શ્રોતાગણ તેમના પાંડિત્યથી પ્રભાવિત થઇને, ‘‘વાહ- વાહ’’ કરી ઉઠે છે. ફક્ત આટલું જ થાય છે. આવાં વ્યાખ્યાનો સાંભળીને શ્રોતાઓના જ્ઞાનમાં બતાવો કયાં વધારો થયો? ધર્મ અને વેદાન્ત મહત્વપૂર્ણ છે, આ વાત તો શ્રોતાઓ પહેલેથી જ જાણતા હતા. એટલે આવી મોટી મોટી વાતો સાંભળી શ્રોતાઓને કયું અધિક જ્ઞાન પ્રાપ્ત થયું? મુમુક્ષુઓએ આવાં પંડિતોથી દૂર રહીને અનુભવી સદગુરુના મુખેથી વેદાંતનું શ્રવણ કરવું જોઇએ.સદગુરૂ જ તેમના હાથમાં આત્મવસ્તુ આપી શકે છે.

સદગુરુના લક્ષણો :- સદગુરૂ સ્વયં અનુભવી હોય છે અને બીજાઓને અનુભવ કરાવવાની ક્ષમતા ધરાવે છે! અર્થાત સદગુરુની પાસે પોતાના અખંડ અનુભવ અને તે અનુભવ બીજાનાં હૃદયમાં કેવી રીતે ઉતારવો એ કલા પણ હોવાં જોઇએ. આ સિવાય, બાહ્ય શારિરીક લક્ષણ, વિદ્યા-કલા, પાંડિત્ય યા સિદ્ધિ વગેરે કોઇ પણ અન્ય લક્ષણ સદગુરુનાં લક્ષણ હોઇ શકે નહીં!

તમે એ પ્રશ્ન કરશો કે આપે અમને જે એ બતાવ્યું કે સદગુરુની પાસે જઇને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ, તો કૃપા કરી હવે એ બતાવો કે સદગુરુ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કયા સાધન બતાવે છે?

સાધનોમાં બે પ્રકારનાં સાધનો હોય છે. પરંપરા સાધન અને પ્રત્યક્ષ સાધન. પરંપરા સાધન ક્રમિક ફળ આપે છે અને પ્રત્યક્ષ સાધન તુરંત ફળ આપે છે. સદાચરણ, નિષ્કામયજ્ઞ તપ-દાન, વૈરાગ્યવૃત્તિ, સજ્જનોનો સહવાસ એ બધાં પરંપરા સાધન છે. મુમુક્ષુ આ બધાંનું આચરણ કરતાંકરતાં સદગુરુએ ઉપદેશ કરેલા પ્રત્યક્ષ સાધન સુધી પહોચે છે. જેવી રીતે ઘરનું આંગણું પાર કર્યા પછી જ ઘરમાં પ્રવેશ કરી શકાય છે, તેવું કહી શકાય. પહેલા કરવાની આ સાધના બહીરંગ સાધના અને અનુભાવિક આત્મજ્ઞાન જેનું કારણ છે એવી શ્રવણ સાધના અંતરંગ સાધના છે. પરંતુ એ આશ્ચર્યજનક જ છે કે સામાન્ય જનતાને એવું લાગતું જ નથી કે શ્રવણ એક મહત્વપૂર્ણ સાધન છે. સાધન ક્હેતાની સાથે જ આંખોની સામે કોઈ ક્રિયા રૂપી સાધન જ આવે છે. પૂજા અર્ચના, વ્રત વૈકલ્ય, ભજન નામ સ્મરણ વગેરે તેમને સાધન એવું લાગે છે, પરંતુ શ્રવણ એક મહત્વપુર્ણ ક્રાંતિકારી સાધન છે. એવી પુર્ણભાવના થવી ખૂબ જરૂરી છે. પરંતુ આ રહસ્યને સમજવામાં અસમર્થજડ બુધ્ધિવાળો સાધક યંત્રવત સ્થૂળ સાધન કરતો રહે છે! ખરેખર આ સ્થિતિ દુખ:દ છે!

વેદોના શિરોભાગ એવા ઉપનિષદોમાં ક્યાં સાધનને મહત્વ આપવામાં આવ્યું છે તેનું પરીશીલન કરીશું તો જોવા મળશે કે જ્યારે સાધક જીજ્ઞાસાવૃતિ સાથે જ્ઞાની મહાપુરૂષની શરણાગતિ સ્વીકારે છે અને તેમને આત્મસ્વરૂપસંબંધી વિષયમાં પ્રશ્ન કરે છે તો તે જ્ઞાની પાસેથી સાંભળીને જ તે જ્ઞાન મેળવે છે.અર્થાત શ્રવણ જ જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું એકમાત્ર સાધન છે, એવું અમને જોવા મળે છે. કોઈ મુમુક્ષુ જ્યારે જ્ઞાની પુરૂષની પાસે જઇને પરતત્વનાં વિષયમાં પ્રશ્ન કરે છે તો આ શ્રવણ પધ્ધતિનું અનુસરણ કરીને તેને ઉત્તર આપવામાં આવે છે. આ રીતે પ્રત્યક્ષ શ્રવણ દ્વારા સ્વાધ્યાય પ્રવચનરૂપી તત્વાભ્યાસના મહત્તાનું અનેક રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

જો કે શ્રુતિમાં શ્રવણના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું છે. તો પણ અનેક સદીઓથી જનમાનસમાં શ્રવણના પ્રત્યે ઉદાસીનતાનું શું કારણ છે, આ બાબત પર વિચાર કરીશું. શ્રુતિ બતાવે છે કે આત્મતત્વના જિજ્ઞાસુએ વિનય સાથે અનુભવી તત્વજ્ઞ જ્ઞાની પુરુષ પાસેથી તેનું શ્રવણ કરવું જોઇએ. પરંતુ કાળાંતરે અનુભવના સ્થાને શબ્દજાળ અને પાંડિત્યપૂર્ણ તર્ક વગેરેની પ્રવૃત્તિઓ ખૂબ વધી ગઇ. અનુભવી જ્ઞાની પુરુષ તો એક ખૂણામાં બેસી ગયા અને બીજી બાજુ પોતાના પ્રવચનોમાં વાદકૌશલ્યના દ્વારા સન્માન અને પ્રતિષ્ઠા મેળવવાની દુષ્ટ વાસનાઓએ જન્મ લીધો. દંભી તર્કવાદીઓની બહુમતિ નજરે પડવા લાગી. આના લીધે પરિણામ એ આવ્યું કે જનતા સદગુણ અને સદાચાર વગરના પંડિતો તરફ ઢળી પડી. અનુભવહીન શબ્દજ્ઞાનને મહત્વ મળવા લાગ્યું. આશ્ચર્યજનક રીતે કાળક્રમે તત્વ-જિજ્ઞાસા અને તત્વ વિવરણ આ 'શબ્દજ્ઞાન'ની અર્થવ્યાપ્તિમાં સમાઇ ગયાં!

આ વિચારધારાની પરિપુષ્ટિને માટે સામાન્ય જનતાને શ્રુતિનો આધાર પણ મળી ગયો! એ કઇ રીતે? ઉચ્ચ જ્ઞાનનો પ્રસાર થવા લાગ્યો ત્યારે, 'પરવસ્તુ'નું વર્ણન કરવામાં બુદ્ધિ અને વાણી અસમર્થ છે' આ સિધ્ધાન્તના સાર્વત્રિક પ્રતિપાદનને કારણે જનમાનસમાં એ ભાવના પેદા થઇ ગઇ કે પ્રવચન કરવું-સાંભળવું જેવી બાબતો અનાવશ્યક છે. એના પરિણામ સ્વરૂપ યોગ વગેરે પંથો અસ્તિત્વમાં આવી સમાધિ વગેરે ક્રિયારૂપી સાધનાથી મન-વાણીને અતીત આત્મવસ્તુ આપો આપ સહેજે જ અનુભવમાં આવી જાય છે, તેવું પ્રતિપાદિત થવા લાગ્યું આથી પહેલેથી જ અન્તર્વિચાર કરવામાં આનાકાની કરનાર પ્રજાને આ વિચાર ગમી ગયો કે, આત્મવસ્તુની પ્રપ્તિ માટે બુદ્ધિને તાણ આપવાની જરૂર નથી. પ્રજાએ આ નવી વિચારધારાને પકડી લીધી!

જનતાએ કરેલી શબ્દ જ્ઞાનની રોગ ચિકિત્સાથી મોટો પ્રમાદ ક્યો થયો ? શ્રવણ-સાધના જ ન જોઇએ એવી સાર્વત્રિક પ્રવૃત્તિ થઈ. તથા પૂજા, અર્ચના, ભજન, ધ્યાનયોગને અગ્ર સ્થાન આપવાનું શરૂ કરી શ્રવણમાં કોઇ તથ્ય નથી એવું માનવા તરફ લોકો પ્રેરાયા. આ શરીરની અંદરથી એક રોગ કાઢીને તેના કરતા દારૂણ એવા બીજા રોગને અંદર દાખલ કરવા જેવું થઇ ગયું! એકલા તર્કવાદથી શબ્દછલ ન કરતાં, તત્ત્વ જિજ્ઞાસા હોવી જોઇએ. એક તરફ, તત્ત્વ ગ્રહણને અંતે શબ્દ અને મનની પેલેપાર રહેલ અવર્ણનીય વસ્તુનો સાક્ષાત્કાર થાય છે એવું કહેનાર યથાર્થ સિધ્ધાંત કયાં અને બીજી તરફ શ્રવણ વિચારની આવશ્યકતા જ નથી, અને આત્મવસ્તુની પ્રાપ્તિ જ્ઞાનહીન, કોઇ સ્થૂળ સાધનાથી થઇ શકે છે, એવું સમજી લેનારી વિપરિત બુધ્ધિ ક્યાં?

હવે આપણે ઉપર્યુક્ત વાંકા-ચૂંકા માર્ગને પડતો મૂકીને રાજમાર્ગ પર આવીએ છીએ. શ્રુતિએ સ્વીકાર્યુ છે કે જીવની મુક્તિનો માત્ર એક ઉપાય છે: " જ્ઞાનાને ચ મુક્તિ:'' એટલા માટે 'જો આત્માનું જ્ઞાન ન મેળવ્યું તો એ ઘોર નુકસાન થશે" વગેરે જેવા અનેક પ્રમાણભૂત વચનો દ્વારા એ ઘોષણા કરતી રહી છે કે આત્મજ્ઞાન જ મોક્ષ મેળવવાનું માત્ર એક સાધન છે. અન્ય બધા જ મત અને સંપ્રદાયો પણ પોત-પોતાના માર્ગોને અભિમાનપૂર્વક આત્મજ્ઞાનનો માર્ગ બતાવે છે, એ પણ આત્મજ્ઞાનની શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે. જો કે કેટલાંક સંપ્રદાયો પોતાના દ્વારા પ્રચલિત સ્થૂળ ક્રિયારૂપ સાધનને જ આત્મજ્ઞાન કહેવાની આત્મવંચના કરે છે, એ વાત જુદી. કંઇપણ હોય તો પણ તમામનો એ જ મત છે કે 'આત્મજ્ઞાન જ મોક્ષ પ્રાપ્તિનું એક માત્ર સાધન છે'. હવે આપણે એ જોવાનું છે કે આત્મજ્ઞાનનો વાસ્તવિક અર્થ શું છે?

'જ્ઞાન' એટલે 'જાણવું' એવો સર્વમાન્ય સરળ અર્થ બધાને માન્ય છે ને? જ્ઞાનની આગળ કોઇ બીજા શબ્દને લગાડવાથી એ જ અર્થ નિકળે છે કે, તે વસ્તુનું જ્ઞાન. ઉદાહરણાર્થ – જો જ્ઞાનની આગળ, પહેલાં

અશ્વ શબ્દ જોડી દીધો તો શબ્દ બન્યો 'અશ્વજ્ઞાન' અર્થાત્ અશ્વ યાની ઘોડા વિષેની જાણકારી. આ રીતે આત્મજ્ઞાન શબ્દનો અર્થ થયો આત્માનું જ્ઞાન. તો આત્મજ્ઞાનનો સીધો-સરળ અર્થ થયો આત્માને જાણવો.

સારુ! કંઇ પણ જાણવાનો કયો ઉપાય છે? તથા તે વિશે વિચાર કરવો જોઇએ ને? વિચાર ન કરી જો આપણે સ્નાન, દાન ઉપવાસ વગેરે જ કરતાં રહીએ તો એનાથી તે વસ્તુ જાણી શકીશું? કદાપિ નહીં! એટલા માટે આપણે તે વસ્તુના જાણકારની પાસે જઇને તેને પૂછવું પડશે. ત્યારે આપણે તે વસ્તુના વિષે જાણી શકીશું. એ જ રીતે આત્માજ્ઞાન પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય એ જ છે કે આપણે અનુભવી જ્ઞાની પુરુષ પાસે જઇને આત્માજ્ઞાનનું શ્રવણ કરીએ. સ્વયં શ્રુતિ અને શ્રીમદ્ ભગવદ્ગીતા આદિ શાસ્ત્ર પણ એ જ ઘોષણા કરે છે! આ બધાનો સારાંશ એ છે કે **તમામને પ્રિય એવા મોક્ષની પ્રાપ્તિનું આત્મજ્ઞાન એ જ કારણ છે**. કોઇપણ જ્ઞાન માટે વિચાર એ જ કારણ ઓય છે, **એ પ્રમાણે આત્મજ્ઞાન માટે આત્મવિચાર અને આત્મવિચાર માટે આત્મજ્ઞાની પુરુષ પાસે કરેલ આત્મા અંગેનું શ્રવણ અથવા અધ્યાત્મ શ્રવણ એ મુળ કારણ છે**. એ જ મૂળ સાક્ષાત સાધન છે.

શ્રવણ- મનન – નિદિધ્યાસન- સાક્ષાત્કાર, આ સુપ્રસિદ્ધ અનુભવ ચોકડી છે. ''સદાચાર'' ના સત્તરમા શ્લોકમાં શ્રીમદ આદ્ય શંકરાચાર્ય કહે છે.

વેદાંત શ્રવણ કુર્યાત મનનં ચોપપત્તિ ભિઃ ।
યોગેનાભ્યસનં નિતયં તતો દર્શનમાત્મનઃ ॥

વેદાન્ત બોધ ગુરુમુખથી શ્રવણ કરવો અને શ્રવણ કરેલા વિષયને ગ્રહણ કરી આત્મસાત્ કરી લેવો જોઇએ. શ્રવણની સાર્થકતા ત્યારે જ છે જ્યારે સાંભળેલો વિષય આત્મસાત થઇ જાય. જો એમ ન થાય અને બોધ આપનાર 'મહાજ્ઞાની છે' એવી સ્તુતિ થયા કરે તો આપણને શો ફાયદો થશે? સાધકે હંમેશા એને મહત્વ આપવું જોઇએ કે મેં શું જાણ્યું. પરંતુ મોટાભાગે એવું જોવા મળ્યું છે શ્રોતાવર્ગ એની જ ચર્ચા વધારે કરે છે કે 'વક્તાનું પ્રવચન ઘણું જ પ્રભાવશાળી અને પાંડિત્યપૂર્ણ અથવા અનુભવ સંપૂર્ણ હતું'. એમ પ્રવચન કરનારની સ્તુતિ કરવી ! પણ આવી રીતે બોધ આપનારની સ્તુતિ કરવાથી શ્રોતાને શું લાભ થયો? સાધકનું ધ્યાન એના પર હોવું જોઇએ કે મને શું જ્ઞાન મળ્યું. ઉદાહરણાર્થ સંસારમાં તમામનું ધ્યાન એ વાત પર રહે છે કે મને આ વ્યાપારમાં કેટલો લાભ થયો? વધારે ફાયદો થાય એવો જ વ્યાપાર આપણે કરીએ છીએ. ધારો કે વ્યાપારી મોટો વ્યાપાર કરે છે. મોટી દુકાન છે. ઘણાં નોકર છે, દુકાનમાં ઘણો બધો સામાન છે, પરંતુ નફો કંઇ પણ નથી થઇ રહ્યો તો શું કોઇ ચતુર વ્યક્તિ એ વેપાર કરશે? કદાપિ નહીં! આ જ રીતે, કોઇ મહાન વક્તાની સભામાં અપાર સમુદાય એકત્રિત થાય અને લાંબા સમય સુધી નિત્ય શ્રવણ એવો ભવ્ય પરમ અર્થ ચાલે પણ જો ત્યાંના મુખ્ય વિષયનું ગ્રહણ ન કરવામાં આવે તો એની સાર્થકતા શૂન્ય જ છે! સારાંશ- આપણે સ્વયં જાણી લેવું જોઇએ.

પ્રશ્ન: અધ્યાત્મ શ્રવણ કરતાની સાથે જ તત્કાળ આત્મસાક્ષાત્કાર થઇ જાય છે?

ઉત્તર: શ્રવણ પછી મનન અને નિદિધ્યાસનથી જ સાક્ષત્કાર થાય છે. એકલા શ્રવણથી નહીં.

શ્રવણ પછી જે વિષયનું શ્રવણ કર્યું છે તેનું યુક્તિપૂર્વક દ્રષ્ટાંત સહિત મનન કરવું જોઇએ. યુક્તિ એટલે 'આ કારણથી આ વાત સિદ્ધ થાય છે' તે વિચાર અને દ્રષ્ટાંતનો અર્થ છે આપણને પરિચિત હોય એવી વ્યવહારની કોઇ બાબતની તુલનાથી આપણને ખબર નથી એવો સિદ્ધાંત સમજવો. આપણે શાસ્ત્ર અને

સદ્દગુરુ એ કરેલ વાતો વિચારની એરણ પર ચકાસીને ગ્રહણ કરવું જોઇએ. એમ કરવાથી તે વિષયનો દ્રઢ બોધ થઇ જાય છે. એમ ન કરીને જો આપણે ફક્ત હા-હા કરતાં રહીશું તો વિષય સાચી રીતે સમજમાં નહીં આવે અને ભવિષ્યમાં આવનારી શંકાઓનું સમાધાન નહી થાય. હવે દ્રષ્ટાંતોની આવશ્યકતા કહીએ છીએ. દા.ત – 'આ સંસાર મિથ્યા છે, એનું વિવરણ કરતી વખતે સ્વપ્નનું દ્રષ્ટાંત આપવામાં આવે છે'. કારણકે આપણે બધાએ સ્વપ્ન જોયું હોય છે અને આપણે બધા જાણીએ છીએ કે સ્વપ્ન ખોટું હોય છે અને ફક્ત આભાસમાત્ર છે, એ આપણા બધાના અનુભવની વાત છે. આ દ્રષ્ટાંતથી સ્વપ્નની ભ્રામકતા અને સંસારની ભ્રામકતામાં જે સમાનતા છે તે સ્પષ્ટપણે સમજાય છે. આ જ વાતને જો દ્રષ્ટાંત વગર ફક્ત એમ કહીએ કે જગત 'મિથ્યા' છે, તો 'મિથ્યા' શબ્દનો શો અર્થ કરવો એટલું સમજાતું નથી. દ્રષ્ટાંત આપવાથી તે યોગ્ય રીતે સમજી શકાય છે.

કોઇ એ પ્રશ્ન કરી શકે છે કે એકાન્તમાં બેસીને યુક્તિપૂર્વક મનન કરવાથી શું લાભ છે? એનો ઉત્તર આ જ છે તેનાથી એક વસ્તુ આત્મા મળે છે. સત્યવસ્તુ એટલે તે જ મારું નિજ સ્વરૂપ છે એવો દ્રઢ નિશ્ચય થાય. જયારે આપણે આનું મનન કરતા રહીશું તો આપણા અંતરંગમાં નિશ્ચયપૂર્વક તે સદ્દવસ્તુનો અનુભવ થવા લાગે છે એના પછી મનનનું કાર્ય સમાપ્ત થઇ જાય છે.

મનન થયા બાદ નિદિધ્યાસન આવશ્યક છે. જોકે મનનથી એ નિશ્ચય થાય છે કે ''મારું આ સ્વરૂપ છે'' એ ખરું પણ એટલાંથી કામ પૂરું થતું નથી. દેહાત્મક બુદ્ધિને લીધે સાધક આ સત્ય વાત ત્યાં છોડી 'હું એક જીવ છું' એ નિશ્ચયથી આચરણ કરે છે. આ જીવબુધ્ધિ વિલિન થાય તો જ આત્મબુધ્ધિ દ્રઢ થાય છે. એવું થાય તે માટે એટલે જીવ નિશ્ચયના નાશ માટે કયા સાધનની આવશ્યકતા છે એ જ આજની સમસ્યા છે. હવે આના વિશે થોડું કહીએ છીએ.

''યોગેનાભ્યાસનં નિત્ય' આ જ શ્રેષ્ઠ સાધન છે. અર્થાત, આત્માની સાથે એકરૂપ થઇ જવું કે હું આત્માસ્વરૂપ છું એવો નિશ્ચય થઇ જવો અથવા પોતાના આત્માની નિજ સ્થિતિમાં સ્થીત થઇ જવું. આને જ યોગ કહે છે. હંમેશા હરપળે આત્માકાર થઇને જ રહેવાનું આત્મધ્યાન જ નિદિધ્યાસ છે. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એ અનુભવથી જાણ્યા બાદ તે અનુભવ થઇને જ રહેવું. પૂર્વનો બધો જીવભાવ છોડીને આત્માકાર થઇ જવાનું છે.

અત્યાર સુધી કહેલા નિદિધ્યાસ દ્વારા જ આત્મવસ્તુનો સાક્ષાત્કાર થાય છે. જો શ્રવણ- મનન કરીને નિદિધ્યાસના ન કરવામાં આવે તો જાણે એવું લાગે છે કે આત્મજ્ઞાન થઇ ગયું છે, પરંતુ આ જ્ઞાન હાથવગું થતું નથી અને પહેલાંનો જીવભાવ જ કાયમ રહે છે. નિદિધ્યાસન ન કરવાવાળા સાધકને આત્માના વિષયનું શ્રવણ કરતી વખતે આત્મતત્વની ભાવના રહે છે પરંતુ તેના પછી બધો સમય તે જીવભાવમાં જ રહીને વ્યવહાર કરે છે. આ અપૂર્ણતાના સ્થાને હંમેશાં આત્મનિશ્ચય અને પરમાનંદની સ્થિતિ કાયમ રહે, એટલા માટે નિદિધ્યાસની આવશ્યકતા છે.

અત્યાર સુધીમાં આપણે ''અનુભાવિક વેદાંત'' નું શું પ્રયોજન છે. અને એની પ્રાપ્તિનાં મુખ્ય સાધન કયાં- કયાં છે, એનું વિસ્તૃત વિવરણ કર્યુ છે.

પ્રકરણ-૭
માનવ અજર અમર દિવ્ય આત્મા છે

મનુષ્યએ આ શરીર અને ઈન્દ્રિઓ પોતાના છે, એવું માની લીધું છે. નથી, એ માટેનું દ્રષ્ટાંત- એક સ્ફટિકને લાલ ફૂલ ઉપર મૂકવામાં આવે તો તે શુભ્ર સ્ફટિક લાલ દેખાવા લાગે છે. જો કે, ખરેખર તે સ્ફૂટિક શુદ્ધ, સ્વચ્છ અને રંગ રહિત છે, તો પણ તે લાલ ફૂલના સંપર્કના કારણે લાલ દેખાય છે. તે રીતે દેહ અને મનની સાથે તાદાત્મ્ય થવાના લીધે આત્મા ઇન્દ્રિઓના ધર્મને પોતાના માનવા લાગે છે. આવું લાગવા છતાં, જે રીતે સ્ફટિકનો કોઇ રંગ નથી, તે રીતે જ આત્મા નામ, રૂપ ગુણ વગેરે ઉપાધિઓથી નિર્લિપ્ત છે.

ઉપર્યુક્ત દ્રષ્ટાંતમાં આત્મા એટલે મનુષ્ય એટલે તું પોતે જ. તારા બે રૂપ છે. એક દેહ અને ઇન્દ્રિઓ બધાને ભેગા કરી સિધ્ધ થયેલો 'હું' અને એ બધા સાથે સંબંધથી રહિત એવા સાચા 'આપણે' (હું)! સારાંશ- પ્રત્યેક વયક્તિનું નિજસ્વરૂપ દેહ ઇન્દ્રિઓ-મન રહિત છે. પરંતુ આમ હોવા છતાં પણ મનુષ્ય અજ્ઞાનવશ આ શરીર વગેરેને જ 'હું' માને છે અને શરીરને લગતાં તરુણ, વૃધ્ધ, પુષ્ટ-કૃશ, નાત-જાત વગેરે ગુણોને પોતાના માને છે. આપણે ખરેખર શું છીએ એ ભૂલીને બીજા વિકારી, પદાર્થોને 'હું' માની લેવાને લીધે, એની જાળમાં ફસાઇ સંકટ ભોગવી રહ્યા છીએ, એ જ બંધન છે.

આપણને બંધન નથી જોઇતું આપણે બંધનમાંથી કેવી રીતે છૂટી શકીએ? આપણે બંધનકારક ઉપાધિ ધર્મ કરતાં અલગ છીએ એ વાત જાણીશું, તો સહજપણે બંધન તૂટી જશે. પોતાની સ્મૃતિમાંથી સાંસારિક ભાવ અને શરીર ભાવ વગેરે કાઢી નાખ્યા પછી જે અધિષ્ઠાન મૂળવસ્તુ રહે છે, તે જ સાચા તમે છો.

પ્રશ્ન એ થાય છે કે આત્માને આટલું બધું મહત્વ શા માટે આપવું જોઇએ? એનો ઉત્તર એ છે કે આત્મા જ પરિપૂર્ણ આનંદ સ્વરૂપ છે. અન્ય સુખોમાં અનેક ખામીઓ છે. તે ઓછા થાય છે, નાશ પામે છે, તેમાં ઉતારચઢાવ હોય છે. અનેકોને તે જોઇતું હોવાથી તેમાં ઝઘડાઓ પણ હોય છે. આવું કાંઇ ન હોય એવી નિજસ્થિતિ આત્માનો આનંદ છે. આ વાત તમને સહજ પ્રાપ્ય એવી નિદ્રાવસ્થા અથવા તમે આરામથી બેઠા હોવ ત્યારની અવસ્થા એવું સમજો. ત્યાં અત્યંત સમાધાનકારક આનંદપૂર્ણ સ્થિતિ હોય છે. કહો, આ આનંદ આપને કયા વિષયમાંથી મળ્યો હતો? ત્યાં ન કોઇ વિષય હતો અને ન કોઇ ભાગ્ય વસ્તુ હતી. ત્યાં આપ પોતાની સ્વાભાવિક સ્થિતિમાં જ હતા. આમ હોવા છતાં પણ અનુભવ તરફ જોવાનું કારણ 'ત્યાં કાંઇ ન હતું, શૂન્ય હતું' એવું તમે સમજો છો અને સુખ બહાર છે એમ સમજીને ત્યાં દોડો છો!

નિજ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપણને અનેક દ્રષ્ટાંતો દ્વારા મળે છે. ચંદ્રમાં એક છે, પરંતુ અલગ-અલગ ઘડાઓમાં અનેક રુપે ભાસે છે. આ રીતે જ બ્રહ્માથી લઇને ઘાસના તણખલાં સુધી તમામ જીવોમાં આત્મા પૂર્ણ રૂપથી વ્યાપ્ત છે. મોટું સરોવર હોય કે કૂવો હોય, ઘડો હોય કે લોટો, પાણી સ્વચ્છ હોય કે ગંદું હોય, ચંદ્રમાનું પ્રતિબિંબ કોઇ પણ ભેદ- ભાવ રાખ્યા વગર બધામાં સમાન રૂપે ભાસે છે, એ જ રીતે આત્મા સર્વ પ્રાણી માત્રમાં વ્યાપ્ત છે.

આવો, એક બીજા દ્રષ્ટાંત વડે આપણે આને સમજીએ. એક વ્યક્તિ નદી કિનારે બેઠો છે અને વહેતાં પાણીમાં પોતાનું પ્રતિબિંબ ખૂબ ધ્યાનથી જોઇ રહ્યો છે. અચાનક તેને લાગ્યું કે તે નદીમાં પડી ગયો છે અને

જળની સાથે વહી રહ્યો છે. એ વાતને તો એ ભૂલી ગયો કે પોતે એક સુરક્ષિત સ્થાન પર બેઠો છે અને તે રડવા લાગ્યો અને મોટે –મોટેથી બૂમો પાડવા લાગ્યો “ મને બચાવો, મને બચાવો.” તેની બૂમો સાંભળી લોકો દોડતા. દોડતાં-દોડતાં તેની પાસે આવી પહોચ્યાં. જયારે લોકોને વાસ્તવિકતાની ખબર પડી ત્યારે તેઓ બોલ્યા, ‘અરે પાણીમાં જે દેખાય છે, તે તો તારૂં પ્રતિબિંબ છે. તું તે નથી’. બરાબર તે પ્રમાણે જીવ ભ્રમિત થઇ ગયો છે. તે સાંસારિક વિકારો અને શરીર મરી જશે એ બાબતે રડ્યા કરે છે. જ્ઞાની પુરુષ તેને બોધ આપે છે કે રોગ, શોક, દુ:ખ, હાનિ વગેરે એ બધાં તો શરીરના ધર્મો છે. એની સાથે તારે કોઇ સંબંધ નથી. તું તો હકીકતમાં આનંદ સ્વરૂપ, મુક્ત જ છે.

શરીર અને આત્મા સાથે-સાથે રહે છે, એના લીધે મનુષ્ય ચૈતન્ય આત્માના ગુણોને શરીર પર આરોપીત કરે છે અને શરીરના વિકાર-વિનાશ વગેરે ગુણોને આત્માના ગુણ માને છે. આપણે નિર્વિકારી આત્મા હોવાને લીધે આ નિર્વિકારીતા શરીરની પણ છે, એવી ભાવના રાખીને આપણે એ સ્વીકારી લીધું છે કે જેવું શરીર અત્યારે છે, તેવું જ અંત સુધી રહેવાનું છે. પરંતુ શરીર તો સ્વાભાવિક રીતે જ વિકાર ગ્રસ્ત થાય છે. ત્યારે જે રીતે પોતે (આત્મા) અમર છે, તેમ શરીર પણ અમર છે એવી ભૂલ ભરેલી સમજ કેળવે છે. આથી શરીરનું સ્વાભાવિક મરણ આવે ત્યારે, એમ માનીને દુ:ખી થાય છે કે “હુ મરી ગયો” અને એમ હોવાથી મૂળમાં રહેલ અજ્ઞાનનું નિરસન કરી દેહાતમ બુધ્ધિને દેખાતા દુ:ખો ને દૂર કરીને, સ્વરૂપને જાણીને પરિપૂર્ણ સુખી થવાનું છે.

મનુષ્ય આપણું શરીર જેવું હોય તેવા આપણે હોઇએ છીએ એવું માને છે. શરીર ‘નાનું’ હોય તો પોતાને ‘નાનો’ માને છે. શરીર મોટું છે તો પોતાને મોટો માને છે. વૃદ્ધ છે તો પોતાને વૃદ્ધ માને છે. આપ વિચાર કરો, શું શરીરની અલગ- અલગ અવસ્થાઓમાં શું આપ અલગ-અલગ હો છો? શું એ પરિવર્તનોનાં કારણે આપનામાં કોઇ ખાસ પરિવર્તન અનુભવો છો? વિચાર કરો, જે બાળક હતો તે યુવક થઇ ગયો અને સ્કૂલ- કોલેજમાં જવા લાગ્યો. એનાથી એના નિજ અનુભવમાં શું કોઇ મોટાઇ આવી? નહીં, એવું તો કંઇ પણ જોવા મળતું નથી. યા પહેલાં “હું” કહેવાવાળો અનુભવ ગાંડપણનો હતો અને હવે સમજદારીનો થઇ ગયો છે, શું આપે એવું જોયું છે? યા કોઇ વ્યક્તિ કોઇ ઉચ્ચ પદ પર ઓફિસર થઇ ગયો, ત્યારે તેના એ વખત માટે તેના સ્વત: સિદ્ધ અનુભવમાં કોઇ ફેરફાર આવે છે? યા અંતમાં કોઇ વ્યક્તિ વૃદ્ધ થઇ ગઇ તો તે વખતે શું તેના સ્વયંના હોવાપણાનો અનુભવ શું વૃદ્ધનો થઇ જાય છે? એ તમામ પરિવર્તનો બાહ્ય શરીરમાં થાય છે. એનો વ્યક્તિના, સ્વયંના હોવાપણાની અનુભવ-સ્થિતિ પર કોઇ પ્રભાવ પડતો નથી. સ્વયંના હોવાપણાનો અનુભવ એ તમામ અવસ્થાઓથી અલિપ્ત અને એકરૂપ રહે છે. આ અનુભવ તમે સ્વયં છો. સારૂં, “હું” બાળપણમાં અલગ હતો, યુવાવસ્થામાં અલગ હતો, વૃદ્ધાવસ્થામાં અલગ છું એવું તમને લાગે છે! ના, બાલ્યાવસ્થા,યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા, એ ત્રણેય અવસ્થાઓમાં સ્વયંના હોવાપણાની પ્રતીતિ અનુસ્યૂત રૂપે હંમેશાં ટકી રહે છે. તમે અસંગ, શુદ્ધ, સાક્ષી સ્વરૂપ આત્મા હોવા છતાં પણ “હું દેહ છું” એવું માની લઇને દેહમાં થતાં સ્થૂળ-કૃશ, નાનાં-મોટાં, પાતળાં-જાડાં વગેરે પરિવર્તનોને ખુદનું માની બેસો છો. ખરેખર, તમારા નિજ અનુભવની સાથે એમનો કોઇ સંબંધ નથી.

શરીરની સાથે માની લીધેલો સંબંધ જ મનુષ્યના દુ:ખનું કારણ છે. શરીર અને તેને લીધે આવનારો સ્વાર્થ એ અન્ય કોઇ વાતથી કોઇ તે કદી દુ:ખ આવ્યું છે? કયારેય નહીં. મનુષ્ય પોતે જ શરીરના સંબંધોને માનીને દુ:ખી થાય છે. હું કદરૂપો છું, હું દુબળો છું, હું ઘરડો છું, હું રોગી છું- આ રીતની અનેકાનેક ભાવનાઓ કરીને મનુષ્ય દુ:ખ ભોગવતો રહે છે. જો તેને મુક્તિ જોઇએ તો આ ભાવનાઓને કાઢીને ફેંકવી પડશે. “ હું

કદરૂપો નથી, વૃદ્ધ નથી, દુબળો નથી, રોગી નથી, દેહના રુપ, આકાર વગેરેનો સંબંધ મારામાં નથી.'' હું પરિશુદ્ધ આત્મા છું એ પ્રતીતિ જ તેનો સરળ ઉપાય નથી?

જે રીતે તારા શરીરના વિકાર સાથે સંબંધ નથી, એ જ રીતે શરીરના મૃત્યુથી પણ તારો કોઇ સંબંધ નથી. તું અવિનાશી છે, અમર છે, એ તારા નિર્વિકારત્વના અનુભવ પરથી નિશ્ચિત કર. કારણકે વિકારનો અંત નાશ છે. કોઇ પણ વસ્તુને વિકાર પામતા પામતા છેલ્લે નાશ પામે છે, પરંતુ તારો નાશ કદી પણ નથી, કારણકે તારામાં વિકાર નથી.

જીવ જે શરીરને હું સમજે છે, શું તે શરીર પણ શુદ્ધ- સ્વચ્છ છે? એવું નથી. તે અત્યંત મલિન છે. આ સંસારની બધી જ મલિન વસ્તુઓને મેળવીને બનાવેલી એક ઢીંગલી છે ! પરંતુ દેખાવમાં જ સુંદર લાગે છે! એવું કહે છે કે ચામડાને સ્પર્શવાથી વ્યક્તિ અછૂત થઇ જાય છે, પરંતુ ચામડાને સ્પર્શવાવાળા આ હાથ શાના બનેલા છે? આ પણ તો ચામડાંના જ છે. આવું હોવાં છતાં પણ, આ અત્યંત મલિન શરીર આત્માના સાન્નિધ્યને લીધે સાફ-ચોખ્ખું દેખાય છે, શું તે સ્વયંના ગુણોને કારણે છે કે આત્માના ગુણોને કારણે? એ તમે જ કહો! તું એવો અત્યંત નિર્મળ આત્મા છો! આ મલિન દેહ કદાપિ નથી.

જીવના દેહ તાદાત્મ્ય ભાવનું મૂળભૂત કારણ અજ્ઞાન જ છે. પોતાને ન ઓળખવો, એ જ સંસારમાં મોટું પાપ છે. 'સ્વયંને ન ઓળખવામાં કઇ મોટી ભૂલ થઇ ગઇ?' એવું તમે કહેશો તો ઉત્તર એ છે કે સંસારનાં સમસ્ત પાપાચરણોના મૂળમાં અજ્ઞાન જ કારણભૂત છે. અજ્ઞાનથી અહંકાર પેદા થાય છે, અહંકારથી સ્વાર્થનું નિર્માણ થાય છે, સ્વાર્થથી દ્વેષ અને અસૂયા જેવા દુર્ગુણો ઉત્પન્ન થાય છે. આ રીતે તમામ દુર્ગુણોનું, પાપોનું, મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાનને મહાપાતક કહેવામાં શું વાંધો છે? અને આ અજ્ઞાનપાપ ધોનાર જ્ઞાન ભગવાન શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે પરમ પાવનકારી છે - ''ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહં વિધ્યતે !"

અજ્ઞાનની દશામાં માણસનું પ્રત્યેક આચરણ અહં પર આધારિત રહે છે. તે ઉઠે છે, બેસે છે, ફરતો રહે છે, તો પણ પોતાના વિશે કોઇ ન કોઇ કલ્પના કરતો રહે છે. પોતાના શરીર માટે, ઘર માટે, કે પોતાના પુત્ર માટે કે પોતાની નોકરી માટે કોઇ ન કોઇ ચિંતા કરતો રહે છે અને તેનાથી કયારેય છુટકારો ન આપનારા બંધનમાં પડે છે.

સાધક જો જ્ઞાનનું શ્રવણ કરીને પણ અજ્ઞાનીઓની માફક 'હું' બનીને રહે છે તો જયાં સુધી તેના 'હું' નું પરિવર્તન થતું નથી, ત્યાં સુધી બધું નિષ્ફળ છે. મૂળ જેમાં પરિવર્તન થવું જોઇએ તેમાં પરિવર્તન ન થાય તો ઉપર-ઉપરનાં સાધનોનો શો ઉપયોગ? એકંદરે દેહબુદ્ધિ ટળી જઇને આત્મબુદ્ધિ આવવી જોઇએ. સાધકના લક્ષ્યમાં સર્વદા આ વાત રહેવી જોઇએ કે મારે આ દેહબુદ્ધિનો ત્યાગ કરીને આત્મબુદ્ધિ ને ધારણ કરવા માટે પોતાની સ્વાભાવિક સહજ સ્થિતિમાં રહેવાનું છે. હું ની યાદ ન હોવી હું આવો છું, હું આ રૂપનો છું, આ ગામનો છું, આ જાતિનો છું, આટલો શ્રીમંત છું એવું કહેતાં જ અનેક કલ્પનાઓ આપને ઘેરી લેશે. જો 'હું' ને પકડીને રહેશો તો ચુપ નહીં બેસી શકો. એ તમને આગળનાં કામોમાં સક્રિય કરી દેશે. ઉદાહરણાર્થ- ''હું ધનવાન છું'' એવું કહેતાંની સાથે જ બીજું વધારેને વધારે ધન કમાવાની આશા વધશે જ.

અનેકત્વમાં અહંકારને કંઇક ગુણધર્મ હોવાનો જ. થોડાંઘણાં પ્રમાણમાં એ બીજામાં પણ રહે છે. બીજાઓની સાથે હળવા મળવાથી આ ગુણધર્મોની સરખામણી કરવાની તુલના પ્રવૃતિ સ્વાભાવિક રૂપે ઉત્પન્ન થાય છે. કોઇ વિશેષ ગુણ પોતાના કરતાં બીજામાં વધારે દેખાય તો એ સહન નથી થતું. મનુષ્ય એ

પ્રયત્નમાં લાગી જાય છે કે હું તેનાથી ચડિયાતો દેખાઉં. આ બધું કહેવાનો હેતુ એ છે કે મનુષ્યમાં બગાડ ''હું'' રૂપી દેહબુદ્ધિના કારણે જ થાય છે.

ઉપર કીધેલી વાતોથી વિપરીત, અગાઉ વર્ણન કર્યા પ્રમાણે જે સાધકને નામ-રૂપ-ગુણ આપણે નથી એવી પ્રતીતિ થયેલ હોય તો તેને શું થવાનું બચે છે? તેને કોઇ આશા ગ્રસશે કે? સર્વથા નહીં.

પ્રત્યેકજણ 'હું' ના અનુસંધાનમાં કેવો હોય છે, તેનું અનુમાન તેની અંતર્સ્થિતિ ના પરીક્ષણથી કરી શકાય છે. તે સદૈવ, હું આટલો જ છું. મારે તેનાથી વધારે થવું જોઇએ એવી ચિંતા કર્યા કરે છે. મારી આવક હજુ ચારસો રૂપિયા જ છે, એ પાંચસો રૂપિયા કયારે થશે? મને હમણા કરતા ઉપરનું કામ ક્યારે મળશે? એની ગડમથલમાં રહે છે. તેને ત્રણ-ચાર વખત બઢતી મળી પગાર એક હજાર રૂપિયા થાય તો પણ તેની આગળની આશા પૂરી થાય છે? 'આના કરતા ઉપરની જગ્યા ક્યારે મળશે?', 'સર્વ સુખ સુવિધાઓથી યુક્ત એ ક્વાર્ટર્સ ક્યારે મળશે?' એ રહેવાનું જ. ક્લાર્ક નો હેડ ક્લાર્ક થાય, હેડ ક્લાર્ક નો મેનેજર થાય તો પણ જનરલ મેનેજર થવા માટે ચોંટેલો રહે છે. જો તેની અંતઃ સ્થિતિ એમ આગળ આગળ કહેતી ચલવિચલ થતી હોય તો તેને ખરેખર શું મળે છે? આનાથી વિપરીત એવા સાધકની શ્રેષ્ઠ સ્થિતિનું અવલોકન કરો કે જેના અહંનો નાશ થઇ ગયો છે. આ વ્યક્તિને કોડી જેટલો પગાર ન હોય, કે કલાર્ક, હેડકલાર્ક, મેનેજર વગેરે કોઇપણ નોકરી ન હોય તો પણ તે પરિપૂર્ણ શાંત હોય છે. તે છોડીને બધાં લોકોની જેમ વધારે-વધારે-વધારે, ઉપરનું -ઉપરનું-ઉપરનું એવી અપેક્ષા કરે તે માટે ખૂબ કષ્ટ અને ચિંતા કરતાં કરતાં નિરંતર અસમાધાન પૂર્વક રહેવા કરતાં કાંઇ ન હોય તો પણ પૂર્ણ સમાધાનથી રહેવામાં શાણપણ નથી? આજ મહાન મુક્તિ નથી? સારાંશ- 'હું' રહિત થઈ આગળની આશા ન કરતા, એટલું જ નહિ આપણામાં રહેલ બધું છોડી પરિપૂર્ણ સ્થિતિમાં રહેવું એ જ આનંદ પ્રાપ્તિનું રહસ્ય છે. એ અત્યંત સુલભ છે, પણ તેનો મહિમા જાણવો જોઇએ અને બળવત્તર ત્યાગવૃત્તિ પણ જોઇએ.

છેલ્લે આ પૂર્ણ બોધનો સાર એટલે- સાધકે પોતાના નિજસ્વરૂપમાં રહીને બધાથી અલિપ્ત રહેવું જોઇએ. ભગવાન શંકરાચાર્યએ અસંગોડહમ, અસંગોડહમ અસંગોહમ એવું ત્રણ વાર કીધું છે. સાધકે આ રીતે નિર્લિપ્તતાથી બધું ત્યાગીને, મુક્તપણે પરિપૂર્ણ પરમાનંદમાં રહેવું જોઇએ. આ એક જ વાતને વારંવાર કેમ કહેવી પડે છે? સાધકોમાં આ સમયમાં પ્રાપંચિક વૃત્તિ દ્રઢ થયેલી જોવા મળે છે. તેને ઉખેડી-ફેંકી દેવા માટે કહેલી વાતો ને જ વારંવાર દોહરાવવી પડે છે. અનેક સિદ્ધાંત છે અને આપણે ઘણું બધું જાણવું જોઇએ એવું કંઇ જ નથી. સત્ય એક જ છે. સત્યનું જ્ઞાન પણ એક જ છે. સત્યની સ્થિતિ પણ એક જ છે. બસ, આપણે તો આટલું જ હસ્તગત કરવાનું છે.

પ્રકરણ – ૮

આત્મજ્ઞાનનું સ્ફુટ રહસ્ય

સૂચના- આ પ્રકરણમાં આત્માજ્ઞાનનો મર્મ જ તમારા હાથમાં આપ્યો છે, એમ કહેવામાં હરકત નથી. સૌથી પહેલા એ બતાવ્યું છે કે મને સ્વયંનું જ્ઞાન નથી. તેના પછી એ બતાવ્યું છે કે નાદ-બિન્દુ પણ આત્મા નથી. 'હું' એવું સમજવાવાળો અહંકાર પણ કલ્પિત છે. એ સિધ્ધ કર્યા પછી આત્માની સદ્રુપતા, ચિદ્રુયતા અને આનંદરૂપતાનાં લક્ષણોને અનુભાવિક રીતે સમજાવ્યા છે. અંતમાં "હું આત્મા છુ આ વિશેષ જ્ઞાન પણ હું નથી" એવું કહેનારા મહાકારણ રૂપ શરીરની તુરીયાવસ્થા પણ ઓછા સ્તરની છે, એ સમજાવીને, અખંડાત્મ નિશ્ચયના વિજ્ઞાનનું રહસ્ય ખોલવામાં આવ્યું છે.

આત્માજ્ઞાન ઉપર ઉપરથી દેખાય એટલું સુલભ નથી

(૧) મુમુક્ષુ –"હું કોણ છું" આ પ્રશ્ન પૂછવાની શું આવશ્યકતા છે ? એ તો સૂર્યના પ્રકાશની જેમ સ્પષ્ટ છે !

સદ્‌ગુરૂ – જેવું કહો છો તેવી વસ્તુસ્થિતિ હોત તો ઘણું જ સારૂં હતુ. આ સમસ્યા દેખાય છે એટલી સુલભ નથી.

મુમુક્ષુ – આપણા જ્ઞાનમાં કઈ સમસ્યા છે ?

સદ્‌ગુરૂ – જો એમ જ છે, તો બતાઓ (કહો) તમે કોણ છો ?

મુમુક્ષુ – હું દેહ-ઇન્દ્રિય મનવાળો એક વ્યક્તિ છું.

સદ્‌ગુરૂ – તમે એકલા છો કે અનેક નું એક ટોળું છો ?

મુમુક્ષુ – હું એકલો છું, એમાં કોઇ સંશય નથી.

સદ્‌ગુરૂ – આ કેવી વિસંગતતા છે ? તમે એકલા છો એમ કહો છો અને સાથે-સાથે દેહ-મન-ઇન્દ્રિય એમ અનેક નામ પણ ગણાવો છો.

મુમુક્ષુ – (કંઇ વિચારીને) મહારાજ, એ તો બરાબર છે ! " હું કોણ છું " આ મારી સમજમાં નથી આવતું. એવું હું હવે સ્વીકારૂં છું.

આત્મસાક્ષાત્કાર નો અર્થ

(૨) આત્મા એક વિશિષ્ટ શબ્દરૂપ છે, આ એક સમજ છે. આત્માને ન હાથથી પકડી શકો, ન પગથી ગ્રહણ કરી શકાય અને ન તો જીભથી તેનું વર્ણન કરી શકાય. કર્મેન્દ્રિયોથી આત્માની અગ્રહ્યતાને બધા સ્વીકારે છે. આ રીતે નાકથી સુગંધ, જીભથી સ્વાદ અને ત્વચાથી સ્પર્શ આ ત્રણેય જ્ઞાનેન્દ્રિઓથી પણ આત્મા ગ્રહણ થતો નથી, એમ બધા જ માને છે. કેટલાકની એવી કલ્પના છે કે દશ ઇંદ્રિયોમાં વધેલી આંખ અને કાન આ બે ઇન્દ્રિઓના દ્વારા યોગમાર્ગથી આત્માને વશ કરી શકાય છે. અર્થાત, ધ્યાનમાં વિવિધ આકારોથી આત્માનું કોઇ રૂપ દેખાય છે અને આ રીતે જાત-જાતનાં નાદથી આત્માને સંભળી શકાય છે, એવો તેમનો વિચાર છે.

(૩) પ્રશ્ન – સાક્ષાત્કારનો અર્થ છે, આંખોથી સ્પષ્ટ નજરે પડવું. તે જ પ્રમાણે જડ વસ્તુઓથી લઇને દેવ દેવતા સુધી આપણાથી અલગ રહેલા પદાર્થ –વ્યક્તિઓને આ અર્થ બરાબર લાગુ પડે છે, એવું લાગે છે પણ 'આત્મા' એટલે સ્વયં. મને પોતાને પોતાની સામે જ જોવો કેવી રીતે સંભવી શકે ? આ સંદર્ભમાં સાક્ષાત્કારનો અર્થ શું ?

ઉત્તર – જ્યારે આંખ, કાન વગેરે ઇન્દ્રિઓ અને મન દ્વારા જોઇ શકીએ એવી વસ્તુઓ નહીવત થઇ જાય છે અને આપણને માત્રને માત્ર સ્વયંમાં અનુભવ સ્વરૂપ જ રહી જઇએ છીએ, ત્યારે આપણે જ આપણી સામે પ્રગટ થઈએ છીએ, તેને આત્મસાક્ષાત્કાર કહે છે.

હું કલ્પિત છું

(૪) "હું ખૂબ મોટો છું !!" એવું કહો છો પણ કહો કે આ મોટાઇ પહેલાંથી હતી કે વચ્ચેથી આવી ? જ્યારે તમે બાળક હતા, ત્યારે હતી કે હમણાં-હમણાં આવી છે ? આ શ્રેષ્ઠતા આગળ કેટલા દિવસ રહેવાની છે ? કોઇ હોદ્દાથી કે રાજકારણમાંથી નિવૃત થયા પછી કે વૃધ્ધાવસ્થામાં પરાધીન થયા પછી શું આ શ્રેષ્ઠતા ટકી રહે છે ? સારાંશ –"હું મોટો છું" એ હંમેશા ટકવા વાળું સ્વરૂપ નથી. એ જ પ્રમાણે,"હું બાળક", "હું યુવક", "હું નિર્ધન", "હું ધનવાન", "હું રોગી" વગેરે હજારો ઉપાધિઓ વાળો "હું" શું વાસ્તવિક "હું" છે ? એ બધા " હું" માં સાચો તુ કોણ છે? જેનું કોઇ સંબંધ સૂત્ર નથી એવો આ ક્ષણિક 'હું' માં એકત્વ નથી. આ અનેક " હું" ઉપાધિ મુલક કલ્પનાઓ છે.

(૫) "હું" નું કોઇ એક નિશ્ચિત રૂપ નથી. તે કુતરાના શરીરમાં હોય તો "હું કૂતરો", હાથીના શરીરમાં હોય તો "હું હાથી", મનુષ્યના શરીરમાં હોય તો "હું મનુષ્ય", એવો "હું" અલગ-અલગ થતો જાય છે. એક જ માનવ શરીરમાં પણ અવસ્થાઓ અનુસાર તેમાં પરિવર્તન થતું રહે છે. જેમ કે- હું બાળક, હું યુવાન, હું વૃધ્ધ. આ રીતે શરીરમાં ઉત્પન્ન થનારા વિકારોને કારણે પણ "હું રોગી'', 'હું અશક્ત', 'હું અંધ' વગેરે 'હું' બદલાઈ જાય છે. એકવાર "હું સારો", "હું ખરાબ", ક્યારેક "હું પુણ્યવાન" તો ક્યારેક "હું પાપી" એવું કહે છે. આ અહંતાનું એક જ મુખ નથી તો આ પરસ્પર ભિન્ન વાતો કહેનારાઓમાં સાચું કોણ? આમાં વાસ્તવિક "હું" કોણ ?

ઉપરના પરિક્ષણથી એવો નિર્ણય થાય છે કે આ 'હું' સદૈવ નામ-રુપ-ગુણ નો આશ્રય લે છે. તેમને છોડીને રહેતો નથી. આવા નામ-રુપ-ગુણાત્મક ઉપાધીઓના તાદાત્મ્યને લીધે દેખાતો આ 'હું' કલ્પિત નથી તો બીજું શું છે?

<u>આત્માની સદ્રૂપતા</u>

(૬) ઇન્દ્રિયો અને મનના અસ્તિત્વનો ભાસ થાય તો પણ ત્યાં સત સ્વરૂપ અધિષ્ઠાન હોય જ છે. આ અધિષ્ઠાનના આધારે જ ઇન્દ્રિયો વગેરે વિશેષ વસ્તુઓ લાગે છે.

ઉદાહરણાર્થ – એક દીવાલ પર દીપકનો પ્રકાશ પડી રહ્યો છે. એ ભીંત પર દીપકની સામે મૂકેલા અરીસાને લીધે પરાવર્તિત થયેલો દીપકનો પ્રકાશ આવી રહયો છે. હવે મૂળ દીપકનો પ્રકાશ અને પ્રતિબિમ્બિત પ્રકાશ એક પર એક પડવાને લીધે આપણે એ નથી જાણી શકતા કે મૂળ પ્રકાશ કયો છે ? હવે આપણે અરીસાને ઢાંકી દીધો, તો મૂળ પ્રકાશ જેવો છે તેવો જ દેખાવા લાગ્યો. આ રીતે આત્માના મૂળ અસ્તિત્વ સાથે, દેહ-ઇંદ્રિય-મન વગેરેનું વિશેષ અસ્તિત્વ હોવાને લીધે, આત્માની સદ્રુપતાને અલગ કરી શકાતી નથી.તો પણ અંતર્મુખ થઈને દેહ-ઇંદ્રિય-મન-બુધ્ધિ વગેરેને દૂર કરીને સદ્ વસ્તુનો અનુભવ સ્પષ્ટ પણે થઇ શકે છે.

(૭) શુધ્ધ અસ્તિત્વ જ તમારી નિજ સ્થિતી છે. કોઇપણ આવેલું કામ કર્યા પછી પણ તે સિધ્દેશ્વર સિધ્ધ જ રહે છે ! અનેક વાતો જાણ્યા પછી પણ તે સર્વરહિત એકલો જ વધે છે. અધ્યક્ષપદ મળવાનો આનંદ થોડી ક્ષણ રહ્યા પછે ફરી સ્વચ્છ અસ્તિત્વ જ રહે છે અથવા શોક-ચિંતા આવી ગયા બાદ પણ ફરી આ નિર્મળ સહજ સ્થિતિ જ રહે છે ! તું પ્રયત્નથી આ સિધ્ધેશ્વર વધારી કે ઘટાડી શકતો નથી !

આજ રીતે, આ સહજ સિધ્ધ સ્થિતીને વિદ્વતા કે મૂર્ખતા, ધનિકતા કે નિર્ધનતા સ્પર્શી શકતી નથી. સુંદરતા યા કુરૂપતા વગેરેનો પણ કોઇ સંબંધ હોતો નથી. બહુધા કેવળ સત્રૂપ ભુવનત્રયમાનાં પ્રાણીમાત્રના

નામ, રૂપ, ગુણોથી પર થઇને વાસ કર્યો છે એમ હોઇ બધા લોકો નિશ્ચિંત અને પરમ સમાધાનરૂપ આ સદ્‍વસ્તુને ભુલીને એ ભ્રમમાં પડ્યા છે, કે અમને અન્ય વસ્તુઓથી સુખ મળે છે ! અને એ વસ્તુને કોઇ પણ રીતે સુખી કરવા માટે પ્રયાસમાં રહ્યા રહે છે !

આત્માની ચિદ્રૂપતા

(૮) " યન્મનસા ન મનુતે યો નાહુર્મનો મતમ્" (કેનોપનિષદ્) તેને કોઇ પણ મનથી નથી જાણી શકાતો. પરંતુ જેનાથી મનને જાણી શકાય તે જ બ્રહ્મ છે એમ જાણ.

"ધીયો યો ન પ્રચોધ્યાત" (ગાયત્રી મંત્ર)

તે અમારી બુદ્ધિને પ્રેરણા પ્રદાન કરે છે.

"યો બુધ્ધયે પરતસુ સ: (શ્રીમદ્ ભગવતગીતા)

જે બુધ્ધિથી શ્રેષ્ઠ છે અને પર છે.

પ્રશ્ન : "કો દેવ:" (દેવ કોણ?)

ઉત્તર: "યો મન: સાક્ષી" (જે મનનો પણ સાક્ષી છે)

એ બધાંજ વચનોથી એ સિધ્ધ થાય છે કે આત્મા મનને જાણવાની શક્તિ પ્રદાન કરે છે, મન-બુદ્ધિથી પણ શ્રેષ્ઠ અને અલગ છે, એટલે આત્મા એ કેવળ જ્ઞાન અર્થાત ચિત્સ્વરૂપ છે.

(૯) શબ્દ સાંભળતી વખતે જ્ઞાન શબ્દકાર થાય છે, તે જ રીતે રૂપ જોતી વખતે તે રૂપાકાર થયા તેવું લાગે તો પણ જડ વૃત્તિ જ તદાકાર થાય છે, તથા 'જ્ઞાન' કેવળ પ્રકાશક થઇ નિર્વિકાર જ રહે છે. જેમ કે- લોખંડના ગોળાને અગ્નિમાં નાખવાથી અગ્નિ ગોળાકાર ભાસે છે. પરંતુ અગ્નિ આકાર રહિત જ હોય છે.

વિષયોની કલ્પના કરતી વખતે પણ જ્ઞાન કલ્પનાકાર થવા જેવું લાગે તેમ છતાં પણ અલિપ્ત અને નિવિર્કારી જ રહે છે.

હવે, શબ્દ-સ્પર્શાદિ વિષયોને જાણનારું જ્ઞાન તથા કલ્પના કરનારું જ્ઞાન જુદું-જુદું નથી પણ એક જ છે. આ જ્ઞાન જાગૃત અવસ્થામાં સમસ્ત વ્યવહારમાં તથા નિંદ્રાવસ્થા અને સ્વપ્નમાં પણ વિધમાન રહે છે. સારાંશ—વિષય ભેદ હોય, કલ્પના- ભેદ હોય, અવસ્થા ભેદ હોય, જ્ઞાન એ સર્વમાં એકરૂપતાથી, નિર્લિપ્તપણે હોય છે.

આત્માની આનંદરૂપતા

૧૦) શિષ્ય- હું સર્વકાળમાં હોવાવાળો (સત્) અને બધું જ જાણવાવાળો (ચિત્) છું, એ જાણવું સહેલું છે. પરંતુ હું આનંદ સ્વરૂપ છું, એનો અનુભવ ન હોવાના કારણે એના પર વિશ્વાસ નથી બેસતો.

સદગુરુ- આ સત્ય છે. જીવભાવના લીધે અપૂર્ણતાનો ભાસ થવાથી તમારો સ્વત: સિદ્ધ આનંદ ઢંકાઇ ગયો છે, એ વાત સાચી છે. આરામથી બેઠા હોય, વગેરે અવસ્થામાં અનાયાસ જીવભાવ લય પામે ત્યારે આનંદનો અનુભવ થાય છે. આ સિવાય, પ્રત્યેક વ્યક્તિ પોતાને નિર્હેતુકપણે આત્યંતિક પ્રેમ કરે છે, એ પણ આનંદરૂપતાની જ ઓળખ છે.

શિષ્ય- શું સ્વયંના આનંદને પોતાની ઇચછાથી અનુભવી શકાય છે?

સદગુરુ- હા, શક્ય છે. અહંકારનો ત્યાગ કરીને ફક્ત અનુભવમાત્ર સ્થિતિમાં રહેશો, તો આ આત્માનંદ પ્રગટ થાય છે.

પ્રકરણ-૯

પ્રપંચ(સંસાર વ્યવહાર)માં અલિપ્ત સ્થિતિ

બધાના મનમાં એ પ્રશ્ન રહે છે કે જ્ઞાની પુરુષ કર્મ કરતો રહે છે અને વિષય ઉપભોગ પણ કરતા રહે છે, તો તેને પણ બંધન થવું જોઇએ. જ્ઞાની પુરુષ પણ હા-ના, હાનિ–લાભ વગેરે કહે છે અને મહદંશે એ બન્નેમાં જરા પણ અંતર જોવા નથી મળતું. આમ જોવા મળે છે તેમ છતાં પણ એવું કહેવાય છે કે પ્રપંચમાં સુખ-દુ:ખ જેવા દ્વન્દ્વ અજ્ઞાનીને જ બંધનકારક થાય છે, જ્ઞાનીને નહીં. એવું કઇ રીતે સંભવ છે?

આ પ્રશ્નનો ઉત્તર શ્રી સદગુરુ આ રીતે આપે છે - ઉપરથી જોતા બન્નેનો વ્યવહાર એક સમાન દેખાય છે, તેમ છતાં બન્નેની અંત:સ્થિતિમાં ભિન્નતા રહે છે. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાની લોકોના કાર્ય અને વિષયભોગની અંતર ભાવનામાં ઘણું અંતર હોય છે. અજ્ઞાની પ્રપંચ અને એમાં થતાં સુખ-દુ:ખને સત્ય માને છે અને જ્ઞાની પુરુષ તેને મિથ્યા જાણી વસ્તુત: એમાં મારે કંઇ લેવાં-દેવાં નથી એવું જાણે છે. બન્નેના જાણવાની રીતમાં ફક્ત એટલું જ અંતર છે. આ વાતને દ્રષ્ટાંતથી આ રીતે સમજાવીએ છીએ. બે મિત્રો એક વિષય પર લાંબો સમય વાતો કરતાં-કરતાં ઊંઘી ગયા. બન્નેએ એક જ પ્રકારનું સ્વપ્ન જોયું. સ્વપ્નમાં તેઓની તમામ ધનસંપત્તિ ચોરાઇ ગઇ. એક મિત્ર તો ઊંઘમાંથી સંપૂર્ણપણે જાગી ગયો હતો પરંતુ બીજો હજુ પણ અર્ધ નિદ્રામાં હતો. જે મિત્ર પૂરેપૂરો જાગી ગયો હતો તે સ્વપ્નને ખોટું માનીને તેના પર હસી રહ્યો હતો અને હજુ પણ અર્ધ નિદ્રા અવસ્થામાં હતો તે સ્વપ્નને સાચું માનીને શોક કરતો હતો. જે પૂરેપૂરો જાગો ગયો તે જ્ઞાની પુરુષ છે અને જે અર્ધ ચેતન અવસ્થામાં છે તે અજ્ઞાની છે. જ્ઞાની પુરુષ "આ પ્રપંચ અને તેમાં રહેલાં સુખ-દુ:ખ વગેરે દ્વન્દ્વ મિથ્યા છે અને હું તેનાથી અલિપ્ત એવો આત્મા છું", એવું જાણે છે. તેનાથી વિપરીત, અજ્ઞાની આ બધાને

ખરું અને પોતાનું ગણીને એનાથી દુ:ખી થયા કરે છે. સારાંશ- જ્ઞાની અને અજ્ઞાની પુરુષના નિશ્ચયમાં ભેદ હોય છે, વ્યવહારમાં નહીં.

હવે, સમજો કે જ્ઞાની પુરુષ અને અજ્ઞાની પુરુષ એક સમાન વ્યવહાર કરે છે. અને આ વ્યવહારમાં બન્ને ને ૧૦૦-૨૦૦ રૂપિયાનો લાભ થવાની આશા છે. અજ્ઞાનીને ૧૦૦ ની જગ્યાએ ૧૫૦-૨૦૦ રૂપિયાનો લાભ થઇ ગયો તો તે હર્ષિત થઇ જાય છે અને જો ૧૫૦-૨૦૦ ની જગ્યાએ ૫૦-૬૦ રૂપિયાનો જ લાભ થયો તો તે દુ:ખી થઈ જાય છે. પણ જ્ઞાની આ બન્ને સ્થિતિઓમાં હર્ષ-શોક કરતો નથી. તે સમભાવથી રહે છે. આવ્યું તો પણ સારું, ચાલ્યું ગયું તો પણ સારું, કશું ગયું નથી ! વ્યવહાર તો ચાલતો રહેશે એવું જાણી તે નિશ્ચિંત રહે છે. કુલ એટલું કે જ્ઞાની અને અજ્ઞાની પુરુષ વ્યવહારમાં ફળપ્રાપ્તિ વગેરે ઉપર ઉપરથી દેખાતી વાતોમાં કોઇ અંતર માલૂમ પડતું નથી. અંતર બંન્નેના નિશ્ચય અને મનોભાવનામાં રહે છે.

ખોટા દેખાડાને કોઇ મહત્વ આપતું નથી, શું કોઇ ઉપર ઉપરના કૃત્રિમ પ્રેમને મહતવ આપે છે? નહીં, તમે સાચા પ્રેમને માનો છો. કોઇએ તમારી જૂઠી સ્તુતિ કરે તો શું તમને આનંદ થાય છે? નહીં. હા, જો કોઇ તમને સાચાં મનથી મોટા માને છે તો જ તમે સંતુષ્ટ થાઓ છે. જ્ઞાની પુરુષ પણ આ જાણીને કે આ એક દેખાવ માત્ર છ, આને મહત્વ નથી આપતો અને આમાં સુખ-દુ:ખનો અનુભવ કરતો નથી.

આ વિશ્વ એક નાટક છે. સમજો કે એક નાટકમાં ૧૦-૨૦ લોકો ભૂમિકા ભજવે છે. રંગમંચ પર આવ્યા બાદ તે સહુ લોકો પોતપોતાની ભૂમિકા પ્રમાણે અભિનય કરે છે. રામની ભૂમિકા કરનારો રાવણની ભૂમિકા કરનારા સાથે લડે છે. તે યુદ્ધ શું સાચું હોય છે? નહીં. તે સર્વે કેવળ નાટક (અભિનય) કરે છે. નાટકની સમાપ્તિ પર એ દ્વેષ- ઝગડો હોય છે? જરાય નહી. આ જ રીતે જ્ઞાની આ સંસારના નાટકમાં પોતાની ભૂમિકાને કુશળતાપૂર્વક નિભાવતો રહે છે. જેમ અભિનેતા ગમે તે ભૂમિકા કરે તો પણ તે ખરેખર કોણ છે તે નિશ્ચિતપણે જાણતો હોવાથી ભૂમિકાના પ્રસંગોમાંના હર્ષ શોકને મન પર ન લઇ સુખી જ હોય છે. તે જ રીતે લાભ હાની થાય કે આપણને કોઇ કાંઈ બોલે, આપણી સ્તુતિ થાય કે નિંદા થાય, તો પણ જ્ઞાની પુરુષ તે બધું મન પર લેતો નથી. 'હું આ દેખાતા વ્યક્તિત્વ કરતા અલગ એવો અસંગ આનંદરૂપ આત્મા છું' એવી એને ખબર હોય છે.

જ્ઞાની પુરુષ શારિરીક દ્રષ્ટીથી તો બધા જેવો સમાન જ છે. તેમાં રજમાત્ર પણ ભિન્નતા નથી દેખાતી, પરંતુ તેની આંતરિક દ્રષ્ટિમાં અંતર રહે છે. પરંતુ સામાન્ય વ્યકતિઓની દ્રષ્ટિમાં જ્ઞાની પુરુષ એટલે બધાથી અલગ એવું ચિત્ર અંકીત થયેલું હોય છે. વિશિષ્ટતાપૂર્ણ અલગ આચરણ એ જ્ઞાનીના લક્ષણ એવી તેમની ભાવના હોય છે. જેનો પહેરવેશ અને ખાવું-પીવું સાધારણ માણસની જેમ હોય છે તેને તેઓ જ્ઞાની નથી સમજતા ! નિજ ગુણ શીવયોગી કહે છે- જ્ઞાની પૂરુષ બધા લોકોની જેમજ ખાય પીવે છે, વિચરણ કરે છે. પરંતુ, આપણે વિશેષતા એ જ જ્ઞાની પુરુષના લક્ષણ એમ માની તેમનામાં એ શોધીએ છીએ ! કોઇ જ્ઞાની ગામમાં આવે એવી ખબર પડે ત્યારે ઘણાં લોકોના પહેલો પ્રશ્ન એવો હોય છે કે, તે રાત્રે જમે છે કે નહીં? એકલો ફળાહાર લે છે કે નહીં? આનો વિચિત્ર કે અદ્દભૂત જવાબ આપવામાં આવે તો તેમને આનંદ થાય છે અને તે જ સાચા મહાત્મા છે એમ કહી તેમની મહાનતાના ગુણ ગાન ગાય છે. 'તે ભોજન કરતાં જ નથી, દૂધ-ફળ આ સિવાય કાંઇપણ લેતા નથી, ૩-૪ ડઝન કેળાં, ૨-૩ લિટર ગાયનું દૂધ, અડધો કિલો દેશી ખાંડ

એટલું જ ખાય છે.' એવું કહીએ તો તેમનું વર્ણન જ વર્ણન કરે છે! અમુક સાધુ ઘંટીમાં પોલીશ કરેલા ચોખાના ભાતનો સ્પર્શ કરતા નથી, છડેલા ચોખાનો જ ભાત ખાય છે, એવું કહીએ, તો તેમનું મહત્વ વધ્યું જ સમજો !! આપણે આવાં બાહ્ય આહાર-વિહાર થકી જ જ્ઞાની પુરુષની ઓળખ કરીએ છીએ. પરંતુ તમામ પ્રામાણિક ગ્રંથોનું કહેવું છે કે અંતઃસ્થિતિ જ જ્ઞાની પુરુષનું પ્રમુખ લક્ષણ છે !

હવે જ્ઞાની પુરુષનાં લક્ષણ કહીએ છીએ—નિરહંકારિતા અને નિરભિમાનના જ મુખ્યરૂપે જ્ઞાનીની સાચી ઓળખ છે. આપણે પણ આ લક્ષણોવાળાને જ જ્ઞાની પુરુષ તરીક ઓળખવાના છે. નહીંતર તો હાથમાં રૂદ્રાક્ષની માળા, માથા પર જટા અને કપાળ, ભુજાઓ કે પેટ પર ભસ્મ ચોળેલા શંકર જેવી વેશભુષાવાળા લોકો પણ છે ! ભલે, હવે અમારા પ્રવચનના વિષય તરફ જઇએ— 'શરીર હું નથી' એવો નિશ્ચય થતાં જ શરીર સંબંધથી થવા વાળા માન-અપમાન, સુખ-દુઃખ વગેરેની ચિંતાઓ નહીંવત થઇ જવી જોઇએ. પરંતુ અનેક સાધકો મુખથી તો કહે છે 'હું દેહ નથી.' પરંતુ ચિંતા કર્યા કરે છે. નુકસાન થતાં દુઃખી થાય છે. ખરેખર જ 'હું તે નથી' એવું કહેવાનું લક્ષણ એટલે પરિણામ રહિતતા નહિ? કોઇ પણ વાત લક્ષણથી (સ્થિતિ) સિધ્ધ થાય છે. ખાલી શબ્દોથી નહી. ઉદા.- કોઇ એવું કહે છે કે, મેં ક્રોધ છોડી દીધો છે જો તે સર્વકાળ શાંત રહે તો આ કથન સત્ય લાગે છે. પરંતુ 'મેં ક્રોધ છોડી દીધો છે.' 'મેં ક્રોધ છોડી દીધો છે.' એવું વારંવાર કહેનારને કોઇ પ્રશ્ન કરે કે, 'શું છોડી દીધું છે?' 'ક્રોધ છોડી દીધો છે?' એવું વારંવાર પૂછે તો તે બનાવટી ત્યાગી પોતાની મુળભૂત સ્થિતિમાં આવી ક્રોધમાં કહે છે. 'કેવો મૂર્ખ છે,' 'ક્રોધ છોડી દીધો છે એવું કેટલી વખત કહું? એકાદ વખત કહેવાથી તું નથી સમજતો શું?' આ કોધ છોડવાનું લક્ષણ છે? આ જ રીતે મુખથી તો કહે છે, 'હું શરીર નથી' પરંતુ શરીરની ચિંતાઓ તો કરતો રહે છે. સારાંશ—'હું તે નથી' એવું ખાલી કહેતા રહેવાથી જ નહીં પણ ચિંતા રહિતતા વગેરે સ્થિતિથી તે શોભવું જોઇએ.

વિભાગ 2

ઉપાધિ નિરસન થી સત્યદર્શન

પ્રકરણ-૧૦

અધ્યાત્મનો સાર

૧) જીવ બ્રહ્મકૈય કે બ્રહ્માત્મૈક્ય જ્ઞાનનું આટલું બધું મહત્વ શા માટે છે? એવું પૂછો તો એનો ઉત્તર એ છે કે જીવને પરમપદ સુધી પહોંચાડવાની શક્તિ આ જ્ઞાનમાં છે. વ્યક્તિને સ્પર્શ પણ ન કરતા, તેની આજુબાજુની સામગ્રી વધારી તેને સુખી કરવાનો પ્રયત્ન કરવો તે લૌકિક રીત છે. આ બાબત માણસના આરોગ્ય તરફ ધ્યાન ન આપી, તેને સારા કપડાં-લત્તા પહેરાવવા આપવા જેવી છે. પણ ખરેખર જો નિજ હિત સાધવું હોય તો સાક્ષાત વ્યક્તિની તરફ ધ્યાન આપવું પડે. જેને સુધારવાનું છે તે અંતઃ સ્થિતિ તરફ દુર્લક્ષ્ય કરીને અન્ય બાહ્ય બાબતોમાં ગુંચવાયેલા રહેવાથી શું લાભ? આપ પ્રયત્ન કરીને તે માણસ માટે ધન, રહેઠાણ વગેરેની સુખ-સવિધાઓ પ્રદાન કરાવી શકો છો, પરંતુ શું એનાથી તેની અંદર થનારા કોલાહલ, ચંચળતા, લોભ વગેરે સૂક્ષ્મ દુઃખોને ઓછાં કરી શકીએ છીએ? જો તમે તે વ્યક્તિમાં આંતરિક પરિવર્તન નથી કરી શકતા તો અન્ય અનેકાનેક પ્રયત્નો કરવાનો શું લાભ છે?

વેદાંત વ્યક્તિની આંતરિક સ્થિતિનો બોધ કરાવે છે. વેદાંતનું કથન છે જો તમે નિજ સ્થિતિની તરફ લક્ષ્ય આપશો તો તમારા સમસ્ત દુઃખ અને બંધનોનું નિરાકરણ થઇને તમને આંતરીક અપૂર્ણતા અને જીવભાવથી મુક્તિ મળશે. વેદાંત બોધથી વ્યક્તિની પાત્રતા વધે છે અને તેને અતિ ઉન્નત સ્થિતિને પ્રાપ્ત કરીને પરમાનંદની પદવી સુધી પહોંચાડવાનું વેદાંતને સાધ્ય છે.

વેદાંત સિવાયના અન્ય મતોએ વ્યક્તિ (જીવ) એ ત્યાં પહોંચવું જોઇએ એમ માની આ શ્રેષ્ઠ સ્થિતિને અત્યંત કનિષ્ઠ સ્તર પર રાખેલ છે. અન્ય મતોએ જ્યારે અંતિમ ધ્યેયને જ ઉતરતા સ્તર પર રાખ્યું છે, તો

તે લક્ષ્યને સાધ્ય કરવાવાળાઓની સ્થિતિ તો તેનાથી ઊતરતી જ હશે. તેને ક્યારેય ઉપરનો દરજ્જો મળશે નહી. **આ મતનું પ્રતિપાદન કરનારાઓ કહે છે, કે જીવ અંતિમ સ્થિતિએ ક્યારેક જ પહોંચે છે.** તેમ છતાં તેમાં તેટલા જ પ્રમાણમાં આનંદ જ હોય છે. તથા આવા આનંદમાં તેઓ પૂર્ણ તૃપ્તિમાં હોય છે. આવી અનેક વિસંગતતાઓ અન્ય મતોમાં જોવા મળે છે.

વેદાંતનું ઉચ્ચતમ ધ્યેય છે- આત્યંતિક દુ:ખની નિવૃતિ અને પરમાનંદ પ્રાપ્તિ, અને તે આવા પરમ ધ્યેય સુધી પહોંચાડવા જીવબ્રહ્નૈક્ય બોધ કરે છે.

૨) જીવ અને શિવ એકરૂપ છે. યા જુદાં-જુદાં છે? આને જાણવા માટે જીવ અને શિવનું સ્વરૂપ શું છે એને પહેલાં સમજીએ. સર્વજન 'હું-હું' એમ કરે છે એજ જીવભાવ છે. આ 'હું' કોણ, તો નામ-રૂપ ગુણ યુક્ત દેહ-ઈન્દ્રિય-મન વગેરે જ હું એવું સમજે છે. પરંતુ જે એક અધિષ્ઠિત કુટસ્થ છે, તે જ સત્ય છે, એને ન જાણીને આપણે નામ, કુળ, બાળક-તરુણ-વૃદ્ધ વગેરે શરીરના ગુણ ધર્મને હું કહીએ છીએ. જેમકે –એક વ્યક્તિ નદીના કિનારે એક ઊંચાઇ ઉપર પથ્થર ઉપર બેઠો છે. તથા નદીમાં તેનું પ્રતિબિંબ જોઇ નદીમાં વહી રહ્યો છું એવું માની 'મને બચાવો' એમ કહી જોર જોરથી બૂમો પાડવા લાગે છે. તે મુજબની સ્થિતિ આ જીવની છે. **જીવ પોતાના કુટસ્થ, નિશ્ચલ, અસંગ, આનંદ સ્વરૂપને ભૂલીને એમ માની બેઠો છે કે હું બંધનમાં છું, હું દુ:ખી છું.** જોકે આપણે પથ્થર ઉપર સુરક્ષિત બેઠેલા છીએ, તો પણ એને ભૂલીને પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઇને, ભ્રમિત થઇને, શોકાતુર થઇ રહ્યા છીએ અને પોતાના દારુણ, ભયંકર દુ:ખની વ્યથા બધાને કહી રહ્યા છીએ તથા એ પ્રયતનમાં મંડ્યા રહીએ છીએ કે હું કેવી રીતે સુખી થાઉં !

૩. "હું શરીર છું" એવું માનીને જીવ વખતો-વખત આ શરીરની જુદી-જુદી અવસ્થાઓને તે કાળે 'હું' માનવા લાગ્યો છે. ઉદા - બાલ્યાવસ્થામાં કહે છે "હું બાળક છું." વિધા મેળવીને જ્યારે મોટો થઇ જાય છે ત્યારે, એ વખતે પેલું બાળક ક્યાં ગયું? ખરેખર તે બાળક જ હોત તો અંત સુધી તે બાળક જ રહેવો જોઇએ ! પરંતુ એવું થતું નથી. હવે તે ગર્વથી કહે છે કે "હું યુવક છું" અને ઘરડાંઓને તો તે તુચ્છ સમજે છે. જો એ જ સત્ય હોય તો તેણે હંમેશને માટે યુવક જ બની રહેવું જોઇએ ને? પરંતુ આવું થતું નથી. જેમ-જેમ ઉંમર વધે છે, વૃદ્ધાવસ્થા આવવા લાગે છે. હવે "હું વૃદ્ધ છું" એમ કહી યુવાનોના દોષ જોવા લાગે છે ! હવે તમે જ કહો કે, તે વ્યક્તિ બાળક, યુવક અને વૃદ્ધ એ ત્રણમાં કોણ છે? ફક્ત શરીરની અવસ્થાઓમાં પરિવર્તન થતું રહે છે. આથી એ સિદ્ધ થાય છે કે તે શરીરની પરિવર્તીત ન થવાવાળી કોઇ એક વસ્તુ છે જે 'તે' છે. આ બાળક જ યુવાન થયો અને યુવક જ વૃદ્ધ થયો , એવી અનુસ્યૂત પ્રતીતિ દરેકની છે. **એટલા માટે તમે હંમેશા છો એવા જ રહેનારા સત્યસ્વરૂપ હોઇ, અકારણ જ શરીર નામ, રૂપ, અવસ્થા સાથે તાદાત્મ્ય કરી પોતાને તદાનુરૂપ માની લો છો, એ જ સાચું છે !**

ઉપર્યુક્ત વિવરણથી એ બતાવવામાં આવ્યું છે કે તમે સત્ સ્વરૂપ છો.એ જ રીતે શાસ્ત્ર, ગુરુ અને અનુભવથી એ પણ સિદ્ધ થાય છે કે ચિત્ સ્વરૂપ તથા આનંદ સ્વરૂપ તમે જ છો. **અહીં શાસ્ત્ર પ્રમાણ એટલે પોતાનો જ ગ્રંથ શ્રેષ્ઠ એવી ખેંચાખેંચ કરનારા ગ્રંથોનું પ્રમાણ નહી, પણ અધ્યાત્મ શાસ્ત્રના પ્રમાણને અનુલક્ષીને આ કહ્યું છે.** કોઇપણ સિદ્ધાંત ત્રિવિધ પ્રતિતી પર કસેલો છે. તે પૈકી એકને જ પ્રમાણ માનીએ તો તે અનવસ્થા (દુ:સ્થિતિ) થશે. 'શાસ્ત્ર પ્રમાણ' એક જ પૂરતું, એવું કહીએ તો, અનેક શાસ્ત્રો અનેક પ્રકારે કહે છે તો એમાં સાચો કોને ગણવો? ગુરુ પણ અનેક છે. કોઇ એકની વાત પ્રમાણિક છે, જો એમ કહીએ તો, ક્યા ગુરુને સાચા માનવા? જો શાસ્ત્ર અને ગુરુને છોડીને અનુભવની વાત કરીએ તો બધાના અનુભવ અલગ-અલગ છે. જો કોઇ એમ કહે કે જે પોતાને લાગે છે તે જ અનુભવ છે તો તે પણ પ્રામાણિક નથી. **એટલા માટે અધ્યાત્મ શાસ્ત્ર પ્રમાણે થનારો અનુભવ અને અનુભવી ગુરુનાં ઉપદેશને મેળવીને જે સ્વયંનો અનુભવ હોય છે, અને તે અનુભવને યોગ્ય લાગનારો સિદ્ધાંત જ એક અભેદ સત્ય છે તેવું જાણો.**

૪) **વેદાંતનું કથન છે કે દ્વન્દ્વાતીત સ્થિતીમાં રહેવું એ જ ખરું સુખ છે.** પરંતુ દ્વન્દ્વમાં જ સુખ-સ્થિતિનું નિર્માણ કરવાનો આ સંસારમાં તમામ લોકોનો પ્રયાસ રહે છે. દ્વન્દ્વ પર અવલંબી રહી દુ:ખ દૂર કરવાનો અને માનવને સુખી કરવાનો આ પ્રયાસ હજારો વર્ષથી ચાલી રહ્યો છે. **લાંબા સમયથી ચાલી રહેલા આ પરિશ્રમના ફળસ્વરૂપ શું માનવના સુખના પારાનું સ્તર ઉપર આવ્યું કે શૂન્ય પર જ રહ્યું છે એવું કહ્યા પછી સુખનું સ્તર ક્યારેક તો ઉપર આવશે એવી ભાવના રાખવા પાછળ આધાર શું છે?** તાત્પર્ય- દ્વન્દ્વમાં પૂર્ણ સુખ મળશે નહિ. દ્વન્દ્વથી પ્રાપ્ત થનારું સુખ દુ:ખ-મિશ્રિત, ભયપૂરિત, ક્ષણિક છે. સુખનું સાધન જે આ શરીર છે, એ પણ હાથથી નિકળી જવાનું છે. એવા અસ્થિર ગુણધર્મવાળા શરીર દ્વારા મળનારા અલ્પ સુખને વાસ્તવિક સુખ માનવાનો આધાર શું છે? પૂર્ણ સુખ તે જ સ્વરૂપને ઓળખવામાં છે. સુખ-દુ:ખાદિ દ્વન્દ્વથી રહિત, કશાનું પણ પરિણામ ન થનારી વસ્તુ જ્યારે તમને પ્રાપ્ત થશે ત્યારે જ તમે પરિપૂર્ણ સુખી થશો. તમારો આત્મા જ આ એક વસ્તુ છે. તે જ તમે છો !

૫) જીવના દુ:ખ અને બંધનનું શું કારણ છે? હું અને મારું, એ જ બંધનનું કારણ છે. અહં મમેતિ બંધઃ । આ અહં-મમ્ નું મૂળ કારણ છે, પોતાના નિજસ્વરૂપનું અજ્ઞાન. જીવ પોતેપોતાને ન ઓળખવાને કારણે તે ખુદને જ ભૂલી ગયો છે અને દેહમન વગેરેને હું માની વિપરીત જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. હવે આ અજ્ઞાનનું નિવારણ કેવી રીતે થાય તે શોધીશું. લાકડામાં સ્ક્રુ લગાવવો હોય તો તેને જમણી બાજુ ફેરવવો પડે છે અને તેને ડાબી બાજુ ફેરવવાથી સ્ક્રુ બહાર આવી જાય છે. બરાબર તે જ રીતે દેહ, મન વગેરેને હું –મારાં માનીને જે આપણે વિપરીત જ્ઞાન દૃઢ કરી લીધું છે હવે તેને દૂર કરવા માટે આ વિપરીત ભાવના કરવી આવશ્યક છે કે 'દેહ હું નથી' ઈન્દ્રિયો- મન હું નથી. અત્યાર સુધી જે ઈન્દ્રિઓ-મન વગેરેની સાથે આપણું તાદાત્મય હતું. જેનું આપણે પોતામાં અધ્યારોપણ કરી રાખ્યું હતું, હવે તેને નકારીને અથવા તો અપવાદ સમજીને 'હું

દ્વન્દ્વાતીત પરીપૂર્ણ આત્મા છું' એવું નિદિધ્યાસ કરવો એ જ પરમાનંદ સ્થિતિ પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય છે.

6) જીવ પહેલાં એમ સમજતો હતો કે સત્ય વસ્તુ કયાંક દૂર છે. પરંતુ હવે એ દેખાડવામાં આવ્યું છે કે 'તે તો તમારી પાસે જ છે, તે તારામાં જ છે, તે તો તારું નિજસ્વરૂપ છે.' આ સત્યને સમજીને જો તમે વ્યવહાર કરશો તો સુખી થઇ જશો અને જો સત્યને છોડીને અસત્યની પાછળ લાગી જશો તો બંધનમાં પડશો અને દુ:ખી થઇ જશો. જો આપને સંસારના દુ:ખ, મુશ્કેલીઓથી બચવું હોય તો જે સાધન અમે બતાવી રહ્યા છીએ, તે કરો. આ સંસાર અસાર છે, નિરર્થક છે. ગમે તેટલું કષ્ટ કરો, એ તમારા હાથમાં શૂન્ય ફળ જ આપે છે ! **અહીં તમે ગમે તેટલું ધન કમાઓ, તે નજીકના સગાં- સંબંધીઓ, ભાઇ-ભાંડુના ઉપયોગમાં જ આવે છે. તમારા હાથમાં તો ચિંતા, વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુ જ આપશે !!** જો તમે તમને પોતાને ઓળખીને તે સ્થિતિમાં જ રહેશો તો તમે પૂર્ણ સુખી થઇ જશો. ખોટો અહંકાર અને સાચો આત્મા એ બેમાંથી જેને મારો કહેશો, તેનું ફળ મેળવશો. ઉપાધિને હું માનીને રહેશો તો બંધનમાં રહેશો અને અધિષ્ઠાન આત્મવસ્તુને 'હું' ના રૂપમાં જાણી લેશો તો મુક્ત થઇ જશો. મુક્તિની ચાવી હવે આપના હાથમાં છે.

જીવ સમજે છે કે, હું અલ્પ છું અને હું ઉપાધિ વધારીને અલ્પમાંથી મહાન થઇ જાઉં તો વધારે સુખી થઇ જઇશ. એટલા માટે એ ઉપાધિ વધારવાની ચિંતામાં લાગ્યો રહે છે. પરંતુ પર્વત જેટલી ઉપાધી પણ વધારવામાં આવે તો પણ તેને સુખ મળતું નથી. એટલા માટે ઉપાધિથી પ્રાપ્ત થનારો કલ્પિત આનંદ એક દિવાસ્વપ્ન છે એ જાણી એના પાગલ પ્રયાસને છોડી દેવો જ યોગ્ય છે.

૭) તમે સ્વયં જ પરમાનંદ સ્વરૂપ છો. અન્યથી આનંદ મળે છે, એ તો તમારી કલ્પના છે. આ કલ્પનાને દૂર કરવામાં કેટલો સમય લાગશે? મહોરમમાં એક વ્યક્તિ વાઘ બન્યો હતો. તેને વાઘ બનવા માટે કાળો-પીળો રંગ, લાકડીનું વાઘ જેવું મહોરું પહેરવું પડે છે. તેવા જ નખ અને શરીર ઉપર રંગીન પટ્ટીઓ બનાવવી પડે છે. આ બધી વેશભુષા બનાવવામાં ઘણું જ કષ્ટ લેવું પડે છે. હવે પાછી સામાન્ય વ્યક્તિ બનાવવામાં કેટલું કષ્ટ લેવું પડેશે? જરાય નહી. તેણે ફક્ત આ ઉપરી વેશભૂષાને કાઢી નાખવાની જ રહે છે. એમાં કેટલો સમય લાગશે? એક જ મિનિટમાં તે પાછો હતો તેવો જ મનુષ્ય થઇ જશે. આ સહેલું છે કે અઘરું છે. ખરૂં જોવા જઈએ તો, કંઇપણ ગ્રહણ કરવું શ્રમદાયક છે અને ત્યાગ કરવો સુલભ છે. જો તમારે કોઇ વસ્તુની આવશ્યકતા છે તો તેની ભાળ મેળવીને તેને બજારમાંથી લઇ આવવાની છે. તેને મેળવવા માટે રૂપિયાની આવશ્યકતા પડે છે. તથા પૈસા આપીને લાવ્યા તો તે સંભાળવાની જવાબદારી તો ખરી જ! સમજો - કોઇ વ્યક્તિ માથા ઉપર મોટો ભારે બોજો લઇને ઊભો છે અને તે ભારથી તે મુક્તિ થવા માગે છે. તો તેણે શું કરવું પડશે? તેણે તે ભારને માથા ઉપરથી ફેંકી દેવાનો છે. શું તેમાં કોઇ મુશ્કેલી છે? એમાં જરા પણ કષ્ટ નથી પડતું. તે આ ભારને અડધી સેકન્ડમાં ફેંકી શકે કે નહીં? તાત્પર્ય- **જો મનુષ્ય આ ઉપાધિમાં**

ઓતપ્રોત થવાનું છોડી દે, તો એના કારણે ઉત્પન્ન થનારાં સુખ-દુ:ખ અને મોહ બંધન વગેરેથી મુક્ત થઇને સ્વયંના પૂર્ણાનંદ બ્રહ્મરૂપને મેળવી શકે છે અને કૃત્કૃતય થઇ શકે છે. એમાં રજમાત્ર પણ શંકા નથી.

પ્રકરણ-૧૧

મૂળભૂત પ્રવૃત્તિ પરથી માનવના નિજ સ્વરૂપનો નિર્ણય

આ પ્રકરણમાં એ બતાવવામાં આવ્યું છે કે આત્મા અજર, અમર અને સર્વશ્રેષ્ઠ છે. આ વાત મનુષ્યની સ્વયંની ભાવનાઓના અનુભવ પ્રમાણથી સિદ્ધ થાય છે.

૧) પ્રત્યેક વ્યક્તિ પ્રસંગોપાત પોતાના અસ્તિત્વની નિશ્ચિતતા બાબતે "હું છું ને !" હું જીવતો છું, ત્યાં સુધી તમે શા માટે ચિંતા કરો છો?'' એવા ઉદગાર કાઢતો જોવા મળે છે. તે પરથી આપણે અવિછિન્ન અને સદ્રુપ છીએ એવું સિદ્ધ થાય છે.

વૃદ્ધ થવા છતાં પણ મનુષ્યને એમ જ લાગે છે કે હું હજુ યુવાન છું. આ સાર્વત્રિક અનુભવ છે. ગમે તેટલો સમય ચાલ્યો જાય તો પણ એવું લાગે છે કે આ ઘટના તો હજુ કાલે જ બની હતી ! ડો.પદ્દાભિસીતારામૈયા (કન્નડ ભાષાના મહાન સાહિત્યકાર) એ પોતાના સાંઇઠમા જન્મ દિવસની જયંતિના અવસર વખતે ઉદગાર પ્રગટ કર્યો હતો- '' લોકો મને એમ કહે છે કે આપ સાંઠ વર્ષના થઇ ગયા છો. હવે તો આપ વૃદ્ધ થઇ ગયા છો. પરંતુ મારામાં હજુ સુધી જરાપણ નિરાશા કે ઉત્સાહની કમી નથી આવી, એવું લાગે છે. લોકો કહે તે છેકી નાખવું, એવું પણ લાગે છે''. બીજા એક પ્રસિદ્ધ મહાપુરુષ એવું કહ્યું છે- ''જોકે આ શરીરના આઠ વર્ષ પૂરા થઇ ગયા છતાં પણ મારું મન દિવસે દિવસે યુવાન થતું જાય છે ! શરીર ક્ષીણ થવાથી વૃદ્ધાવસ્થા આવી જાય છે, એ મને માન્ય નથી.'' કંઇ-કંઇ આવા પ્રકારની સ્કુરણા પ્રત્યેક મનુષ્યને થાય છે. આનાથી અજરતવ અને નિર્વિકારિત્વતા સિદ્ધ થાય છે કે નહી?//

એ જ પ્રમાણે છેલ્લે સુધી મનુષ્યને ''હું મરીશ નહીં'' એવો દ્રઢ વિશ્વાસ હોય છે ! 'મરણ' શબ્દ સાંભળતા જ તેને એવું લાગે છે કે એની સાથે મારે કંઇ સંબંધ નથી! આ પ્રકારની સ્વાભાવિક ભાવના મૂળ આત્માની અમરતાને સિદ્ધ કરે છે.

૨) 'મને ખેતીવાડી મળી જાય, હું મકાન બનાવી લઉં. મારી પાસે અઢળક ધન ભેગું થઇ જાય', એવી ઈચ્છા મોટાભાગના લોકોની હોય છે. એ ઇચ્છાઓમાં મૂળમાં અધિકાધિક વિસ્તારની ભાવના જ રહે છે. આ જ રીતે 'મને કીર્તિ મળી જાય, મોટા પદની પ્રાપ્તિ થઇ જાય' વગેરે મહત્વકાંક્ષાઓ પણ આપણા મોટા બનવાના પ્રયત્નોથી વિશેષ કંઇ પણ નથી. વાસ્તવમાં જોવા જઇએ વધારેમાં વધારે ખેતી, ઘર, પૈસા, પદ શું એ બધાંની આવશ્યકતા હોય છે? ભોજન, ધન અને સામાન્ય સુખ-સુવિધાઓને માટે જેટલું ધન જરૂરી હોય તેના કરતાં વધારે મનુષ્યની પાસે થઇ જાય, તો ફરી ફરી આ અતિ શેના માટે? જો આપણે એ બાબતે વિચાર કરીશું તો, દરેક મનુષ્યની આ સ્વાભાવિક અવસ્થા એટલા માટે જોવા મળે છે કે – હું અલ્પ(જીવ) છું એવું માની તે ધન, ખેતી, મકાન અને કીર્તિ વગેરે ઉપાધિઓને વધારીને મોટો બનવા ઈચ્છે છે !

જીવ ઉપાધિરૂપ છે, આ અજ્ઞાનને લીધે જ ઉપર્યુક્ત અલ્પત્વની ભાવનાનું નિર્માણ થયું છે. એ ઉપાધિઓને વધારીને આપણે શ્રેષ્ઠત્વ મેળવી લઇશું. એમ માનીને મનુષ્ય અસાધ્ય કર્મોમાં લાગ્યો રહે છે. આ વિપરિત જ્ઞાન જ અજ્ઞાનનું લક્ષણ છે.

૩) "જાતિ, કુળ, રૂપ, યૌવન, વિધા, ધન, અધિકાર, કીર્તિ જેવી ઉપાધિયુક્ત જ 'હું', તથા તે બધી વધારી પ્રમાણમાં થશે તો હું મોટો થઇ જઇશ અને તે સમયે સુખી થઇ જઇશ" આ પ્રકારની અહંતા-મમત્વ વધારવાનું ગાંડપણ બધાને વળગેલું છે! એટલા માટે મનુષ્યના એ વિષયો અત્યંત વધારવાના પ્રયત્ન અવિરતપણે ચાલુ રહે છે.

જો આપણે માનવની ઉપર જણાવેલી ઇચ્છાઓનું વિશ્લેષણ કરીએ તો શું દેખાય છે? તેમાંની કેટલીક ઇચ્છાઓ પ્રયત્નોથી પર હોય છે (દા.ત. જન્મ સાથે આવેલ જાતિ, કુળ અને રૂપ). કેટલીક ઇચ્છાઓ, ગમે તેટલા પ્રયત્નો કરો તો પણ હાથમાંથી સરી જાય છે (દા.ત. યૌવન, શક્તિ). કેટલીક ઈચ્છાઓ પૂરી કરવી એ લોઢાના ચણા ચાવવા બરાબર હોય છે (દા.ત. વિધા, ધન, પદ). કેટલીક ઈચ્છાઓ દૈવાધીન અને અલ્પ સમય માટે જ હોય છે (દા.ત. રાજકારણમાં સફળતા વગેરે). સારાંશ - આપણી તમામ ઈચ્છાઓને પૂરી કરવી એ મનુષ્યને માટે અસાધ્ય છે અને જે વિષયોની ઈચ્છા મનુષ્ય કરે છે, તે અનિત્ય અને નાશવાન છે.

એ પરાધિન કષ્ટદાયક અને અનિત્ય ઉપાધિઓથી (જોઇએ તો એને ઐશ્વર્ય કહો!) શ્રેષ્ઠત્વ મેળવવાનો પ્રયત્ન કરવો, એ જ જીવનાં સર્વ દુ:ખોનું કારણ છે. જો સુખી થવું છે તો એ ઉપાધિઓના અવલંબનને ત્યાગીને પોતાના નિરૂપાધિક સચ્ચિદાનંદ સ્વરૂપનો આશરો લેવો જોઇએ. આ જ એક માત્ર ઉપાય છે અને એ જ નિવૃત્તિપરક, શ્રેયસ્કર અલૈકિક સાધન છે. જેને પરાવિધા કે આત્મજ્ઞાન કહે છે.

૪) મોટાભાગે એવું જોવા મળે છે કે મનુષ્યની પાસે આરોગ્ય, વૈભવ, અધિકાર, કિર્તિ , પુત્ર-પૌત્ર વગેરે અનેક પ્રકારની સંપત્તિ હોવા છતાં પણ જો એમાંથી એકાદ ઓછી થઇ ગઇ, કે જતી રહી તો તે બાકીની સંપત્તિને ભૂલીને તે એક ખોટને યાદ કરી-કરીને દુ:ખી-દુ:ખી રહે છે, એ શું બતાવે છે? ખરેખર જ તે વૈભવ વગેરે સુખ માટે કારણભૂત હોય તો ઉણપ જેટલું એક અંશ જ દુ:ખ થાય અને વધેલા મોટા પ્રમાણમાં સુખ થવું જોઇએ. પરંતુ વસ્તુસ્થિતિ જુદી જ છે ! કોઇ એક જ નુકસાનથી પૂર્ણ સુખ જતું રહે છે, અને બધું દુ:ખ જ છે એવી પ્રતીતિ થાય છે.

ઉપર્યુક્ત વસ્તુ સ્થિતિના પરીક્ષણથી એ સિદ્ધ થાય છે કે મનુષ્યની ભાવના જ અપૂર્ણતાની છે. 'હું અલ્પ છું, અપૂર્ણ છું' એને દૃઢ નિશ્ચય સાથે માનવાવાળો જીવ પોતાની અપૂર્ણતાની ભરપાઇ કરવા માટે અનેક લૌકિક સંપત્તિઓ એકઠી કરે છે. પરંતુ એ તમામ વિષયો મળવા છતાં પણ અપૂર્ણતા તો તેટલી જ રહે જ છે. કારણકે આ અપૂર્ણતા આંતરિક છે. જ્યાં સુધી આ આંતરિક અપૂર્ણતા મનુષ્યમાં રહેશે ત્યાં સુધી

ઉપરથી વૈભવની જેટલી બને એટલી ખોળ ઓઢી લેવાં છતાં અપૂર્ણતા કોઇ ને કોઇ છિદ્રમાંથી બહાર આવતી જ રહેશે.

૫) નાના બાળકથી લઇને નિર્ધન, કુરુપ, સ્ત્રી-પુરુષ, તમામને લાગે છે કે 'હું સૌથી મહાન છું, સૌથી મોટો છું, બધાથી શ્રષ્ઠ છું' ! પ્રત્યેક વ્યક્તિને આ આત્મગૌરવ હોય છે. બધા આ વાતને સ્વીકારે પણ છે. ભલે. પણ મૂળભૂત રીતે આવું લાગવાનું કારણ શોધીએ.

પ્રત્યેક વ્યક્તિએ નામ, રૂપ, ગુણ, કુળ, સંપત્તિ, સત્તા વગેરે સાથે પોતાની એકતા માની લીધી છે. એમાંથી કોઇપણ એકની વૃદ્ધિને તે પોતાની શ્રેષ્ઠતા માને છે. ઉદાહરણ તરીકે કોઇની પાસે પોતાના પડોશી કરતાં સો રુપીયા પણ વધારે આવી ગયા તો તે પોતાને શ્રેષ્ઠ માનવા લાગે છે ! કોઇએ મેટ્રિક કે બી.એ. સુધી વિધા મેળવી લીધી તો તે વિદ્યાને લીધે પોતાને શ્રેષ્ઠ માનવા લાગે છે. સારાંશ - મનુષ્યની પાસે જે વસ્તુઓ છે એમાંથી કોઇ એકમાં વધારો થઇ જાય તો તે કારણે ખુદને શ્રેષ્ઠ માનવા લાગે છે !! એટલું જ નહીં, જો તેની પાસે સંપત્તિ, સત્તા, જાતિ, ગુણ વગેરે કંઇ પણ નથી. તો પણ તે પોતાને શ્રેષ્ઠ દેખાડવા માટે '' હું ખુબ જ શુદ્ધ છું,'' ''હું દયાળુ છું'' વગેરે કારણો શોધી પોતાના શ્રેષ્ઠત્વને પ્રગટ કરવા ગમે તે કરવા તૈયાર થાય છે!

વ્યક્તિ પોતાને જે કારણથી શ્રેષ્ઠ કહે છે તેમાં કોઇ તથ્ય છે ? તે સાચું છે ? 'જરાય નહી' એ સ્પષ્ટ જ છે, અને એવું હોવાથી માનવીમાંની આ મૂળભૂત કે દ્રઢ ભાવના માટે તેમાં રહેલી આત્માની સર્વશ્રેષ્ઠતા સિવાય બીજું કંઇ પણ હોવું શક્ય છે?

૬) ''હું સર્વથી શ્રેષ્ઠ છું, બધાથી સારો છું," એવું પ્રત્યેક વ્યક્તિને એવું લાગે છે! ચોર, દુષ્ટ અને ક્રોધીઓને પણ એવું જ લાગે છે કે પ્રસંગોપાત એવું વર્તન કરતા હોવા છતાં અમે ખરેખર સારા જ છીએ. આ માત્ર તેમને લાગતું નથી પણ તેમની આ દ્રઢ ભાવના હોય છે. તેઓ પોતે કરેલા કૃત્યો પર, 'અમે જનતાની નજરે આપણાં તે કર્મ ભલે હીન અને કઠોર દેખાતા હોય તો પણ એ કરવા પાછળ અમારૂં એક ધ્યેય હોય છે' એવી ચાદર ઓઢી સુગુણ સિધ્ધ કરવાનો પ્રયત્ન કરતા હોય છે. તાત્પર્ય – આપણે ગમે તેવા હોઇએ કે આપણો વ્યવહાર ગમે તેવો હોય તો પણ તેની સાથે આપણો જરાય સંબંધ ન હોઇ આપણે જ સારા, શુધ્ધ, સુંદર છીએ, એવી પ્રત્યેકની સ્વયં પ્રેરિત સમજણ હોય છે. આ સાર્વત્રિક અનુભવનો તાત્વિક અર્થ શું હોઇ શકે?

આત્માની શુદ્ધતા, ઉપાધિધર્મથી અલિપ્તતા અને પ્રિયતા એ લક્ષણો જ ઉપર જણાવેલ સ્વયં સિદ્ધ પ્રતિતિના કારણો છે, એવું સિદ્ધ નથી થતું?

૭) પ્રત્યેક વ્યક્તિમાં બીજા બધા પ્રત્યે દોષ ભાવના હોય છે ! બધામાં કોઇ ને કોઇ દોષ છે અને પોતાનામાં કોઇ જ દોષ ન હોઇ પોતે પરિપૂર્ણ છે એવો પૂર્વગ્રહ તેઓ રાખે છે. તેઓને આ દોષદ્રષ્ટીના મૂળમાં એ જ

સિધ્ધ કરવું હોય છે કે '' હું તો સર્વથા દોષમુક્ત છું''. પ્રત્યેક વ્યક્તિ " આપણે પૂર્ણ છીએ' એવું માનવા પાછળ પોતાના વિષેની એ શ્રેષ્ઠત્વની ભાવના કારણભૂત છે. તત્પર્ય – આમ અલગ અલગ રીતે સમજણ ન પડતી હોવા છતાં બધાને પોતાના પૂર્ણત્વની બાબતે સંપૂર્ણ વિશ્વાસ છે.

૮) માતા-પિતા, સંબંધી તથા મિત્રગણ કે અન્ય કોઇ ગમે તેટલા પ્રેમ અને પૈસા વાપરીને તથા શારીરિક કષ્ટ વેઠીને આપણી સેવા કરતાં હોય, તેમ છતાં જો તેમના મુખમાંથી કોઇ અણગમતો શબ્દ નિકળી જાય તો તરતજ તે આપણને ખૂંચે છે ! આપણી એ જ ઈચ્છા રહે છે કે તેમણે હંમેશા આપણા માટે કંઇ ને કંઇ કરતાં રહેવું જોઇએ, અને મીઠા-મીઠા શબ્દો બોલી પ્રેમ વ્યક્ત કરવો જોઇએ ! તાત્પર્ય- દરેક પોતાને સેવાના અધિકારી એવા મોટા દેવતા માને છે !!

૯) નાંના બાળકોને તેઓ જે માંગે છે તે આપણે આપીએ, તો પણ તેમના મનની વિરુદ્ધ કંઇ પણ ન થવું જોઇએ ! ભગવાનની જેમ તેમની સ્તુતિ કરી, તેમને નૈવેધ ધરતા રહેવું એવી તેમની ભાવના હોય છે ! આના પરથી મનુષ્યમાં બાલ્યાવસ્થાથી જ સ્વાભાવિકપણે પોતાના વ્યક્તિત્વની શ્રેષ્ઠતાનો ખ્યાલ રહે છે, તે સિદ્ધ થતું નથી ?

૧૦) ભેદના સિદ્ધાંતની સત્યતાનું પ્રતિપાદન કરનારાઓને પણ પોતાની બાબતમાં તે ભેદ સિદ્ધાં માન્ય નથી હોતો ! તે કેવો? કોઇ વ્યક્તિ જો કુરૂપ કે અભણ કે ઠોઠ છે અને કોઇ એને જેવો છે એવો કહી દેતો તે ક્રોધથી લાલ થઇ જાય છે ! બધા લોકોએ એ મારા દુર્ગુણ નથી એમ સમજી મારા પર પ્રેમ કરવો, મારું ગૌરવ કરવું એવી સદૈવ તેમની ઇચ્છા હોય છે.

૧૧) જીવની નિકૃષ્ટતા અને અલ્પતાનું પ્રતિપાદન કરવાવાળા પણ એ વાતને ભૂલી જાય છે અને સ્વયંને માટે બોલાયેલાં કડવાં વેણને સહન નથી કરી શકતા. ન્યાયાલયમાં તેમની વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કરવામાં જરાપણ ખચકાતા નથી..

૧૨) ભેદની અનંતાના મૂળ અને તેના સત્યત્વને કારણે સમાજમાં શ્રેષ્ઠતા અને કનિષ્ઠતાનું નિર્માણ થાય છે. રૂપ, વિધા, ધન, જાતિ, આયુ, સ્ત્રી-પુરુષ વગેરે અનેક ભેદ, મનુષ્યમાં હજારો પ્રકારે શ્રેષ્ઠતા-કનિષ્ઠતા પેદા કરે છે. જાતિ-જાતીનો ભેદ, ભાઇ-ભાઇમાં ભેદ, સ્વામી-સેવકમાં ભેદ, પક્ષ-પક્ષમાં ભેદ, દેશ-ભાષામાં ભેદ, પહેરવેશમાં ભેદ, દેવતા-ભક્તોમાં ભેદ એવી ભેદની કથા બધામાં જુદાપણું અને ઊંચ-નીચનું નિર્માણ કરે છે. આ જોઇએ તો તે ત્યાજ્ય લાગીને અમે, ઉપર વિવરણ કરેલા આત્માના એકત્વના ઔપનિષદ સિદ્ધાંત સ્વીકાર્ય લાગે છે.

પ્રકરણ- ૧૨

જીવ બ્રહ્મૈક્ય જ્ઞાન

૧) અમે વારંવાર જીવ બ્રહ્મૈક્ય જ્ઞાનના વિષયમાં કહી રહ્યા છીએ. અને અનેક વખત સાંભળીને આપને પણ આ વિષય સમજમાં આવ્યો છે. પરંતુ **આધ્યાત્મિક જ્ઞાનની વાસ્તવિક સફળતા સાધકના આંતરિક જીવનમાં જીવનિશ્ચયના સ્થાને આત્મનિશ્ચય થવાના આંતરિક પરીવર્તનમાં છે.** આ બોધનો હેતુ એવા બ્રહ્માત્મ નિશ્ચયને પ્રાપ્ત કરાવવાનો છે. જો તમારો જીવ નિશ્ચય હજુ સુધી ગયો નથી અને અલ્પતાની સ્થિતિ જેમની તેમ છે તો આટલું દીર્ઘ શ્રવણ નકામું જ ગણવામાં આવશે. આ રીતનું પ્રયોજન વગરનું શ્રવણ પરોક્ષજ્ઞાન છે. આ પરોક્ષજ્ઞાન અપરોક્ષનું સાધન બનવું જોઇએ. તમારા જીવનમાં આત્મસ્થિતિની પરાશાંતિ સ્થિર થવી જોઇએ. એવું જો ન થાય અને **હજી સુધી જીવ-બુદ્ધિ જેમની તેમજ છે તો અનેક વર્ષોનું શ્રવણ નિષ્ફળ જ જાણવું** !! આ તો એવું થશે કે ‘‘બાર વર્ષ રામાયણ સાંભળી અંતમાં પૂછે કે રામ અને સીતાનો સંબંધ શું છે?’’ !!

"તમે ઉપાધિયુક્ત વ્યક્તિ નથી. તમે ઉપાધિરહિત સચ્ચિદાનંદ આત્મા છો" એ જ શ્રુતિ અને સદગુરુનો સિદ્ધાંત છે. પરંતુ **જયાં સુધી શ્રોતાઓની વૃત્તિ અંતર્મુખ નહીં થાય, ત્યાં સુધી આ સિદ્ધાંત ગ્રહણ થઇ જ શકતો નથી.** જે સાચો સાધક છે તેની અંદર વિચાર જવાળાઓ ઊઠતી રહે છે, તે પોતાની અંદર આત્મનિશ્ચય પૂર્ણ કરીને આત્માનંદમાં રમમાણ થયેલો હોય છે.

અનેક શ્રોતાઓમાં ઘણું કરીને અંતર્મુખ સ્થિતિ નથી હોતી, એજ તેમનો મુખ્ય દોષ છે. તે પોતાના શરીર અને વ્યવહારના વિષયોમાં જ વિચારરત રહી, આત્મવિષયથી દૂર રહે છે. સંસારમાં હંમેશા જ કોઇને કોઇ અભાવ રહે જ છે ! કોઇ ને ધનની તાણ છે તો કોઇને સંતાનની ખોટ છે. તો કોઇને છોકરાના નોકરી-ધંધા અને છોકરીના લગ્નની ચિંતા છે, તો કોઇને બિમારીની ચિંતા છે. આ રીતે સંસારમાં તમામ કોઇ ને કોઇ ચિંતાથી ઘેરાયેલા છે ! પણ **આત્મહિતેચ્છુએ સાંસારિક ચિંતાઓ પોતાના અંત:કરણમાંથી કાઢી નાખીને હંમેશા આત્મવિચાર- આત્મ ધ્યાનમાં લાગ્યા રહેવાનું છે.**

૨) "તમે દેહાદિ ઉપાધિથી યુક્ત નથી, તમે તો શુદ્ધ ચૈતન્ય આત્મા છો". અમારો આ ઉપદેશ સાંભળતાં જ તમારામાં તે આત્માનાં લક્ષણો સ્ફુરિત થવાં જોઇએ. આત્મામાં તદાકાર થઇને, તમારામાં સ્વરૂપનો આનંદ પ્રગટ થવો જોઇએ. તમને એમ લાગવું જોઇએ કે 'હા હું શાંતસ્વરૂપ આત્મા જ છું'. ગુરુ દ્વારા 'તત્વમસિ' એવો બોધ આપતાં જ શિષ્ય તરફથી 'અહં બ્રહ્માસ્મિ:' એવો ઉત્તર આવવો જોઇએ **સારાંશ—સાધકની અંત: સ્થિતિમાં ફરક જોવા મળવો જોઇએ, એ સાધકનું અત્યંત પ્રમુખ લક્ષણ છે.** જો એવું નથી તો તેમના માટે આ શ્રેષ્ઠ અધ્યાત્મ શ્રવણનું મૂલ્ય એક સામાન્ય ભાષણ જેટલું જ ગણાશે. કોઇ લૌકિક વિષયનું વ્યાખ્યાન સાંભળી તે ત્યાં જ ભૂલી શકાય, પરંતુ અધ્યાત્મ નિરૂપણને પોતાના અંતરમાં સંઘરી રાખવું જોઇએ. તમારાં અંત:કરણમાં જેટલો બોધ તમે સંગ્રહ કરશો એટલા જ તમે શ્રેષ્ઠ સાધક ! **તાત્પર્ય - પોતાની અંદર આત્મવિષયનો વિચાર, અનુસંધાન તથા નિશ્ચય સ્થિર થવો જોઇએ.**

લૌકિક કમાણીનું મહત્વ નથી. સંસારમાં મનુષ્યએ કરવા યોગ્ય, અતિ મહત્વનું કામ એટલે પોતાનો એક ભવ્ય બંગલો બનાવવો એ જ ને? સારુ, બંગલો બાંધ્યા પહેલા સેવાનિવૃત થયા પછી તેને કયાં રહેવું છે, એ પણ કેટલાય લોકોનું નિશ્ચિત નથી હોતું ! પાછું મકાન માટે સૌ પ્રથમ સ્થળ પસંદ કરવામાં ૨-૩ વર્ષ જાય જ ! પછી નકશો બનાવવા, પરવાનગી મેળવવા ધક્કા ખાવા પડે. ઉછીના લઈ, દેવું કરી ધનની વ્યવસ્થા કરવી પડે. ઘર બનાવવા જરૂરી સામાન ખરીદી તે સ્થળ પર પહોંચાડવું પડે. પછી કારીગરો મળે નહી, એટલે તેના માટે દોડધામ કરવી પડે ! આમ અત્યંત પરિશ્રમ કરી, મોટા પ્રયત્નોથી મનુષ્ય મકાન બનાવે છે. અને પોતાનું ઘરા બાંધી પોતાને ધન્ય અનુભવે છે ! પરંતુ શું આ બંગલાથી સુખની પ્રાપ્તિ થઇ? હવે તે બંગલામાં જઈ રહેવા લાગ્યો. પહેલા બીજાના ઘરમાં ભાડેથી રહેતો ત્યારે નિશ્ચિંત હતો. પણ હવે આ પોતાનું ઘર એમ માની ચિંતા કરવા લાગ્યો ! ઘર ભાડે આપે તો ભાડૂઆતે તે ઘર ખરાબ ન કરવું અને ઘરની દિવાલ પર એક પણ ખીલો ન મારવો, આ વિષયે ચોક્કસ હોય છે. આવો મકાન-માલિક- "ભાડૂઆતે

ભીંતમાં ખીલો ધરબ્યો તો તે ખીલો કોઇ એની છાતીમાં ધરબી રહ્યું છે, એવું લાગે છે!" એવું કહેતા અમે સાંભળ્યો છે. તાત્પર્ય- **સંસારમાં મકાન બનાવવું એને એક મહત્વપૂર્ણ કાર્ય માનવાવાળાને કહો, કયું ફળ મળી ગયું?** બધા કરે છે એટલા માટે આપણે પણ કારણ વગર એવું કરીએ છીએ ! સંસારમાં લગભગ બધા ધનની ચિંતામાં લાગ્યા રહી તેના ગુલામ થઇ રહે છે ! જો સાધકમાં પણ આ પ્રકારનો લોભ ઘર કરી જાય, તો એ આશ્ચર્યની વાત છે ! સાધકે તો અધ્યાત્મ વિચારમાં અને આત્માનુભવમાં મગ્ન રહેવાનું છે. જેવી રીતે બધામાં ધન વગેરે સાંસારિક વિષય યાદ ન કરવા છતાં આપ મેળે ઉદભવે છે, તે રીતે સાધકમાં અધ્યાત્મ વિષયોનું આપોઆપ સ્ફૂરણ થવું જોઇએ.

પોતપોતાની પરિસ્થિતિ અનુસાર પ્રત્યેક વ્યક્તિને કોઇ ન કોઇ ચિંતા, દુઃખ રહે જ છે. તેની સાથે ચોંટી રહી, તેમાંથી કઈ રીતે મુક્ત થવાય, એવી ચિંતા કરતા રહેવાનો મનુષ્યનો સ્વભાવ બની ગયો છે. સાધક માટે એ આવશ્યક છે કે તે એને મિથ્યા જાણીને તેમને વધારે મહત્વ ન આપે. બીજાના કાર્ય કરતી વખતે જે સામાન્ય ભાવના હોય છે, એ જ સામાન્ય ભાવનાથી પોતાનું કામ કરવું.

તમારે કામ તો કરવું જ પડશે, તો કરો. પરંતુ સહજ ભાવથી કરો, કામ પૂર્ણ થતાં જ પોતાના આત્માનંદમાં લીન થઇ જવું શક્ય છે. સાધક પોતાના મુખ્ય કર્તવ્યને છોડીને જો અન્ય કાર્યોમાં મંડ્યો રહે, તો તેનો શો લાભ? એ તો "તમે કહો તે એક છોડી ને બીજું બધું જ કરે છે!" એમ કહેવા જેવું થાય.

અનેક શિષ્ય ગુરુની પાસે આવીને ખુદની સાંસારિક સમસ્યાઓની બાબતે પ્રશ્ન કરે છે. એકાદું કામ કરવું હોય તો ગુરુને " અમે આ કામ કરીએ કે નહી?, કામમાં લાભ થશે કે?" એવું પૂછે છે. બીજા કેટલાક શિષ્યો " અમારે વ્યવહારમાં મોટું નુકસાન થયું છે, તે માટે હજાર રુપિયા આપવાનો અનુગ્રહ કરો" આવી પ્રાર્થના કરે છે. "મારું સંતાન બિમાર છે, તેના માટે શું કરું?" આ રીતની અનેક વ્યાવહારિક સમસ્યાઓના વિષયમાં તેઓ પ્રશ્ન કરતા રહેતા હોય છે, ગુરુ પણ તેમના અલ્પાધિકારને જોઇને, તેમને કંઇ ન કંઇ સાંત્વના આપીને વળાવે છે. પરંતુ જે સાધક સ્વયંની વાસ્તવિક પારમાર્થિક પ્રગતિ ઇચ્છે છે તે સાંસારિક સમસ્યાઓ બાબતે પ્રશ્ન નથી કરતાં. તેઓ ગુરુને આધ્યાત્મિક પ્રશ્નો જ કરે છે.

આ બ્રહ્માત્મૈક્ય બોધ જીવને નિરાતિષય આનંદના પરમોચ્ચ પદ સુધી પહોંચાડી દે છે ! એ રંકને રાજા બનાવી દે છે. દયાળુ સદગુરુ દુઃખો અને અભાવમાં સપડાયેલા જીવો ઉપર કરુણા કરીને તેમના જીવનમાંથી અહંકાર, અજ્ઞાન, મોહ, આશા વગેરે દુર્ગુણોને દૂર કરીને તેમને પરિપર્ણ આનંદની સ્થિતિ સુધી પહોંચાડી દે છે. સંસારમાં તમામ સુખ ભેગાં થઇને પણ આ પૂર્ણાનંદની બરાબરી નથી કરી શકતાં. કાપડના હજારો કટકાને ભેગા જોડી દેવાથી એક ટૂકડા વગરની (આખી) ધોતી બનાવી શકાય?

બ્રહ્માત્મૈક્ય સિદ્ધાંતનું દ્રષ્ટાંત : આકાશમાં સૂર્ય પ્રકાશે છે અને તેનું પ્રતિબિંબ ધરતી ઉપર રાખેલા ગંદા જળથી ભરેલા ઘડાઓ પર અને સ્વચ્છ જળથી ભરેલા ઘડાઓ પર સમાનરૂપે પડી રહ્યું છે અને સરોવરના

સ્વચ્છ જળમાં આ પ્રતિબિંબ પડી રહ્યું છે. ઘડાઓના મેલા જળમાં પ્રતિબીંબ મલિન દેખાય છે. અને સરોવરના સ્વચ્છ જળમાં આ પ્રતિબિંબ શુધ્ધ છે. આનો શો અર્થ? પ્રતિબિંબને મલિનતા કે શુદ્ધતા સ્પર્શે છે? નહીં. ઉપાધિને કારણે એવું દેખાઇ રહ્યું છે, બીજું કાંઇ નહી.

હવે દ્રષ્ટાંત દ્વારા જોઇએ- આ સ્થૂળ શરીર એક ઘડો છે અને મન- બુદ્ધિ વગેરે એમાં ભરેલું મલિન પાણી છે ! જગદાદિમૂળ માયા વિશાળ સરોવર છે જેમાં સત્વગુણ રૂપી શુદ્ધ જળ ભરેલું છે. શરીરરુપી ઘડામાં મન અને બુદ્ધિ વગેરે ઉપાધિરૂપી જળમાં આત્મસૂર્યનું પ્રતિબિંબ 'હું' રુપે પડેલું છે. 'હું' કહેનારો અહંકારરુપી જીવ, ' હું અલ્પ છું, કનિષ્ટ છું, દુ:ખી છું,મને જન્મ–મરણ છે' એવા મલિન ઉપાધિરૂપ ગુણધર્મોનું પોતાના પર આરોપણ કરે છે. શિવ શુધ્ધ ઉપાધિને લીધે સર્વજ્ઞ ભાસે છે. ગમે તે થાય તોયે ઘડાના પ્રતિબંબમાં અને સરોવરના પ્રતિબંબમાંનું મૂળ બિંબ તો સૂર્યનું જ છે, તે પ્રમાણે **જીવ અને શિવમાં એક પરાત્પર પરબ્રહ્મ જ મૂળ વસ્તુ છે. ઉપાધિ રહિત સ્થિતિમાં જીવ અને શિવ એક જ છે.**

જીવ અલ્પજ્ઞ એટલે થોડું જાણનાર, અલ્પકર્તા એટલે થોડું કાર્ય કરી શકનાર, વગેરે. અને ઇશ સર્વજ્ઞ, શક્તિમાન સર્વસામર્થ્યવાન છે. આમ, ઉપાધિના ગુણધર્મો પ્રમાણે જીવ અને શિવનું ઐક્ય સાધ્ય નથી. પણ મૂળ સ્વરૂપની દ્રષ્ટીએ જીવ-શિવનું ઐક્ય શક્ય છે. જીવ-ઇશમાં ભોગ-ત્યાગ કરીને અથવા જહત્-અજહત્ લક્ષણોના અન્વય દ્વારા જીવ અને શિવનું એકત્વ સિદ્ધ થાય છે. એટલે જીવના ઉપાધિક રૂપ અને મૂળરૂપ એવું વિભાજન કરી તેમાંના ઉપાધિકરૂપનો ત્યાગ કરી મૂળરૂપ ગ્રહણ કરવું. તે જ રીતે ઇશ માં પણ ઉપાધિકરૂપનો ત્યાગ કરી મૂળરૂપ ગ્રહણ કરવું. બન્ને ઉપાધિઓનું મૂળરૂપ એવું અધિષ્ઠાન એક જ છે, એવું કહેવું જ એકત્વ સિધ્ધ કરે છે.

હવે, જીવ અને શિવનું નિજ સ્વરૂપ કેવી રીતે એક જ છે એને વધુ એક દ્રષ્ટાંત દ્વારા સમજાવીએ છીએ. પૂર્વે દેવદત્ત નામનો એક રાજા વૈભવપૂર્વક રાજ્ય કરતો હતો. થોડાં વર્ષો પછી તેણે પોતાનું રાજ્ય પોતાના પુત્રને સોંપીને સંન્યાસ લઇ લીધો. પછી તે ગામડાઓમાં એક દિવસ અને નગરોમાં ત્રણ દિવસ રહી પર્યટન કરવા લાગ્યો. સંન્યાસ લીધા પછી સંન્યાસીએ એક વખત પોતાના નગરમાં અવશ્ય ભિક્ષા લેવા માટે જવું જોઇએ, એવી માન્યતા છે. કારણ કે જે નગર કે ગામમાં આપણે ભવ્ય પોશાક પહેરી વૈભવપૂર્ણ જીવન વિતાવ્યું છે, તે નગર કે ગામમાં ભગવા વસ્ત્ર પહેરીને ભિક્ષા માટે જવાનો અર્થ છે, પોતાના અહંકારનો સંપૂર્ણ ત્યાગ ! દેવદત્ત રાજા પણ થોડા સમય પછી પોતાની રાજધાનીમાં આવ્યો અને નગરની બહાર હનુમાનના મંદિરમાં રોકાયો. એક સંન્યાસી આવ્યો છે, એવું સાંભળીને નગરના લોકો તેના દર્શન માટે આવવા લાગ્યા અને સંન્યાસીને જોતાં જ આ તો આપણા રાજા છે, એમ ઓળખી ગયા અને અન્ય લોકોને કહેવા લાગ્યા કે '**આ સન્યાસી એટલે આપણા દેવદત્ત રાજા**'.

'આ સન્યાસી એટલે આપણા દેવદત્ત રાજા' એવું લોકો બોલ્યા, તે સાચું છે કે ખોટું ? વાસ્તવમાં જોવા જઇએ તો તેઓ કઇ દ્રષ્ટિથી એવું કહી રહ્યા હતા? જો બાહ્ય દ્રષ્ટિથી જોઇએ તો કયાં એક રાજાનો પહેરવેશ, વૈભવ અને સત્તા અને કયાં એક દરિદ્ર અસહાય સંન્યાસી ? તેમ છતાં, જો પ્રજા કહે છે કે '' આ તો તેજ છે.'' તો તેનો અર્થ એ થયો કે **ન તો તેમણે રાજાનું રાજત્વ જોયું અને ન તો સંન્યાંસીનું સંન્યાસિત્વ. તેમણે તો એ બન્ને સંબંધો વગરની વ્યક્તિને જોઇ.** આ દ્રષ્ટાંતમાં, જીવના જીવત્વનો ત્યાગ કર્યો તથા ઇશના ઇશત્વને પણ છોડ્યું અને ફક્ત જીવ-ઇશના મૂળ સ્વરૂપ બ્રહ્મત્વને જ જોયું, એને જીવેશ્વરનું ઐક્ય એમ કહીએ. ઉપાધિ નાની હોય કે મોટી હોય, તેમાં સુખ- દુ:ખ, અમીરી-ગરીબી જેવાં દ્વન્દ્વ હોય જ છે. ગરીબની ઉપાધિ નાની એટલે તે દુ:ખી અને રાજાની ઉપાધિ મોટી એટલે તે સુખી, એવું હોતું નથી. મોટી ઉપાધિમાં મોટું સુખ હોય તો મોટાં કષ્ટો પણ હોય છે. તાત્પર્ય - ઉપાધિ નાની હોય કે મોટી હોય, તે વિકારી, નાશવંત અને દ્વંદ્વ સ્વરૂપ જ છે. ઉપાધિ સુખ-દુ:ખાત્મક હોઇ, તેને પર જવાથી જ આંતરિક સુખની પ્રાપ્તિ થવી શક્ય છે.

સાધકો ! અમે પ્રસ્તુત વિષયનું પ્રતિપાદન કરતાં અનેક દ્રષ્ટાંતો-યુક્તિઓથી આપેલું જીવ-શિવના ઐક્યનું જ્ઞાન આત્મસાત્ કરીને મુક્તિ રુપી સુખનું રાજ્ય ભોગવતા રહો !

પ્રકરણ-૧૩

વ્યતિરેક અને અન્વયજ્ઞાન

આજનો મુખ્ય વિષય છે, " પારમાર્થિક રૂપથી સત્ય એક જ છે. તે અનેક થઇને દેખાય છે." સંત એકનાથ મહારાજે એના માટે માનસ પુજાનું દ્રષ્ટાંત આપ્યું છે. અથવા આને સ્વપ્નનું દ્રષ્ટાંત પણ આપી શકાશે. માનસપૂજામાં સહુકાંઇ આપણને જ થવું પડે છે. ભક્ત પણ આપણે, ભગવાન પણ આપણે અને પૂજા પણ આપણે જ હોઇએ છીએ. એ જ રીતે, સ્વપ્નમાં પણ આપણે એકલા જ હોઇએ છીએ અને કેટલાય આકાર, રૂપ જોઇએ છીએ. અહીં જોનાર પણ આપણે, નજરે પડતી વસ્તુ પણ આપણે, સુખ-દુ:ખનો વ્યવહાર પણ આપણે ! આ દ્રષ્ટાંત પ્રમાણે એક જ વસ્તુ અનેક થઇને, દેખાય છે. અનેક નામ-રૂપ દેખાય, તો પણ તે બધું એક આત્મા જ છે ! આત્મા જ કૂતરો, આત્મા જ ગાય, અર્થાત એક આત્મા એક જ સત્ય હોઇ તેના આધારે અનેક રૂપોમાં ભાસે છે.

સત્ય વસ્તુ એવો આત્મા જ આપણે છીએ. આત્મા જ અહંકાર રૂપે દ્રષ્ટા થઇ દ્રશ્ય સત્ય છે, એવી ભાવના કરે છે. અને એમાં જ સુખ છે એમ માનીને એ સુખને મેળવવાનો માટે પ્રયત્નો કર્યા કરે છે. અને એ જ પ્રયત્ન મનુષ્યના દુ:ખનું કારણ છે. વિકારી નાશવાન વિષયોમાં સત્યત્વ બુદ્ધિ રાખીને જ મનુષ્ય સુખ-દુ:ખનો અનુભવ કરે છે. અને પારવગરની ચિંતાઓને લઇને ફરે છે. ચમત્કાર એ છે કે, આપણે અશાશ્વતની પાછળ પડીને શાશ્વત્ સુખની આશા રાખીએ છીએ, અને એટલે જ આપણને વાસ્તવિક સુખ મળતું નથી. પરંતુ આપણે એ વાત પડતી મૂકતા જ નથી, આ જ બંધન છે ! ખુદના નિજસ્વરૂપને ભૂલીને એવું માનવું કે વિષયોને ભોગવીને આપણે સુખી થઇ જઇશું, આ જ દુ:ખનું મૂળ કારણ છે, આ સિદ્ધાંત છે.

એ પ્રસિદ્ધ જ છે કે આ સંસાર અવિદ્યા-કામ-કર્મરૂપ છે. પોતાના નિજસ્વરૂપને ન જાણવું એ મૂળ અવિધા કે અજ્ઞાન છે. તે પછી કામના અથવા ઇચ્છા. ખરેખર તો અજ્ઞાનથી અહંકાર અને અહંકારથી ઇચ્છા એવો ક્રમ છે. અહીંયા માત્ર ઇચ્છા વિશે જ કહ્યું છે. ભલે. તે પછી ઇચ્છાનુસાર કર્મ કરવું અને કર્મથી બધ્ધ થવું એ છે ! જ્ઞાન દ્વારા આ બંધન તૂટી શકે છે. " જ્ઞાનાગ્નિ: સર્વકર્માણિ ભસ્મસાતકુરુતે અર્જુન" (શ્રીમદ ભગવદ ગીતા)

કર્મ પ્રારંભ કરવા માટે ઇચ્છા હોવી આવશ્યક છે. મૂલત: તો ઈચ્છા જ દુ:ખ રૂપ છે. કર્મ શરૂ કર્યા પછી અનેક પ્રકારની સામગ્રી અને કેટલીય અનુકૂળતાઓ હોવી જોઇએ. એ ન મળે તો દુ:ખ અને અંતે કર્મફળ પ્રાપ્તિની અનિશ્ચિતતા અંગેની ચિંતા ! આવા કર્મોને લીધે દુ:ખો સાથેનો સંબંધ છૂટવાનો નથી.

આ વાત બધા જ જાણે છે કે અજ્ઞાનજનિત કર્મ અને વિષયાસકિત જ બંધનનું કારણ છે. જગન્મિથ્યાત્વ અને નિજસ્વરૂપના જ્ઞાનથી બંધનમુક્ત થઇ શકાય છે. આ એક ચમત્કાર જ છે કે દુ:ખદાયી વિષયો શરૂશરૂમાં સુખદાયી લાગે છે ! વાસ્તવિકતા બીજી છે અને નજરે બીજું કંઇક દેખાઇ રહ્યું છે, આને જ માયા કહે છે ! જીવ આ માયાને સુખ સમજીને એની પાછળ-પાછળ લાગ્યો રહે છે પરંતુ મળે છે શું, દુ:ખ જ ! સાધકે આ વાત સમજીને સંસાર અને વિષયોમાં સત્યત્વ અને સુખત્વની ભાવનાનો ત્યાગ કરવો. આ સત્યત્વ-સુખત્વને છોડીશું, તો જ વિષયાસક્તિ દૂર થશે. નહિ તો નહિ. બધા લોકો સહજતાથી એવું કહે છે કે ઇચ્છા છોડો, ફળની આશા છોડો. શાસ્ત્ર પણ કહે છે, કર્માસક્તિ છોડો, કર્મફળ છોડો, “સંગં ત્યક્ત્વા ફલાનિ ચ !'' પરંતુ જયાં સુધી તત્વનું જ્ઞાન નથી થતું ત્યાં સુધી તે કરવું બહુ જ મુશ્કેલ છે.

ઉપર કહ્યા પ્રમાણે, સંગત્યાગ માત્ર યોગ્ય ઉપાયથી જ સંભવ છે. આ વિષય દુ:ખરૂપ છે, મિથ્યા છે, આપણને વિનાકારણ હેરાન કરે છે, આનાથી આગળ સુખ મળશે એવી આશા બતાવીને દોડાવ્યા કરે છે, સુખના ભ્રમમાં નાખીને દુ:ખ જ આપે છે; એવો વિવેક જ આનો ઉપાય છે. આ વિષય બીજાઓ પાસેથી સાંભળવાથી નહીં પણ આપણે સ્વયંના અનુભવથી જાતે જ શીખવું જોઇએ, ત્યારે જ વિષયાસક્તિ દૂર થાય છે.

‘‘મિથ્યાત્વાત્ દુ:ખરુપાત્વાત્ અનાત્મત્વાત્'' એ ત્રણેય કારણોનું જ્ઞાન થતાં વિષયાસક્તિ આપોઆપ પલાયન કરે છે. કેવી રીતે? પ્રથમ તો જગન્મિથ્યાત્વ જાણીને, તેમાં અંગભૂત રહેલા વિષયો સાહજિક રીતે જ મિથ્યા છે એવો નિશ્ચય થવો જોઇએ. આપણે કોઇ વસ્તુ સાચી હશે તો જ તેની અપેક્ષા કરીશું, પણ જો તે જ મિથ્યા હશે તો તેને કોઇ મૂલ્ય ન આપતા, આપણે તેનો તિરસ્કાર કરીશું. એટલા માટે વિષય ત્યાગ કરવા માટે તેના મિથ્યાત્વનું જ્ઞાન થવું જરુરી છે. બીજું એટલે, કોઇ પદાર્થ ગમે તેટલો સુખદાયી લાગે, પણ જો દ્રઢતાપૂર્વક આ સમજ આવી જાય કે આનો ઉપયોગ મહાન દુ:ખદાયી છે તો આ પણે તેનું સેવન કરીશું નહી. દાત.- વિષમિશ્રિત પક્વાન્ન ! જો આ વિષયની ઘાતકતા ખબર પડી તો તેનું સેવન નહીં કરીએ. ત્રીજું એટલે, આપણે આપણી પાસે ન હોય એવા વિષય પરત્વે સદૈવ ઉદાસીન હોઇએ છીએ. ‘‘હું આત્મા છું. મારી સાથે કોઇ સંબંધ ન હોય એવી વસ્તુ અનાત્મા છે” એવો દૃઢ નિશ્ચય થઇ જાય તો, આપણે એના તરફ ભૂલથી પણ આકર્ષિત થઇશું નહીં.

વધુ એક વિચાર ! અમારે સુખ જોઇએ. એમ કહેવું જ સુખવસ્તુને ગુમાવવા કારણભૂત છે. આપણે સુખ સ્વરૂપ હોવાથી બહારના સુખની અપેક્ષા કરવી એ સ્વયંના સુખને ગુમાવવા બરાબર છે ! જે રીતે

મધ્યાન્હનો સૂર્ય ઘુવડને રાત્રિના ઘનઘોર અંધારા જેવો લાગે છે. તે જ રીતે અહંકારના પડદાથી અંધ થયેલ વ્યક્તિને ચિત્ જયોતિ આત્માના પ્રગટ પ્રકાશનો અનુભવ નથી થતો. જીવ અહંકારનો ત્યાગ કરે તો જ તે જ્ઞાનસૂર્ય એવા આત્માને જોઇ શકે છે.

સારાંશ- અહંકારનો ત્યાગ કરીને, વિષયસક્તિને છોડીને, આપણે જ સુખસ્વરૂપ છીએ, આ દૃઢ પ્રતિતીની સ્વરૂપ જાગૃતિ આવે તો જ આપણે જીવન-મુક્ત થઇશું !

અહીં થયું છે શું ? નાનકડી ગફલત થઈ છે ! જે નજીકમાં નજીક છે, તેને છોડીને જે મળી શકે તેમ જ નથી તેની પાછળ ભાગી રહ્યો છે ! ઉદાહરણ - એક વ્યક્તિ ખૂબ બિમાર થઇ ગયો. વૈધે તેને કોઇ જડી-બુટ્ટીનો રસ પીવા કહ્યું. તે વનસ્પતિ મેળવવા માટે દેશ-વિદેશમાં તપાસ કરી, જંગલમાં શોધી, પરંતુ તે ઔષધિઓ મળી નહીં ! આશ્ચર્યની વાત તો એ બની કે તે દિવ્ય ઔષધિ ની વનસ્પતિ તેના મકાનની પાછળના વાડામાં જ હતી !! પરમ અર્થમાં પણ આવું જ થયું છે. એ પણ થોડામાટે ભૂલાયું છે. ''હું સુખ સ્વરૂપ છું'' એમ કહેવાવાળો મુક્ત અને પોતાના સુખને બહાર શોધી રહ્યો છે તે બદ્ધ, બસ!!

અત્યાર સુધી અહંકાર અને વિષયોના મિથ્યાત્વના **વ્યતિરેક અભ્યાસ** વિશે કહેવામાં આવ્યું. હવે એની આગળનો **અન્વય અભ્યાસ** અમે બતાવીએ છીએ. તમામ નામ- રૂપ- ભોગ વગેરેનો નિષેધ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવું એ વ્યતિરેક છે. સ્વરૂપ જ નામ- રૂપ- ભોગ છે. અર્થાત્ બધું બ્રહ્મસ્વરૂપ જ છે. એમ માનીને વ્યાપક બ્રહ્મભાવમાં રહેવું એ અનવ્ય છે. ઉદાહરણાર્થ- તમામ મોજાઓનો નિષેધ કરીને એક માત્ર જળને જ જોવું એ એક દ્રષ્ટી છે અને તમામ મોજાઓ જળ જ છે, એમ જાણવું એ બીજી દ્રષ્ટી છે ! પહેલી દ્રષ્ટીને વ્યતિરેક કહે છે અને બીજીને અન્વય. હવે અમે કહી રહ્યા છીએ તે અન્વય અભ્યાસમાં, 'સર્વ ખલ્વિદં બ્રહ્મં' એવી સર્વાત્મક દ્રષ્ટી હોય છે. પત્ની, બાળકો, બંધુ-સંબંધી અને બીજા બધા બ્રહ્મસ્વરૂપ છે, એ જાણી લેવું જોઇએ. અહંકાર- સ્વાર્થની સંકુચિત બુદ્ધિથી વ્યવહાર ન કરીને, 'આ બધાં મારું જ સ્વરૂપ છે, બધું જ હું છું' એવા વિશાળ ભાવથી વ્યવહાર કરવો જોઇએ. આ જ જ્ઞાનનો અંતિમ અભ્યાસ છે.

અન્વય જ્ઞાનમાં કોઇ પણ બાધા નથી. આમ હોવું જોઇએ, આમ નહીં હોવું જોઇએ, એવું એમાં કાંઇ નથી. કોઇ કાંઇ કરે કે ન કરે, તે બ્રહ્મ જ છે ! એકાન્ત હોય કે લોકાન્ત હોય, સર્વ કંઇ બ્રહ્મ જ છે ! બધું એક જ એટલે કે અખંડાનંદ રૂપ છે. આ જ સર્વાત્મભાવ છે. ''યસ્તુ સર્વાણિ ભૂતાનિ આત્મન્યેવાનુ પશ્યતિ ।''. જ્ઞાની પુરુષમાં આ રીતે વ્યાપક વિચાર હોય છે. જો અહંકાર છે તો આ રીતની વ્યાપક રામરૂપતા અસંભવ છે- જબ મૈં થા તો રામ નહીં, અબ રામ હૈ મૈં નાહીં! એક મ્યાનમાં બે તલવાર રહે નહીં, એટલા માટે વ્યતિરેક જ્ઞાનથી અહંકારનો નાશ કરીને આત્મારામ થઈને રહેવાનું છે. અન્વયજ્ઞાનથી સર્વાત્મભાવ રાખવો, તો જ પોતાને પણ આનંદ અને બીજાઓને પણ આનંદ, એ જ વિજ્ઞાન છે.

સાધકે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે પોતાની અંદર ''હું'' અને લોભ તથા મોહ રાખીને વિજ્ઞાન સ્થિતિને મેળવવી શક્ય નથી. તમામ આશાઓનો પૂર્ણપણે ત્યાગ કરવો જરૂરી છે. ''પ્રજહાતિ યદા કામાન સર્વાન્ પાર્થ મનોગતાન્......। આમાંનો શબ્દ પ્રયોગ જુઓ. એકલો કામન્ નથી પણ ''સર્વાત્ કામાન્'' અને ફક્ત જહાતિ નહીં પણ ''પ્રજહાતિ'', અર્થાત્ બધી કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવાનો છે. આ જ સ્થિપ્રજ્ઞનું લક્ષણ છે ! સારાંશ- પોતાના અલ્પ અહંકારનો નાશ થયા પછી જ વ્યાપક ભાવની અનુભૂતિ થાય છે. સર્વ કંઇ બ્રહ્મ જ છે, આ ભાવ કાયમ થતાં બધુ કાંઇ આપણે જ ! બીજૂં કાંઇ વધતું જ નથી. પહેલાં કુળ, ગોત્ર, નામ, રૂપ વગેરે ઉપાધિઓમાં 'હું' બુદ્ધિ દૃઢ રહેતી હતી. હવે આપણે જ પરિપૂર્ણ બ્રહ્મ છીએ, એ વિચાર દૃઢ થયો. આ સ્થિતિમાં કંઇ પણ જોઇએ તો બ્રહ્માત્મા જ દેખાય છે. સારું પણ તે, ખરાબ પણ તે જ ! સુર હોય કે અસુર હોય, સજ્જન હોય કે દુર્જન હોય, બધું જ આતમસ્વરૂપ જ ! તે માટે જ -

''વિધા વિનય સમ્યન્ને બ્રાહ્મણી ગવિ હસ્તિનિ ।

શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતઃ સમદર્શિનઃ ।। એવું કહ્યું છે.

વિજ્ઞાની પુરુષ બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો, ચાંડાલ એ બધાં એ ક જ સ્વરૂપ છે, એમ માને છે. ઉપર-ઉપરથી દેખાતાં એ રૂપ એક જ આત્માના વસ્ત્રો છે. જેમ કે- મિત્ર પર આપણો પ્રેમ હોય તો તે કોઇપણ વસ્ત્રો પરિધાન કરે, તેને પ્રેમ કરીએ જ છીએ ને ? મિત્ર એ સૂટ બૂટ પહેર્યા, તો જ પ્રિય અને અબોટિયું પહેર્યું તો પ્રિય નહીં એવું કાંઇ છે? તે જ રીતે વિજ્ઞાની પુરુષની દ્રષ્ટીએ નામ-રુપ-આકાર-ગુણ એ આત્માના કપડાં છે. તેની તરફ તેમનું ધ્યાન જ નથી હોતું. અર્થાત વિજ્ઞાની પુરુષ તમામમાં આત્મભાવ જુએ છે. આ સ્થિતિમાં કોઇનો દ્વેષ નહી, કોઇનો વિરોધ નહી. બધું કાંઇ આપણે જ એવી પ્રતીતિ જેને થયેલ છે એવો જ્ઞાનીપુરુષ કોઇનો દ્વેષ કરશે? તેમની વ્યાપક દ્રષ્ટી માં વિશ્વ પ્રેમની ભાવના ભરપૂર હોય છે. જ્ઞાનીપુરુષે આવી પરિપૂર્ણ બ્રહ્મસ્થિતિમાં વાસ કર્યો હોય છે. સાધકોએ પણ શ્રવણ-મનન-નિધિધ્યાસન અને અહંકાર નાશથી વ્યક્તિરેક જ્ઞાન પ્રાપ્ત કરીને, તે પછી સર્વાત્મભાવના અન્વય જ્ઞાનમાં સ્થિત થઇને ધન્ય ધન્ય થવાનું છે.

પ્રકરણ -૧૪

ઉપાધિ નિરસનથી સત્ય દર્શન

કોઇ એક રાજા મદીરાપાન કરીને ઘર-ઘર ભિક્ષા માંગી રહ્યો છે કે પોતાને ભિખારી માનીને દીન-હીન થઇ રહ્યો છે. બધાની સ્થિતી એવી જ થઇ ગઇ છે. પ્રત્યેક જીવ ખરેખર શિવસ્વરૂપ હોવા છતાં ભ્રમવશ પોતાને જીવ માની રહ્યો છે. એનું પરિણામ શું થયું? તે બંધન અને દુ:ખોમાં ફસાઇ ગયો છે. આ ભ્રમનું મૂળ કારણ અજ્ઞાન હોઇ તેનો નાશ કરવાનો છે.

તમામ લોકો દુ:ખોનો નાશ કરવા માટે- તે એકદમ શક્ય ન હોઇ તે ઓછા કરવા માટે એમ કહેશો તો પણ ચાલશે- બેહિસાબ પ્રયત્નો કરે છે. એ પ્રયત્નોને લીધે એકાદું દુ:ખ નાશ પામે પણ છે, પરંતુ એના સ્થાને બીજું દુ:ખ ઉદભવે છે. એક દુ:ખની જગ્યા બીજું દુ:ખ લે છે. દા.ત. કોઇને નુકસાન થયું. તેણે બે વર્ષ અત્યંત કષ્ટ કરી તે ભરપાઈ કર્યું ન કર્યું ત્યાં તો એકાદો ભયંકર રોગ થવાથી તે દુ:ખી થયો. તેના નિવારણ માટે ડોક્ટરને ત્યાં ધક્કા ખાઇ એક-બે વર્ષ ઔષધિ અને ઇંજેક્શન વગેરે લઈ, શસ્ત્રક્રિયા કરી અનેક પ્રયત્નોથી તે રોગ મુક્ત થઇ ગયો. હવે રોગ રૂપી દુ:ખ દૂર થયું તો ઘરમાં કજીયા- કંકાસ શરૂ થઇ ત્રીજું દુ:ખ આવ્યું અને ખૂબ સંતાપ થયો. કંકાસ દૂર થયા ન થયા ત્યાંતો લોકો દ્વારા નિંદા અપમાન રુપી ચોથું દુ:ખ આવ્યું ! સારાંશ- મનુષ્યને સદૈવ કોઇ ને કોઇ દુ:ખ તો રહેવાનું જ ! “ આ દુ:ખ કે આ ઉણપ દૂર થવાથી હું સુખી થઇ જઇશ” એ ભાવના વ્યર્થ જ છે.

બીજું એ છે કે મનુષ્યના જીવનમાં એક સમયે એક જ દુ:ખ ન હોઇ એક સાથે નાના મોટા અનેક દુ:ખો હોય છે. પરંતુ તેનું ધ્યાન કોઇ એક મુખ્ય દુ:ખ પર કેન્દ્રિત રહે છે અને નાનાં દુ:ખ નીચે ઢંકાઇ જાય છે. મોટું દુ:ખ દૂર થતાં જ નાનાં-નાનાં દુ:ખો પ્રગટ થાય છે અને સતાવવા લાગે છે. તાત્પર્ય - આ દુ:ખો મનુષ્યનો પીછો નથી છોડતાં, રે ભાઇ!

પ્રશ્ન- શું દુ:ખોના નાશ માટે કોઇ ઉપાય જ નથી?

જવાબ- હા, ઉપાય છે ને ! જે રીતે કોઇ પણ રોગનું અચૂક નિદાન કરી એ જડમૂડથી નષ્ટ કરવાથી આરોગ્ય મેળવી શકાય છે. તે જ રીતે દુ:ખનુ; મૂળ કારણ છે અજ્ઞાન, તેવું જાણીને, જ્ઞાનરૂપી ઔષધથી અજ્ઞાન નિવારણ કરવાથી, આનંદરૂપી આરોગ્ય પ્રાપ્ત થાય છે.

હવે ઉપર કહેલા દુ:ખના નિવારણનો યોગ્ય ઉપાય છોડી દઈ, વ્યવહારમાં કેટલુંક પરિવર્તન કરી લઇ દુ:ખોનાં કારણોની સમસ્યાઓ ઓછી થવાની સંભાવના છે? કયારેય નહીં. તર-તમ ના અનેકત્વના પ્રપંચમાં એ સમસ્યાઓ ઉપરાઉપરી ઉદભવશે જ! શું આપે સંસારમાં કોઇ એવી વ્યક્તિ જોઇ છે જેને કયારેય પણ કોઇ સમસ્યા ન હોય ? વૃદ્ધને વૃદ્ધાવસ્થાની સમસ્યા છે. મધ્યમ વયનાઓને સંસારની જવાબદારીની સમસ્યાઓ હોય છે. સુખનો અર્થ છે, સમસ્યા રહિત સ્થિતિ. કહો, મનુષ્ય જીવનમાં ક્યા સમયે સમસ્યાઓ

નથી હોતી? સમસ્યાઓની અંત ક્યારેય નથી આવતો. વાસ્તવમાં આ શરીર જ એક સૌથી મોટી સમસ્યા છે. આપ એનો ઉકેલ કેવી રીતે લાવી શકો? સારાંશ- પ્રત્યેક માણસના જીવનમાં સમસ્યાઓ અને દુ:ખ અનિવાર્ય છે. લૌકિક ઉપાયોથી તેનું નિરાકરણ થવું અશક્ય છે, એ પ્રત્યેક વ્યક્તિના જીવનના અનુભવોનું નિરીક્ષણ કર્યા પછી અમે કહી રહ્યા છીએ. આપ એ વાત પર ધ્યાન આપો કે પ્રત્યેક વ્યક્તિ આખું આયુષ્ય સમસ્યાઓના સમાધાન અને સુખી થવા માટેના ઉપાયોમાં જ વિતાવી નાખે છે. પરંતુ કોઇ જ કોઇ સમસ્યા ઉભી જ હોય છે. અને તે સુખી તો થતો જ નથી ! તો પછી આપણા દીર્ઘકાલીન અનુભવ પરથી આ માર્ગે સુખ પ્રાપ્ત કરવું અસંભવ છે, એવો નિર્ણય કરવામાં જ સમજદારી નથી ? આપણને, જો મારી આ વર્તમાન સમસ્યા હલ થઇ જાય તો હું સુખી થઇ જઇશ, એવું શરૂઆતમાં લાગે છે. આ એક કામ થયું એટલે સુખ જ સુખ એવી આપણી સમજ છે. પણ એક સમસ્યામાંથી મુક્તિ મળે ન મળે, ત્યાં તો તેની જગ્યાએ ચાર સમસ્યાઓ આવી પડે છે. અને તે પણ અનપેક્ષિત ! આપણને આ સમસ્યાના નિવારણથી મને શું મળશે, એવું લાગે અને ખરેખર શું મળે છે એનું સિંહાવલોકન કરીશું તો તેમાંની ખામીઓ મળી આવશે ! તાત્પર્ય - આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખો કે લૌકિક ઉપાયોથી સુખ નથી મળતું. એના માટે તો અલૌકિક ઉપાય એટલે જ્ઞાન જ !

અનુભવી સાધક સાંસારિક ઉપાધિઓની વાસ્તવિકતાઓને જાણી, બાહ્ય વિષયોના આકર્ષણનો પૂરેપૂરો નિષેધ કરી દે છે. તે જાણે છે કે પરિશુદ્ધ આત્મા એવા તેનો એ ઉપાધિઓ સાથે કોઇ જ સંબંધ નથી. જેની સાથે આપણે કોઇ સંબંધ જ નથી એવી વસ્તુઓ માટે આપણે દુ:ખ, વિષાદ અનુભવીએ છીએ, એ તમે જ કહો જોઇએ! પડોસી કેવા છે? તેમને સમયસર પગાર મળે છે કે નહીં? એની કોઇ ચિંતા કરે છે ? નહીં. તે જ રીતે સાધક દેખાવ પૂરતા સંબંધ વાળી ઉપાધીઓ બાબતે નિશ્ચિંત હોય છે.

સદગુરુ બોધ કરે છે કે- શાશ્વત ઘનાનંદ મેળવીને, સાંસારિક સુખોનો મોહ તથા તેના માટેની ખટપટ કરવી છોડીને તમે વાસ્તવમાં કોણ છો, એ જ્ઞાન મેળવી લો અને તેને દ્રઢ કરો. આપણે એ જાણીએ છીએ પણ તેને જોરથી પકડી રાખતા નથી, છોડી દઇએ છીએ. પ્રવચનમાં શરૂઆતમાં જ કહેલા ભ્રમિત રાજાને થોડી ક્ષણો પૂરતું જ્ઞાન થઇ ગયું કે હું રાજા છું એથી શું રાજ-સુખ મળી શકે ખરું? એ જ રીતે આપણને જો થોડા સમય પૂરતું ધ્યાન રહે કે હું આત્મા છું અને બાકીના સમયમાં સંસારની જંજાળમાં ફસાયેલા રહી જીવભાવમાં રહીએ તો સાર્થક થશે? એટલા માટે જીવભાવ નષ્ટ થઈને, સદૈવ શિવભાવમાં આવવો જોઇએ. આપણી અંદર જ મહત્વનું મોટું પરિવર્તન આવવું જોઇએ. એટલે આપણો નવો અવતાર થવો જોઇએ, દ્વિજ થવું જોઇએ. એકવાર માતાના ઉદરથી જન્મ લીધો, બીજો દિવ્ય જન્મ સદ્દગુરુ દ્વારા પ્રાપ્ત કરી લીધો. પહેલો જન્મ શોક-મોહથી યુક્ત સૂક્ષ્મ શરીરનું મલિન-સ્થૂળ દેહના રૂપમાં થાય છે અને સદ્દગુરુ દ્વારા પ્રાપ્ત બીજો જન્મ અનામય, પરિપૂર્ણ પરમાનંદના રૂપમાં થાય છે. હવે તે 'બ્રહ્મ જાનાતિ' અર્થાત્ બ્રાહ્મણ થયો !! કહેવાય છે કે પહેલાનાં વખતમાં આર્ય લોકો ભગવાનને એ પ્રાર્થના કરતા હતા કે ''અમારા કુળમાં બ્રહ્મને ન

જાણવાવાળો પેદા ન થાય." એ ધર્મયુગમાં બ્રહમજ્ઞાનને પ્રાધાન્ય હતું. બ્રાહ્મણોને "વસુધૈવ કુટુંબકમ" આ સર્વાત્મભાવને લીધે શ્રેષ્ઠત્વ મળ્યું હતું, કર્મથી નહી. આજે પણ બ્રહ્મ સ્થિતિમાં રહીને બધાની તરફ સમભાવથી જોનારા સાચા બ્રાહ્મણોને શ્રેષ્ઠત્વ આપવા જગત તૈયાર છે. સંસાર એ નથી જોતો કે જ્ઞાની પુરુષ કઇ જ્ઞાતિનો છે. જોતે બ્રાહ્મણજ્ઞાતિનો વાસ્તવિક બ્રાહ્મણ છે તો ઘણું જ ઉત્તમ છે. 'અમે વંશપરંપરાથી બ્રાહમણ છીએ, અમે બ્રહમને જાણીએ કે ન જાણીએ, અમે શ્રેષ્ઠ જ છીએ' એવું કહેનારા છે પણ શ્રેષ્ઠત્વ બીજાઓએ આપવું જોઇએ. "હું શ્રેષ્ઠ છું" એવું પોતે તો ન જ કહેવું જોઇએ. પહેલાં બ્રાહ્મણોને તેમના જ્ઞાન, તયાગ અને સમત્વ ગુણોને કારણે શ્રેષ્ઠત્વ મળેલું હતું. પરંતુ હવે ગુણ વગરના હોવાને કારણે લોકોએ બ્રાહ્મણોને માન આપવાનું છોડી દીધું છે. વાસ્તવમાં જોવા જઇએ તો જે બ્રાહ્મણ બ્રહમજ્ઞાની થઇને તમામને સમભાવે નિર્વાર્થ પ્રેમ કરે તો આખું જગત તેમને વંદન કરશે.

હવે મૂળ વિષય પર આવીએ - જીવ બ્રહ્મસ્વરૂપ જ છે. પરંતુ એક યઃકશ્ચિત થયો છે એ જ મોટું નુકસાન ! આ સ્થિતિ આવવાનું કારણ, તેણે વિકારી, નાશવંત ઉપાધિનું અવલંબન કર્યું છે, એ જ છે. અમે અત્યાર સુધી એ બતાવ્યું છે કે એ ઉપાધીઓને ગ્રહણ કરવાને લીધે, જીવ ન છૂટી શકાય એવા દુ:ખોમાં ફસાયો છે , અને ઉપાધિરહિત પોતાનું નિજ સ્વરુપ જાણવું, એ જ દુ:ખના નાશનું કારણ છે એ વાત પણ બતાવી છે. હવે આ વાતને આધારે શ્રુતિ બોધ કરનારા 'તત્વમસિ' નો રહસ્યાર્થ જાણી લઈએ.

'તત્વમસિ' માંના 'અસિ' પદ પ્રથમ સમજવું પડે. તે માટે પહેલાં 'તત્' શબ્દનો શું અર્થ છે એને સમજીએ. તે સર્વજ્ઞ, સર્વશક્તિમાન વગેરે લક્ષણોથી યુક્ત વિદ્યોપાધિયુક્ત ઈશ્વર છે. તે યશ, કીર્તિ વગેરે ષડ્ગુણૈશ્વર્યસંપન્ન છે. એટલે તે પરિપુર્ણ સત્ય, પરબ્રહ્મ વિદ્યામાં પ્રતિફલિત થઇને ઇશ્વરરૂપ પામે છે. ઇશ્વરે જગત બનાવ્યું છે. તેણે અનંત કોટિ જીવોનું નિર્માણ કર્યું છે. તેની સાથે જ તે જીવ યોનિઓના જીવોના ઉદ્ધારનો માર્ગ પણ બનાવવો જ પડે ને? એટલે વિચાર કરીને વેદોનો પ્રસાર કર્યો. દુનિયામાં જ્યારે-જ્યારે અધર્મ વધ્યો ત્યારે-ત્યારે ધર્મસ્થાપના માટે અવતાર પણ લેવા લાગ્યો. આપણને નાનાં-મોટાં કર્તવ્યો હોય, તો ઇશ્વરને મહાન કર્તવ્યો છે ! તેને આખું વિશ્વ ચલાવવાનું છે, કેટલો પ્રયાસ !

ઇશ્વરની ઉપાધિ એટલી વિશાળ છે કે જેની કલ્પના પણ કરવી અસંભવ છે. કયાંક દુષ્કાળ પડે છે ક્યાંક ભારે વરસાદ, તો બીજે કયાંક ભયંકર યુદ્ધ થઇ જાય છે ! આપણી નાની મોટી ઉપાધિઓમાં નાના મોટા દુ:ખ હોય છે. કયાંક પડી જઇએ, માથું ફુટી જાય. જ્યારે ઇશ્વરની ઉપાધિમાં અસંખ્ય લોકોના જીવ જતાં રહે છે. ઉપાધિ નાની હોય કે અત્યંત મોટી, ઉપાધિ ધર્મમાં શું ફરક પડ્યો? ઇશોપાધિ એટલીએ મોટી છે, કે કલ્પના જ ન કરી શકાય! તેમાં સારુ પણ એટલું મોટું અને ખરાબ પણ એટલું જ મોટું ! ઈશ્વરીય સત્તામાં દેવ અને દાનવ બન્ને છે. અર્થાત ઉપાધિ કેવી પણ હોય તેમાં ઉપાધિના ધર્મો જોડાયેલાં રહે છે. તે ઉપાધિ ભલે સામાન્ય મનુષ્યની હોય, ધનવાનની હોય, રાજાની હોય કે ઈશ્વરની હોય, તેમાં સુખ-દુ:ખ જેવા બધા ગુણધર્મ હોય જ છે. આ સિદ્ધાંતને સમજો.

બધાયના જીવનમાં એ દુરાશા રહી છે કે અહીંની ઉપાધિ વધારી અમે સુખી થઇ જઇશું. અમારી જંજાળ નાની છે, એટલે અમે દુ:ખી છીએ. જો અમારી ઉપાધિ મોટી થશે તો અમે સુખી થઇ જઇશું એવી ભાવના રહેવાને કારણે બધા પોત-પોતાની ઉપાધિને વધારવામાં જ વ્યસ્ત છે. ખૂબ પૈસા કમાવવા, મોટું પદ મેળવીશું, કીર્તિ વધારીશું તો વધારેમાં વધારે અતિશય સુખ મળે, એવી ત્રિરાશિ આપણે માંડીએ છીએ. છે કે નહી? પણ અહીં જ આપણો હિસાબ ચૂકે છે. આ સમપ્રમાણ નથી વ્યસ્ત પ્રમાણ છે. ઉપાધિ જેટલી વધે છે, એના પ્રમાણમાં સુખ નથી વધતું. ઉલ્ટાનું ઘટતું જાય છે ! જુઓ ને, ઉપાધિ પર્વત જેટલી વધારી દઇએ તો પણ, અન્નપાન વગેરે દૈહિક સુખ તો જેટલાં છે એટલાં જ રહે છે. પરંતુ માનસિક જવાબદારી, ખેંચતાણ વધતી જ જાય છે. ઉપાધિ અતિ વધી જાય તો તેના ઉપાયમાં જ બધો સમય ખર્ચ થઈ જતાં આરામ મળતો નથી. મનુષ્ય નથી શાંતિથી ખાઇ-પી શકતો કે નથી શાંતિથી ઊંઘી શક્તો ! શું એ સુખનાં લક્ષણો છે? ‘કિમ્ સુખમ્’? ‘સુખ-દુખાત્યય:’ ।

પ્રશ્ન -   સુખ ક્યું છે? સુખ અને દુ:અ બન્નેથી રહિત જે સ્થિતિ છે તે જ સાચું સુખ ! પોતાના નિજસ્વરૂપ એવા નિરુપાધિક બ્રહ્મ, તે જ નિજ સ્થિતિ છે. એટલું જાણવાથી આપણો ભ્રમ દૂર થાય છે.જો કે ‘તત્’ નો વાચારૂપી ઈશ્વર જ્ઞાનપૂર્ણ છે, જગત્કર્તા છે. તો પણ પરાત્પર બ્રહ્મએ, ઇશ્વર થવું એટલે એક પગથિયું નીચે ઉતરવા બરાબર જ !. ઈશ્વરને પણ વિદ્યોપાધિનું ગ્રહણ હોવાથી તેને પણ નિરુપાધિક બ્રહ્મમાં વિશ્રામ કરવો પડે છે. ઈશોપાધિનું વિશ્લેષણ કરીશૂં તો તેને લીધે જ વિશ્વની ભઠ્ઠી સળગે છે એવું જાણીશું ! તેમાં અસંખ્ય પરપોટાઓ હોઇ તેમાંના અનેક પરપોટા ઉકળતા રસાયણો જ છે ! ઉપાધિનો વિસ્તાર કેટલો અને વૈવિધ્ય કેટલું ! કેટલાય પરપોટા પર જીવસૃષ્ટિ પણ હશે. આ કલ્પનાતીત વિશ્વનો કલાપ કેટલો અફાટ !

ઇશ-નિર્મિત સંસાર પણ ઉત્પતિ –વિનાશ અને દુ:ખ રૂપ જ છે ! ગમે તે થાય, તોયે તે ઉપાધિ જ ને? ઇશોપાધિ જ અનેક લોપ-દોષ યુક્ત છે. તો જીવની ઉપાધિનું તો શું કહેવું? તે અત્યંત અલ્પ, વિનાશી, બંધનકારક અને દુ:ખદાયક છે. એમાં શંકા જ નથી. આ પ્રત્યેક વ્યક્તિનો અનુભવ છે. એટલા માટે જીવને બંધનમાં નાખનાર અનિષ્ટોનું નિરસન કરવું જ જોઇએ.

એક બાળકને પીઠ પર મકોડાએ ચટકો ભર્યો. તે બાળક મોટેથી રડવા લાગ્યું. પણ તેને મકોડાએ ચટકો ભર્યો છે તેનાથી અજાણ હોવાને લીધે તેને છાનું રાખવા તેને ડોલાવી, દૂધ પીવડાવી, ઘંટી વગાડી ચૂપ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ કેમેય કરીને બાળકનું રુદન બંધ થયું નહીં. અંતે બાળકની પીઠ પર હાથ ફેરવતા, તેને મકોડો કરડ્યો છે એવી ખબર પડી. તેને ઉખેડીને તરત જ ફેંકી દીધો અને બાળક શાંત થઇ ગયું. આ રીતે આ જીવ પણ અવિધાને કારણે આ જંજાળમાં આવીને બંધાઇ ગયો છે અને દુ:ખી થઇ રહ્યો છે. જો તે ઉપાધિ સાથેનું તાદાત્મય દૂર કરી દે તો તે આ બંધનથી મુક્ત થઇને મોક્ષરૂપી સમાધાનને પ્રાપ્ત કરી શકે છે. ઉપાધિના નિરસનથી મૂળભૂત અધિષ્ઠાન વસ્તુ બાકી રહે છે. જીવ અને શિવની ઉપાધિઓમાંથી શિવ ઉપાધિનું નિરસન કરી જોવું કઠિન છે, કારણ કે ઇશ્વરે નિર્માણ કરેલા વિશ્વનું જ આકલન થઈ શકતું નથી, તો

ઇશનું સ્વરૂપ કઇ રીતે સમજાય? જ્યારે એમ જ છે ત્યારે ઈશ્વરથી પણ ઉપર એવા પરબ્રહ્મને જાણવું એ તો તેના કરતા પણ અસાધ્ય છે! જોકે અનેક વ્યક્તિઓ બહારની ખોજમાં લાગેલા છે. તો પણ આજ સુધી તે કોઇને દેખાયો નથી. તથા તેનું ઠામ ઠેકાણું આગળ પણ મળવું શક્ય નથી. સંસારનું નિર્માણ કયારે થયું? સંસારની ઉત્પતિ પહેલાં શું હતું? આ વિષયમાં આપણે માત્ર કલ્પના જ કરી શકીએ છીએ. આટલા પાછળ જઈને પ્રત્યક્ષ જોવું શક્ય છે? શાસ્ત્ર વર્ણવે છે કે સૌ પ્રથમ ફક્ત એક માત્ર પરબ્રહ્મ હતું. તેમાં અહમનું સ્ફુરણ થયું. તેના પછી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ વગેરે પંચમહાભૂતોનું નિર્માણ થયું. પરંતુ આ બધા તર્ક જ છે. એનું કોઇ પ્રત્યક્ષ પ્રમાણ નથી. સારાંશ- ઇશ ઉપાધિનું નિરસન કરીને પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો શક્ય નથી. પણ જીવની ઉપાધિઓ એટલે આપની ઉપાધિઓનું પ્રત્યક્ષ નિરસન કરીને તેને જોઇ શકાય છે. દેહ-મન વગેરે ઉપાધિઓનું નિરસન કર્યા પછી, જે એક નિરુપાધિક વસ્તુ બાકી રહી જાય છે, તે જ અધિષ્ઠાન છે. અવિધા ઉપાધિનું નિરસન કરવું સુલભ સાધ્ય છે. પ્રત્યક્ષ શોધ કરવાથી અશક્ય લાગતી વિદ્યોપાધિનું નિરસન અનાયાસ પ્રાપ્ત થાય છે.

'તમે તમને શોધો'- આ અધ્યાત્મ અનુભવનો માર્ગ સુલભ, સાધ્ય અને પ્રત્યક્ષ પણ છે. શરીર, ઇન્દ્રિઓ, મન વગેરે આધાર અધિષ્ઠાન વસ્તુ તમે જ છો, એ જાણવાને માટે અધેય વસ્તુથી દ્રષ્ટી હટાવીને, મનને અંતર્મુખ કરવાથી દેહભાવ જશે. જોવું-સાંભળવું જેવા ઇન્દ્રિય વ્યાપારોનો ત્યાગ કરવાથી ઇન્દ્રિયો શાંત થશે. જાણવું છોડ્યું એટલે બુદ્ધિ દૂર થશે અને "હું આવો છું" એ ભાવ છોડતાં અહંભાવનું નિરસન થઇ જાય છે.

ગુરુએ આટલું વિવરણ કરી શિષ્યને પ્રશ્ન પૂછ્યો- જયારે શરીર, મન, અહંકાર વગેરે નથી રહેતાં તો તે વખતે બાકી શું રહે છે?

શિષ્યે કહ્યું- કંઇ પણ બાકી નથી રહેતું.

ગુરુ - 'કંઇ પણ બાકી નથી રહ્યું' એવું કહેવાવાળા તમે તો એકલા રહી ગયા કે નહી?

શિષ્ય – હા, " જે જ્ઞાનસ્વરૂપ બાકી છે તે જ હું છું. આ પછી જાણનારો જ હું છું, એવું હું સદૈવ માનીશ"

ગુરુ – 'હું જાણનારો છું', એ અમે પૂછ્યું ત્યારે આવ્યું. તારી સ્વાભાવિક સ્વરૂપ સ્થિતિમાં આ કહેવુ પણ શક્ય નથી હોતું, એટલા માટે આ આગંતુક કહેવું પણ છોડીને પોતાની મૂળ સ્થિતિમાં રહે. તે જ તારું અને પ્રત્યેક જીવનું સ્વરૂપ છે. તે સર્વાધિષ્ઠાન પરબ્રહ્મ છે.

ઉપાધિને કારણે કેટલીયે મુશ્કેલીઓ, દુ:ખ બંધન વગેરે આવે છે. કતૃત્વ-ભોકતૃતવ, સુખ-દુ:ખ, માન-અપમાન વગેરે લક્ષણો ઉપાધિનાં છે. ઉપાધિ રહે ત્યાં સુધી આપણે કેવી રીતે દુ:ખ રહિત અને નિશ્ચિંત થઇ

શકીએ છીએ? વિછીંને હથેળીમાં રાખીને એમ વિચારવું કે તે ડંખ નહીં દે, એ કઇ રીતે શક્ય છે ? વીંછીંના ડંખના લીધે થનારા દુ:ખથી બચવાને માટે એ આવશ્યક છે કે આપ તેને ઝટકો મારીને ફેંકી દો.

અંતે ટૂંકમાં સારાંશ કહીએ છીએ- ઇન્દ્રિઓ, મન વગેરે ઉપાધિઓનું નિરસન કરીને અધિષ્ઠાન સ્વરૂપ સચ્ચિદાનંદ 'અસિ' પદનો બોધ પ્રાપ્ત કરીને મુક્ત થાઓ. ઈશ્વરનું સ્વરૂપ આ જ 'અસિ' પદ છે, કારણ કે બે 'અસિ' પદ કે સત્ય હોઇ શકે નહી 'એકં હી સત્'

પ્રકરણ-૧૫

આત્માનું ચિત અને આનંદ લક્ષણ

આધાર શ્લોક - સદાચાર **૨૧**

વિશુદ્ધં કેવલ જ્ઞાન નિર્વિશેષ નિરંજનમ ।

યદેકં પરમાનંદં તત્વમસ્યદ્વયં પરમ ॥

આત્માના વિષયમાં "ઈતિ- આવો છે" એમ કહેવું શક્ય નથી પણ "ન ઇતિ- આવો નહીં" એમ કહી શકાય. શ્રીમદ ભગવદગીતામાં શ્રીકૃષ્ણએ "પરતસ્તુ" મન અને બુદ્ધિથી પર એવું "તે" છે, એવું કહ્યું છે પણ "આ જ" છે એમ નથી કહ્યું. જો બુદ્ધિ જાણી જ નથી શકતી, ત્યારે આપણે તેને "આ જ" એમ કેવી રીતે બતાવી શકીએ? તેમ છતાં તે પરમાત્મક- વસ્તુ બધાથી પર છે, તે મૂળ વસ્તુ બધાને આધારભૂત છે, એવા પર્યાયથી કે લક્ષણથી કહેવું શક્ય છે.

શ્રુતિ પણ આત્મા 'ઈતિ' એવું કહી ન શકી. તેને પણ 'ન ઇતિ' એમ જ કહેવું પડ્યું. "નત્વં દેહો નેન્દ્રિયાણિ ન પ્રાણો ન મનો ન બુધ્ધિ:" એમ વેદ પણ 'નેતિ' મુખથી જ બોધ કરાવે છે. અહીંનું એકપણ લક્ષણ આત્મવસ્તુમાં નથી. નામ, રુપ, આકાર, ગુણ, દેશ, કાળ વગેરે એ બધા "ઇતિ" માં જ આવતા હોવાથી એ બધાથી અલગ હોવાને લીધે, આ બધાથી પર છે એવું કહેવા માટે સદવસ્તુને 'તે' શબ્દથી સંબોધિત કરવામાં આવી છે. 'તત્વમસિ – તું તે જ છે' આ મહાવાકયમાં 'તે' એટલે, હમણાં અમે વર્ણવેલ સર્વાતીત, સ્વાનુભવગમ્ય સ્વરૂપ જ છે.

ઉપર સમજાવેલી યથાર્થ અનુભવદ્રષ્ટિ છોડી, આત્માને બુદ્ધિથી જાણી શકીએ છીએ, એવું માનવું છેલ્લે સુધી આપણને અસમાધાન અને અશાંતિ જ આપે છે. જેને બુદ્ધિથી જાણી શકાતું નથી, તે વસ્તુને બુદ્ધિથી જાણવાના પ્રયાસો કરવાથી, હું હજુ સુધી નથી જાણી શક્યો, હું હજુ સુધી નથી જાણી શકયો એમ કહી

આપણે ઉદ્વિગ્ન થઈએ છીએ ! એના મૂળમાં આપણી એ ખોટી ધારણા છે કે આત્મતત્વ અહીંના કોઇ લક્ષણોથી યુક્ત છે. આ જ કારણે આપણે ખોટો માર્ગ પકડી લીધો છે અને જે લક્ષણો તેમાં છે જ નહીં તે લક્ષણોથી તેને જાણવાનું સાહસ કરી અપયશ પામીએ છીએ. તો જ્ઞાન પ્રાપ્ત કરવું, એટલે શું? એવું તમે પૂછશો તો તેનો ઉત્તર આવો છે - આત્મા તમામ લક્ષણોથી રહિત હોવાથી તેને બુદ્ધિથી જાણી શકાતો નથી. આવું છે તો પણ તે સ્વાનુભવથી જ ગમ્ય છે, એ વાતને આપણે જાણી લેવી જોઈએ.

આત્માના પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપને જોવા કોઈ સાધનની આવશ્યકતા નથી. તે સ્વયં પ્રકાશ છે. જેમ – સૂર્યને જોવા માટે દીપકની આવશ્યકતા નથી, એ રીતે જ આત્માને જોવા માટે નેત્ર વગેરે કોઇપણ ઈન્દ્રિયોની આવશ્યકતા તો નથી જ પણ બુધ્ધિની પણ જરૂર નથી. સ્વયમેવ જ્ઞાન-સ્વરૂપ આત્મા જોવા માટે, અથવા તેઓ અનુભવ કરવા માટે કોઇ અંજનની જરૂર નથી. એટલે જ તેને ‘નિરંજન’ કહેવામાં આવે છે. મન જેને પ્રકાશિત શકાતું નથી, પરંતુ મન જેના થકી પ્રકાશિત થાય છે, તે વસ્તુ એટલે જ આત્મા ! મન, બુદ્ધિ વગેરે બધાં તેના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે આત્માનુભવ કરવા માટે વચ્ચે આવેલી તમામ ઉપાધિઓ દૂર કરશો એ પૂરતું છે. જોવાનું બંધ કરીને, કલ્પના કરવાનું બંધ કરીને, ‘હું’ રુપી અહંકાર છોડીને, એમ બીજું બધુ દૂર કરી સ્વયંમાં રહેવાથી આન્માનુભવ આપોઆપ પ્રાપ્ત થાય છે. બધું જ છોડીને દીધા પછી જે માત્ર જ્ઞાન રહે છે, તે જ તમે છો ! હું જ્ઞાન સ્વરૂપ છું, એવું કહેવુ એ પણ એક વૃત્તિ હોવાથી, તે વિશેષભાવ પણ તમે નથી. તમે હરપળ આ વૃત્તિમાં હોતા નથી. જયારે કોઈ આપને પૂછે છે, ત્યારે એટલાં સમય પૂરતાં “હું જ્ઞાન સ્વરૂપ છું” આ વૃત્તિ આવે છે. અર્થાત તે તમારું નિજ સ્વરૂપ નથી. એટલા માટે આ વિશેષ જ્ઞાનરૂપ વૃત્તિ પણ છોડી દે. આમ થતાં જ, કહેનારો જ બચતો નથી અને કોઈ પણ ઉત્તર ન મળતા મહામૌનની સ્થિતિ પ્રાપ્ત થાય છે. સારાંશ – સ્થૂળ શરીરથી લઈને વિશેષ જ્ઞાનરૂપ મહાકારણ શરીર સુધી તમામનો લય થઈ ગયા પછી જે કંઈ બચી જાય છે, તે તમે છો. જે કહી શકાય તેમ નથી, તથા અનુભવી શકાય તેમ નથી તેવા કેવળ જ્ઞાનસ્વરૂપ જ તું છે. ભાઈ ! એટલે જ તેને તદનુસાર નિર્વિશેષ, નિરંજન વગેરે નામ આપવામાં આવ્યાં છે. જે રીતે મોજાં ઉત્પન્ન થતા પહેલા પાણી જ પાણી હોય છે, તે જ રીતે મનમાં ઉત્પન્ન થતી કલ્પના રૂપી લહેરો નિર્માણ થતા પહેલા જ્ઞાન જ જ્ઞાન હોય છે. પાણી વિના લહેરો ઊઠી જ શક્તી નથી. તે પ્રમાણે જ્ઞાનના અધિષ્ઠાન સિવાય વૃત્તિરૂપી કલ્પનાનો ઉદય થતો જ નથી. જેવી રીતે લહેરો ઊઠતાં પહેલાં લહેરો તરંગિત થવાના સમયે તેમજ લહેરો શાંત થયા પછી પણ પાણી હોય જ હોય છે, તે જ રીતે વૃત્તિ ઊઠતાં પહેલાં, વૃતિનો અનુભવ થતી વખતે અને વૃત્તિના લય પછી પરિપૂર્ણ જ્ઞાન હોય જ હોય છે. તે પહેલા પોતે પોતાનામાં જ હોય છે, વૃત્તિના નિર્માણ પછી તે સાક્ષીરૂપ લે છે, વૃત્તિ નાબૂદ થયા બાદ ફરી પહેલા જેવો જ રહે છે, આને અનુલક્ષવાથી આત્માનુભવનાં રહસ્ય ઉકલી જાય છે.

આપણે હંમેશાં સંવેદનારૂપે રહીએ જ છીએ. આ કેવળ જ્ઞાન છે. કોઈ પણ વિષય જાણવો, આ સવિનય જ્ઞાન છે. પરંતુ સ્વંયની સ્થિતિમાં કોઈ વિષય નથી. મેં જાણ્યું એવું લાગે છે કે, પરંતુ ત્યાં કંઈ જાણવાનું પણ નથી. તત્પર્ય–તમામ વૃતિઓના લય થયા પછી જે નિર્વિષય જ્ઞાન માત્ર છે તે આત્મા તમે છે.

જેવી રીતે આપણે પોતાના અનુભવથી એ જાણી લીધું કે આપણે હર સમયે રહેવાવાળા સદ્રૂપ છીએ, તેવી રીતે જ હવે ચિત લક્ષણોનો નિશ્ચય કરીશું.

હું કેવળ ચૈતન્યરૂપ છું અને જોવું, કલ્પના કરવી અને વિષયને જાણવાની સાથે સંબંધ ન હોય એવું મારૂં અગાધ અસ્તિત્વ છે. "અલગ થઈને ન દેખાતા પોતે પોતાનામાં જ હોનારો અનુભવ સ્વરુપ હું થયો છું" આ વાત ત્રિપુટીરુપે અલગ થઈને ન અનુભવતા સ્વાભાવિક રીતે (intuition) તેનો નિશ્ચય કર.

સામાન્ય રીતે આપણે તેને જ માનીએ છીએ, જે આપણને અલગથી દેખાઈ રહ્યું છે. પરંતુ જે તમામનો આધાર છે, તમામ સંવેદનાઓના મૂળમાં છે, આપણે તેને નથી માનતા. આ મંદિરમાં હજારો માણસો બેઠા છે. આ વાતને તમામ સ્વીકારે છે. પરંતુ બધાને આધારભૂત એવી જમીન છે તે તેમને માન્ય નથી ! તે ભૂમિ તેને નજરે નથી પડતી એટલે તેઓ માનતા નથી, પરંતુ ધરતીના આધાર વગર કોઇ બેસી જ નહિ શકે. એ બાજુ તેમની દ્રષ્ટિ જ નથી. આ જ રીતે, જે તમામ જ્ઞાનનો મૂળભૂત આધાર છે, જે પરિપૂર્ણ અને સ્વયંસિદ્ધ છે, તેને નથી સ્વીકારતા ! આનો અર્થે એ છે કે, જયારે આપણે અતંર્મુખ થઈને જોઈએ છીએ, ત્યારે જે જ્ઞાનસ્વરૂપ છે તેનો અનુભવ થાય છે. જો તેનું બીજું પ્રમાણ આપવું પડે તો તેનો અર્થ એ થયો કે સત્ય બે છે. પરંતુ સત્ય તો એક જ છે અને તેનો નિશ્ચય સ્વાનુભવથી થાય છે. આ સિવાય કોઈ અન્ય માર્ગ નથી. આ રીતે, અમે જ્ઞાનધન, નિર્વિષય, જ્ઞાનમૂર્તિ આત્માના ચિત લક્ષણનું વિવરણ આપને આપ્યું.

આત્મા સ્વાનુભાવ ગોચર છે. તેનો અનુભવ લેવો એવું કહેવા પાછળ એક રહસ્યાર્થ છે. અમે ઉપર બતાવ્યું છે કે આત્મજ્ઞાન ત્રિપુટીરુપે પ્રાપ્ત કરવાનું નથી, એ જ રીતે આત્માનુભવ પણ ત્રિપુટીરૂપ નથી. તેને ત્રિપુટીરહિત સ્વયંસિદ્ધ અનુભવ દ્વારા અનુલક્ષિત કરવાનો છે, એવો ગૂઢાર્થ છે. આત્માને બુદ્ધિ દ્વારા નથી જાણી શકાતો. આત્માનુભવ અંતઃકરણ પૂર્વક જાણવાનો પ્રયાસ એક સાહસ છે ! મોટાભાગે બધાની એ ફરિયાદ હોય છે કે, મને અનુભવ નથી થતો ! તેઓ સમજે છે, કે જે રીતે અન્ય વિષયોનો અનુભવ થાય તેમ આત્માનો પણ અનુભવ અલગ રીતે થશે. પણ જેમ આત્મવસ્તુ મૂળ છે, તેમ સ્વયંરૂપ પણ અલગ અનુભવમાં ન આવનારું છે. એટલા માટે-ત્રિપુટી-રહિત સ્થિતિમાં રહેવાની કોશિષ કરો!

પોતાની સહજતાનો, અખંડતાનો અનુભવ ન હોવાને લીધે "હું જ છું" એવી દ્રઢ પ્રતીતિ પ્રત્યેક વ્યક્તિને થાય છે. બધાનો આ જ નિજાનુભવ છે. આના સિવાય થનારા અનુભવો તો આવે છે, અને જતાં રહે છે. અનેક સાધક એમ કહે છે કે કે મને એક વખત એવો અનુભવ થયો હતો, પરંતુ તે જતો રહ્યો. અનેક પ્રયત્નોથી થોડોક- અમસ્તો આવીને જતો રહે એ અનુભવથી શું પ્રાપ્ત થાય? જે રીતે આપણી સાથે હરપળ રહીને આપણી સેવા-શુશ્રુષા કરવા વાળા સંબંધી જ આપણને પૂર્ણ સુખ આપી શકે છે, અને ક્ષણિક રોકાઇ જનારા અતિથિ નહી. તે રીતે આપણી સાથે હરપળ રહેવા વાળો ત્રિપુટી રહિત મૂળ નિજાનુભવ જ આપણને પૂર્ણ સુખ પ્રદાન કરી શકે છે. સારાંશ- પોતાના સ્વયં સિદ્ધિ નિજાનુભવને ન જાણતા અથવા જાણતા રહીને પણ તેને ભૂલાવીને આવી ભાવના રાખવી કે અમને ત્રિપુટી રૂપથી સર્વકાળ સુખાનુભવ મળશે, એ ભૂલ ભરેલું છે.

બુદ્ધિથી અગોચર અસ્તિત્વની પ્રતીતિનું સ્કુરણ, હંમેશા અંદર થતું રહે છે. એને ક્યારેય બહારથી નથી લાવવું પડતું. તેને કોઈ પણ ક્રિયા દ્વારા સિદ્ધ નથી કરવાનું તે સ્વતઃ સિદ્ધ જ છે. એવી રીતે સદવસ્તુની બાબતે જે અજ્ઞાન છે. તેને માત્ર દૂર કરવાનું છે ! આમ કરવા માત્રથી જ તે પ્રગટ થઈ જાય છે.

તમે બધાં આત્મસ્વરૂપ જ છો, પરંતુ તમને તે ઓળખતા નથી આવડતું. હું આત્મા નથી, તમે એવી હઠ પકડીને બેઠો છો ! આ હઠને છોડી દો તો પછી જે આત્મા છો, તમે તે જ છો. આ જ મર્મ છે.

પ્રશ્ન – 'સોડહં' અભ્યાસ એ ત્રિપુટી આનંદરૂપ છે કે એ પણ નિરર્થક?

ઉત્તર - 'સોડહં' અથવા 'શિવોડહં' નો ત્રિપુટી રૂપ આનંદ કહી રહેલા પરિપૂર્ણ આનંદનું પ્રગટરૂપ છે. ત્રિપુટી સહજ સ્થિતિ અત્યંત સૂક્ષ્મ હોવાના લીધે એકદમ ધ્યાનમાં નથી આવતી. પરંતુ 'શિવોડહં'ના વિશેષ અનુભવથી એ ધ્યાનમાં આવે છે અને તુરીયના શ્રેષ્ઠ આનંદનો અનુભવ મળ્યો હોવાથી વિષયાનંદની તુચ્છતાનો ખ્યાલ આવે છે અને આશા, લોભ વગેરે દુ:ખોનાં કારણનો નાશ થઈ જાય છે. આને પ્રાપ્ત કરવા માટે વિશેષ આનંદની તુર્યાવસ્થા ખૂબજ આવશ્યક છે.

શિષ્ય – ગુરૂદેવ ! પહેલાં આપ કહેતાં હતાં કે જ્ઞાનાર્જન કરો. હવે આપ કહો છો કે જ્ઞાન જરૂરી નથી. આજ રીતે પહેલાં આપ કહેતા હતા કે અનુભવ પ્રાપ્ત કરો. હવે આપ કહી રહ્યા છો કે અનુભવથી આવશ્યકતા નથી. અમે કોને સાચું માનીએ અને શું કરીએ?

ગુરુ- જ્ઞાનની જરૂર નથી, એવું અમે ક્યારે કહ્યું?

શિષ્ય – આત્મસ્વરૂપમાં જ્ઞાનની ત્રિપુટી નથી અને ત્રિપુટીના જ્ઞાનથી આત્માને નથી ઓળખી શકાતો એ બતાવ્યું. એનો અર્થ તો જ્ઞાન નિરર્થક છે એ જ થાય છે ને?

ગુરુ – નહીં, નહીં. સાધકે કંઈ-ને-કંઈ તો જાણવાનું હોય જ છે. 'આત્મસ્વરૂપ બુદ્ધિથી સમજાય એવું નથી, ત્રિપુટીરહિત છે', આ વાત જાણવી તો જોઇએ ને? અર્થાત જ્ઞાનની આવશ્યકતા છે, એ સિધ્ધ થાય છે. આ જ રીતે, ત્રિપુટીરહિત થયા પછી પણ આત્માનો અનુભવ તો છે જ છે. એ પ્રાપ્ત કરવા માટે અંતર્મુખ થઈ તતસ્વરૂપ થવું જરૂરી છે. સારાંશ – અમે એ કહ્યું છે કે કોઇ પણ સંજોગોમાં આપણે આત્માનો અનુભવ પ્રાપ્ત કરવાનો છે જે તમે સમજી રહ્યા છો કે કંઈ પણ જાણવાનું નથી અને કોઈ પણ અનુભવ નહીં થવાવાળો શૂન્ય છે, એવું અમે નથી કહ્યું.

આત્મવસ્તુ અતીન્દ્રિય હોવાને લીધે, અનુભવ પ્રમાણ વગર તેને અન્ય કોઈ ઉપાય દ્વારા જાણી શકતો નથી. વેદોનું પણ આ જ કથન છે, અને ગુરુ પણ આજ અનુગ્રહ કરે છે. સદગુરુનો અનુગ્રહ અર્થાત આત્મજ્ઞાન અને આત્માનુભવ દ્વારા આતમજ્ઞાનના મર્મને સમજાવવો. જે રીતે કોઈ શાહુકાર પોતાની તિજોરીની ચાવીઓ પોતાના અત્યંત વ્હાલા અને વિશ્વસનીય વ્યક્તિને જ સોંપશે એ જ રીતે સદગુરૂ અધ્યાત્મ નિધિના જ્ઞાનાનુભવના રહસ્યરૂપી ચાવીઓ સોંપે છે. પોતે જ પરિપૂર્ણ અનુભવ સ્વરૂપ હોવા છ્તાં પણ, હું તેને નથી ઓળખતો, તેનો અનુભવ ક્યારે થશે, આ કોણ જાણી શકે છે, તેના માટે કોણ જાણે કેટલી સાધના કરવી પડશે- આ રીતની અનેક કલ્પનાઓ કરતો રહીને માણસ અનેક પ્રયત્નોમાં મંડયો રહે છે. પહેલાં સંસારના અપ્રાપ્ત વિષયોની બાબતે દુ:ખી રહેતો હતો, હવે એનાથી પણ વધારે વિષાદથી ઘેરાઈ જાય છે !

આત્મરૂપ બે નથી હોતા. એક જ આનંદમૃત સાગર છે ! આનંદામૃત સાગર અર્થાત શાશ્વત પરિપૂર્ણ આનંદ જ ! અમૃત એટલે કોઇ મીઠું પીણું એમ ન સમજો! પુરાણોમાં સમુદ્રમંથનમાં અમૃત કુંભ મળ્યો, અને એને ગરુડે ઉપાડ્યો એવું વર્ણન આવે છે. પણ અમૃતનો અર્થ છે શાશ્વતતા, મરણરહિતતા.

હવે આત્માના આનંદ લક્ષણનું પરિક્ષણ કરીએ. યાજ્ઞવલ્કય ઋષિએ પોતાની પત્ની મૈત્રેયીને આ જ વિષયનો ઉપદેશ આપ્યો હતો. વૈદિક કાળમાં યાજ્ઞવલ્કય એક અત્યંત ખ્યાતિ પ્રાપ્ત ઋષિ હતા. તેઓ મહારાજા જનકના ગુરુ પણ હતા. તેમનો શિષ્ય સમુદાય ખૂબ મોટો હતો. જેમને તેઓ જ્ઞાનબોધ કરતા હતા. તેમની મૈત્રેયી અને કાત્યાયની બે પત્નીઓ હતી. મહર્ષિ યાજ્ઞવલ્કયે પરમહંસ થઈને તમામ જંજાળોનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. તેમેણે પોતાની બન્ને પત્નીઓને કહ્યું કે તેમની અપાર સંપત્તિને તો એકબીજા વચ્ચે

બરાબર-બરાબર વહેંચી લે. તેમની મોટી પત્ની મૈત્રેયીએ વિચાર કર્યો કે તેમના પતિની નજરમાં અવશ્ય જ કોઈ આનાથી મોટી સંપદા છે, જેને માટે તેઓ આ બાહ્ય સંપદાનો ત્યાગ કરી રહ્યા છે. તે સંપત્તિમાં આ બાહ્ય સંપત્તિ કરતાં જરૂર વધારે ઉત્તમ સુખ મળતું હશે. એટલાં માટે તેમણે પોતાના પતિને પૂછ્યું, આપ આ સુખકારક સંપત્તિ છોડીને કેમ જાઓ છો? યાજ્ઞવલ્કયે કહ્યું, "વિશાળ સંપતિમાં સાચું સુખ નથી. મારે તો આત્માનંદની સ્થિતિમાં રહેવું છે". મૈત્રેયી બોલ્યાં, "જો એવું છે તો હું આ સંપત્તિ લઈને શું કરીશ? મને પણ આપ વાસ્તવિક સુખનો બોધ આપો અને આ તમામ સંપતિ કાત્યાયનીને આપી દો." આથી યાજ્ઞવલ્કયે તેમને કહ્યું :-

ન વા અરે પત્યું: કામાય પતિ: પ્રિયો ભક્તિ ।
આત્મનસ્તુ કામાય પતિ: પ્રિયો ભવતિ ।
ન વા અરે જાયાયા: કામાય જાયા પ્રિયા ભવતિ ।
આત્મનસ્તુ કામાય જાયા પ્રિયા ભવતિ ।।
ન વા અરે પુત્રસ્ય કામાય પુત્ર પ્રિયો ભવતિ,
આત્મનસ્તુ કામાય પુત્ર પ્રિયો ભવતિ ।
ન વા અરે સર્વસ્વ કામાય સર્વ પ્રિય ભવતિ,
આત્મનસ્તુ કામાય સર્વ પ્રિય ભવતિ ।।

ભાવાર્થ :- પતિને માટે પતિ પ્રિય નથી હોતો, પોતાના માટે પતિ પ્રિય હોય છે. પત્ની માટે પત્ની પ્રિય નથી હોતી, પોતાના માટે પત્ની પ્રિય હોય છે. પુત્ર માટે પુત્ર પ્રિયા નથી હોતો, પોતાને માટે પુત્ર પ્રિય હોય છે. ધન માટે ધન પ્રિય નથી હોતું, પોતાને માટે ધન પ્રિય હોય છે. ભગવાનને માટે ભગવાન પ્રિય નથી હોતા, પોતાના માટે ભગવાન પ્રિય હોય છે. બધાને માટે બધા પ્રિય નથી હોતા, પોતાને માટે બધા પ્રિય હોય છે.

સારાંશ- પત્ની- બાળકો, સંપત્તિ, વેદ કે ભગવાન ને કરેલો પ્રેમ ખરેખર આત્મપ્રેમ જ છે. આ સિધ્ધાંત એક વ્યાવહારિક ઉદાહરણથી સમજાશે. આપણે પુત્રને પ્રેમ કરીએ છીએ. અને પુત્રમાટે તેના મિત્રને પણ પ્રેમ કરીએ છીએ. આ બે પ્રેમ જેના માટે કરીએ છીએ તે પુત્ર પરનો પ્રેમ જ સત્ય ! તે પ્રમાણે બધા જ વિષયો પ્રત્યે જે પ્રેમ છે તે આત્મપ્રેમ જ છે. અર્થાત આત્મા જ બધા વહાલો છે !

એવું જોવામાં આવે છે કે સંબંધો જેટલા વધારે તેટલો પ્રેમ વધારે, અને સંબંધ જેટલો ઓછો તેટલો પ્રેમ ઓછો. ઉદા.- જેવી રીતે પુત્ર પ્રત્યે વધારે પ્રમ હોય છે, તેનાથી ઓછો પુત્રવધુ પ્રત્યે, તેનાથી પણ ઓછો પુત્રવધુના પિતા પ્રત્યે અને પુત્રવધુના પિતાના ભાઇ પ્રત્યે સાવ ઓછો! એટલે શૂન્ય જ. આ રીતે જેટલી નિકટતા વધતી જાય તેટલો તેટલો પ્રેમ વધતો જાય છે. આ બધાના અનુભવની બાબત છે તો પણ જે આપણા આ નિકટતમ પ્રેમસ્પંદનનું મૂળસ્થાન છે, તેને બધા ભૂલી ગયા છે. દીકરાથી પણ પરમપ્રિય વસ્તુ આપણી પાસે છે, પરંતુ તેનું વિસ્મરણ થઈ ગયું છે. એનો અનુભવ આપણને જીવનમાં આગળ જઈને થાય છે. દીકરો સાંભળે નહીં, વિરોધ કરવા લાગે, તે વખતે "કોણ કોનો દીકરો છે?" એવું કહી આપણે તેને ઘરમાંથી બહાર કાઢી મૂકતા પણ નથી ખચકાતાં. એટલા જ માટે બધાથી વધારે આપણને ખુદની સાથે જ પ્રેમ છે અને આત્મા જ પરમ પ્રેમાસ્પદ છે, આ વાત સિદ્ધિ થાય છે. **જેટલો વધારે પ્રેમ એટલો જ વધારે**

આનંદ, આ સ્વાભાવિક લક્ષણ છે. આ પ્રણાલી પરથી પરમ પ્રેમાસ્પદ એવા આપણે પરમ પરમાનંદ રૂપ જ છીએ એ ક્રમ છે.

પ્રત્યેક વ્યક્તિ આનંદરૂપ હોવા છ્તાં પણ અજ્ઞાન અને ભ્રાન્તિના લીધે એમ માની બેઠો છે બાહ્ય વિષયોમાં વધારે સુખ છે. આના લીધે નાનામોટા બધા બાહ્ય પદાર્થોની ઈચ્છા રાખે છે. આપણે પોતે સુખરૂપ છીએ. એ વાતને ભૂલી જઈને, વધારે સુખ અન્યત્ર છે, એવું માનીને સુખની શોધમાં આમ-તેમ, જયાં-ત્યાં ભટકી રહ્યા છીએ. આ એ રીતે છે, જાણે પાણીને તરસ લાગી જાય. હવે આ ભ્રમિત પાણી પોતાની તરસ છીપાવા માટે ગમે તેટલા પ્રયત્નો કરે, શું તેની તરસ મટશે? ક્યારેય નહીં. હા, જો તેને એ જ્ઞાન થઈ જાય કે, તે ખુદ જ પાણી છે, ત્યારે તે જ ક્ષણે તેની પ્યાસ સમાપ્ત થઈ જશે, અને તે તૃપ્તિનો અનુભવ કરશે. એ રીતે, હું સુખસ્વરૂપ જ છું, આ જ્ઞાન થતાં જ સુખની ઈચ્છા જ નથી રહેતી.

આપણે પરમ પ્રેમ સ્વરૂપ હોઇ, અત્યંત આનંદરૂપ પણ છીએ જ. એને ભૂલીને બીજા પાસેથી પ્રેમ અને સુખની અપેક્ષા રાખીએ છીએ. સુખ બીજા પાસેથી મળે છે, એવું સમજીને આપણે તેમને પ્રેમ કરીએ છીએ, પરંતુ વાસ્તવિકતા તો એ છે કે, આપણે પોતામા પ્રેમમાંથી જ થોડો ભાગ તેમને આપીએ છીએ અને તે જ પ્રેમમાંથી જ્યારે થોડો –અમસ્તો પ્રેમનો ટુકડો આપણને પરત મળે છે. તો આપણે તેને સુખ માની લઈએ છીએ. પુત્રને પ્રેમ કરો છો. તે પણ આપને પ્રેમ કરે છે. આથી આપણને એવો ભાસ થાય છે કે મને પ્રેમ મળી રહ્યો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પોતાના આત્મતત્વના પ્રેમનો કેટલોક ભાગ તમે બીજાઓને આપો છે અને તેમની પાસેથી તે પરત થવાની અપેક્ષા રાખો છો. જ્યારે તે પ્રેમ પરત નથી થતો, ત્યારે દુ:ખી થઈ જાઓ છો.

આ નિશ્ચિત છે કે મનુષ્યન સર્વાધિક પ્રેમ પોતાને જ કરે છે. પોતાનાથી એટલે શું શરીરથી ? નહીં. જો કસોટી દ્વારા તેનું પરીક્ષણ કરવામાં આવે તો આપણને જાણવા મળશે કે પોતાનો અર્થ આત્માથી છે. તે કેવી રીતે ? આપણે કોઈ મારવા આવે તો આપણે પોતાની આંખ અને મસ્તક બચાવીને તેમના તરફ પીઠ ફેરવી દઈએ છીએ. આથી સિદ્ધ થાય છે કે આપણને ઈન્દ્રિઓ પ્રતિ વધારે પ્રમ છે. ઈન્દ્રિઓથી વધારે પ્રેમ મન પર છે. મન કરતાં વધારે પ્રેમ બુદ્ધિ પર અને બુદ્ધિથી પણ વધારેમાં વધારે પ્રેમ આત્મા પર છે. પ્રત્યેક વ્યક્તિ ગમે તે કરી જીવિત રહેવા માગે છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા ઈચ્છે છે. તાત્પર્ય - પોતાની નિજ સ્થિતિ પર બધાને નિરાતિશય પ્રેમ છે. આનાથી એ જ સિદ્ધ થાય છે કે, આત્મા પરમાંનદ સ્વરૂપ છે

હે સાધકો ! પોતાના આંતરિક અનુભવ દ્વારા એ જાણી લો કે આપ આનંદસ્વરૂપ જ છો. પોતાની નિજ સ્વરૂપમાં રહેવાવાળી પરાશાંતિ તથા આત્યંતિક સુખ સંસારમાં બીજે કયાંય પણ નથી, એ વાત આત્માના યથાર્થ જ્ઞાનથી પ્રાપ્ત કરી લો, ભાઇઓ! આ પ્રકરણમાં અમે આત્માના ચિત અને આનંદ એ બે લક્ષણોનું વર્ણન કર્યું છે. --------------------------------

પ્રકરણ-૧૬

મહાવાક્યના 'અસિ' પદનું વિવરણ

શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે, ''હે ગુરુદેવ, 'અસિ' પદની કઇ સ્થિતિ છે? તેનો મહિમા શું છે? તેનું ઐશ્વર્ય કેવું છે? આ 'અસિ' પદ કેવી રીતે 'તત્' અને 'ત્વં' એ બન્ને પદોને એક કરે છે?'' શિષ્યનો પ્રશ્ન સાંભળીને ગુરુજી 'અસિ' પદના અર્થનું વિવરણ કરે છે. 'તત્વમસિ' મહાવાક્યનો અર્થ સમજવા માટે તેની વચ્ચે આવેલી ઉપાધિ અને વિષયના બારામાં જાણવું ઘણું જ આવશ્યક છે. ઉપાધિ નામ લેતાં જ તેનાં લક્ષણો પણ સાથે આવે છે. ઈશની ઉપાધિ પણ પૂર્ણ નથી. તે પણ ઉત્પત્તિ, વિનાશ વગેરે અનેક ન્યૂનતાઓથી ભરપૂર રહે છે. ભલે તે ઉપાધિ જીવની હોય કે શિવની હોય બન્ને બંધન કારક છે. એક લોખંડની બેડી તો એક સોનાની માત્ર એટલું જ અંતર છે. ઈશ્વર પોતાની બ્રહ્મસ્થિતિમાં રહીને સુખનો અનુભવ કરે છે, જગતની ખટપટોમાં નહીં ! એટલા માટે જ તે સ્મશાન ભૂમિમાં પણ વૈરાગ્યભાવથી આત્મધ્યાનમાં રત રહીને સુખ મેળવી લે છે. જો એમ ન હોત તો વિનાશનું કાર્ય કરવાં છતાં સુખ કેવી રીતે લઇ શકે છે? તાત્પર્ય – કેવળ આનંદૈક્યરસમય સુખ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કર્તા બ્રહ્માદિને પણ દુર્લભ છે !! જો આપ જગતની રક્ષા કરવાવાળા વિષ્ણુનું કાર્ય જોશો તો તેમણે ધરતી ઉપર અવતાર લઇને અનેક દુષ્ટોનો સંહાર કરવો પડ્યો છે ! એ સંહારનું કાર્ય કેવી રીતે સુખરૂપ હોઇ શકે? સારાંશ—ઉપાધિનું અવલંબન લઇને સુખ અને મુક્તિ કયારેય પણ સાધ્ય બની શકે નહીં.

ઉપાધિની સત્યતા થોડાક સમય પૂરતી જ લાગે છે, ખરેખર તો તે એક દેખાડો માત્ર છે. શ્રી સમર્થ રામદાસજી કહે છે કે "જાદુગરની જેમ આ સંસાર ઈશ્વરની માયા છે." જાદુગર પોતાનો ઝભ્ભો ખણ ખણ કરીને હજારો રૂપિયા કાઢીને આપને દેખાડે છે ! શું એ વાસ્તવિકતા છે? જો એ સાચું હોત તો તે પૈસા માટે હાથ શા માટે ફેલાવે છે?, છેલ્લે "ચાર આના આપો, આઠ આના આપો" એવું કેમ માગે છે? આ બધો જાદુનો ખેલ માત્ર દેખાડો છે. એ જ રીતે આ દ્રશ્ય પણ દેખાડો છે. તે માત્ર ખોટું જ નથી પણ દુ:ખ દાયક અને બંધનકારક છે ભાઇ!

'તત્વમસિ' મહાવાક્યમાં 'તત્' અને 'ત્વં' એ બે પદ છે. એ બન્નેમાં ભિન્નતા, સામ્યતા કે એકતા વગેરે કોઇ સંબંધ નિર્મિત કરવાનો થાય તો તે માટે સૌ પ્રથમ બન્ને પદો ઉપર એક દ્રષ્ટિ નાખીએ.

'ત્વં' અર્થાત્ તમે યા જીવ. તે દેખાવમાં આકાર, નામ, રૂપ, ગુણ યુક્ત છે. પરંતુ જો તેની ખોજ કરીશું તો સત્ ચિત્ આનંદ રૂપ છે. હવે 'તત્' નો અર્થ તે. ઈશ્વરનું નિજસ્વરૂપ એવું સત્યં, જ્ઞાનં, અનંતં પરબ્રહ્મ છે. જો આપણે આનું પરીક્ષણ **કરીશું તો જાણીશું કે સત્ ચિત્ આનંદ જ સત્યં, જ્ઞાનં, અનંતં છે**. આ નિર્ણય થી 'ત્વં' એ જ તત છે અર્થાત અસિપદ છે એ સિધ્ધ થયું.

ત્વં અને તત્ એક જ છે, એને ઘટાકાશ અને મઠાકાશના દ્રષ્ટાંત દ્વારા સમજી શકાય છે. આકાશ તો સર્વત્ર એક જ છે. પરંતુ ઘટ અને મઠની ઉપાધિ થી એ ઘટાકાશ અને મઠાકાશ બે દેખાય છે. આમાં ઘટ અને મઠ બન્ને ઉપમા એક નથી, કારણકે ઘડો નાનો છે અને મઠ મોટો છે. પરંતુ આકાશ એક હોવા છતાં પણ તે

બન્નેમાં બે રૂપોમાં દેખાય છે. અર્થાત્ ઘડાની દ્રષ્ટિએ જોઇએ તો ઘટાકાશ અને મઠની દ્રષ્ટિએ જોઇએ તો મઠાકાશ નજરે પડે છે. એ જ રીતે, તે સત્ સ્વરૂપ જો કે એક જ છે, પરંતુ જીવ દ્રષ્ટિથી એક પ્રકારનું દેખાય છે અને ઇશ દ્રષ્ટિથી બીજા પ્રકારનું દેખાય છે. પણ વાસ્તવમાં આકાશની જેમ તે સદ્દવસ્તુ જીવ અને શિવમાં એક જ છે.

હવે આપણે 'તત્' અને 'ત્વં' ના એકત્વને 'સોડયં દેવદત્તઃ' ના દ્રષ્ટાંત દ્વારા સિદ્ધ કરીશું. એક નગર હતું. તે નગરના રાજાનું નામ દેવદત્ત હતું. રાજા બધી રીતે ઐશ્વર્ય યુક્ત હતો. તેણે એક દિવસ ભગવા વસ્ત્રો ધારણ કરી સંન્યાસ લઇ લીધો અને એક દિવસ ગામમાં તો ત્રણ દિવસ નગરમાં પ્રવાસ કરતો કરતો, દેશ પર્યટન કરવા લાગ્યો. ફરતો ફરતો તે એક દિવસ એ નગરમાં આવ્યો કે જયાં તે રાજા હતો. નગરમાં આવીને તે એક મંદિરમાં રોકાયો. નગરવાસીઓને જાણ થઇ કે મંદિરમાં કોઇ સંન્યાસી આવીને રોકાયો છે. તેઓ પૂજ્ય ભાવ રાખી સંન્યાસીનાં દર્શન કરવા આવવા લાગ્યા. અનેક નગરવાસીઓ તેને ઓળખી ગયા. તેઓ અંદરો અંદર કહેવા લાગ્યા કે ''આ તો આપણો દેવદત્ત રાજા છે.''

જનતાએ સંન્યાસીને 'પોતાનો રાજા' કહ્યો તે શું તેનું રાજ્ય, તેની વેશભૂષા, વૈભવ કે અધિકાર જેવાં રાજ લક્ષણોને જોઇને કહ્યું? અત્યારે તો તે વૈભવહીન છે, તેણે કફની પહેરેલાં છે અને ભિક્ષા માગી રહ્યો છે ! કયાં સર્વાધિકારી રાજા અને ક્યાં આ નિરાધાર સંન્યાસી? ત્યાં વૈભવ છે, અહીં કંગાળપણું (દારિદ્ર) છે. ત્યાં રાજ્યાધિકાર છે, અહીં ક્ષુદ્રતા છે. ત્યાં પંચપકવાનયુક્ત ભોજન છે, અહીં ભિક્ષાનું અન્ન છે ! જો કે એ તમામ લક્ષણો એક-બીજાથી વિપરિત છે, તો પણ જનતા કહી રહી છે કે 'આ જ આપણો રાજા છે'. જનતાએ ન તો રાજાના સંન્યાસિત્વને જોયું અને કે ન જોયો તેનો રાજસી વૈભવ. તેમણે તો બન્ને સ્થિતિઓમાંના એક જ વ્યકતિત્વને જોયું. તેમની નજરમાં દેવદત્ત નામની વ્યક્તિ જ સંન્યાસી છે. એક વ્યક્તિ એક સમયે રાજા પણ હોઇ શકે છે અને બીજે સમયે સંન્યાંસી પણ હોઇ શકે છે. એ બધાં ઉપાધિનાં લક્ષણો છે. સંન્યાસ અને રાજત્વ એ તેની કૃત્રિમ અવસ્થાઓ છે. એ બન્ને અવસ્થાઓમાં રહેવાવાળો માણસ તો એક જ છે. આ જ તેની વાસ્તવિક સ્થિતિ છે.

ઉપર્યુક્ત દ્રષ્ટાંતથી એમ સમજી લો કે ઇશ એટલે વૈભવશાળી રાજા અને જીવ એટલે કોઇ સંન્યાસી. ઇશ અને જીવની ઉપાધિઓ ઉપર આપણે દ્રષ્ટિ દોડાવીશું તો જાણવા મળશે કે તે અત્યંત ભિન્ન છે. પરંતુ જયારે તેના નિજ સ્વરૂપને જોઇશું તે એક જ છે. દ્રષ્ટાંતમાંનુ સંન્યાસીત્વ અને રાજત્વ એ બન્ને છોડવાના છે એ પ્રમાણે (જહત લક્ષણ) દ્રષ્ટાંતમાં જીવની કિંચિતતા, અલ્પજ્ઞરૂપી અલ્પઉપાધિ છોડવાની છે, તે જ રીતે ઇશની સર્વજ્ઞત્વ, સર્વકતૃત્વ વગેરે મહા ઉપાધિને પણ છોડી દેવાની છે. તે મુજબ, સંન્યાસીનું વ્યક્તિત્વ અને રાજાનું વ્યક્તિત્વ ગ્રહણ કરવાનું છે (અજહત લક્ષણ). જીવનું સચ્ચિદાનંદ રૂપ અને ઇશનું શાશ્વત પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ ગ્રહણ કરીને તે બન્ને એક જ છે, એવો નિર્ણય કરવાનો છે – 'અસિ'

જો કે જીવનું સચ્ચિદાનંદ સ્વરૂપ અપરોક્ષ છે તો પણ શરીર અને મનના લીધે તેમાં મર્યાદિતતાની ભાવના હોય છે. ઇશ સત્યં- જ્ઞાનં -અનંત બ્રહ્મ રૂપ છે, એવું માની લેવાથી પણ ઇશ પ્રત્યક્ષ ન હોવાથી બ્રહ્મ પણ પરોક્ષ છે એવી ભાવના રહે છે. જે રીતે ઘટાકાશ અને મઠાકાશ અલગ-અલગ દેખાતા હોવા છતાં પણ તેમની અંદરનું આકાશ એક જ છે, તે રીતે જીવ અને શિવની અધિષ્ઠાન વસ્તુ તો એક જ છે. સત્ય એકમેવ છે એટલે **જીવની પરિછિન્નતા અને ઇશની પરોક્ષતા- એ બન્નેને છોડીને, પ્રત્યેક વ્યક્તિએ પોતાનો અને બ્રહ્મત્વનો નિશ્ચય કરવાનો છે.**

તમામ શ્રોતાજનોએ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે અમે જે 'જીવ-જીવ' એવું કહી રહ્યા છીએ, તે જીવ એટલે આપણે જ એ ખાસ ધ્યાનમાં રાખવું. જયારે અમે એમ કહીએ છીએ કે જીવ બ્રહ્મ છે તો આપ સૌને એમ લાગવું જોઇએ કે 'હું બ્રહ્મ છું' એવો પોતાને અન્વય કરી લેવો જોઇએ. અમે જીવ કહીએ છીએ, તે કોઇ બીજાની વાત નહી પણ તમારો પ્રત્યેકનો સંબંધ સમજાવી રહ્યા છીએ. તમારા પ્રત્યેકનું બ્રહ્મત્વ અમે દર્શાવી રહ્યા છીએ. અર્થાત તમે પ્રત્યેક વયક્તિ **'હું જ અખંડઐક્યરસ પરમાનંદરૂપ પરબ્રહ્મ છું' આરામરૂપ રામ છું**, આ અતિઉત્તમ ભૂમિકા સુધી પહોંચીને કૃતાર્થ થાઓ.

જીવ અને બ્રહમાત્મૈક્યના વિષયમાં એક બીજું દ્રષ્ટાંત આપીને અમે આ પ્રવચનને વિરામ આપીશું. "ગૌશાળામાં, સફેદ, કાળી અને લાલ વગેરે અનેક રંગની ગાયો હોય છે. કોઇના કપાળ પર ટપકું વગેરે જુદાજુદા ચિહ્નો હોય છે. ગોપાલક તે બધી ગાયોનું દૂધ દોહીને મોટા વાસણમાં ભેગું કરે છે ત્યારે તેમાંનુ આ સફેદ ગાયનું દૂધ, આ કાળી ગાયનું દૂધ, આ કપાળ પર ટપકાવાળી ગાયનું દૂધ, એમ અલગ અલગ દૂધ તારવીને દેખાડી શકાય ? જો સફેદ ગાયનું દૂધ સફેદ , કાળી ગાયનું દૂધ કાળું, લાલ ગાયનું દૂધ લાલ એમ હોત, તો તે જુદું કરી દેખાડી શકાત. પણ એવું હોતું નથી. બધી જ ગાયોનું દૂધ તેના રંગ કે આકાર પ્રમાણે ન હોઇ, એકરુપ સફેદ જ હોય છે. એ રીતે સર્વ નામ, રૂપ, આકાર, ગુણ વગેરેના જીવ પણ એક જ બ્રહ્મરૂપ છો. તમે બાહ્યરૂપથી ભિન્ન-ભિન્ન દેખાતા હોવા છતાં, તેનાથી કોઇ સંબંધ નથી એવા બ્રહમરૂપ જ છો. આ વેદમાતાએ પ્રત્યેકને આપેલું મહત્વપૂર્ણ વરદાન છે ! તમે સુંદર હો કે અસુંદર, શિક્ષિત હો કે અશિક્ષિત, તમારી જાતિ, કુળ, ગોત્ર ઉચ્ચ હોય કે નીચ, એ બાબતે કોઇ ચિંતા કરવાની આવશ્યકતા નથી. તમે એ જીવગુણોના અભિમાનને છોડીને બ્રહ્મતવને ધારણ કરો એટલે બસ ! તમામ કામ થઇ જાય છે. હે શ્રોતાજનો, તમે કોઇ પણ દેશ, પ્રાંત કે કોઇ પણ ભાષાવાળા હોવ, કોઇપણ કુળ, ગોત્રના હોવ, સ્ત્રી હોવ કે પુરુષ, યુવક હોવ કે વૃદ્ધ હોવ—કોઇ પણ હોવ, નિરપવાદપણે બધા ઉપનિષદના તત્ ત્વમ્ ઐક્યતાના વિશાળ સિદ્ધાંતને ગ્રહણ કરીને પરમપદ પ્રાપ્ત કરી લો, ભાઇઓ!

પ્રકરણ-૧૭

પરમાત્મપદ નિરૂપણ

હે શ્રોતાઓ, આપ પુણ્યસ્થાન પર આવીને પરમાત્મપદના પરમ ઉત્તમ વિષયનું વિવરણ આવું છે, એવું ધ્યાન રાખો અને તેનું શ્રવણ કરીને પરમ શ્રેયના ભાગીદાર થઇ જાઓ.

બધા જ પરમાત્મા, પરમેશ્વર, ઇશ, દેવ, ભગવાન એમ કહે છે. પરંતુ એ શબ્દોનો અર્થ શું છે, એ તેઓ નથી જાણતા. માત્ર વેદાંત જ ઇશ કે ભગવાનના સ્વરૂપને સ્પષ્ટ રૂપથી દર્શાવે છે. ઇશના વાચ્ય અને લક્ષ્ય એવાં બે રૂપ છે. જેમને ક્રમશ: પરમેશ્વર અને પરમાત્મા એવી સંજ્ઞા આપીએ. ઉપાધિ વિશિષ્ટ પરમેશ્વર રૂપ અને નિરૂપાધિક પરમાત્મા પદ પરબ્રહ્મ સ્વરૂપ. એ બન્નેને અલગ કરીને ઓળખવાના છે. દાસબોધના 'દેવશોધન' (દશક ૬ સમાસ ૧) ના નિરુપણમાં ગ્રામાધિપતિ, દેશાધિપતિ, ચક્રવર્તીની શ્રેષ્ઠતાને વર્ણવતા રહીને અંતમાં જગતના નિર્માતા, રક્ષક અને સંહારક બ્રહ્મા, વિષ્ણુ, મહેશને સર્વશ્રેષ્ઠ કહ્યા છે, અને એ ત્રણેયને પણ જેણે બનાવ્યા છે, તે પરમેશ્વર જ સર્વશ્રેષ્ઠ છે, એવું વિવરણ કર્યું છે. રામદાસ સ્વામી અહીં જ

નથી અટકતા. તેમણે બતાવ્યું છે કે સગુણનું નિરપેક્ષ, નિરૂપાધિક પરબ્રહ્મ જ ભગવાનનું આત્યંતિક સ્વરૂપ છે.

દાસબોધના 'ચત્વાર દેવ નિરૂપણ' સમાસમાં શ્રી સમર્થ રામદાસ સ્વામી એ ભગવાનના પ્રચલિત બધા જ સ્વરૂપોનું વિવેચન કરીને તેમના નિજસ્વરૂપને નિશ્ચયાત્મક ઢંગથી વર્ણવ્યું છે. ભગવાન કહેતાં જ આપણી દ્રષ્ટિ આપણા ઘરનાં મંદિરમાં સ્થાપિત ભગવાનની પ્રતિમાની તરફ જાય છે, અર્થાત્ પ્રતિમા જ ભગવાનનું પ્રથમ બાહ્યરૂપ છે. મોટેભાગે એ પ્રતિમાઓની પૂજાને જ સર્વસ્વ માનીને આપણે ભગવાનના મહિમામય નિજસ્વરૂપને ભૂલી જઇએ છીએ. પરંતુ જે ભગવાનના નિજ સ્વરૂપનો પરિચય પ્રાપ્ત કરીને તેમનો સાક્ષાત્કાર કરવાની પ્રબળ ઇચ્છા રાખે છે, એવા જિજ્ઞાસુ ભક્તોને જ ભગવાનના નિજ સ્વરૂપનો લાભ મળતો હોય છે. પણ ભગવાનના મંદિરની બહાર ઊભા રહીને દૂરથી જ નમન કરવા વાળાઓને દેવ દુર્લભ છે.

સારૂ, એ પ્રતિમારૂપી ભગવાન કયાંથી આવ્યા છે? મલ્લિકાર્જૂન, વ્યંકટેશ, વિઠ્ઠલ, કાશી વિશ્વેશ્વર વગેરેના ભક્તગણ પોત-પોતાનાં નગરોમાં મંદિર બનાવીને તેમાં જે-તે તીર્થોમાં રહેવાવાળા દેવતાઓ જેવી પ્રતિમાઓ સ્થાપિત કરી તેની પૂજા કરે છે. અર્થાત પ્રતિમાના ભગવાનનું મૂળ રુપ ક્ષેત્રમાંના દેવ જ છે. તમામ લોકો તીર્થક્ષેત્રના ભગવાનને પ્રત્યક્ષ પરમેશ્વર માનીને જ ત્યાંની યાત્રા કરે છે અને ત્યાં ચાર-ચાર કલાકો કતારમાં પ્રતીક્ષા કર્યા પછી તેમનાં દર્શન કરે છે.

હવે આપણે જોઇએ કે એ શિવ, રામકૃષ્ણ, હનુમાન, મલ્હાર વગેરે ક્ષેત્ર દેવતા કોણ છે? એની શોધ કરીએ તો જાણી શકીએ છીએ કે એ બધાં પૂર્વકાલીન અવતારી પુરુષ જ હતા. જે-જે ક્ષેત્રોમાં એમણે ધર્મસ્થાપના, અવતાર લીલાઓ કરી હતી, તે તમામ ક્ષેત્ર તીર્થોમાં પરિવર્તીત થઇ ગયાં. તાત્પર્ય – તીર્થક્ષેત્રોના મૂળમાં એ અવતારો છે.

અવતારનું મૂળ શું છે? અવતાર સગુણ-સાકાર રૂપ હોઇ તે અનેક છે. એ બધા અવતાર કોણ ધારણ કરે છે? મોટેભાગે બધા લોકો કોઇ એક અવતાર જ પરમેશ્વર છે એવી ભાવના રાખે છે. પરંતુ અવતાર ભિન્ન-ભિન્ન છે અને અનેક પણ છે. જયારે ઈશ્વર એક જ હોઇ તેમાંનો કોઇ એક અવતાર, પરમેશ્વર ન હોઇ શકે. એ નિર્વિવાદ છે કે તમામ અવતાર ધારણ કરનારો જ પરમેશ્વર છે. તે જ સંસાર ચલાવે છે અને તે જ ધર્મની સ્થાપના કરે છે. તે સગુણ પણ છે અને નિરાકાર પણ છે.

હવે, સગુણ અનાદિ ન હોઇ શકવાને લીધે, સગુણ-સાકાર ઇશ્વરનું મૂળ નિર્ગુણ- નિરાકાર પરબ્રહ્મ જ છે. એટલા જ માટે આ પ્રકરણને 'પરમાત્મપદ' એવું નામ આપવામાં આવ્યું છે. એકંદરે આ શોધ દ્વારા ભગવાન નીચેના અનેક રૂપોમાં જોવા મળે છે.

1. જડ સાકાર મૂર્તિ,
2. સગુણ-સાકાર અવતાર,
3. સગુણ-નિરાકાર પરમેશ્વર, અને
4. નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા

   આમાં જે અંતિમ છે તે ભગવાનનું નિજ સ્વરૂપ છે

   અમે અત્યાર સુધી જે બતાવ્યું છે તે એ બે શ્લોકોથી સિદ્ધ થાય છે.

   પૂજા કોટિ સમં સ્તોત્રં, સ્તોત્રં કોટિ સમં જપમ્ ।

   જપકોટિ સમં ધ્યાનં, ધ્યાનં કોટિ મનોલયમ્ ॥

આ શ્લોકોમાં ભિન્ન-ભિન્ન સાધનોને એકમેકથી કરોડ ગણા બતાવ્યા છે. બહિરંગ પૂજા કરાવવા કરતાં ભગવાનની સ્તુતિ સ્તોત્ર બહુ શ્રેષ્ઠ છે. અહીં એકવાત ધ્યાનમાં રાખવાની છે કે જેમ-જેમ સાધન શ્રેષ્ઠ થતું જાય તેમ-તેમ સાધ્ય પણ શ્રેષ્ઠ થતું જાય એ અનિવાર્ય છે. આથી એ આપોઆપ જ સિદ્ધ થાય છે કે અંતિમ સાધનના રૂપમાં બતાવ્યા પ્રમાણે મનોલયથી સાધ્ય થવાવાળા નિર્ગુણ પરબ્રહમ જ ભગવાનનું આખરી રૂપ છે. પૂજા, સ્તોત્ર, જપ, ધ્યાનથી મન સૂક્ષ્મ થતું જાય છે અને છેલ્લે તેનો લય થઇ જાય છે. જેનાથી નિર્ગૃણ-નિરાકાર વસ્તુ અનુભવાય છે. તે આ શ્લોક કહે છે. હવે તેનો વિચાર કરીએ,

ઉત્તમા સહજાવસ્થા ,મધ્યમા ધ્યાન ધારણા ।

અધમા પ્રતિમા પૂજા, તીર્થયાત્રાધમાધમા ॥

આ શ્લોક્માં "અધમા" નો અર્થ ખરાબ કે ત્યાજ્ય ન ગણીને ઊતરતી કક્ષાનું છે, એવો છે. વડીલ પોતાના સૌથી નાના પુત્રની વિવાહ-પત્રિકામાં એમ લખે છે કે અમારા કનિષ્ઠ પુત્રના વિવાહ... અહીં કનિષ્ઠ નો અર્થ છે બધાથી નાનો. જેમ વિવાહ-પત્રિકામાં કનિષ્ઠ શબ્દ બધાથી નાના પુત્ર માટે આવ્યો છે. એ રીતે, અધમનો અર્થ ઊતરતી કક્ષાનું એમ સમજવું જોઇએ.

પ્રથમ શ્લોકમાં સાધનાને ચઢતા ક્રમમાં બતાવવામાં આવી છે. તો બીજા શ્લોકમાં સાધનોને ઉતરતા ક્રમમાં બતાવ્યો છે. સાધનોને ચઢતા ક્રમમાં બતાવયા છે. ચઢતા ક્રમમાં પૂજા પહેલાં આવી છે અને ઊતરતા ક્રમમાં સ્વાભાવિક રૂપમાં પૂજા (તીર્થ યાત્રા) અંતમાં આવી છે. પહેલાં શ્લોકમાં, ચઢતા ક્રમમાં, ધ્યાન-ધારણાને શ્રેષ્ઠ બતાવ્યાં છે પરંતુ અંતમાં મનોલયને સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું છે. જયારે બીજા શ્લોકમાં સહજાવસ્થાને સર્વ શ્રેષ્ઠ સર્વશ્રેષ્ઠ બતાવી છે. સહજાવસ્થાનો અર્થ છે કે સાધકે નિર્ગુણ પરમાત્માના સ્વરુપને જાણીને સહજ ભાવે એ જ રહેવાનું છે ! તાત્પર્ય - બન્ને શ્લોકોમાં નિર્ગુણ-નિરાકાર પરિપૂર્ણ પરબ્રહ્મ જ

ભગવાનનું આત્યંતિક નિજ સ્વરૂપ છે, એવો એકાર્થ છે. અમે હમણાં જ કહેલો અર્થ વિશદ કરનારો એક દોહો હિંદી ભાષામાં છે.

એક રામ દશરથ કા બેટા, દૂસરા રામ હૃદયમેં બેઠા

તીસરા રામ સબ પસારા, ચૌથા રામ સબસે ન્યારા. – કબીર

આ દોહામાં સાધનની શ્રેષ્ઠતા- કનિષ્ઠતા ન બતાવતા સ્પષ્ટ રૂપે ઉત્તરોત્તર શ્રેષ્ઠ એવા ભગવાનના સ્વરુપના વિષયમાં કહ્યું છે. પહેલા રામ પૂજા-સ્તોત્રનો વિષય બનનારા દાશરથી રામ છે. બીજા રામ ધ્યાનનો વિષય બનનારા સગુણ- સાકાર ભગવાન છે. ત્રીજા રામ સમસ્ત સંસારને ચલાવનારા સગુણ- નિરાકાર ઈશ્વર છે અને અંતિમ રામ અસંગ પરબ્રહ્મ છે. સારાંશ- પહેલાના સંસ્કૃત શ્લોકમાં કહેલું મનોલય અને સહજાવસ્થામાં નિર્દેશિત થયેલું બ્રહ્મ સ્વરૂપ જ બધાથી ન્યારું અસંગ પરબ્રહ્મ છે.

નિજ પદ અર્થાત્ બ્રહ્મ પદના બારામાં કંઇ પણ કહી શકાતું નથી. તે વાણીથી મળતું નથી. પણ વાણી જ્યાં લય પામે છે ત્યાં તે પ્રગટ થાય છે. જો કે આ વાસ્તવીકતા છે તો પણ બધા જ પરમાત્મ સ્વરૂપનું ગુણગાન કરવાનો પ્રયત્ન કરતા રહે છે. તેઓ ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ એ સાધ્ય નથી થતાં. આનું શું કારણ છે? તેમની રીત ભૂલભરેલી છે. તેઓ પરમાત્માને આંખથી જોઇશું, વાણીથી વર્ણવીશું, બુદ્ધિથી જાણી લઇશું અને અંતઃ કરણથી અનુભવીશું, એમ કોઇપણ રીતથી તેને પડકવાની કોશિષ કરે છે. પરંતુ તેની પ્રાપ્તિ આમાંથી એકેય રીતે સંભવ નથી.

પરમાત્મા બુદ્ધિથી નથી મળતા, કારણકે બુદ્ધિની પાસે લક્ષણો જાણવાની શક્તિ છે. બુદ્ધિ નામ, ગુણ, રુપ, આકારને અલગ-અલગ કરીને જાણી શકે છે. પરંતુ પરમાત્માનું સ્વરૂપમાં આ પૈકી એક પણ નથી. જે વસ્તુને કોઇ લક્ષણો નહિ હોય, તેના બારામાં આપ કોઇને પૂછો તો શું બતાવી શકે? સારાંશ- પરબ્રહ્મને મન-બુદ્ધિથી જાણી શકતા નથી. તો તે વિષય બદ્દલ કંઇ કહેવું તો અસંભવ જ છે ! તે જ પ્રમાણે નિજસ્વરૂપ એવો અનુભવ તો પ્રાપ્ત કરી શકાય ને, એવું કહીએ, તો તે પણ શક્ય નથી. આ શ્રુતિ સિધ્ધાંત છે.

શ્રોતાનો પ્રશ્ન - જે વસ્તુની બાબતે કંઇ કહી નથી શકાતું, તેને જાણી નથી શકાતું, તેનો અનુભવ કરી શકાતો નથી તો તેને કઇ રીતે પ્રાપ્ત કરીએ? જ્યારે એમ કહો છો કે કોઇને પણ ન મળવાવાળો પરબ્રહ્મ એક જ છે, તો અમને તેનો ઉપદેશ કેમ આપો છો? જ્ઞાન પ્રાપ્ત કરી લો એમ કહો છો અને તે જાણી શકાતો નથી એવું પ્રતિપાદન કરો છો? આથી અમે દ્વિધામાં પડી ગયા છીએ.

ગુરુ— ખરું છે ભાઇ! "જાણવું જોઇએ" એ પણ સાચું છે અને જાણી નથી શકાતું એ પણ સત્ય છે. તે કેવી રીતે? આપણે પરબ્રહ્મને જાણી નથી શકતા, આ સિદ્ધાંત છે કે નહીં? શું આ સિદ્ધાંતને આપણે જાણવો ન જોઇએ? આપણે બ્રહ્મને જાણી શકીએ છીએ, પહેલાં એવું સમજતા હતા કે નહીં? હવે તે જાણી શકાતું નથી, તે

સ્વયંસિદ્ધ છે, તેને જાણવાની આવશ્યકતા નથી એ જાણવાનું છે. આથી એ સિદ્ધ થાય છે કે આપણને જ્ઞાનની આવશ્યકતા છે. પહેલા સાધક એમ સમજતો હતો કે પરબ્રહ્મ મન-બુદ્ધિથી જાણી શકાય છે અને તેને બુદ્ધિ દ્વારા જાણવાનો અઘરો પ્રયાસ કરતો હતો. તમામ સાધકોની આવી જ હાલત છે. તેઓ શ્રવણ દ્વારા, ગ્રંથોના વાચન દ્વારા, બુદ્ધિથી પરવસ્તુને જાણવાનો પ્રયત્ન કરી રહ્યા છે ! પરંતુ રસ્તો જડતો નથી માટે થાકીને બેઠા છે. ગુરુ તેમને બોધ આપે છે કે બુદ્ધિ દ્વારા પરબ્રહ્મને જાણી શકાય નહીં. અન્ય વિષયોની જેમ પરબ્રહ્મને જાણવાનો પ્રયતન કર્યો તો આખું જીવન જ નહીં, અનેક જન્મો વ્યતીત થઇ જશે તો પણ તેને આ રીતે જાણી શકાશે નહીં.

પ્રશ્ન—એમ હોવાનું શું કારણ છે?

ઉત્તર—પરબ્રહ્મ અન્ય વસ્તુઓની જેમ આપણાથી અલગ છે, આ સમજણ જ ખોટી છે. આના લીધે એવી ભાવના નિર્માણ થઇ ગઇ છે કે તેને જાણવું છે, તેનો અનુભવ કરવો છે. જો કે પરવસ્તુ જાણવામાં નથી આવતી તો પણ આ સ્વમેવ તમારું નિજ સ્વરૂપ છે, આ જાણી લો. આ બ્રહ્માત્મૈક્ય સામાન્ય વસ્તુ નથી. સાધકોને માટે આ અત્યંત લાભદાયક તથા તેના બધા જ શ્રમનો પરિહારક છે, પરંતુ એના આકલન માટે અંતર્દ્રષ્ટિ હોવી જરૂરી છે.

પરવસ્તુ નિર્ગુણ, નિરાકાર, નિર્દ્વન્દ્વ વગેરે છે. અર્થાત્ તેનો ન કોઇ આકાર છે, ન ગુણ છે અને નથી કોઇ દ્વન્દ્વ. પરમાત્મા ન-ન-ન, અ-અ-અ (અર્થાત્ શબ્દની પહેલાં 'ન' અથવા 'અ') લગાવીને દર્શાવવામાં આવે છે. જોકે તેને કોઇ કોઇ જગ્યાએ માત્ર જ્ઞાન કે માત્ર અસ્તિત્વ એમ કહેલ છે. તેમ છતાં વાક્યોમાં માત્ર શબ્દ રહી, બાકી તો નકારાર્થી અને અકારાર્થી જ રહે છે. એટલા માટે જ વેદોએ પરમાત્માના વિષયોને (ન-ઇતિ) શબ્દનો પ્રયોગ કર્યો છે. પરમાત્માનું ન કોઇ નામ છે, જ રૂપ છે, ન આકાર છે અને ન ગુણ છે. બધાને માટે 'ન' એવું જ કહેવું પડે છે. એટલા માટે વેદોએ નેતિ મુખથી તેનું વર્ણન કર્યું છે.

વેદોએ નેતિ મુખથી તેનું વર્ણન કર્યું છે, એનો અર્થ છે વેદોને નેતિ નામનું મુખ છે. તથા તે દ્વારે તે પરમાત્માનું વર્ણન કરે છે, એવું ન સમજતાં ! નેતિ એટલે ન-ઇતિ. મુખ એટલે રીત ! વેદોએ પરબ્રહ્મના બારામાં નેતિ-નેતિ અર્થાત્ આ નહીં! આ નહીં, આ રીતથી બતાવ્યું છે.

કોઇ પણ શિવક્ષેત્રનો મહિમા કહીએ ત્યારે, ત્યાંનું શિવલિંગ સ્વયંભૂ છે, એમ કહીએ છીએ. અર્થાત્ તેને કોઇએ ન બનાવેલું, મૂળતઃ જ અસ્તિતવમાન લિંગ જ શ્રેષ્ઠ છે. આ રીતે આ પરવસ્તુ પણ સ્વમેવ હોઇ, અખંડ, સદોદિત પ્રકાશ આપનારી સ્વયંજ્યોતિ છે. એનું વર્ણન વાણીથી નથી કરી શકાતું. એટલા માટે તે નિરાશ થઇ હશે, તથા બુદ્ધિ પણ તે પરતત્ત્વ પોતે જાણી શકતી ન હોવાથી હતાશ થઈ હશે. પરંતુ તમને તો, તે તમારું નિજ સ્વરૂપ છે, એટલા માટે પરમતૃપ્તી અને પરમાનંદદાયક છે. તેની પ્રાપ્તિ માટે તમારે કંઇ પણ કષ્ટ ઉઠાવવાનું નથી. તેના અલૌકિક અનુભવ માટે તમારી વાણી, મન, બૃદ્ધિને મહેનત કરવાની

આવશ્યકતા નથી. કંઇ પણ ન કરવાં છતાં તે સ્વમેવ પોતાનો છે. સાધકો ! આ સ્વયંસિદ્ધ, નિત્યપ્રાપ્ત આનંદનો આ સિધ્ધાંત 'કુબેરે અચાનક લાખો-કરોડોની સંપદા આપી દીધી હોય' એટલો રોમાંચક છે ! એટલું અપાર ધન મેળવવા માટે તમારે કેટલો બધો પ્રયાસ કરવો પડ્યો હોત ? અથવા તમે કેટલો પણ પ્રયત્ન કરો તો પણ આટલું અપાર ધન મેળવવું શક્ય ન હતું. એવી રીતે, આપણે પણ પરમાત્માને મેળવવા માટે, અમારે આ કરવું છે- તે કરવું છે, આટલું કરવું છે, તેટલું કરવું છે એવા પર્વતીય પ્રયાસોમાં લાગ્યા રહ્યા છીએ. પરંતુ આત્મનિધિના કુબેર એવા દયાળુ સંત શિષ્યોને – 'તે પરવસ્તુ તમે જ છો ભાઇઓ ! પાછું વળીને જુઓ' એમ કહી તેમને પરમાનંદ સુખ સામ્રાજ્યનો રાજા બનાવે છે.

પરમાત્માપદ પ્રાપ્ત કરવા માટે પોતાના નિજાનુભવનો અનુભવ કરવા લાયક આપણી દ્રષ્ટિ અંતર્મુખ હોવી જોઇએ. મહાલિંગગુરુ, " તારો અપરોક્ષ અનુભવ ચકાસીને જો" એવું કહે છે.છે. અપરોક્ષનો એટલે આપણી નિજ સ્થિતિ ! આ સ્વયંના અનુભવથી જો, તો પરવસ્તુનું આકલન થશે. આ તત્ત્વનો યોગ્ય રીતે અન્વય થાય તેવો સુતર્ક કે વિવેક કર. આ વિવેક રૂપી જ્ઞાનથી પરમાત્મા પ્રાપ્ત કરી લે. અક્કલસે ખુદા પહેચાનના ॥

તમામ શાસ્ત્રો દેવતા(ઇશ)ને પરમાત્મા એવું સંબોધન કરે છે. જો ભગવાન બધાનો આત્મા ન હોત તો તેને પરમ આત્મા એવું કહી, આત્માના અભિધાનથી સંબોધન કરવાનું કારણ નહોતું. અનેક દેવતા અને તમામ દેવતાઓ એ ઘોષણા કરે છે કે, 'હું બધાના હ્દયમાં વાસ કરું છું.'' ભલે પછી તે શિવ હોય કે રામ હોય કે કૃષ્ણ હોય. શિવગીતા, ભગવદ્ગીતા જેવા ગ્રંથોમાં એક જ વાત કહેવામાં આવી છે: ''હું ભૂતમાત્રના હ્દયમાં વસું છું''. સારુ, તે સર્વલોકોમાં કયા રૂપમાં વાસ કરે છે? નંદી ઉપર બેઠેલા શિવ, ધનુર્ધારી રામ, બંસીવાળા શ્રીકૃષ્ણ ઇત્યાદિના રૂપમાં ? આપણું હ્રદય તો એટલું બધું નાનું છે કે એમાં વૃષભારૂઢ શિવ વગેરે ભગવાન સ્થૂળ રૂપથી વાસ કરી જ ન શકે. સારાંશ—પરમાત્મા પ્રત્યેકમાં આત્મા રૂપથી વાસ કરે છે. આ જ સત્ય છે. એનો આધાર 'અહમાત્મા ગુડાકેશ' જેવા અનેક વચનોના ઉદાહરણો આપી શકાશે.

પરમાત્મા હ્રદયમાં વાસ કરે છે, એ સત્ય છે ! સમજાયું. પછી તેને જોવા માટે દૂર જવાની શી આવશ્યકતા છે? આપ જયાં બેઠા છો ત્યાંથી ઉઠવાની પણ જરૂર નથી. તેને અંદર જ જૂઓ. માની લો કે કોઇ એક મોટો અધિકારી છે. તે પોતાની ચેમ્બરમાં બેઠો છે. જો તમારે એને મળવું હોય તો શું કરવું પડશે? તે જયાં બેઠો છે તે ઓરડામાં જવું પડશે. તે રીતે પરમાત્મા ''ગુહાયાં સ્થિત" I ગુફામાં રહે છે. વાઘ-સિંહ જેવી અંધારી ગુફામાં રહે છે તેમ પરમાત્મા પણ અંધારી ગુફામાં રહે છે, તેવી તમને શંકા થશે. પણ અહીં ગુફા એટલે હ્રદયરૂપી ગુફા. ત્યાં પરમાત્મા બેઠા છે. અર્થાત્ પરમાત્માને મળવું હોય તો હ્દયરૂપી ગુફામાં પ્રવેશ કરવો પડે. તેમ ન કરી બહાર બહાર જ ફરીએ તો પરમાત્મા સાથે મિલન કેવી રીતે થશે?

એકાદા મોટા અધિકારીને મળવું છે એમ સમજો. કેટલાક લોકો તેમના બંગલામાં જઈ ‘સાહેબ છે?’ એવું પૂછે છે. ચોકીદાર ‘ સાહેબ સ્નાન કરે છે, તેમને સમય નથી’ એમ કહે છે. તે પાછા જાય છે. ફરી તેઓ જાય ત્યારે તે ચોકીદાર ‘ કોઇ મોટા અધિકારી આવ્યા છે, સાહેબને સમય નથી’ એમ કહે છે. આ સાંભળી તેઓ ફરીથી પરત જાય છે. ત્રીજી વખત ત્રીજું કારણ સાંભળી તેઓ પરત જાય છે. આવી રીતે સાહેબ મળશે? પણ જો યોગ્ય સમય મેળવી, ચિઠ્ઠી મોકલી, કે કોઇ યુક્તિ કરીને સાહેબના બંગલામાં પ્રવેશી તેમના દિવાન ખંડમાં જવાથી સાહેબની મુલાકાત થશે. તે રીતે અહીં પરમાત્મારૂપી સાહેબ તો આપણા હૃદયમાં બેઠા છે, એટલા માટે સીધા હૃદયમાં પ્રવેશ કરવો જોઇએ. ત્યારે જ આપણે તેમને મળી શકીશું. આ સિધ્ધાંત થયો. અર્થાત પરમાત્માના દર્શનન માટે અંતર્મુખી દ્રષ્ટિ હોવી જોઇએ.

ગુરુ શિષ્યને બોધનો સારાંશ કહે છે - અંતિમ પ્રાપ્તવ્ય એવા પરમાત્મા સ્વરૂપનો સાક્ષાત્કાર અંતર્મુખી દ્રષ્ટિથી કરી લે. **પરમાત્માપદ નિર્ગુણ નિરાકાર છે. નિત્ય-પરિપૂર્ણ છે. આનંદમય છે. સર્વવ્યાપક છે. તે બધામાં છે. તે તારામાં પણ છે. તે તમારું નિજસ્વરુપ જ છે.**

તૃતીય વિભાગ

પરમાનંદરૂપતાનો આત્માભ્યાસ

પ્રકરણ- ૧૮

પ્રાથમિક સાધનાનો સુલભ આત્માભ્યાસ

પીઠીકા-- સાધકો માટે અતિ મહત્વના વિષય એવી સાધનામાં અનેક ત્રુટિઓ હોય છે. તેને લીધે તત્વોનો વિપર્યાસ, સાધનાને કાર્યગત કરનાર કાર્યભૂમિનું અજ્ઞાન, સાધનામાં પ્રમાદ, ખોટો માર્ગ, સાધનાનું અભિમાન વગેરેનો ભોગ બની સાધક સાધનામાં નિષ્ફળ જાય છે. આપનું ધ્યાન એ ખામીઓની તરફ દોરતાં, અમે અહીં આ પણ બતાવી રહ્યા છીએ કે આપણે તેનું નિવારણ કઇ રીતે કરવું.

૧) અનુભવી સત્પુરુષો પાસે શ્રવણ કરવાનું મહત્વ – વેદાંતના અત્યુચ્ચ સિદ્ધાંત એવો આત્મસાક્ષાત્કાર કઇ રીતે સાધવો એ વિષયમાં સાધકોને અભ્યાસ બતાવી તેઓ કયાં ભૂલ કરી રહ્યા છે એ બતાવી દેવાનું કામ (વિવરણ) ચીવટપૂર્વક કર્યું, તો શિખર પ્રાપ્ત કરી શકાય છે. આથી વિપરીત, જો માત્ર સિદ્ધાંત જાણી, તેનો અનુભવ લેવા જઇશું તો દિશાહિન થઇને લપસી પડાશે. એટલા માટે શાસ્ત્રથી જેટલું કહેવાય તેટલું કહી, અંતે અનુભવી ગુરુમુખથી જ શ્રવણ કરવું જોઇએ, એમ તે કહે છે.

૨. અનેક સાધક એ વિચારે છે કે, અમે પણ સાધના કરીશું, પરંતુ હકીકતમાં શું થાય છે- ‘કરવું છે’ ‘કરીશું’ એમ વિચાર કરતા રહીને એને આગળ ધકેલે રાખે છે. આવા સાધકો કયારેય પણ, કંઇ પણ મેળવી શકતા નથી.

જીવને પોતાના સ્વાર્થની વાતને સિદ્ધ કરવાનું ખૂબ જ કુશળતાથી આવડે છે. જે બોધ આપે છે, તેમને તે એમ કહીને ઉડાડી દે છે કે આપ જે કહો છો તેના બારામાં આગળ, ફરી કયારેક વિચારીશું.

૩. ‘કરે તો સાંજ સુધીમાં નહીં તો ચાંદ રહે ત્યાં સુધી’. જે કરવા ઇચ્છે છે તેના માટે કંઇ પણ અશક્ય નથી. તે રાત થતાં પહેલાં (થોડી જ વારમાં) પૂરેપૂરું કામ કરી નાખે છે. પરંતુ જે કામચોર છે તેનાથી તો સૂરજ-ચાંદ રહે તયાં સુધીનો સમય પણ ઓછો પડે છે. સાધનાભ્યાસ માટે પણ આ જ નિયમ લાગુ પડે છે.

૪. નિરુપણ કાળમાં જ અભ્યાસ કરો- ‘શ્રવણ પૂરું થયા પછી એક સાથે અભ્યાસ કરી લઇશું’ જો એમ કહેશો તો નિરૂપણનો કાર્યક્રમ થયા પછી અભ્યાસ કરવામાં ઉત્સાહ નથી રહેતો. મોટેભાગે નિરૂપણ કરતી વખતે

તમે જે પણ સાંભળ્યું છે તેમાંથી ઘણી બધી વાતો ભૂલાઇ જાય છે. અને તે સમયે અભ્યાસ શરૂ કર્યો, તો સંશય પેદા થઈ ફરી જ્યારે ગુરુજી આવશે ત્યારે તેમને પૂછી લઇશું, એવું મનમાં આ અભ્યાસ આવતા સાધક ત્યાંનો ત્યાંજ રહી જાય છે. ત્યારબાદ ચાર-પાંચ મહીનાનો દીર્ઘ કાળ વ્યર્થ ગુમાવી સાધક કોરોને કોરો રહી જાય છે.

૫. અભ્યાસ સફળ ન થવાનું કારણ—સાધક અભ્યાસ ખરા વખતે જ ઢીલો પડી જાય છે, એ જ છે. તેની સ્થિતિ એવા અપયશી પહેલવાન જેવી છે, જે મહિનાઓ સુધી કુસ્તીની તૈયારી કરે છે, પરંતુ પ્રત્યક્ષ કુસ્તી કરવાના સમયે તેના હાથ-પગ ઢીલા થઈ જાય છે. પરંતુ કરવાના કાર્ય તરફ લક્ષ્ય રાખનાર સાધક, પ્રત્યક્ષ કાર્ય કરવાની ક્ષણની પ્રતીક્ષા કરે છે અને સમય આવતા જ અભ્યાસનું તીર છોડી લક્ષ્યને સાધ્ય કરી લે છે.

૬. મોટા ભાગના સાધકો અભ્યાસ બહુ જ થોડો કરે છે અને વાતો વધારે કરે છે. તેઓ ‘અમે સાધના કરનારા છીએ’ એવું અભિમાન રાખી, અન્ય સાધકોને અનાભ્યાસી (સાધના ન કરનારા) દેખાડે છે તથા તેમને તુચ્છ ગણે છે. મોટી-મોટી સાધના કરવામાં નિમગ્ન એવા મહાત્મા રુપી સિંહ કયાં છે કોણ જાણે? ફક્ત નાના-નાના સાધકરૂપી ઉંદરડાઓ અવાજ ઘણો કરે છે !

૭. વિવેકી સાધક, જે જાણવાનું છે તેને ટૂંકમાં જાણી લઇ અભ્યાસ આત્મસાત કરી લે છે. પરંતુ અવિવેકી સાધક ગમે તેટલું શ્રવણ કરે છતાં પણ તેમનો એવો આગ્રહ રહે છે કે હજુ વધારે સાંભળવું છે. પરંતુ, તેને કેવી રીતે આચરણમાં મૂકી શકાય તે તરફ તેમનું ધ્યાન નથી જતું.

૮. અભ્યાસ કરવાની પદ્ધતિ એ છે કે તે રીતે પ્રત્યક્ષ રહેવું. જો ‘ઉત્તર કુમાર’ ની જેમ ‘આમ હોવું જોઇએ, તેમ હોવું જોઇએ’ એમ કહેવાની ટેવ પડી ગઇ તો એનાથી કોઇ લાભ થવાનો નથી. વસ્તુસ્થિતિ એ છે કે આત્માભ્યાસ કરતી વખતે સાંસારીક કામો કોઇ રૂકાવટ નથી કરતાં અને સાંસારિક કાર્ય કરતી વખતે આત્માભ્યાસ વચ્ચે નથી આવતો. પરંતુ સાધક પોતાની સાંસારિક વૃત્તિ ન છોડવી પડે તે માટે કારણ વગર કામનું બહાનું બનાવ્યા કરે છે. ખરેખર તો અભ્યાસની એકાગ્રવૃત્તિને લીધે અન્ય સાંસારીક કાર્યો સહજ રીતે થઇ જાય છે અને સાધકોને કઈ રીતે સુગમતાપૂર્વક આત્માકાર સ્થિતિમાં લાવી દે છે એ વાત તો અભ્યાસ પ્રવીણ જ જાણે !

૯. દિવસના ચોવીસ કલાકમાં પોતાની સહજ આત્મસ્થિતિનો ત્યાગ કરીને દ્વૈત ગ્રહણ કરવું પડે તેવી આવશ્યકતા તો બહુ ઓછો સમય હોય છે. પ્રાત:કાળમાં ઉઠીને શૌચ, મુખમાર્જન કે સ્નાન કરતી વખતે, ફરવા જઈએ ત્યારે, રમત કે વ્યાયામ કરતી વખતે ભોજન કરતી વખતે અને સંપૂર્ણ રાત્રી દરમ્યાન સહજ આત્માકારથી રહેવામાં શું વાંધો છે? પણ સાધકો વિનાકારણ પિષ્ટપેષણ કરનારી પ્રપંચ વૃત્તિ, પારકી પંચાત અને લૌકિક ભાવનાઓનું કલ્પનારાજ્ય વધારીને આત્માભ્યાસને તક આપતા નથી.

૧૦. આત્માભ્યાસ કરવાવાળા સાધકોએ તે વ્યવહારો વધારી, સદૈવ ધ્યાન આપવું પડે એવી ઉપાધિઓ છોડી દેવી જ યોગ્ય છે. અથવા તો એવા વ્યવહારો પોતાના બંધુ, પુત્ર કે વિશ્વાસુ વ્યક્તિઓને સોંપી શકાય. શ્રેષ્ઠ આત્મ સાધના માટે, "બધું મારે જ કરવું જોઇએ", એવી લૌકિક બુધ્ધિનો ત્યાગ કેમ ન કરવો જોઇએ?

૧૧. સાધના માટે સમયનો ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ- વાતચીતમાં નિરર્થક વ્યતીત કરેલ એક કલાક, સામાન્ય વ્યવહારના કાર્યોમાં વ્યતીત કરેલ એક કલાક, શ્રેષ્ઠ વિચાર કરવામાં વ્યતીત કરેલ એક કલાક અને આત્માનુસંધાન અને પ્રભુ ભક્તિ વગેરે ઉન્નત સાધનામાં વ્યતીત કરેલ એક કલાક, એ બધાં સમાન અવધિનાં કામો છે અર્થાત એક કલાક એ આપણી ઈચ્છાનુસાર ફળ આપનારું કલ્પવૃક્ષ છે, એવું કહીએ તો, કલ્પવૃક્ષ પાસે છાશ માગનારા દરિદ્રની જેમ સમય પાસે ક્ષુદ્ર કામ કરી લેવા કરતાં, કલ્પવૃક્ષના યોગે કુબેર થયેલા ભાગ્યપુરુષોની જેમ એ જ સમયનો ઉપયોગ પરમપદની પ્રાપ્તિ આપનાર સાધના માટે કેમ ન કરીએ?

૧૨. સમય નથી જતો કે સમય ખૂબ છે તો આ સમયને શું ધન કમાવામાં, કથા-કાદમ્બરી વાંચવામાં કે સિનેમા જોવામાં અર્થાત કંચન કામિની સંબંધિત વિષયોમાં જ પસાર કરવાનો છે? સમય પસાર કરવાના એ બાધક વિષયોને છોડીને એનો સદ્ઉપયોગ અધ્યાત્મ વાચન તથા આત્માનુસંધાન જેવા શ્રેષ્ઠ સાધનોમાં શા માટે ન કરવો જોઇએ?

૧૩. અમે માનીએ છીએ કે પ્રત્યેક દિવસના ચોવીસ કલાકનો ઉપયોગ જો નીચે લખ્યા પ્રમાણે સમપ્રમાણમાં કરવામાં આવે તો એમાં કોઇને કોઇ વાંધો નહીં હોય-

1) આઠ કલાક નોકરી ધંધા માટે
2) આઠ કલાક ઉંઘ અને વિશ્રામ માટે
3) ચાર કલાક ભોજન, બજાર, રમત, મનોરંજન વગેરે માટે
4) ચાર કલાક સાર્થકતા માટે કરવાની સાધના માટે.

હવે, ઉમર પ્રમાણે નિંદ્રાની અવધિ બે-ત્રણ કલાક ઓછી કરી તે સમયનો સદઉપયોગ સાધના માટે કરી શકાય કે નહિ? અથવા બીજા માટે કરવાના કામ કે બહુ કામ હોવું જેવા કારણોને લીધે જેમની નિદ્રા ઓછી થઇ ગઇ છે તેઓ આ બચેલા સમયનો ઉપયોગ અન્ય કાર્યો માટે કરી શકે છે. પરંતુ સાધકે આ બચેલા સમયનો ઉપયોગ આળસમાં, વધારે સૂવામાં, ગપાટા મારવામાં કે દૈનિક તેમજ માસીક પત્ર-પત્રિકાઓ વાંચવા જેવા સામાન્ય કાર્યો માટે સાધના નો સમય ન બગાડવો જોઇએ, એટલું જ !

૧૪. 'મને સાધના કરતો જોઇને લોકો મારા વિષે શું-શું વિચારશે? તેઓને કેવું લાગશે?' આ ભય છોડીને નિર્ભય થઇ જાઓ. બીજાઓનાં ભયથી પોતાનું સંતુલન ન ખોઓ. બીજાઓને આ ગમતું નથી એવું માનીને તમારી સાધનાની પ્રગતિમાં અડચણ ન આવવા દો.

૧૫. લૌકિક સંબંધીઓ અને મિત્રવર્તુળ તમને પરમઅર્થથી વિમુખ કરવા માટે તમારા ગુરુ અને તમારી સાધનાની નિંદા કરશે. તેઓ અનેક પ્રકારની વાતો કરશે- જેમકે, "આ ગાંડપણ છોડી દે, તે સાધુની સંગતમાં તારૂં જીવન બગાડતો નહીં". તેઓ તમારા હિતચિંતક બનીને આ રીતની અનેક વાતોથી તમને સમજાવશે. પરંતુ તમે એમની વાતો સાંભળી ચૂપ ન રહેશો. તમારી સત્યનિષ્ઠાની ઝલક તેમને બતાવો. તેમને કહો, ''તમારા પાસે જ્ઞાનચક્ષુ નથી". "તમે ગળતા માટલા પર ભરોસો રાખી પાણીમાં પડ્યા છો" "કારણવગર જ વિષયો રૂપી કાદવમાં ફસાયેલા છો.'' જયારે તમે કોઇ સંકોચ રાખ્યા વગર તેમને સ્પષ્ટપણે આમ કહેશો તો એ લૌકિક હિતચિંતકો તમારી નજીક પણ નહીં આવે.

હે સાધક, જો તું કોઇ નાની એવી શાળા કે મહાવિધાલયના વિધાર્થી હોય, નાની ઉમરનો હોય કે કોઇ નાની નોકરી કરી રહ્યો હોય તો તારા શિક્ષક, પ્રોફેસર, માતા-પિતા, સંબંધી, ઉપલા અધિકારી, એ બધા પોતાના મોટાપણાના અધિકારનો પ્રયોગ કરીને તને સાધનાથી વિમુખ કરવાના પ્રયત્નો કરશે. તે વખતે તું નીચે પ્રમાણે વર્તન કર - તેમની મોટાઇના વિરોધમાં તું કંઇ કહી શકે એમ ન હોય અને તે વખતે તેઓ તારી સાધનાના વિરોધમાં ઉપદેશ કરી રહ્યા હોય, ત્યારે તું તારી ડોક ફેરવીને મંદ મંદ હસતાં રહીને બધું સાંભળતો રહે. તેમને એવું લાગવું જોઇએ કે તુ તેમની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો છે અને તેમની સાથે સહમત છો. આથી, એમના દ્વારા કહેલી દરેક વાતની અર્થહીનતાને ઓળખીને તેને નકારવા બરાબર જ થઇ જશે.

૧૬. વાદી શિષ્ય— હું કઇ રીતે આ વ્યક્તિત્વથી અસંબંધિત નિલિપ્ર્ત પરબ્રહ્મ છું? આપ કહો છો કે આકાશના સૂર્યની જેમ પ્રતિબિંબની મલિનતા શુદ્ધતાથી નિર્લિપ્ત છું. હું મારાં શરીર અને મનનાં સારાં-ખરાબ પાપ-પુણ્યથી પર છું. તો પછી હું આ નિવૃત્તિ- સ્વરૂપને છોડીને, વૃત્તિસ્વરૂપનો અભ્યાસ શા માટે કરું? શરીર-મન-બુદ્ધિ- અહંકાર એ પોતાનાં સારાં-ખરાબ લક્ષણો પ્રમાણે રહે છે તો રહેવા દો. એથી શું નુકસાન થઇ જવાનું છે? હું તો મારી મૂળ નિર્લિપ્તામાં રહું છું. જે વૃત્તિ મારી નથી, જો તે દુષ્ટ છે તો એનાથી શું નુકસાન થવાનું છે? અર્થાત મારે અભ્યાસ કરવાની શું જરૂર છે?

ગુરુ- પોતાની ઇચ્છાનુસાર લોભ-મોહનો સંગ્રહ કરનારો તું સૂર્યના દ્રષ્ટાંતમાંની કઈ વસ્તુ સાથે તુલના કરી બોલી રહ્યો છે? 'હું સૂર્ય સમાન છું' એવું જો તું કહેતો હોય તો તારે માટે પ્રપંચાદિ વ્યવહાર કરવા અશક્ય છે. તું સ્વેચ્છાએ સારું-ખરાબ પાપ-પુણ્યાત્મક વ્યવહાર કરૂં છું એમ કહે છે ત્યારે તું પ્રતિબિંબના સ્થાને છે, એ જ ખરું.

વાદી શિષ્ય—હું વ્યવહાર કયાં કરું છું? વ્યવહાર તો શરીર-મન-ચિત્ત- અહંકાર એ જ બધા કરે છે.

ગુરુ—શરીર અને મન તો જડ છે. એ શું કરી શકે? અહંકારરૂપ હોવાને લીધે જ તુ જ દેહ મન દ્વારા બધું જ જાણીને યોજનાઓ બનાવે છે, અને ભોગ ભોગવે છે. આ રીતે કર્તા- ભોક્તા બનીને તેમાં પૂરેપૂરો

ડૂબેલો હોવા છતાં તારૂં એમ કહેવું કે,‘ હું અલિપ્ત છું’ આ તો શુદ્ધ બનાવટ જ નથી? અને તે આધારે એમ કહેવું કે અભ્યાસની જરૂર નથી એ તો આત્મઘાત જ નથી?

17) વાદી શિષ્ય—‘હું આત્મા છું’ આ જાણવા સિવાય અહંકાર ત્યાગ કરવા જેવું અલગ કશું જ નથી. શ્રુતિ ઢંઢેરો પીટીને કહે છે કે માત્ર જ્ઞાનથી જ મુક્તિ થાય છે.

ગુરુ—હજારો શિષ્ય ગુરુની પાસે આવીને સદા શ્રવણ કરતા રહે છે. એમાંથી થોડાક જ મનન-નિદિધ્યાસન કરે છે. તારા કહેવા પ્રમાણે મનન-નિદિધ્યાસનની ઝંઝટમાં ન પડીને, માત્ર શ્રવણ કરનારા બધાને શ્રવણ દ્વારા જ સાક્ષત્કાર થવો જોઇએ ને? પરંતુ વાસ્તવિકતા જુદી જ છે. તે શ્રોતાઓ ‘હું- મારું’ ને સત્ય માનીને લોભ, મોહ, દુ:ખ અને ચિંતાથી ઘેરાયેલા જ રહે છે.

શિષ્ય—ગુરુમહારાજ! હવે સમજાયું! શ્રુતિ દ્વારા બતાવેલ શ્રવણનો અર્થ છે: મનન- નિદિધ્યાસન દ્વારા પ્રાપ્ત અનુભવિક શ્રવણ. આપ વારંવાર કહો છો તે શ્રવણ-મનન-નિદિધ્યાસન-સાક્ષાત્કાર આ વ્યાખ્યામાંના વચ્ચેના બે ને છોડીને એકદમ પહેલા પરથી ચોથા પર છલાંગ મારવાનો વિચાર એ જ્ઞાન નિષ્ફળ કરશે. એ માત્ર શાબ્દિક જ્ઞાન ઉત્પન્ન કરે છે.

પ્રકરણ-19

સુલભ અભ્યાસ

સુચના *- વ્યવહારમાં સુખ, સમાધાન પ્રાપ્ત કરવાન માટેસત્ય-અસત્ય, હિત અહિતનો વિચાર ઘણો જ મદદરુપ થાય છે. વેદાંતના અભ્યાસની પહેલાં આ સામાન્ય વિવેક આત્મસાત કરવાથી, વિવેકશક્તિ જાગૃત થાય છે, અને તે પછી જ્ઞાનનું અનુસંધાનરુપી વધારે અભ્યાસ કરવો બને છે. આ પ્રકરણમાં અમે તે જ સુલભ અભ્યાસ દેખાડી રહ્યાં છીએ.*

1 – ભય ચિંતા નિવારણમાટે વિવેક

1) સંકટનો કાલ્પનિક ભય- જીવનમાં પ્રત્યક્ષ દુઃખોથી અધિક દુઃખોનો આભાસ મનુષ્યને સતાવે છે. ઘરમાં કોઈનું મૃત્યુ કે કોઈ મોટી આર્થિકહાનિ કે કોઈ ચોરી વગેરે જેવા મોટાં દુઃખ મનુષ્યના જીવનમાં આંગળીના વેઢે ગણાય એટલા ઓછાં આવે છે. એ પ્રત્યક્ષ પ્રસંગમાં દુ:ખ થાય તે બરાબર છે, પરન્તુ આવી ઘટનાઓના કાલ્પનિક ભયને કારણે આપણને ઉપલબ્ધ અસંખ્ય સુખની ક્ષણોને કોડીની કિંમતે ગુમાવી દેવી તે શોચનીય સ્થિતિ છે !
2) જીવને ભય પામવાનું કોઇ પ્રમાણ છે કે નહી? પ્રાપ્ત પરિસ્થિતિમાં ઉણપો શોધવાનો કોઇ હિસાબ છે કે નહી? વિકલ્પોનાં મોટાં ચશ્માથી જોનારી તેની આંખોને જરાક જેટલી ખામીઓ પણ પર્વત જેવડી મોટી લાગે છે !!
3) મોટેભાગે તમામ લોકો, "આગળ જતાં કોણ જાણે અમારે કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે., એવી ચિંતાઓ કરે છે ! પણ અનિશ્ચિત એવા કાલ્પનિક દુઃખોનાં ભયથી ભયભીત રહેવાને બદલે અંત સમયે નિશ્ચિતપણે આવનારા મૃત્યુ માટે જાગૃત કેમ ન રહેવું જોઈએ? અને જ્ઞાન દ્વારા મૃત્યુના ભયને દુર કરી, વચ્ચેના નાનામોટા ભયોનુ નિવારણ કેમ ન કરવું જોઇએ?
4) સખત માટીના ઘરમાં ઊધઇ રહે છે ! મોટાંમોટાં પથ્થરોની નીચે વીંછી રહે છે ! બે પથ્થરોની વચ્ચેની ફાટમાં કે ખડકમાં દેડકો રહે છે ! સમુદ્રના પેટાળમાં અને ભૂગર્ભમાં, અસંખ્ય જીવસૃષ્ટિ હોય છે ! સારાંશ - અંધારામાં, ભારે વજનની નીચે તથા વાયુરહિત સ્થાનોમાં પણ આ જીવો જીવી શકે છે !! આથી એ સિદ્ધ થાય છે કે પ્રાણીમાત્રનો સ્વભાવ જે તે પરિસ્થિતિને અનુરુપ થઈ જવું એ જ હોય છે. તો એક પરિસ્થિતીમાં રહીને બીજી પરિસ્થિતિની કલ્પના કરીને ભયભીત થનારાઓને ભયાનકતા ભાસે છે !
5) પ્રત્યેક મનુષ્ય પોતે જ ચિંતાઓ કરે છે. ચિંતા કરવી જ જોઈએ, એવું બંધન એની ઉપર કોઈ નથી નાખતું ! કે પછી ચિંતા નહી કરીએ તો ચાલશે જ નહિ એવું પણ નથી !! એટલું જ નહીં પણ ચિંતા ન કરવી એ બધાની સલાહ છે. આપ્તજનો, મિત્રો વગેરે તેવી વિનંતી પણ કરે છે. શાસ્ત્ર તેમજ ગુરૂજન પણ વારંવાર આ જ ઉપદેશ કરે છે કે ચિંતા કરો નહીં. પરંતુ મનુષ્ય એ બધાની ઇચ્છા અને બોધની અવગણના કરીને હઠપૂર્વક ચિંતા કરતો જ રહે છે ! તેને દુઃખ, ચિંતા વગેરેનું આટલું અભિમાન શા માટે હોય છે અને તેથી તે કયું સુખ પ્રાપ્ત કરી લે છે એ તો એ જ જાણે !!
6) અત્યાર સુધીના તારા જીવનના ૪૦-૫૦ વર્ષ સુચારુપણે વીતી ગયા કે નહીં? તો આગળ આવનારા ૧૦-૨૦ વર્ષ પણ સુગમતાથી નહિ જાય?
7) વેદાંત ઘંટ વગાડીને બ્રહ્માત્મકય નિર્ભય પરમાનંદની સ્થિતિનું વર્ણન કરે છે. પરંતુ મૂર્ખ મનને આ સામ્યસ્થિતિનો જ ભય લાગે છે! આત્મસ્થિતિ એક અત્યંત અંધકારમય અવસ્થા છે, એવી કલ્પના કરી તે વિષણ્ણ થાય છે!!

ઉંઘમાં અનાયાસ આનંદની સ્થિતિ હોય છે, તેમ છતાં જાગૃત અવસ્થામાં આંખો બંધ કરવાથી દેખાનારો અંધકાર એ ઉંઘની જ અવસ્થા છે, એવું માની મન ભયગ્રસ્ત થાય છે ! આવી અત્યંત સુખદાયક, નિદ્રા-સમાધિ સ્થિતિથી ભયભીત થનારું નિર્બળ મન, બીજા શેનાથી ભયભીત નહિ થાય?

2. કંઇ સુલભ 'ન જોઈએ'

૮. **વીતેલી (ભૂતકાળની) વાતોને યાદ ન કરીશ અને ભવિષ્યમાં શું થશે તેની ચિંતા ન કરીશ.** પહેલાં તમે નીચ યોનિમાં પેદા થયાં હતાં અને અજ્ઞાની દશામાં અનેક હાસ્યાસ્પદ વાતો કરી હતીઃ તો એ બધી છોડીને પાછલી થોડીક જ વાતોને યાદ કરીને શા માટે દુઃખી થાઓ છો? પહેલાની બધી વાતો સ્વપ્નવત બની ગઇ છે.

હવે, જેમાનું કાંઇપણ નિશ્ચિત નથી, એવા ભવિષ્યની પણ કલ્પના ન કરો. ખરેખર જોઇએ, તો આગળ આવું થશે તેવી ચિંતા માટે અપૂર્ણતા અને સુખની ઓછપ એ જ મૂળ કારણ છે. એટલે જ, આગળની ચિંતાઓ છોડો. શેખચલ્લિની જેમ સુખ-સામ્રાજ્યના હવાઇ કિલ્લાઓ બાંધવાનું બંધ કરો. એ તમને ક્ષણભર સુખનો આભાસ કરાવીને નિરાશાની ઊંડી ખાઈમાં ધકેલી દેશે ! તાત્પર્ય – પહેલા વીતેલી વાતો રમતની જેમ ભૂલી જાઓ અને ભવિષ્યની ઘટનાઓની કલ્પના પણ કરશો નહીં.

૯. પરિસ્થિતિની અપેક્ષા કરો નહીં—જ્યારે મારી પાસે ખૂબ જ સંપત્તી થઈ જશે, ત્યારે પત્ની,સંતાન અને મિત્રો વગેરે મને ખૂબ જ પ્રેમ કરશે, સમાજમાં ખૂબ જ માન પ્રતિષ્ઠા વધી જશે, એવી અનેક પરિસ્થિતિઓની કલ્પના કરીને તે મળવાથી હું ખૂબ જ સુખી થઈ જઇશ, એવું સમજે છે. પણ આ સુખની પરિસ્થિતિઓ ફક્ત એક કાલ્પનિક મૃગજળ છે! એટલા માટે કોઈ પણ એવી કાલ્પનિક પ્રસંગ(ઘટના) ની અપેક્ષા ન રાખતાં, વર્તમાન સ્થિતીમાં જ સુખ શાંતિનો અનુભવ કરો .

10. **ભવિષ્યની અપેક્ષાઓ રાખો નહીં**—આજે મારો મિત્ર આવવાનો છે, તે આવી જાય. સમાચારપત્રમાં કોઈ સમાચાર મોટા અક્ષરોમાં છપાય, આપણે ફરીને ઘેર જઈએ ત્યાં સુધી કોઇ મારા વિશે પૂછી જાય, કે બહારગામથી કોઇ પત્ર આવી જાય, એવી અનેક પ્રકારની પોકળ આશાઓ મન કર્યા કરતું હોય છે અને તેની પ્રતિક્ષાપણ કરે છે! એ તમામ તમારા મનમાંથી કાઢી નાખો અને કાંઇ નવું ન થાય તો પણ તમે જે સ્થિતીમાં છો તે સ્થિતીમાં જ પૂર્ણ તૃપ્તિ અને આંનદ નો અનુભવ કરો.

૧૧. **નિરર્થક બાબતોમાં ખોટું ન લગાડશો**- શર્ટ ઉપર ચા પડી ગઇ, હાથમાંથી કોઇ વસ્તુ નીચે પડી ગઇ, જમવામાં અથાણું ન હતું કે તકિયા પરથી માથુ સરી પડ્યું – તો પણ બહુ નુકસાન થયું હોય તેમ મન ડરી જાય છે ! નાની-નાની ઘટનાઓથી દુઃખી થવાની મનુષ્યને આદત જ પડી ગઇ છે !! તેને કાંઇ સહન થતું નથી !! આવી તથ્યવગરની વાતોમાં ખોટું લગાડવાનું છોડી દો.

૧૨. **કોઇ વિશેષ સ્થાન પર જવાની આતુરતા ન હોવી જોઇએ**—એવી ઈચ્છા શા માટે કરો છો કે કોઇ રમણીય સ્થળે જઇએ કે કોઇ પર્વતિય વિસ્તાર કે નદી કાંઠે વસવાટ કરીએ? અહીં તને કોઇ ફાંસીએ ચડાવે છે? એ યાદ રાખો કે, ઘોર નરક અને દિવ્ય નંદનવન એ તમારી મનોવૃત્તિમાં જ છે. હમણાં છે એ જ સ્થાનમાં પરમાનંદ સ્થિતિનો અનુભવ કરો, અકારણ ડોલાયમાન થશો નહીં.

૧૩. **કોઇ સ્થાન વિશેષને મહત્વ આપો નહિ**–ખેતરમાં કોઇ વૃક્ષ નીચે, કોઇ એકાંત ઓરડામાં, પોતાના ઘરમાં, યાત્રા કરતી વખતે પ્રતિક્ષાલયમાં, કે મુંબઇ જેવા શહેરમાં તમને અલગ ન લાગવું જોઇએ. તમે પરમાનંદ સ્વરૂપ છો, એવું કહીએ તો તમને તમામ સ્થળોએ એક જ પ્રકારનો આનંદ અનુભવ આવવો જોઇએ ને?

તમને એક સ્થળ પર સુખથી રહેતા આવડ્યા બાદ, અન્ય સ્થળો પર પણ સુખપૂર્વક રહેતા કેમ ન આવડે?

૧૪. **મને વિશેષ અનુભવ મળે, એવી આશા કરો નહીં**–મને વિશેષ અનુભવની પ્રતીતિ થાય, આવી ઈચ્છા જ તીવ્ર અસમાધાનનું કારણ છે ! કારણ કે વિશેષતા એટલે વિષય! સામાન્ય અનુભવ એ જ આત્મસ્વરૂપ છે. વિશેષતાનો અધ્યાસ(અનુભવ થવો જોઇએ એવું લાગવું) જ તમામ દુ:ખોનું પિયર છે, અને આવી પ્રવૃત્તિનો અભાવ એ જ આત્માનંદ છે.

૧૫. **એશઆરામની વસ્તુઓની અપેક્ષા રાખો નહીં**— તમને કાંડા ઘડિયાળ, પિયાનો, કેમેરા, ટ્રાંઝિસ્ટર વગેરે કોઇ પણ વસ્તુઓનું આકર્ષણ ન હોવું જોઇએ. તે પદાર્થ માટે દીન થઇને સહજાનંદને છોડશો નહીં. કોઇ પણ વસ્તુ પાસે ન રાખતાં, પૂર્ણ સમાધાનમાં રહેવું એ જ જ્ઞાનનું લક્ષણ છે. અપ્રાપ્ય વસ્તુઓની અપેક્ષા ન રાખવી એ જ સુખનું રહસ્ય છે. એમ જ કહેતા રહો કે અમારે સાધુઓને એવી વસ્તુઓની શી જરૂર છે?

૧૬. **આત્મકથન ન કરવું જોઇએ**-- પોતે કરેલાં સર્વ સામાન્ય કાર્યોને મહત્ત્વ આપી, આ જ મોટી સાંભળવા જેવી વાત છે, એમ બીજાઓ સમક્ષ વર્ણન કરવું એ જ આત્મકથન હોઇ આસક્તિનું લક્ષણ છે. આપણે બજારમાં જઈ આવ્યા, ભોજન કે ઉંઘ જેવી વાતો કેટલીયે કરીએ તોયે તેઓને કંટાળો આવતો નથી ! આવા જુગુપ્સા પ્રેરક આત્મકથનમાં પ્રવૃત્ત ન થાઓ !

૧૭. **વ્યવહારમાં સામેલ તમામ પ્રાપ્ત કર્મો વિના સંકોચે કરવો જોઇએ**–કયારેય તર્ક કુતર્ક ન કરવો જોઇએ. સદાય પરમાર્થિક રુપિયા-પૈસાનો જ વિચાર કર. તારા કામનો, પરમાર્થ સાધના માટે ઉપયોગ કરી લો. વ્યવહારને પરમાનંદ ભોગવવાનું ક્રીડાંગણ થવા દો.

૧૮. **આ** એક કાર્યને સમાપ્ત કરતાં જ બીજા કામને પણ હું તુરંત જ પૂરું કરી લઉં, આ પ્રકારની હાયવોય કરીને કામ કરવાની રીત યોગ્ય નથી ! આપણને એમ થયા કરે છે કે જે કામ હાથમાં લીધું છે તે પૂરું કર્યા પછી નિરાંત થઇ જશે ! પરંતુ વાસ્તવિકતા એ નથી. ઉચાટ સાથે કામ કર્યા પછી આળસ અને ખાલીપો આવે છે ! અને ફરી કામ કરવાની પ્રવૃત્તિ થાય છે અને તે કામને સમાપ્ત કરવાની ઉતાવળ થયા કરે છે !! હે સાધક! દેહાત્મ બુદ્ધિથી પ્રાપ્ત, મળેલાં કર્મોની કતૃત્વને નષ્ટ કરવા માટે આ પ્રમાણે કરો. શાંતિથી,

આરામથી ઉથો, સુખ સંતોષથી નિત્ય કામ કરો . શાંતિ પૂર્વક દૃઢતાથી ચાલો, તમારા બધા કાર્યોને આરામથી, આનંદાનુભવ લેતાં લેતાં કરો.

૧૯. સાધકનો વારંવાર સારપ માટેનો દુરાગ્રહ પણ બાધક સાબિત થઇ શકે છે. દા.ત. પરમ સાત્વિક હોવા છતાં અમારામાં હજુ વધારે સાત્વિકતા આવતી નથી, એવું વિચારી કેટલાક મનુષ્યો દુ:ખી જોવા મળે છે ! સારૂં કરવું, સારા બનવું, હજુ પણ વધારે સારા રહેવું, આ રીતે સારપોની બાબતે ખૂબ વિચારવાથી પણ વિક્ષેપ અને મન: ક્ષોભનું કારણ બને છે !! સારાંશ—સાધકનું સત્વાભિમાન ક્યારેક સ્વરૂપને આચ્છાદિત કરે છે. તે માટે સાધકે સત્વગુણોની ચિંતા છોડીને ગુણાતીત ની સ્થિતિ પ્રાપ્ત કરવી જોઇએ.

પ્રકરણ- ૨૦

શિવોહ્મ ના સાધન

પ્રત્યેક વ્યક્તીના બે રૂપ હોય છે.—એક કૃત્રિમરૂપ અને બીજું નિજરૂપ. તેવી જ રીતે ઇશનાં પણ બે રૂપ છે- એક ઔષધિક રૂપ અને બીજું સત્ય સ્વરૂપ. એને વાચ્ય અને લક્ષ્યાર્થ પણ કહી શકાય છે. વાચયનો અર્થ છે શબ્દાર્થ યાને જે શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે તેવો જ તેનો અર્થ કરવો તે. લક્ષ્યાર્થનો અર્થ છે તે શબ્દો પર વિચાર કરવા ઉપરાંત તેની પાછળ શું ભાવ છે એને સમજવો. જીવ અને શિવના વાચ્ય સ્વરૂપ ભિન્ન- ભિન્ન છે. કોઇ આધાર વગર એમ લાગવું કે '' હું નામ યુક્ત શરીર છું.'' આ જીવનો લક્ષ્યાર્થ છે. નામ-રૂપ- ગુણથી યુક્ત જીવ અને શિવએ બન્નેનો એ કજ વાચ્યાર્થ થવો અસંભવ છે, પરંતુ જયારે આપણે લક્ષ્યાર્થને જોઇશું તે નિજ સ્વરુપ જીવ અને શિવ એક જ છે. આ તાતવીક સિદ્ધાંતને જાણીને સાધકે ''શિવોહં-શિવોહં'' નું ઉચ્ચારણ કરતા કરતા; પરમાનંદની સ્થિતિમાં રહેવાનો અભ્યાસ કરતા રહેવું જોઇએ.

સાધક, 'શિવોહમ' એમ કહેવા લાગે છે, ત્યારે તે ન જાણનારા લોકો, 'આ શરીરધારી પોતાને શિવ સમજવા લાગ્યો છે' અથવા તો ' સર્વકર્તા શિવ એ હું જ છું, એવો અહંકાર રાખે છે' એવું સમજે છે. "શિવે તો જગતના નિર્માણ કર્યુ છે તો તું શિવ કેવી રીતે થઇ શકે? તને શું કરતાં આવડે છે? શું તું એક સફેદ વાળને કાળો કરી શકે છે ! જયારે તને આટલું પણ નથી આવડતું તો તું કેવી રીતે શિવ હોઇ શકે?" એવું ઉપેક્ષાથી કહે છે. જો સાધકને અનુભવ નહીં હોય અને એનું કહેવું માત્ર દેખાડો હશે તો તેને અજ્ઞાનીઓના આક્ષેપમાં

સત્યતા દેખાવા લાગશે અને તેને જીવ-શિવ ઐક્ય સિદ્ધાંત ઉપર શંકા થવા લાગશે, પરંતુ જો સાધક આ ઐક્યતાના મર્મને જાણે છે તો તે એ બકવાસને જરાય મૂલ્ય આપશે નહીં.

એક અનુભવી સાધક પોતાના ઘરની છત પર એકલો –એકલો જ 'શિવોહમ્- શિવોહમ્' કહીને આનંદથી ફરી રહ્યો હતો. તે વખતે તેનો પડોશી પણ તેના ઘરની છત ઉપર બેઠો હતો. તેને આ સાધકનું વારંવારનું શિવોહમ્-શિવોહમ્ નું ઉચ્ચારણ સહન ન થયુ. તેણે ક્રોધમાં આવીને સાધકને પૂછ્યું, ''તમે કોઇ કારણ વગર વારંવાર 'હું શિવ છું- હું શિવ છું' એવું શા માટે બબડી રહ્યા છો? જો તમે ખરેખર જ શિવ છો તો આ અગાસી નીચે કૂદકો મારી કૂદી પડો. જો તમને કયાંય પણ વાગશે નહીં તો હું માની લઇશ કે તમે શિવ છો.'' આથી તે સાધક શાંતિથી બોલ્યો, " તમે સમજો છો તે મુજબનો શરીરરૂપી શિવ હું નથી. હું સર્વવ્યાપી સત્ ચિત્ રૂપ શિવ છું. તમે મને એવી કોઇ જગ્યા દેખાડો કે જ્યાં તે ન હોય, તો હું કૂદી જઇશ". આ ઉત્તર સાંભળીને ટીકાખોર ચુપ થઇ ગયો !

દરેક વ્યક્તિને આનંદમાં જ રહેવું છે. જો સાધક સ્વયંની આનંદરૂપતાને ઓળખીને 'શિવોહમ્-શિવોહમ્' નું ઉચ્ચારણ કરે છે તો એનાથી કોઇને શું નુકસાન થયું કે દોષ લાગ્યો? **એવું કહેવાથી દોષ લાગતો નથી, એટલુ જ નહિ પણ પોતાનું નિજસ્વરૂપ છે એવો આનંદ મેળવવાનો આ જ એક માત્ર ઉપાય છે.**

શિવોહમના ઉચ્ચારણના અતિરેકથી અધ્યાત્મસાધકમાં અહંકાર આવે છે, એ જ અનેક વ્યક્તિઓનો મુખ્ય આક્ષેપ હોય છે ને? પરંતુ વાસ્તવિકતા તો એ છે કે અભિમાન પૂરેપૂરૂં નિકળી ગયા પછી જ મુખથી શિવોહમ્નું ઉચ્ચારણ થાય છે. ટીકાખોરોને માટે તો 'શિવોહમ' સ્થિતીને સમજવી જ મુશ્કેલ છે. "હું નામ-રૂપ-દેહ નથી. જે સત્ય અધિષ્ઠાન છે તે જ પરમાનંદ મારૂં નિજ સ્વરૂપ છે અને હું તે જ છું" સાધક દ્વારા શિવોહમ્ કહેવાનું તાત્પર્ય આ છે.

આનંદ તમારૂં મૂળ સ્વરૂપ છે, આ તમારી જાગીર છે ! તે હમણાં જ આ ક્ષણે સિદ્ધ છે. તેને પ્રાપ્ત કરવું ખૂબ જ સહેલું છે. આ આપણામાં જ દેહ-મન વગેરેની પાછળ છે. આપણે આગળ જોતા હોવાથી જ તે અપ્રાપ્ત છે. પણ જો પાછું ફરીને જોઇશુ, અર્થાત્ અંતર્મુખ થઇને એ જાણીશું કે આપણે જ દેહ-મન વગેરેની અધિષ્ઠાન વસ્તુ છીએ, તો તે આ જ ક્ષણે પ્રાપ્ત છે.

રામ-રામ નો જપ કરીએ, ત્યારે રામને બહાર જોવાનો નથી, પણ રામ-રામ એવું કહેતા કહેતા રામ જ થઈ જવાનું છે. **અમને એક વાર દેખાઇ જતો રહેનાર રામ નથી જોઇતો પણ અખંડરૂપે મળવાવાળા આતમારામ જોઇએ છે.** દૂરનો રામ લાંબા સમય સુધી ભક્તિ કર્યા પછી એકાદ વખત પ્રસન્ન થઈ એકાદ ક્ષણ ભેટ આપી સ્વસ્થાને પરત જાય છે. ભક્તે તે એક ક્ષણનાં દર્શન માટે પોતાનું આખું જીવન વ્યતીત કરવું પડે છે ! કેટલીક વ્યક્તિઓ એવા સાક્ષાત્કાર બાબતે કહે છે કે અમને અમુક વર્ષમાં, અમુક મહિનામાં, અમુક

તારીખે, અમુક દિવસે, અમુક વાગ્યે ધનુર્ધારી શ્રીરામનાં પ્રત્યક્ષ દર્શન થયાં હતા ! આનો અર્થ એ જ અર્થ થાય ને કે એકવાર દર્શન થઈ ગયા પછી આ જ દિવસ સુધી ફરી દર્શન નથી થયા. આપણને આ પ્રકારનાં ક્ષણિક દર્શન આપનાર રામ સાથે મુલાકાતની આવશ્યકતા નથી. પણ અખંડપણે પરમાનંદ આપી એકત્વ ભાવથી રહેનારા રામની અપેક્ષા છે. જીવ-શિવની એકતાને જાણીને શિવરૂપ થયેલા જ્ઞાની પુરુષ જ મહાત્મા છે. કારણકે **તે અલ્પ જીવભાવ નષ્ટ કરીને મહાન આત્મા થઇ ગયા છે. તે પરિપૂર્ણ બ્રહ્મસ્વરુપ થઇ ગયા છે. તેઓ જ ત્રિભુવનમાં શ્રેષ્ઠ ! એ અનુભવી શિવરૂપ મહાત્માઓના પરમાનંદની સરખામણી કોઇ પણ વિષયાનંદ વગેરે જેવા ફળની સાથે ન કરી શકાય.** અન્ય તમામ ફળ ઔપાધિક, કૃત્રિમ, વિકારી અને નાશવંત છે. તેઓ બધા સ્વપ્નવત્ છે. પરમાનંદરૂપી સત્યફળની તુલના સ્વપ્નના અનેક મિથ્યા ફળો સાથે થઈ શકે ? અનેક ખોટા ભેગા કરીએ તો પણ એક સાચું કદી થશે? નહી. એ બધા ખોટા એકઠા થઇ જાય તો એક મોટું જૂઠ્ઠાણું જ બની શકે છે, પણ સાચું કદી નહી જ થાય! આપણો પ્રયત્ન આ જ રીતે ચાલે છે. **આપણે બધા નાનાં-નાનાં ઔપાધિક સુખને ભેગાં કરીને એક મોટું સુખ મેળવવાના અશક્ય પ્રયત્નમાં લાગેલા છીએ** ! જે અત્યાર સુધીની મહેનતથી મેળવી શકાયું નથી, તે ભવિષ્યમાં પણ સાધ્ય થવું અસંભવ છે એવો બોધપાઠ આપણે શા માટે લેતા ન આવડે?

જીવનમાં સ્વયંનો અનુભવ જ તમારો શિક્ષક છે- જીવનનું પુસ્તક તમારા હાથમાં છે. આ જીવનરૂપી ગ્રંથનું જ્યારે આપ મનન કરશો ત્યારે એવું જોવા મળશે કે આપણે ગમે તેટલી મહેનત કરીશું તો પણ આપણું દુ:ખ દૂર થયા નથી. ભાવી પરિસ્થિતિના વિષયોનું ખેંચાણ ઓછું થયું નથી. આપણી સમસ્યાઓ સમાપ્ત થઇ નથી! આ આપણી સુખ પ્રાપ્ત કરવાની રીતિ કેવી છે. જીવનમાં આવનારી મુશ્કેલીઓને, દુ:ખોને થોડુંક ઓછું કરી દીધું તો તેને જ સુખ માનીએ છીએ, અને આપણું આખું જીવન સદાય આવતી રહેતી મુસીબતોના નિવારણમાં જ પસાર થઇ જાય છે ! તાત્પર્ય - સુખ કોને કહેવાય, એ આપણને અંત સુધી સમજમાં જ નથી આવતું. આપણે સમજ્યા અનુસાર દુ:ખ, વ્યાધિ અને ખામીઓનો નાશ કરવો, એ સાચુ સુખ નથી. માથા ઉપરનો ભાર નીચે ઉતારતાં જ થોડો સમય હલકાપણું લાગે છે, તે રીતનું આપણું સુખ છે. પરંતુ એક ભાર ઉતારતા જ તરત બીજો બોજો નાખવા માટે માયાદેવી સિધ્ધ જ છે! **સ્વયંમાં સ્થિત સ્વત: સિદ્ધ પરિપૂર્ણ આનંદ જ સાચું સુખ છે.**

જ્ઞાની પુરુષ આનંદ વિગ્રહ, આનંદની સાકાર મુર્તિ જ છે! તેમનામાં દુ:ખનો પ્રવેશ જ નથી. કારણ કે દુ:ખ થવા માટે કોઇ ને કોઇ કારણ હોવું આવશ્યક છે. વ્યવહારમાં જયારે કોઇ દુ:ખી થાય છે, ત્યારે આપણે તેને પૂછીએ છીએ કે, 'શું થઇ ગયું?' 'શું કોઇએ કંઇ કર્યુ છે?' કહેવાનું તાત્પર્ય એ છે કે દુ:ખ થવાનું કારણ બીજાઓ હોવા જોઇએ પરંતુ જ્ઞાની પુરુષ માટે કોઇ બીજો છે જ નહીં એટલા માટે ત્યાં દુ:ખનો અભાવ છે. એ જ રીતે દુ:ખ થવા માટે દુ:ખ નો અનુભવ કરવાવાળું પણ કોઇ હોવું જોઇએ. જ્ઞાની પુરુષમાં ''હું'' જ ન

રહેવાને લીધે, 'દુ:ખ આપનારું પણ કોઇ નથી અને દુ:ખ અનુભવનારું પણ કોઇ નથી' એવું હોવાથી જ્ઞાની પ્રત્યક્ષ આનંદમૂર્તિ થયેલા હોય છે.

દરેક વ્યક્તિનું લક્ષ્ય, શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી લેવી એ જ છે. પણ તેઓ માર્ગ ભૂલ્યા છે. તેમને જવું છે દિલ્લી અને બેસી ગયા છે બેંગ્લોર જનારી ગાડીમાં ! ગમે તે ગાડીમાં બેસી જઇએ કે સ્ટેશન પર પહેલી જે ગાડી આવે તેમાં બેસી જઈએ તો આપણું ગામ આવશે? ઈચ્છા તો છે સુખ નામના ગામે જવાની, પરંતુ એ વિચાર કર્યા વગર કે ત્યાં જવા માટે કઇ સાધના રુપી ગાડી પકડવાની છે, જે લૌકિક ઉપાયોની ગાડી સામે મળી તેમાં જ બેસી જવાથી સુખનગર પહોંચી શકીશું?

જ્ઞાની પુરુષનું ઉઠવું, બેસવું, ઊભા થવું, સૂવું, બોલવું બધું જ આનંદપૂર્વકનું હોય છે. સારુ, જ્યારે જ્ઞાની પુરુષની રહેણી આ રીતની છે તો સાધકે આ રીતે રહેવામાં શું વાંધો છે. **તમને પણ જ્ઞાની પુરુષની માફક હરપળે આનંદમાં રહેતા કેમ ન આવડે?** તમે કારણ વગર ચિંતાથી ઘેરાયેલા રહીને સુખ-દુ:ખ, માન-અપમાન વગેરે દ્વન્દ્વની કલ્પના કરતા રહીને અનેક વિકલ્પોની જાળમાં પોતાને શા માટે ફસાવો છો? ઉપાધીમાં તો ખામીઓ હોય જ છે. કામ કરવાવાળા મોટેભાગે એમ કહે છે કે ''અમે તો કામ સુલભ છે એમ સમજીને શરૂ કર્યું હતું. પણ એમાં તો બહુ જ ત્રાસ અને કષ્ટ છે" એવું આપણે સર્વત્ર સાંભળીએ છીએ ને? ખરું છે, ઉપાધિ એ આ કામનું લક્ષણ જ છે. તેને સત્યત્વ અને મહત્વ આપીને આપણે જાતે જ દુ:ખી થઇએ છીએ, હવે આપણે જાતે જ સુખી થવું પડે.

જો તમે પોતે સુખી નથી થઇ શકતા તો આ સંસારમાં અન્ય કોઇ પણ તમને સુખી નથી કરી શકતું ! જંજાળો તો બદલાતી રહે છે. તમે અહંકાર રુપ થઈને સતત બદલનારી ઉપાધીઓની ઉણપોથી હંમેશા ત્રસ્ત રહેતા હોવ, તો એમાંથી તમને કોણ છોડાવી શકે? **જો તમે અધ્યાત્મના યોગ્ય ઉપાયો દ્વારા સ્વયં સુખરૂપ થઇ જશો, તો આખા ત્રિલોકમાં તમને કોઇ દુ:ખી નહિ કરી શકે !** તાત્પર્ય- સુખ-દુ:ખ તમારા હાથમાં છે, બંધન-મોક્ષ એ પણ તમને આધીન જ છે. જો સુખનું સ્થાન ઓળખી તેનો અનુભવ કરી લેશો તો, સુખની કોઇ કમી છે જ નહીં.

જ્ઞાની પુરુષોને પૂજનીય શા માટે માનવામાં આવે છે? કારણકે તેમણે બ્રહમાનંદરૂપી માનવીય લક્ષ્ય સુધી પહોંચી ગયા છે એટલે! આ એક વાત સિવાય, તેમના બાહ્ય રૂપમાં કોઇ ફરક નથી હોતો ! અનુભવી જ્ઞાની પુરુષો કાંઇ એમ.એ, પી.એચ.ડી નથી હોતા કે સંસ્કૃત પંડિત પણ નથી હોતા. તેઓ ખૂબ સુંદર પોશાક પહેરે છે કે? તો તે પણ નહિ. તેઓ સીધાં સાદાં વસ્ત્ર પહેરે છે કે ભગવા વસ્ત્રો ધારણ કરે છે.સ્વયં પરમ પદ સુધી પહોંચી બીજાઓને પણ તે પદ મેળવી આપનાર જ્ઞાની પુરુષોનું, આ રીતે સર્વ દૃષ્ટીથી સર્વ સામાન્ય દેખાવું યોગ્ય જ છે. કારણ કે જ્ઞાનનું મુખ્ય લક્ષણ છે નિરહંકારિતા અથવા સામાન્યત: સરલતા. જ્ઞાની પુરુષોમાં 'હું' ભાવ રહેતો નથી. તેઓમાં 'હું' આવો છું, હું તેવો છું' એવું કહેવાવાળો જીવભાવ નષ્ટ થઇ ગયો

હોય છે. ‘હું’ ની સાથે ‘તું’ પણ આવે જ છે. અર્થાત ‘હું-તું’ ભાવ દૂર કરી નિરાભિમાન થઈ સરલતાથી વર્તન કરવું, એ જ જ્ઞાની પુરુષનું મુખ્ય લક્ષણ છે

જ્ઞાનીપુરુષના નિરાભિમાનનું રહસ્ય એટલે બધા જોડે તેમની વર્તણૂંક ‘તમે કહો તેમ’ એ પ્રકારની હોય છે. એવું કહેવામાં હરકત નથી કે જ્ઞાની પુરુષ એક સ્વચ્છ દર્પણની જેમ હોય છે. દર્પણને મુખ છે કે? તે જોવાવાળાને તેનું પ્રતિબિંબ જ દેખાડે છે. આ રીતે અનુભવી જ્ઞાની પુરુષ નિર્મળ, નિરાભિમાની અખંડ સચ્ચિદાનંદ સ્થિતિમાં રહે છે અને તેમની સામે આવનારા લોકો જેવા થાય છે- શ્રીમંત સાથે શ્રીમંત, ગરીબ સાથે ગરીબ, સુખીની સાથે સુખી અને દુ:ખીની સાથે દુ:ખી હોય છે! જો કોઇ ધનિક વ્યક્તિ તેમની પાસે આવે છે તો તેઓ એક ધનવાનની જેમ જ તેને સલાહ સૂચન કરે છે. શ્રીમંતને ખોટ જાય તો ‘થયું તે થયું, છોડી દે!’ એમ ધનનું કોઇ મૂલ્ય જ ન હોય એમ બોલે છે. જો કોઇ નિર્ધન તેમની પાસે આવે છે તો તેઓ એક નિર્ધનની જેમ જ તેની સાથે વ્યવહાર કરે છે અને શિખામણ આપે છે કે આવક કરતાં વધારે ખર્ચ નહિં કરવો જોઇએ, પૈસાને બચાવીને રાખવા જોઇએ. તાત્પર્ય - જ્ઞાની પુરુષ બધું જ થઇ જાય છે. તે સાધ્ય થવા માટે તેમનો ‘‘હું’’ દૂર થયો હોય છે. જ્ઞાનીમાં ‘‘હું’’ શેષ રહ્યો હોય તો તેઓ બધુ થઈ ન શકત.

જ્ઞાની પુરુષો પ્રત્યે પૂજ્યભાવ રાખીને તેમની ભક્તિ કરવી જોઇએ. એનું મહત ફળ છે. આપણે જેની પૂજા કરીએ છીએ, જેને પ્રેમ કરીએ છીએ તેમના ગુણ આપણામાં આવે છે. આપણા હિન્દુ ધર્મમાં એવું કહેવામાં આવ્યું છે કે નગરમાં કોઇપણ સાધુ આવે તો તેમનું દર્શન કરવું જોઇએ. સાધુ અખંડ મૌની હોય કે, લોકો સાથે ન બોલતાં ચૂપ બેઠેલો હોય, તો પણ તેના દર્શન કરવા એવો નિયમ છે. સાધુના દર્શન કરી થોડો વખત તેમના પરિસરમાં રહેવામાં તેથી પણ વધારે પ્રયોજન છે. તેનાથી આપણા હ્રદયમાં વિશાળ ભાવનાઓનો સંચાર થાય છે. “શ્રેષ્ઠ ધ્યેય રાખવાવાળા એકાદ કોઇ તો છે, તેમનું દર્શન કરીને આપણે પણ શ્રેષ્ઠત્વને પ્રાપ્ત કરી શકીશું કે કરી લઇશું” એવો ભાવ દર્શનાર્થીના મનમાં આવે છે. ત્યાં ગયા પછી તેટલા પૂરતું ય કેમ ન હોય પણ તેમના ખરાબ ગુણ દૂર રહે છે ! આ થયું કેવળ દર્શનનું ફળ, હવે જો જ્ઞાની પુરુષનો આશ્રય લઈને તેમની ભક્તિ કરવામાં આવે તો તે ગુરુભક્તની વૃત્તિ જ બદલાઇ જાય છે. **જ્ઞાની પુરુષ સદ્દભાવી ભક્તોના અહંકારનો નાશ કરીને તેમને પોતાની જેવા બનાવી દે છે.**

હવે, ફરી મૂળ વિષય પર આવીએ- પરબ્રહ્મનાં તમામ લક્ષણો આત્મામાં હોય છે એમ કહીએ તો પછી આત્મા જ બ્રહ્મ કેમ નહીં? એમ કહેવામાં આઘા પાછા કેમ થાઓ છો? એનાથી તમને શું નુકસાન થશે? નુકસાન તો કયારેય નહીં, પરંતુ બ્રહ્માતમૈક્ય જ્ઞાનથી મહત લાભ જ થાય છે. આ જાણનારાનો સંકુચિત ભાવ દૂર થઇ જાય છે. ભેદભાવ નથી રહેતો. અખંડપણે આનંદની પ્રતીતિ થાય છે. બધા પર એકાત્મતાનો નિ:સીમ પ્રેમ ઉદય પામે છે. એટલા માટે સાધકે **‘હું સચ્ચિદાનંદ પરિપૂર્ણ શિવરૂપ્ જ છું’ આ ભાવમાં જ રહીને ‘શિવોહમ્-શિવોહમ્’ એમ કહેવું જોઇએ.** આપણે મનન પૂર્વક જેવું કહીએ છીએ તેવી આપણી સ્થિતિ થઇ જાય છે. પ્રાત:કાળ નિત્ય અડધો કલાક- એક કલાક તન્મયતાથી આ શિવધ્યાન કરવું જોઇએ. એમાં કોણ ના

કહેશે? શું એવો કોઇ નિયમ છે કે જાગ્યા પછી ધ્યાન ન કરવું? જો એમ કહેશો કે 'એવો કોઇ નિયમ નથી. પણ અમે જ ધ્યાન નથી કરતાં!' તો બધી ભૂલ સાધકની છે.

આપણી પાસે સુખી થવા માટે પૂરતો વખત હોવા છતાં પણ આપણે સુખી નથી થઇ શકતા ! સવારે-સાંજે ફરવા જવાની કોઇ ના પાડે છે? **ઘરમાં માથું દુ:ખવા ન આવે ત્યાં સુધી ગપ્પા મારવા કરતાં શાંત ચિત્તે સ્વચ્છ હવામાં ફરવા કેમ ન જઈએ?** આ રીતે ઉપર બતાવ્યા પ્રમાણે વહેલી સવારે ધ્યાનથી મળનારા શાંત સુખનો અનુભવ કેમ ન લઇએ? રોજ મોડા ઊઠવાનું, પછી સમય થઈ ગયો એટલે આકુળ વ્યાકુળ થઇને ઘરના બધા સાથે ઝઘડવાનું ! આના કરતા તો અમે ઉપર સૂચવ્યા પ્રમાણે પ્રભાતે ઉઠી, શાંતિ- સુખ –સમાધાનના ખજાના જેવું આત્મધ્યાન કરવું સારું નથી?

અહિં એમ કહ્યું છે કે શિવોહમ્ ધ્યાને અભ્યાસ એમ કહ્યું તો પણ તે કષ્ટદાયક ન હોઇ સુખદાયી છે. નામ ભલે ઔષધ એવું કહ્યું પણ, તે સાકર મેળવેલું દૂધ જ છે ! આ સાધનામાં જરા પણ શ્રમ ન હોઇ તેમાં પૂર્ણ સુખ જ છે, અને જયારે એમ જ છે તો એને કરવામાં પાછળ વળી કેમ જોવાનું? ધ્યાનાભ્યાસ સુખરૂપ છે, એવું તમે જાણ્યું હશે તો તેનો કંટાળો નહિ કરો. અમૃત ગમે તેટલું પી લીધું હોય તો પણ વધારે પીવાની જ ઈચ્છા કાયમ રહે છે. તે રીતે આ સાધન પણ આપણને વહાલું લાગવું જોઇએ. તે છોડી કલ્પનારુપ થઈ દોલાયમાન થતાં, ભાવિ હિસાબ કરતાં, શું કરું? કેવી રીતે કરું? એવો પંચાક્ષરી જપ કરતાં રહીને દુ:ખી શા માટે થાઓ છો?

તમને સ્વઉન્નતિની સુખકારક સ્થિતિમાં રહેવામાં શું કષ્ટ છે? આપણે કારણ વગર જ સંસારમાં અનેક જવાબદારીઓ પોતાની ઉપર લઇને ત્રસ્ત થઇએ છીએ ! આ સંસારની સ્થિતિ-ગતિ અવિરત ચાલતી જ રહે છે. જગત અને સમાજની ભઠ્ઠીમાં જે થવાનું છે તે થતું જ રહે છે. **એટલા માટે તમે તમારા ભાગનું જે કામ છે. તે કરી, બાકીનો ભાર પોતાની ઉપર લેવાનું બંધ કરશો તો તમને જોઇએ એટલું સમાધાન મળવું શક્ય છે.** કાયદા- કાનૂન, અનૂકૂળતા-પ્રતિકૂળતા, વર્ષા, ખેતીના પાકના ભાવમાં ચઢઉતર, ભાઇભાંડુઓ, પત્ની-બાળકોના વર્તનમાં પરિવર્તન લાવવાના પ્રયાસ- એ બધી તમારા સામર્થ્ય બહારની અનેક બાબતો અંગે વિચાર કરીને તમે લેવા દેવા વગરના ફફડો છો. તમારે તમારા વાસ્તવિક કર્મો કરતાં અભાસી કર્મો પાછળ વધારે સમય પસાર કરી રહ્યા છો. ખરેખર તો તમારે ખાસ કરવા યોગ્ય કામો તો ખૂબ જ ઓછાં છે. જે કામ સહજમાં જ થઇ શકે એવું છે તેની કલ્પનાઓમાં જ ઘણો સમય બગાડી નાખો છો. કલ્પનાની જાળ વધારે પાથરવાથી વધારે કામ થતું નથી. દસ વખત એમ કહેતાં રહેવાથી કે 'આ કામ કરવાનું છે', કામ તો થવાનું હોય એટલું જ થાય છે. અને કાંઇ કહ્યા વગર સહજ રીતે કરવામાં આવે તો પણ કાર્ય તો એટલું જ થાય છે. તો પછી દસ વાર તેની કલ્પના કરીને શા માટે થાકો છો? 'જે થવાનું છે તે થવા દો' એવું વિચારીએ તો પણ બધું કામ સહજતાથી પૂરું થાય છે. પણ સાર્વત્રિક રીત એવી છે કે દસ પ્રકારની કલ્પનાઓ કરી, ચિંતા કરી,

અંતે તો એ જ કહેવામાં આવે છે કે 'જે થવાનું છે તે થવા દો !' પણ સાધક શરૂઆતમાં 'જે કંઇ થવાનું છે તે થઇ જવા દો' એમ કહી સમાધાનમાં રહે છે.

હે સાધક, તમે હંમેશા નિર્વિકલ્પ આનંદમય સ્થિતિમાં રહેવાનો અભ્યાસ કરો. રામરૂપ થઇને રહો. તેનો ઉપાય છે ૐ અથવા તમારા ગુરુએ આપેલ મહામંત્રનું ઉચ્ચારણ કરતા રહો. જો એવી રામ સ્થિતિમાં વાસ્તવિક રામ ધ્યાન ન કરતાં, અજ્ઞાન-અહંકાર યુક્ત થઇને રામ-રામ નામનો ગમે તેટલો જપ કરશો તો પણ તે ઉપયોગી નહી થાય! એક કરોડ જપ કરવા, તેર કરોડ જપ કરવા, કે સાર્વજનિક જપ કરવા, એવું કહેતા રહીને સંસાર તે તરફ ખેંચાઇ રહ્યો છે. લોકો પણ તેને ધર્મનો સાર સમજે છે. પરંતુ આ બધું માત્ર એક પોકળ દેખાવ છે ! કારણકે કોઇ પણ સાધના કરીએ તો તે ક્યા ઉદ્દેશ્ય માટે કરીએ, કઇ ભાવનાથી કરીએ, જો એ જ ખબર નથી અને તેને યંત્રવત્ કરીશું તો તેનું કોઇ પ્રયોજન નથી. આ તો એવું જ છે, જેવી રીતે એક આંધળો માણસ નાટક જોવા જાય અને બધા દર્શકો હસી રહ્યા છે એટલા માટે તે પણ હસવા લાગે !. સાધકોએ અમે ઉપર કહેલ સ્થિતિમાં 'ઓમ રામ' અર્થાત્ 'હું રામ છું' એવી અર્થ સહિત તદાકારની આનંદની સ્થિતિ અનુભવતા રહીને નામ સ્મરણ કરવું જોઇએ. આ સંસારમાં અન્ય સાધન તો દીર્ઘકાળ પછી ફળ આપે છે. દા.ત. 'રસોઇ તૈયાર છે, જમવાનું પીરસ્યું છે' એમ સર્વસિધ્ધ હોય ત્યારે જમવા બોલાવવું એક તરફ, તો 'હજી સામાન લાવવનો છે, રસોઇ બનાવવાની છે.' એવી પરિસ્થિતિમાં જમવા બોલાવવું બીજી તરફ. કોઇ કોઇ ક્ષેત્રમાં જમણવારો રાખવામાં આવે છે. તેમાં તે જ દિવસે ઘંઉ-ચોખા ખરીદી, ચોખા વીણી, ઘંઉ દળવા કોઇને મોકલે છે ! તો ઘી ખરીદવા બાજુના ગામમાં કોઇને મોકલે છે. એમ બધી સામગ્રી ભેગી કરી રસોઇ થતા સુધીમાં સાંજ પડી જાય છે !! આ રીતે એકબીજાનું મોઢું જોતા બેસી રહેવું પડે એવા જમણવાર જેવા અન્ય સાધનો છે. અને બરાબર અગિયાર વાગ્યે થાળીઓ પીરસી મેજબાની કરવા જેવું આત્મધ્યાનનું સાધન છે.

તમારે સાંસારિક કાર્યો કરવા હોય તો કરો. પરંતુ તે બધા પોતાનું સર્વસ્વ છે એમ માનવાની જરૂર છે ખરી? એ કામનું વાસ્તવિક મહત્વ જાણ્યા બાદ તે કામ માટે આવવું-જવું, કહેવું-સાંભળવું વગેરે નાની-નાની બાબતો વિષે મનમાં માથાકૂટ કરવાની આસક્તિ હોવી જોઇએ? ના. આટલું બધું આધ્યાત્મિક શ્રવણ કર્યા પછી પણ અહીંથી બહાર નીકળતાં જ તમે સાંસારિક કલ્પનાઓમાં ગળા સુધી કેમ ડૂબી જાઓ છો? તમને વ્યવહારને કેટલું મહત્વ છે તે જાણે તેટલું જ આપી વ્યવહાર કરતાં કેમ ન આવડે?

સાધન બે પ્રકારનાં હોય છે- પારંપારિક સાધન અને સાક્ષાત્ સાધન. પારંપારિક સાધન એટલે ક્રમિક ફળ આપનારું અને સાક્ષાત સાધન એટલે સાધન કર્યા ક્ષણે જ ફળ આપનારૂં. પારંપારિક સાધનને પિપીલિકા માર્ગ અને સાક્ષાત્ સાધનને વિહંગમ માર્ગ પણ કહે છે. સંસ્કૃતમાં પિપીલિકાનો અર્થ છે કીડી અને વિહંગમનો અર્થ છે પક્ષી. કીડી ધીરે-ધીરે વૃક્ષ પર ચડીને ફળ સુધી પહોંચે છે. વચ્ચે જો હવાની તેજ લહેરખી આવી જાય તો કીડી નીચે પડી જાય છે. તેને વળી ફરીથી મહેનત કરવી પડે છે. અર્થાત્ ફળ સુધી

પહોંચાડવામાં તેને ઘણો જ સમય લાગે છે. પરંતુ પક્ષી એક વખત જ ઉડીને સીધું જ ફળ લટકે છે ત્યાં પહોંચીને તેનો સ્વાદ માણે છે. **આ જ રીતે પરમાનંદ રૂપી ફળનો તરત સ્વાદ માણવાનું શ્રેષ્ઠ સાધન તમારા હાથમાં છે. એમ હોવા છતાં જો સાધક પરમાનંદરૂપી ફળનો સ્વાદ ન ચાખે તો એ એની કમનસીબી જ છે !** ઘણાં સમય સુધી શ્રવણ કરવા છતાં જો તમે એમ કહો કે અમારે વ્યવહારનાં ઘણાં કામ પૂરાં કરવાનાં છે. તેને પૂરાં કર્યા કે તુરંત અને સાધનામાં લાગી પડીશું. જેમકે- દીકરીનાં લગ્ન કરવાનાં છે, દીકરાનું ભણતર પૂરૂ કરી તેને નોકરી મળે એટલે થયું. પછી એમાંથી અમે મુક્ત થઇશું, ત્યાં સુધી નહી. આથી એ ખબર પડે છે કે આપને માટે દીકરી-દીકરો જ શ્રેષ્ઠ છે. એમના માટે વ્યવસ્થા કરવી એ જ તમારા જીવનનું પ્રમુખ કર્તવ્ય છે. આ તો, તે બધાને આપ્યા પછી વધેલો પ્રેમ ગુરુને અને તેના જ્ઞાનબોધને આપીશું, એવું કહેવા યોગ્ય જ છે ને?

કેટલાક સાધકો દરવર્ષે અહીં થતા સપ્તાહ અથવા શાંતિકુટીરમાં થતા ગણેશચતુર્થી જ્ઞાન સપ્તાહમાં આવીને ભાગ ન લેવાનાં કેટલાક કારણો બતાવે છે. જેમકે- ઘરમાં લગ્ન લેવાયા, પુત્રની બિમારી કે કાર્યાલયમાં થી રજા ન મળવી એવા કારણો બતાવે છે. આ રીતે બધા અમને ઇતર કારણો કહે છે, પણ ઇતર લોકોને સપ્તાહનું કારણ તે પૈકી એકપણ જણ કહેતો નથી! “ભાઇ, અમારે સપ્તાહમાં જવાનો નિયમ છે આ કારણે અમે લગ્નમાં કે રજાઓમાં આપની પાસે નહીં આવી શકીએ, એ જ સાધકો શું અન્ય લોકોને એવું ન કહી શકે? તમારા આચરણ પરથી તમે કઈ વાતને જીવનમાં મહત્વ આપો છો તેનો ખ્યાલ આવે છે. આ બન્નેમાંથી તમારે કોઇ એકને છોડવાનું છે કે ઓછું કરવાનું છે, એ તો સાચું છે ને? પણ આના માટે તેને છોડો. **વ્યવહારના કામ માટે આત્માભ્યાસ અને તેના સાધનીભૂત એવું નિરૂપણ, સપ્તાહમાં આવવું વગેરે છોડશો નહીં.** જીવ બ્રહ્મૈક્યથી પરમોચ્ચ તત્વને જાણી આ આત્મધ્યાન રૂપી સાધના કરો ભાઇઓ! આ શ્રેષ્ઠ છે, સત્ય છે, સિદ્ધ છે અને આનંદમય છે.

પ્રકરણ-૨૧

અધ્યાત્મ સાધન અનુષ્ઠાન

આત્મા જ બ્રહ્મ કેમ નહિ ભાઇ! બ્રહ્મનાં તમામ લક્ષણો આત્મામાં છે, એવું કહ્યા પછી એ બ્રહ્મ કેમ નહિ ? ગળપણ છે, કણયુકત છે અને સફેદ છે, એમ બધા ખાંડના લક્ષણોને જોઇને આપણે નિ:સંકોચ કહી દઇએ છીએ કે આ ખાંડ જ છે, તે જ રીતે સત-ચિત-આનંદ વગેરે બ્રહ્મનાં તમામ લક્ષણોથી યુકત આત્માને બ્રહ્મ શા માટે ન કહેવામાં આવે? જીવે પોતાની નિજસ્થિતિને બ્રહ્મ એવું ન કહેવું જોઇએ, તેનું કારણ કહો. નહિ

તો અમે જીવ જ બ્રહ્મ છે, એના કારણો બતાવીએ છીએ. જીવે પોતાની અલ્પતા છોડી, અમે જ પરિપૂર્ણ બ્રહ્મ છીએ એમ કહેવાથી તેને નિરતિશય આનંદ મળે છે. આ મહા આનંદની પ્રાપ્તિને માટે તેણે એમ કહેવું જોઇએ એટલું જ નહીં, એવી પરમ સ્થિતિ દરેક વ્યકિતનું સ્વરૂપ હોવાથી આ જ હેતુથી તેનું અનુસરણ કરીને ‘બ્રહ્માસ્મિ’ કહેવું એ તેનું કર્તવ્ય છે.

આત્મજ્ઞાન આત્મસાત થઇ જવું જોઇએ. તેને જાણીને છોડી ન દેવું જોઇએ. તે જાણ્યા પછી તે આપણું થઈ આપણે જ તે થઈ જવા જોઇએ. એટલે જ ગુરૂ આ મહત્વના વિષયનું વારંવાર વિવરણ કરે છે. સાધકે તેનું શ્રવણ ક્યાં સુધી કરવું? જયાં સુધી તે આત્મસાત્ ન થઇ જાય ત્યાં સુધી.

હવે અમે એ બતાવી રહ્યા છીએ કે આ મહત્વપૂર્ણ સ્થિતિને મેળવવા માટે સાધકે કયા સાધન કરવા જોઇએ. આત્મસાધનાના બે પ્રકાર છે—(૧) એકાન્તમાં પોતે કરવાનાં સાધન અને (૨) વ્યવહાર-સંબંધિત કરવાનાં સાધન

સ્વયં કરવાનાં સાધન પણ બે પ્રકારનાં છે.—

(૧) કલ્પનારહિત થઇને નિર્વિકલ્પ સ્થિતિમાં રહેવું, અને

(૨) ભાવના તેમજ બુધ્ધિથી વિશેષાનંદનો અનુભવ કરતાં રહીને શિવોડહમ્ અર્થાત્ હું શિવ છું, હું શિવ છું, એવું કહેવું.

એકાંતના અભ્યાસની જેમ જ લોકાંતના અભ્યાસના પણ બે ભાગ છે—

(૧) અહંકાર, મોહ, લોભ વગેરે જીવ ગુણનો ત્યાગ કરવાનો અભ્યાસ, અને

(૨) સહજ આત્મસ્થિતિમાં રહીને વ્યવહાર કરવાનો અભ્યાસ

ઉપરોકત સાધનોને હવે અમે વિસ્તારથી સમજાવીશું— સર્વ પ્રથમની (પ્રથમ પ્રકારના પહેલા વિભાગની) સાધન સ્થિતિમાં કોઇપણ પ્રકારની કલ્પના ન રહેતા; કલ્પના નાબૂદ થઇ ગઇ, એવી ભાવના પણ ન રહેવી જોઇએ. તથા સાધકે નિર્વિકલ્પ સથિતિમાં રહીને પરમાનંદમાં રહેવું જોઇએ, આને જ આત્મધ્યાન કહેવામાં આવે છે.

દરરોજ વહેલી સવારે પથારીમાંથી ઊઠતાંની સાથે જ નિર્વિકલ્પ ભાવથી પરમ શાંતિનો અનુભવ કરતાં કરતાં ધ્યાનમાં બેસી શકાય કે નહિ? બેસી જ શકાય. પરંતુ ખુદને સાધક કહેનારા અનેક વ્યકિત પોતાના આ મુખ્ય કર્તવ્યને મહત્વ ન આપીને સાંસારિક વ્યવહારને મહત્વ આપે છે.તેઓ સવારે પથારીમાંથી ઊઠતાંની સાથે જ વ્યવહાર તરફ દોડાદોડ કરવા લાગે છે! સાધકનું આ લક્ષણ નથી. સાંસારીક કામો તો

તમારી પાછળ લાગેલા જ છે, તે તમને છોડીને કયાં ભાગી જશે? તેને પછી કરો. પ્રથમ ઓછામાં ઓછો અડધો કલાક શાંતિથી નિર્વિકલ્પ ધ્યાનમાં બેસો! અને પરમ સ્થિતિનો અનુભવ લો.

નિર્વિકલ્પ ધ્યાનનો સારાંશ—સૌથી પહેલાં એક ચિત્ત થઇ ગુરુ દ્વારા મળેલ નામનું સ્મરણ કરવું જોઇએ. ગુરુમંત્રનું ધ્યાન કરતી વખતે તમારા સ્મરણમાં એ રહેવું જોઇએ કે, હું 'અહં બ્રહ્માસ્મિ' 'સોડહં', 'ઓમ' ધ્યેય સ્વરૂપ છું. તમારે આમાં ત્રિપુટી નષ્ટ કરીને તન્મય, તદાકાર થઇ જવાનું છે. **આ નિર્વિકલ્પ સ્થિતિમાં રહીને ધ્યાનનો પૂર્ણ સમય પસાર કરો.**

સદ્ગુરુ દ્વારા દીધેલા મંત્રનો અર્થ જેને હજુ સુધી સમજાયો નથી, તેમણે ધ્યાનના સમયે એકાગ્રચિત્ત થઇ નામસ્મરણ કરવું જોઇએ. ધ્યાનના સમયે તન્મયતાથી અંતઃ કરણ પૂર્વક નામસ્મરણ કરવાથી પણ સાધક નિર્વિકલ્પ સ્થિતિને મેળવી શકે છે. એના માટે વધારે વખત સુધી ધ્યાન કરવાની જરૂર છે. જાણતા હોય કે ન જાણતા હોય એવા પ્રાથમિક તથા માધ્યમિક તમામ સાધકો માટે ધ્યાન એક અનિવાર્ય સાધન છે.

સદ્ગુરુ પાસેથી આનંદ અનુભવરૂપ એવા પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન જેમણે મેળવી લીધું છે એવા સાધકે, નિજસ્થિતિનું તાદાત્મ્ય જ ગુરુ દ્વારા મળેલા મંત્રનો અર્થ છે, એ વાત જાણેલી હશે તો થોડીવાર જ ધ્યાનમાં બેસવાથી અને થોડા જ સમય પૂરતાં કરેલાં નામસ્મરણથી જ તેને સચ્ચિદાનંદ નિર્વિકલ્પતાનો અનુભવ પ્રાપ્ત થઇ જાય છે.

ઉપર જણાવેલ રહસ્યને જાણવાવાળા **સાધકે દરરોજ સવારે અચૂક ધ્યાન કરવું જોઇએ. આ તેનો નિત્યક્રમ જ હોવો જોઇએ. એટલું જ નહીં, ઉદ્યોગ અને વ્યવસાયમાં પણ જે કંઇ ફુરસદનો સમય મળે, તે વખતે પણ નિર્વિકલ્પ સ્થિતિમાં વિશ્રાંતિ લેવી જોઇએ.** આપણે ક્યારેય કોઇપણ કામ એકધારું કરીએ છીએ? તે કામની વચ્ચે-વચ્ચે થોડો-થોડો સમય હોય જ છે. આપણે આ વિશ્રામના વખતે અનાવશ્યક કલ્પનાઓ કરતા કરતા આપણી બુધ્ધિને તણાવ આપીએ છીએ!

સાધકે એમ થવા ન દઇને, એક કામ પૂરું થયા પછી બીજું કામ શરૂ કરતાં પહેલા વચ્ચે મળતા સંધિકાળમાં આત્મસ્થિતિના શાંત સુખનો અનુભવ કરવો જોઇએ. મોઢેથી કહેવું કે વિશ્રામ છે અને મનમાં કલ્પનાઓ કરતા કરતા પરિશ્રમ કરવો તે યોગ્ય છે? અથવા તે વખતે સહજ શાંત સ્થિતિમાં રહેવું યોગ્ય રહેશે? તેનો તમે જ વિચાર કરો.

તમે ઓફીસમાં કામ કરો છો. વચ્ચે અડધા કલાકનો વિશ્રાંતિ સમય હોય જ છે. કામ કરતી વખતે પણ અલ્પકાલિક ફૂરસદ રહેતી જ હોય છે. તમે જનસંપર્કનું કામ કરતા હોય, તો એક વ્યક્તિ પ્રશ્ન લઈને આવે ત્યારે તમે તેને ઉત્તર આપો છો, પછી બીજો આવે ત્યાં સુધી તમે શું કરો છો? આ સમયે સહજ શાંત

સ્થિતિમાં રહેતાં આવડે કે નહીં? પણ આપણે આ અલ્પ સમયમાં પણ કલ્પનાકાર જ હોઇએ છીએ. સાધકે આનો ત્યાગ કરવો જોઇએ

દરરોજના સામાન્ય વ્યવહારના સમયે પણ, વચ્ચે- વચ્ચે જે થોડો –થોડો સમય મળે છે, તેનો પોતાની સાધના માટે ઉપયોગ કરવો જોઇએ. ઉદા- તમે ચા પીઓ છો. ચા તૈયાર થવામાં પાંચ મિનિટ કે ક્યારેક ૧૦-૧૫ મિનિટ પણ લાગી જાય, તે સમયે ચા લાવવામાં આટલી વાર કેમ થઈ? એમ કહી ગુસ્સો કરીએ છીએ, બેચેન થઈએ છીએ! આ ચંચળતાને છોડીને, ચા આવે ત્યાં સુધી સ્વાનંદનો અનુભવ કરતાં-કરતાં આરામથી શા માટે ન બેસીએ?

અમે ઉપર સૂચિત કરેલ ઉદાહરણની જેમ, આપણા જીવનના દૈનિક વ્યવહારમાં રાહ જોવી પડે એવા અનેક પ્રસંગો આવતા જ રહે છે—જેમકે બસ સ્ટેન્ડ કે રેલવે સ્ટેશન પર બસ કે ટ્રેનની પ્રતીક્ષા કરતી વખતે, ઔષધાલયમાં ડોકટર આવે તેની અથવા પોતાનો વારો આવવાની રાહ જોતી વખતે, વગેરે કહી શકાય. **આવા સમયે આપણને ઘણો ફુરસદનો સમય મળતો હોય છે.** પરંતુ આપણામાં અભ્યાસની પ્રવૃત્તિના અભાવને લીધે આપણે આ બધો સમય વ્યર્થ ખોઇ નાખીએ છીએ !

ઉપર દર્શાવેલ એ અલ્પકાલિક સમયો ઉપરાંત આત્મધ્યાનને માટે દીર્ઘકાલિક સમય પણ આપની પાસે હોય છે, તે હવે બતાવીએ છીએ - રાત્રે શયન પૂર્વે, દિવસ આખાના કામો પર કાળો પડદો નાખી, અર્થાત સંસારની સર્વ કલ્પનાઓનો ત્યાગ કરીને, તે સમયને એક રીતે મરણકાળ માનીને આત્મસ્થિતિમાં રહેવું જોઇએ. તે સમયે **આ સંસાર નથી, તેનો વ્યવહાર પણ નથી, હું શરીર નથી પણ સચ્ચિદાનંદ શુધ્ધ ચૈતન્ય આત્મા છું, આ શુધ્ધ ભાવના સાથે ઉંઘી જવું જોઇએ.** આ સમયે શું કોઇ વ્યવધાન આવી શકે છે? આ સ્વતંત્ર અને પ્રયાસરહિત પ્રાપ્ત થયેલો દીર્ઘ સાધનાવધી જ છે. સૂતી વખતે કાળજીપૂર્વક આવી ભાવના કરી, રાત્રિ દરમ્યાન જો ઊંઘમાંથી આપ વચ્ચે જ જાગી ગયા તો પણ આ ભાવનાને જીવતી રાખીને તમે અભ્યાસ કરી જ શકો છો !

ધ્યાનાભ્યાસનો અર્થ છે ચૂપ બેસવું. અમે આને મહામૌન કહી શકીએ છીએ. નિરુપાધિક ગુરુએ કહ્યું છે કે, જો તમે ચૂપ બેસો તો પરબ્રહ્મ થઇ શકો છો. (સુમ્મ નિદ્રે નીનુ પરબ્રહ્મ નાગુવિ). પરંતુ આપણને ચૂપ બેસતાં જ નથી આવડતું ! આ કરવું છે, તે કરવું છે, એનું શું થયું, તેનું શું થયું, આ રીતે આપણે વારંવાર એની એ જ બાબતોનું પિષ્ટપેષણ કરતાં રહીએ છીએ ! લોટ દળવાથી લોટ જ બને છે, એમ કલ્પનાથી વધારે કંઇ નિષ્પન્ન થતુ નથી.

સમજો કે, કોઇને ત્યાં બપોરે સાડાત્રણ વાગ્યે જવાનું છે. હવે આ વાતને વારંવાર કહ્યા જ કરીએ છીએ! સવારથી જાઓ ત્યાં સુધી, જવાનું છે, બરાબર કેટલા વાગે ઘેરથી નીકળીશું? વગેરે સતત યોજનાઓ કરીએ છીએ! આપણે જ એક રીતે વિચાર કરીએ છીએ અને તે જ બાબતે શંકાઓ કરીએ છીએ! ન જઇએ તો

કેમ, ન જઇએ તો ચાલશે? રિક્ષા કે બસ નહીં મળે તો શું થશે? બસ ચૂકી જઇશું તો શું થશે? આવી અનેક કલ્પનાઓ કરીએ છીએ. પણ આટલો ઉપદ્રવ ન કરતાં, થોડો વિચાર કરીને, "જવું છે તો જઇશું ભાઇ!" એટલું કહી આરામથી ન રહી શકાય? આટલો સમય વિચારમાં વ્યતીત કર્યો, પણ જવાનું તો એકવાર જ છે ને ! તાત્પર્ય -આ બધાં આસકિતનાં લક્ષણો છે. સાધકે નિરર્થક કલ્પના તરંગોનો નાશ કરીને સહજ નિર્વિકલ્પ સ્થિતિમાં રહેવું જોઇએ.

વધારે એ કહેવાનું કે, અમે કહેલું આત્માનુસંધાનનું સાધન આંતરિક છે. તે ન તો કોઇને નજરે પડે છે અને નથી કોઇને સંભળાતું કે નથી એની સમજણ પડતી ! પૂજા, ભજન જેવા અન્ય સાધનો માટે સ્થળ, સમય, સાહિત્ય વગેરેની જરુર પડે છે. કરવામાં જાત-જાતની અડચણો આવી શકે છે. તમે શહેરમાં રહેતા હોય તો શાસ્ત્રોક્ત રીતે પૂજા કરવાની હોય તો ઘર નાનું છે, ત્યાં શાસ્ત્રોક્ત રીતે પૂજા ન થાય એમ કહો છો! મોટા સ્વરે ભજન કરશો તો પડોશીઓ 'અમારી ઉંઘ બગડે છે' એમ કહેવા આવે છે. **પરંતુ આંતરિક ધ્યાન અંગે આક્ષેપ કરવા કોઇને કારણ જ મળતું નથી.** વધી-વધીને લોકો અને આપ્તજનો એવું કહેશે કે 'આ તો બોલતો નથી, ચૂપ રહે છે' !હવે અમે એકાંતમાં થઇ શકતા બીજા અભ્યાસ અંગે બતાવીશું. **'હું આત્મા છું', 'હું શિવ છું', 'હું અવ્યય છું', 'હું પરીપૂર્ણ છું'–'શિવોડહમ્' 'અહમેવાહમવ્યયમ્'- પોતાના આ નિજ સ્વરૂપનું ઉચ્ચારણ કરતાં-કરતાં આ અમૂલ્ય આનંદને મેળવી લેવાનો છે.** હું નિત્ય, શુધ્ધ, નિર્લેપ, નિરંજન, પરમાત્મા છું અને મારામાં કોઇપણ દ્વન્દ્વ નથી. સુખ-દુઃખ માન-અપમાન, કર્તૃત્વ –ભૌકતૃત્વ વગેરે કોઇ મારો ધર્મ નથી, એમ કહેતા રહીને સ્વયંમાં વિશેષ આનંદનો અનુભવ કરવો જોઇએ. તમારા સંકુચિત વિચારોને છોડીને 'શિવોડહમ્-શિવોડહમ્' 'અસંગોડહં-અસંગોડહં' 'પરમાનંદસ્વરૂપોડહં', 'નિત્ય શુધ્ધ વિમુકતોડહં', વગેરે અનેક વખત બતાવેલા શ્લોકોનું ઉચ્ચારણ કરતાં રહીને દિવ્યભાવથી વિહાર કરવાથી કેવો અનુપમ આનંદ પ્રાપ્ત થાય છે! એકાંતમાં પોતાના ઓરડામાં, ઘરની અગાસીમાં, ખુલ્લા મેદાનમાં તથા બહાર ફરવા જતી વખતે આ અભ્યાસ કરી શકાય ને! એ આમ સહજ સાધ્ય હોવા છતાં, સદૈવ સાંસારિક કલ્પનાઓ કરતાં રહીને દીન અવસ્થામાં સમય શા માટે વેડફવો જોઇએ?

આ અભ્યાસને કરતી વખતે જે શબ્દનું ઉચ્ચારણ કરતા હોવ તેનાં લક્ષણો તમારામાં જ જુઓ. ઉદાહરણ તરીકે—'હું અસંગ છું, મને કાંઇ વળગ્યું નથી' આ વાત તમારા અનુભવથી જુઓ. તમે આકાશની જેમ નિર્લેપ છો, કઇ રીતે? શરીરમાં રહેવા છતાં શું તમને શરીરનું જડત્વ અને માલિન્ય વળગેલું છે? તમારા અનુભવમાં આનું કોઇ નામ નિશાન નથી ! સારું, શું પાપ-પુણ્ય તમને ચોંટયાં છે? તમારા અનુભવમાં એનું કોઇ નામોનિશાન નથી. પરંતુ અલિપ્તતા, પરિણામ રહિતતા, વિશાળતાની પ્રતીતિ તમારામાં છે.

અનેક વખત એવું બને છે, જયારે આપણી પાસે કરવા યોગ્ય કોઇ કામ નથી હોતું અને પૂરતો સમય હોય છે. ત્યારે આપણે ફરિયાદ કરીએ છીએ કે 'સમય નથી જતો'. અને આપણા સોના જેવા સમયને શૂન્ય ભાવનાઓમાં કે કંટાળાજનક વિષયોની કલ્પનાઓ કરવામાં અથવા અર્થહીન પુસ્તક- વૃત્તપત્ર વાંચવામાં

પસાર કરીએ છીએ ! તમે આ શૂન્ય સમયનો ઉપયોગ શિવોઽહમ્ ના અભ્યાસમાં કે એમાં મદદરૂપ ગ્રંથોના વાચનમાં અથવા તે અર્થવાળા અનુભવ પદો ગાવામાં કરી શકાય ને?

અમે તમને આ પહેલાં પણ બતાવ્યું છે કે વહેલી સવારે એક કલાક નિર્વિકલ્પ ધ્યાન કરીને, તેના પછી પ્રાર્થના સમાપ્ત થાય, ત્યારે તમે ફરવા માટે જાઓ. તે ઉત્સાહવર્ધક સમયે પણ તમે 'શિવોઽહમક્ષ્' નો અભ્યાસ કરતાં રહીને, ચિદાનંદસ્વરૂપ શિવ હું છું, આ ઉન્નત ભાવને આત્મસાત કરી લો. તુર્યાવસ્થાનો આ આનંદ સંસારમાં બીજે કયાંય મળી શકશે નહીં. ફરવા માટે તમારે એકલા જ જવું જોઇએ. કોઇ બીજા સાથે કે ઘણા બધા લોકો સાથે જવું જોઇએ નહીં, તેઓની સાથે જવાથી વૈયકિતક પ્રપંચ, રાજકારણ અથવા નિંદા-સ્તુતિની વાતો શરૂ થઇ જાય છે. ફરીને આવ્યા પછી પણ તમારી ઇચ્છાનુસાર ગુરુભકિત અથવા અધ્યાત્મ ગ્રંથને વાંચતા રહેવું જોઇએ.

અમે ઉપર બતાવેલા બન્ને રીતના અભ્યાસ કરતી વખતે સાધકની ભાવનામાં એકરૂપતા રહેવી જોઇએ. **અભ્યાસ કરતી વખતે, 'સંસાર જ નથી', 'વ્યવહાર જ નથી', હું નથી, 'મારું પણ નથી', આ દ્રઢ ભાવના સ્થિર રહેવી જોઇએ.** જો એવી સ્થિતિ રહેતી હોય તો ખરેખર અભ્યાસ થાય છે. જો એવું નથી તો 'હું આવો છું', 'મારું આવું છે' વગેરે સાંસારિક ભાવ અંદર રાખીને 'નિર્વિકલ્પ' કે 'સોઽહમ્' નો અભ્યાસ કરતા રહેશો તો તે અસંભવ છે.

સાધકોમાં ઘણું કરીને એ દોષ જોવા મળે છે કે, તેમનામાં અભ્યાસની પ્રવૃત્તિ ઓછી હોય છે. તેઓ સંસારને સૌથી વધારે મહત્ત્વ આપી, તે જ પોતાનું મુખ્ય કર્તવ્ય છે, એવું માને છે.આત્મધ્યાન જેવા સાધનને છોડીને કે ખૂબ ઓછું મહત્વનું ગણીને પોતાના સંસારને જ મોટો સમજે છે.

હા, વ્યવહારમાં પણ તમે કયું એવું મોટું કામ કરો છો? તમારે આજે એવું તે કયું મહત્વપૂર્ણ કાર્ય કરવાનું છે? તમે કોઇ ધુરંધર રાજકારણી છો, કે પ્રજામાં આગળપડતા છો? તમારે દેશહિતનું કાર્ય સાધવું છે ? કે હજારો લોકો સામે વિચારપૂર્ણ વ્યાખ્યાન વગેરે આપવાનું છે? રાજકીય અને સામાજિક જટિલ સમસ્યાઓની સામે જવાનો કઠીન પ્રસંગ તમારા ઉપર આવ્યો છે કે? તેવું કાંઇ ન હોઇ તમારે પોતાના દરરોજનાં સામાન્ય કર્તવ્યો જ કરવાના હોય તો તેના માટે આટલી મહાન યોજનાઓ બનાવવાની શું જરૂર છે? તમારું કામ શું છે- બજાર જઇ સાબુ, ટિનોપોલ, શાકભાજી વગેરે લાવવી, સિનેમાની ટિકીટ અગાઉથી લઇ આવવી, આપ્તજન કે કોઇ મિત્રને એકાદ પત્ર લખવો ! એવું છે, તો આ નાના-નાનાં કામો માટે વધારે વિચાર કરીને, સાધનાને છોડી દેવી એમાં ક્યું ડહાપણ છે?

જો તમારું પૂરેપૂરું ધ્યાન વ્યવહાર ચલાવવામાં જ રહેશે તો તમે પોતાની આત્મતત્વની મૂડી ખોઇ બેસશો અને દુઃખી થશો. એટલા માટે આપે ધ્યાનમાં રાખવું જોઇએ કે, સાધના છોડી દેવી એ ખૂબ જ હાનિકારક છે. વ્યવહારને મૂકી દેવાથી નુકસાન થાય છે, એટલે તે કેટલી તત્પરતાથી કરો છો! પરંતુ

અધ્યાત્મ સાધનને છોડી દેવાથી તેનાથી પણ ઘણું મોટું નુકસાન થશે, તે બદલ વિચાર કર્યો છે? એક વાર વ્યવહારિક નુકસાનના એટલા દુષ્પરિણામ નહી થાય, પણ સાધનાનો ત્યાગ કર્યો તો સર્વસ્વ ગુમાવવું પડે છે !

અમને વ્યવહારમાં અત્યાવશ્યક એવા ઘણાં બધાં કામો રહે છે, એટલા માટે અમારે સાધના કરવાનો સમય નથી રહેતો, આમ કહેવું યોગ્ય નથી. કારણ કે જે કામો કરવામાં બુધ્ધિને તાણ પડે છે એ જ સાચા કામો છે, એ સમજી લો. રૂઢિગત સહજતાથી થનારાં કાર્યોને કામ કહી જ ન શકાય. દા.ત.- સમજો, તમારે મિત્રના ઘેર જઈને કોઇ વિષય પર વિચાર કરવો છે. તેમાં મિત્ર સાથે વિચાર વિનિમય કરવો એટલું જ ખરું કામ. બાકી તેના ઘેર જવું, તેની સાથે ગપ્પા મારવા વગેરે ખરું કામ નથી. કેમ? તો મિત્રના ઘેર જવાનો રસ્તો તમારા માટે રોજનો છે. તે માટે તમે સહજ રીતે જઈ શકો છો. તે રીતે **તમારી અનેક નિત્ય ક્રિયાઓ રૂઢીગત રીતે (આદતવશ) થતી હોય છે. તે માટે તે કામો છે, એવું લાગતું જ નથી**. તેમાં શૌચ-સ્નાન-ભોજન વગેરે બધું આવતું હોઇ, તે હજારો વાર કરી તમારા માટે સહજ થઇ ગયું છે. તે આપોઆપ થઈ જાય છે.

ઉપર કીધેલ સ્નાન કરવામાં ૧૦-૧૫ મિનિટનો સમય લાગે છે. તે સમય આત્માનંદમય થઈને ઉલ્લાસપૂર્વક પસાર કરી શકાય ને? બાહ્ય જળથી થનારી નિર્મલતા, શીતળતા કે ઉષ્ણતાની પ્રતીતિની સાથે-સાથે, જેમ માછલી પાણીમાં તરે છે તેમ, આપણે સ્વાનંદમાં નિમજ્જન કરી શકીએ ને? આ જ રીતે ભોજન કરતી વખતે પણ સ્વાદ તથા ક્ષુધા-શાંતિની સાથે-સાથે આત્મસ્થિતિની પરિપૂર્ણ તૃપ્તિનો અનુભવ લઇ શકાય ને? સારાંશ- આ રીતે આવવા-જવામાં, બેસતા-ઉઠતા, હરતાં-ફરતાં વગેરે **સહજ ક્રિયાઓ કરતી વખતે અને શૌચ, સ્નાન, ચા, ભોજન વગેરે જેવી ઐહિક ક્રિયાઓમાં પસાર થનાર ૨-૩ કલાકનો સમય સહજતાથી અભ્યાસમાં પસાર કરી શકીએ છીએ**. આ રીતે તે વખતે થનારી લોભ-મોહ જેવી કલ્પનાઓ તથા નિરર્થક ચિંતાઓનો ત્યાગ કરીને, તેને બદલે સહજ સ્થિતિનો અભ્યાસ કરવો જોઇએ.

તમારા આત્મજ્ઞાનથી અખંડ આનંદરૂપ થઇને જોઇએ, સ્વાનંદમાં ડોલવું જોઇએ. અને બાહ્ય સાંસારિક વ્યવહારને સામાન્ય માનવો જોઇએ. તમે કહેશો કે, "જીવનમાં અનેક મહત્વપૂર્ણ કાર્યોને સામાન્ય કઈ રીત કહેવા? પુત્રીના લગ્ન, બાળકોનું શિક્ષણ, નોકરી વગેરે આજીવિકાનું સાધન, કુટુંબીજનો બીમારી અને તેમનો ઉપચાર કરવો, જેવાં મહત્વના કામો, ઓછા દરજ્જાના છે તે કેવી રીતે કહી શકાય?

ઉત્તર- યથાયોગ્ય વિચાર કરો. તમને જે કાર્ય આજે ખૂબ જ મોટાં લાગતાં હતાં, કાલે તે જ ઘણાં નાનાં લાગે છે. જે કામને આપણે ખૂબ જ મહત્વપૂર્ણ માનતા હતાં તે પૂર્ણ થયા પછી, થોડા જ વખતમાં કાં તો આપણે તેને ભુલી જઇએ છીએ કે તે સામાન્ય જેવા લાગવાં લાગે છે. દીકરીનાં લગ્ન કરતા પહેલા તે મહા મોટું કાર્ય લાગે છે. પણ લગ્ન થયા પછી, પુત્રીના લગ્ન કર્યા એવા નાના વાક્યમાં તે પુરુ થઈ જાય છે ! એના માટે લોકો પણ કહે છે કે, આ કઇ એવી મોટી વાત છે. આ તો તેનું કર્તવ્ય જ હતું. તમામ મોટાં-મોટાં

કાર્યોની સ્થિતિ આ જ રીતની છે. સારાંશ—**એ સમજી લો કે, તમામ કાર્યો સામાન્ય જ છે અને મહત્વપૂર્ણ સ્વાનંદ સામ્રાજયમાં આળોટો.**

સોઙહં ભાવ અને નિર્વિકલ્પ સ્થિતિનું સાધન કરવાથી વધારે સુખ મળે છે. પરંતુ અનેક સાધક આ સુખનો અનુભવ કર્યા પછી પણ લોભ, મોહ અને કર્તૃત્વાભિમાનના કારણે બાહ્ય દુઃખ ઓઢીને ઘેરાઇ જાય છે. જેવી રીતે હાથી સ્વચ્છ જળમાં સ્નાન કર્યા પછી બહાર આવીને પોતાની સૂંઢથી પોતાની ઉપર ધૂળ નાંખે છે તેવી જ રીતે સાધક પણ આત્મસુખની ઉપર કલ્પનારૂપી ધૂળ નાંખી દે છે ! આમ ન થવું જોઇએ. એક વાર જીવકલ્પના અને તેના થકી થનારાં દુઃખથી સાધકને ખૂબ જ મોટું નુકસાન થાય છે, તેમ લાગવું જોઇએ સાધકે એ વિવેક રાખવો જોઇએ કે હું પરમાનંદ સ્વરૂપ છું. મારે જરાપણ દુઃખ થવું અસંભવ છે. સાધકે આવો વિવેક રાખીને, ભાસમાન દુઃખને ખંખેરીને સ્વયં આત્માનંદમાં નિમગ્ન રહેવું જોઇએ. **આ રીતે સદૈવ પોતાના જીવગુણોનો ત્યાગ કરવાનો છે. વ્યવહારિક અભ્યાસમાં સર્વપ્રથમ આ જ અભ્યાસ બતાવવામાં આવે છે.**

તમે કહેશો- " અભ્યાસ વખતે તો હું ભાવ અને તેનાથી થવાવાળા વિકારોને આપણે પ્રસન્નતાપૂર્વક છોડી શકીએ છીએ, પરંતુ હું-મારું ને છોડીને વ્યવહાર કરવો કેવી રીતે શકય બનશે? અભ્યાસ વખતે જે હું-મારું ભાવને આપણે પ્રયત્નપૂર્વક છોડેલ છે, વ્યવહાર વખતે તો તેને સ્વીકારવો જ પડે છે ને !!

ઉત્તર—ઠીક છે, વ્યવહારમાં હું ભાવ લાવવો જ પડે છે. પરંતુ સાધક પોતાના અધિષ્ઠાનમાં સ્થિત રહીને પોતાનો તમામ વ્યવહાર બાધિત અહંકારથી કરે તો તેનો વ્યવહાર ઉત્તમ રીતે થાય છે. જેવી રીતે કોઇ પણ કલાકાર પોતાની ભૂમિકાને રજૂ કરતી વખતે મનથી તો જાણે જ છે કે આ પાત્ર હું નથી. આ રીતે અભ્યાસ-નિરત સાધક વ્યવહારપૂરતો જ અહંકાર ધારણ કરી કામ કરે છે. તેનો કર્તૃત્વ-ભાવ માત્ર તે કાર્ય સુધી જ સીમિત રહે છે. તે કર્મથી પ્રાપ્ત થનારાં ફળ, યશ-અપયશ અને કર્તૃત્વાભિમાનથી તે નિર્લેપ રહે છે. આ આશ્ચર્યની વાત છે કે વ્યવહારમાં યશને ખૂબ જ મહત્વ આપીને સ્વાર્થ અને નિજ અહંકારને વશ થઇને આપણે ખુદનો જ વિનાશ નોતરી લઇએ છીએ. સારાંશ- વ્યવહાર બગડવા માટે કારણીભૂત એવા નિજ-અહંકાર અને તેને લીધે થનારી આસકિત, વગેરે દોષોનો ત્યાગ કરીને કૃત્રિમ અહંકાર (તે જ શુધ્ધ અહંકાર પણ હોય) રાખીને કાર્ય કરવાથી, વ્યવહાર ઉત્તમ રીતે થાય છે અને આત્મસ્થિતિ પણ અખંડ બની રહે છે. આ જ અમે કહેલો વ્યવહારનો બીજો અભ્યાસ છે.

અમે દરરોજ, એક ને એક રીતે વધારેમાં વધારે સમય સાધના કરવા માટે કહીએ છીએ. તે બદલ મોટાભાગના સાધકોનો આક્ષેપ રહે છે કે પ્રપંચ ભાવને પૂર્ણપણે કાઢવા માટે જો અમે નિત્ય પ્રાતઃકાલ 2-3 કલાક તથા સાયંકાલ ર -3 કલાક તથા દિવસની વચ્ચે-વચ્ચે પણ કંઇક સમય કાઢીને સાધના કરીશું તો અમારો સાંસારિક-વ્યવહાર બગડશે ને?

ઉત્તર – એવું કાંઇ હોય! તમે ક્યારેક બહારગામ જાઓ કે બીજા કામોમાં વ્યસ્ત હોવ છો તે વખતે વ્યવહાર છોડો છો ને ! તે વખતે વ્યવહાર બગડે છે? રોજ રાત્રે સંપૂર્ણ વ્યવહાર છોડી ૭-૮ કલાક ઉંઘો પણ છો ત્યારે તે વખતે તમારો વ્યવહાર નથી બગડતો, તો ૨-૩ કલાકની સાધનાથી એ કેવી રીતે બગડશે?

બધા જ પ્રકારનાં સાધન કરનારો સાધક દુઃખ, અપમાન વગેરે તમામ પ્રકારની પરિસ્થિતિઓમાંથી આરપાર નીકળી જાય છે. તેને કોઇ ગમે તેટલું દુઃખ આપવાનો પ્રયત્ન કરે તો પણ તે તેનાથી વિચલિત નથી થતો! લોકો શરીરની નિંદા કરે, અપમાન કરે, દુઃખ આપે, પરંતુ તે શરીરવત્ ન રહીને આત્મવત્ રહે છે. કોઇ શત્રુને મારવાને બદલે બીજાને શત્રુ સમજી મારી નાખો તો શું એ શત્રુ દુઃખી થશે? તેવી રીતે જ લોકો જે દુઃખ આપે છે (બાધાઓ ઉભી કરે છે), તે તો શરીરને આપે છે, સાધક તો આત્મવત્ સુખ સ્વરૂપ બનીને રહે છે. તેને કોઇપણ પ્રકારનું દુઃખ આપવું એ અસંભવ છે. એટલું જ નહીં, મૃત્યુ પણ તેનું કંઇ બગાડી શકતું નથી. એટલા જ માટે તે એ જ કહેતો રહે છે કે, મૃત્યુ ભલે અત્યારે આવે કે ગમે ત્યારે આવે. આત્મનિશ્ચય થયેલા સાધકની સંસારમાં વધારે રહેવાની ઇચ્છા નથી હોતી સાથોસાથ આ સંસારમાં હજુ વધારે નથી રહેવું એવું પણ નથી હોતું. આ સંસારમાં હજે રહેવું છે એવું લાગવા માટે, અહીં વિશેષ આનંદ છે જેને છોડીને નથી જવું એવી ભાવના હોવી જોઇએ અથવા મરવું છે તો “આ સંસારમાં ખૂબ જ દુઃખ છે, આનાથી તો છૂટકારો મેળવવો છે”, એવી ભાવના રહેવી જોઇએ. પણ નિત્ય તૃપ્ત એવા જ્ઞાન-સાધકમાં એ બન્ને ભાવનાઓનો અભાવ હોવાને લીધે તેને ન તો મરવાની ઇચ્છા છે, ન તો આ સંસારમાં રહેવાનો આગ્રહ છે ! શરીર રહે કે ન રહે કે પછી એ કર્મની ગંગામાં વહેતો રહે તેવી તેના મનઃસ્થિતિ હોય છે.

તાત્પર્ય- **વ્યવહારને સામાન્ય ભાવથી કરતાં રહીને પૂરૂ લક્ષ્ય સાધના તરફ રાખો.** પરંતુ મોટાભાગના લોકોનું કહેવું એ છે કે, “અમને એવું એક સાધન બતાવો જેના થકી અમે સીધા સંસારમાં આવી શકીએ અને કાયમને માટે તેની સાથે દ્રઢભાવથી ચોંટયા રહીએ !” તેમની આ માંગણી પૂરી કરવી અમારા માટે શક્ય નથી. કારણકે અમારા દ્વારા બતાવેલી સાધના તો સાંસારિક ભાવને છોડાવવા માટેની છે. અમારો હેતુ તો સાધકને સાંસારિક આસકિતને કારણે થનારું બંધન અને દુઃખમાંથી મુકિત અપાવવાનો છે. સાધક વળી પાછો કહે છે કે “અમે પ્રપંચ, લોભ, મોહ વગેરેની આસકિતને છોડી નથી શકતા. એના રહેવા છતાં મુકિત મળે એવું કોઇ સાધન હોય તો બતાવો. આપ દાન આપવાનું કહેશો તો અમે કંઇ ને કંઇ દાન પણ આપીશું. જપ કરવાનું કહેશો તો તેને પણ ગમે તેમ કરીને કરીશું. ભજન કરવાનું કહેશો તો ઉતાવળે-ઉતાવળે તે પણ કરી લઇશું.” આથી ગુરુ કહે છે કે “જો આપની અંતર્ભાવના એવી છે તો તેને અનુરૂપ અમારી પાસે કોઇ સાધન નથી ! અમે બતાવેલી સાધનાનું ધ્યેય, તમને નિર્લિપ્ત અને પરિપૂર્ણ આનંદરુપ કરવા માટે બધાનો ત્યાગ કરવો એ જ છે. આથી **અમે વિષયાસકિત છોડીશું નહીં એવી તમારી હઠ અમારા તત્વની બિલકુલ વિરુધ્ધ છે.**

અમે આધ્યાત્મ અભ્યાસ વિષયને પૂર્ણ કહી દીધો છે. ઉપરોકત બતાવેલ સાધન સિવાય અન્ય કોઇ અભ્યાસ નથી. બી.એ.પછી એમ.એ. અને તેના પછી પી.એચ.ડી છે. જેમ પી.એચ.ડી. પછી અન્ય કોઇ મોટી ડીગ્રી નથી એમ જ અમે બતાવ્યા પ્રમાણેનો (૧) નિર્વિકલ્પ સર્વાતીત સ્થિતિનો અભ્યાસ (૨) શિવોડહમ્ નો અભ્યાસ, (૩) જીવ-ગુણ નાશ કરવાનો અભ્યાસ, અને (૪) સહજ સ્થિતિથી વ્યવહાર કરવાનો અભ્યાસ એમ આ અભ્યાસ ચતુષ્ટ્ય અત્યંત શ્રેષ્ઠ અને અંતિમ સ્વરૂપનો અભ્યાસ છે.

સાધ્ય અને સાધનના સ્વરૂપને લક્ષમાં રાખી ચાલશો તો તે સ્થિતિએ પહોંચી શકશો. કોઇપણ ઘર બનાવવું હોય, તો પહેલાં તેનો નકશો બનાવવો પડશે. ચિત્રકાર ચિત્ર બનાવતા પહેલા તેનો સ્કેચ બનાવે છે અને પછી તેમાં જુદા-જુદા રંગ ભરી આબેહૂબ ચિત્ર તૈયાર કરે છે. તેવી જ રીતે અમે આ વ્યવહારમાં સાધનાનો સ્કેચ રજૂ કરી દીધો છે. ફક્ત તેમાં રંગો ભરવાનું તમારા પર છોડ્યું છે. જે રીતે સ્કેચ વગર ચિત્ર નથી થઇ શકતું, એ જ રીતે જ્ઞાન સાધનાનું સ્કેચ ખૂબ મહત્વપૂર્ણ છે.

આ પ્રવચનમાં સમજાવેલ વિષયથી વધીને અન્ય કોઇ અભ્યાસ નથી. ઉચ્ચ સ્થિતિ પણ નથીએ. આ તમામ સાધનાનો મુગટમણિ છે. આ સાધનને કરવાવાળાને અન્ય કોઇ સાધનની આવશ્યકતા નથી. સાધકો! દ્વિધામાં નાખનાર અન્ય સાધનોનો ત્યાગ કરીને પૂર્ણ આસ્થાભાવથી આ સાધના કરો અને નિરામય પદ પ્રાપ્ત કરી લો.

હરિઓમ

પ્રકરણ-૨૨

લોકાંતર ગમનની મુકિતનું પરીક્ષણ

(૧) દરેક મનુષ્ય સર્વેશ્રેષ્ઠ પદ મેળવવાની મહત્વાકાંક્ષા રાખે છે. તેની એ તીવ્ર ઇચ્છા રહે છે કે કોઇ ને કોઇ ક્ષેત્રમાં તેને સર્વકાલિક શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાય. આ શું દર્શાવે છે? કે માનવ મુલતઃ સ્વતઃ સિધ્ધ પરમ શ્રેષ્ઠ છે. એટલે જ તે એ પદવી પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે.

તમામ મત, પંથ અને ધર્મોનું ધ્યેય બીજું શું હોય છે? 'જીવ' અથવા વ્યકિતનું પ્રવર્તમાન લઘુત્વ દૂર કરીને તેને શ્રેષ્ઠ પદવી પ્રાપ્ત કરાવી આપવું શું એ જ નથી? પરંતુ આ હેતુને સિધ્ધ કરવા માટેની દ્રષ્ટિથી જોઇએ તો, **જીવને આત્યંતિક શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરાવી આપનાર (અધ્યાત્મજ્ઞાન) વેદાંત એ જ એકમાત્ર માર્ગ છે, એવું દેખાય છે.** અન્ય તમામ દેવતા, મત તથા ધર્મ અલ્પ ઐશ્વર્યની વાતો કરે છે. એકાદ ઉપાસ્ય દેવતાના ભકતને દેવલોકમાં રહેવાની અનુમતિ મળશે તથા ત્યાં જઇને પોતાના દેવતાની સમીપ રહેવાનું સુખ મળશે. પરંતુ આ અવસ્થા તો પરમ્ શ્રેષ્ઠ સ્થિતિના પૂર્ણ સુખના એક અંશ જેટલી પણ નથી. સારાંશ- અન્ય મતો જીવને શ્રેષ્ઠ બનાવવાના બદલે તેની ક્ષુદ્રતા દ્રઢ કરવામાં જ મદદરૂપ થતાં હોય છે ! જીવને આત્યંતિક પરમગતિ મેળવી આપવાની ક્ષમતા તો ફકત વેદાંતમાં જ છે.

પ્રશ્ન—અન્ય તમામ મતો પણ પોતાના જીવ અને ઇશ ભેદના સિધ્ધાંતને જ વેદાંત એવું કહે છે ને? તો વાસ્તવિક વેદાંત કયુ છે?

ઉત્તર- અનુભવિક જ્ઞાન સિવાય અન્ય કોઇ પણ વેદાંત નથી. કેમકે ઉપરોકત મતોમાં મતવાળાઓએ પોતાના ખાસ એક દેવતાને મહત્વના ગણી જ્ઞાનને ગૌણ માન્યું છે. તેમણે પોતાના દેવતાના ગ્રંથમાં જે ઉપદેશ આપ્યો છે, તેને જ પ્રમાણ માન્યો છે. ત્યાં વિચાર અને અનુભવનું કોઇ મહત્વ સ્વીકાર્યું નથી.

(૨) દેવતાઓને શ્રેષ્ઠ માનનારાઓનું કહેવું છે કે, "વૈકુંઠ છે, કૈલાસલોક છે. મૃત્યુ પછી જીવ અનેક લોકને પાર કરતો કરતો અંતે તે લોકમાં આવી પહોંચે છે. આની ઉપર જ વિશ્વાસ રાખો, આ જ મુકિત છે." પરંતુ આપણી બુધ્ધિ વેચીને, તે ગ્રંથમાં લખેલી બધી વાતો પર વિશ્વાસ મૂકવો અને વિચારનો અંશ પણ ન હોય એવા મતોને પરિપૂર્ણ વિચારોનો વેદાંત માની લેવું તે કેવી રીતે શકય છે ?

અધ્યાત્મ વેદાંત સિવાય અન્ય બધા મત-ધર્મ વગેરે દુ:ખદાયક ઉપાધિ યુક્ત મુકિત જ બતાવે છે. તેનું પ્રતિપાદન કરનારા લોકો- "જીવે તો અહીંની દુઃખદ ઉપાધિને છોડીને મુકિતની સ્થિતિ મેળવી લીધી, તો પણ તેને ત્યાં એક સુખદાયક જંજાળ જ મળે છે. તે આ લોક છોડીને ત્યાં એક બીજા અલૌકિક જગતમાં રહે છે. તેણે આ દેહ, મન, બુધ્ધિ વગેરે છોડીને અલ દિવ્ય દેહ-મન વગેરે પ્રાપ્ત કરી લીધા હોય છે !!" – એવું વર્ણન કરે છે ! " વૈકુંઠ કે કૈલાશમાં ગયા પછી તેમને એક સુવર્ણમય ઝગમગાતો દેહ મળે છે, અમૃતમય ભોજન મળે છે ! ક્ષુધાની બાધા જ નથી રહેતી. તો પણ સ્વાદિષ્ટ પકવાનોનું સેવન કરે છે." એમ અનેક પ્રકારે વર્ણન કરે છે ! પરંતુ ઉપાધિ ધર્મ એવા વિકાર-વિનાશ તેમનો પીછો છોડે તે અશક્ય છે.

ઉપાધીધર્મ પડકીને જીવને પરિપૂર્ણ સુખી કરીશ, એ વાત અસંભવ છે.

(૩) વેદોમાં વર્ણન છે કે, ઇન્દ્રલોકનો પણ નાશ થાય છે. સ્વર્ગમાં પણ એકબીજા પ્રત્યે ઇર્ષ્યા છે. પોતાને પદભ્રષ્ટ થવાનો સતત ભય રહે છે અને અંતમાં પતન છે. જયારે સ્વર્ગ વગેરે લોકમાં એ ત્રણ દોષ છે, તો વૈકુંઠ-કૈલાશ વગેરેમાં પણ એમનું હોવું શક્ય નથી? વેદાંતમાંના સ્વર્ગને બદલે પુરાણમાં આ દેવલોક પ્રચારમાં લાવ્યા છે, એ ખરૂં! પણ જેમ સ્વર્ગમાં ઇંદ્રના આશ્રયે દિવ્ય ભોગ હોય, તો આ નવીન દેવલોકમાં જે તે દેવતાના આશ્રયે તેવો જ દિવ્ય ભોગ હોય છે! પછી તેમાં જુદું શું છે? સ્વર્ગમાંના કામ-ભોગ બંધનકારી હશે તો પૌરાણિક દેવલોકમાંના કામ-ભોગ બંધનકારી કેમ નહિ હોય? સ્વર્ગ નાશવંત છે, તો અલગ-અલગ ભાવનાઓથી નિર્મિત કરેલ લોક પણ શાશ્વત કઈ રીતે હોઇ શકે? ખ્રિસ્તીઓ પણ " પિતા(દેવ) સ્વર્ગમાં છે, પિતાની જમણી બાજુ પર જ તેમનો પુત્ર (ઇશુ ખ્રિસ્ત) બેઠો છે. દેવના પુત્ર પર જે વિશ્વાસ રાખે છે તે સ્વર્ગમાં જાય છે. બાકીના બધા નર્કમાં જાય છે" એવું માને છે. મુસ્લિમ લોકો પણ, " ઉપર સ્વર્ગમાં અલ્લાહ છે. ઇસ્લામ ધર્મના લોકો જ સ્વર્ગમાં પ્રયાણ કરે છે" એવું માને છે. તાત્પર્ય- હિંદુ ધર્મામાંના મત-મતાંતરો હોય કે ખ્રિસ્તી, ઇસ્લામ ઇત્યાદી ધર્મ હોય, તેમને કલ્પેલા "ઉપાધીયુકત શાશ્વત મોક્ષ અને ત્યાંના નિરાતિશયાનંદમાં લેશમાત્ર તાલમેલ નથી." "આપણા દેવલોકમાં કોઇ કોઇનો દ્વેષ કરતાં નથી ! તેમને જે મળ્યું છે, તે કરતાં વધારેની અપેક્ષા તેમને નથી" એવું તેમની બાજુ લઈને કહેવું તથ્યહીન છે, એ સહજપણે ધ્યાને આવે એવું છે.

(૪) અત્યંત ક્ષુદ્ર માનેલા 'જીવની' વાત તો છોડી દો, પોતાના દેવતાની સામે, દેવતા પણ કોટ્યાવધીપણે ઓછા છે, એવું તેમનું પ્રતિપાદન હોય છે. આટલું જ નહીં, કયો દેવ કેટલો મોટો છે, કયો દેવ કેટલા ઓછા દરજ્જાનો છે, તેની કેટલાક લોકો પાસે ક્રમવાર યાદી પણ તૈયાર હોય છે ! મજાની વાત તો એ છે કે, અમુક દેવતા કરતા તેની નીચેના નંબરનો દેવતા ત્રીજા ભાગની, પાંચમા ભાગની કે દશમા ભાગની યોગ્યતાનો છે એવો હિસાબ પણ કહેવામાં આવે છે ! આ અત્યંત

લાંબીલચક યાદી જોઇને કોઇપણ વિચારશીલ માણસ સ્તબ્ધ થઇને કહે છે કે "આ ચમત્કારિક ગણતરી કયા ગણિતશાસ્ત્રના આધારે કરી છે, ભાઇ!! મૂળમાં એ દેવતાની યોગ્યતા ગણનારો અને મહાન યોગ્યતાનો નિર્ણય કરનારો એ મહાનુભવ કોણ હોઇ શકે ભાઇ !! તાત્પર્ય- આ બધી વાતો કસોટી પર ખરી ન ઉતરનારી છે.

પ્રાચીન લોકોની સંસારનું વર્ણન કરવાની રીત જ એવી છે "પૃથ્વી આટલા યોજન ઉંચી છે, આટલા યોજન લાંબી-પહોળી છે, તેને હજાર ફેણવાળા શેષનાગે પોતાના માથા ઉપર ધારણ કરેલ છે ! આ પૃથ્વીની આજુબાજુ મધ, દૂધ, મદિરા વગેરેના સાત સમુદ્ર છે !! ઇત્યાદિ ઇત્યાદિ, એમ અદ્ભૂત રીતે લખેલું છે અથવા સંસ્કૃત ભાષામાં લખેલું છે, એટલે તેને સાચું માની લેવું? તેમાં લખેલ સ્વર્ગ, નર્ક, વૈકુંઠ, કૈલાશ વગેરે ખરેખર છે એમ માનવાનો આધાર શું છે? સારાંશ- દેવ-દેવલોકાદિ વર્ણન ભાવનાવશ લખવામાં આવ્યા છે. **તેમાં વિચારને કોઇ સ્થાન નથી.** પરંતુ સાચો વેદાંત વિચાર પ્રધાન છે. તેમાં પણ શ્રધ્ધા-નિષ્ઠાનું સ્થાન હોવા છતાં, વિચાર-રહિત થઈને કોઇ પણ વાત પર શ્રધ્ધા ન રાખતા સત્યનો નિર્ણય થયા પછી, તે સત્યપર નિષ્ઠા રાખવી એવી વેદાંતની રીત છે.

(૫) **બુધ્ધિ અને અંતઃકરણને સમજમાં આવનારા વિચારપધ્ધતિને જ અનુભવ પ્રમાણ કહ્યું છે.** આ સર્વ પ્રમાણોમાં અનુભવ પ્રમાણ જ શ્રેષ્ઠ છે. તે જ આખરી નિર્ણય કરવા સમર્થ છે. તેને છોડીને માત્ર શાસ્ત્રો કે પુરાણો પર આધાર રાખવો યોગ્ય નથી. કારણ કે જુદા જુદા શાસ્ત્ર-પુરાણ જુદી-જુદી વાતો કરે છે. ત્યારે એમની કઇ વાતને સાચી માનવી? એક પંથ, પોતાના ધર્મગ્રંથને જ સાચો કહે છે તો બીજા પોતાના ગ્રંથને પ્રમાણ માને છે. જો તમે મુસલમાનોને ભગવદગીતામાંથી પ્રમાણ આપીશું તો તે કહેશે કે "આ ક્યારેય પ્રમાણ ગ્રંથ હોઇ શકે નહિ, અને અમારો કુરાન જ પ્રમાણ ગ્રંથ છે" એમ કહીને કુરાન આગળ ધરે છે. તે રીતે ખ્રિસ્તીઓ બીજા બધા ગ્રંથોને ઉડાવી દઈ પોતાનું બાઇબલ આગળ ધરે છે ! આ રીતે અલગ અલગ મતના લોકો, અમારો ગ્રંથ જ પ્રામાણિક ગ્રંથ હોઇ બીજા બધા જ ગ્રંથો અપ્રમાણ છે અને બધાને એકસરખો સ્વીકાર્ય સર્વાનુભવ એક પણ નથી, એવી જીદ રાખશે તો શું સિધ્ધ થશે? આ રીતે કોઇ નિર્ણય થઇ શકે નહીં, એટલું જ નહિ પરંતુ તે વિવેકશૂન્ય મતાભિમાન દ્વેષ-ઇર્ષ્યાનું પિયર બની મતાંધતામાં પરિવર્તિત થશે એ નિશ્ચિત! વર્તમાનમાં આવું જ થયું છે, એ કોઇને પણ પ્રત્યક્ષ દેખાશે.

(૬) જીવમાત્રનો એક જ અનુભવ છે. તમામમાં અનુભૂત થનારું એક સમતત્વ છે. એટલા માટે આ સિધ્ધાંત જ સર્વમાન્ય થઇ શકે છે. એવો સર્વાનુભવને સ્વીકાર્ય સિધ્ધાંત જ સર્વમાન્ય થઇ શકે છે. આ સર્વગત અનુભવ જે ગ્રંથમાં છે તેને જ સર્વ પ્રમાણ ગ્રંથ હોવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. **ઉપનિષદોમાં મનુષ્ય માત્રને લાગુ પડનારા અનુભવ પ્રમાણોને સર્વોચ્ચ સ્થાન આપવાને લીધે જ તેને જગમાન્યત્વ પ્રાપ્ત કરી લીધું છે.**

ઉપનિષદોએ પ્રત્યેક 'જીવના' અત્યુન્નત અનુભવગમ્ય પરમાનંદધામને સરળ રીતે સમજાવ્યું છે, એટલા માટે જ તેને પરમ પ્રામાણ્ય પ્રાપ્ત થયેલ છે.

અંતમાં, અમે મુકિતના નિજ સ્વરૂપનું ટૂંકાણમાં નિદર્શન કરીએ છીએ. 'જીવને' મુકિત સુધી અર્થાત્ પરમાનંદ સ્થિતિ સુધી પહોંચાડવો, એ જ વેદાંતનું ધ્યેય છે. આવા પરમાનંદમાં સુખ-દુઃખ ઇત્યાદિ વિકાર હોઇ જ શકતા નથી. વિકારો ન હોવા માટે, વિકારોને આશ્રય આપનારી ઉપાધીનો આધાર ન હોવો જોઇએ. શ્રીકૃષ્ણે '' જયાં પહોંચીને મનુષ્ય ફરી પાછો અહીં નથી આવતો, તે જ મારૂં ધામ છે'' એવું કહ્યું નથી? વેદાંત પણ આ જ ધામ દેખાડે છે. પ્રત્યેકનું નિજસ્વરૂપ એવું નિરુપાધિક બ્રહ્મત્વ જ પરમ ધામ હોઇ ત્યાં પહોંચીશું તો જ ઉપાધીરૂપ ભવચક્રમાં પરત નહિ આવીશું.

પ્રકરણ-૨૩

તું નિત્યમુકત છે.

તું જ આત્મા છે. આત્મા ન હોય તો આત્માનો અનુભવ આવી થઈ શકતો નથી, એવી ગમે તેવી કલ્પનાઓ ન કર. વાસ્તવમાં તું આત્મા છો. તે એટલે તું જ છે. 'દશમ' નાશ નથી પામ્યું. તે દશમ જ તું છે. એ વાતને સારી રીતે જાણીને હું સ્વયમેવ નિત્ય મુકત આત્મા છું, એવો નિશ્ચય કર ભાઇ!! અનેક મતના લોકો, મુક્તિ મેળવવા માટે કેટલા પ્રયાસ કરે છે, કેટલા અસાધ્ય પ્રયત્ન કરતાં રહે છે, તે જુઓ. પરંતુ તમે નિત્યમુકત છો એ સિધ્ધાંતથી બધો ત્રાસ દૂર થઇ જાય છે ! કોઇ વ્યકિત

જેલમાં બંદીવાન છે. તો તેને મુકત કરવો પડે છે. બીજો જેલમાં નથી. એ બન્નેની સ્થિતિ જોશો, તો બીજા વ્યક્તિની સ્થિતિની જેમ તુ નિત્યમુક્ત છે, ભાઇ!

'હું નિત્યમુકત છું' એવી ભાવના કર. તે જ સમયે તારામાં મુકિતનો અનુભવ પ્રગટ થશે. હું બંધનમાં છું, એવી ભાવના રાખવાથી મુકિતને માટે કેટલી પર્વતસમી સાધના કરવી પડશે, કોણ જાણે? પહેલાં પણ મનુષ્યોએ મુકિત મેળવવા માટે અનેક સાધન કર્યાં. અને દીર્ધકાળ સુધીના પ્રયત્નો બાદ પણ તેમને મુક્તિ ન મળી. પછી થોડી ઘણી સાધના કરનારા અમને મુકિત કેવી રીતે મળશે? આવો મહાસંશય અંદર ઘર કરી જાય છે. અને બંધનની દ્રઢભાવનાનું ભૂત ઘેરી લે છે ! આ અનર્થ ટાળવા માટે ''હું નિત્યમુકત છું'' એવી ભાવના કરો. આપણાંમાં આ ભાવના જેટલી દ્રઢ હશે, તેટલો જ વધારે આનંદ પ્રગટ થશે.

તેમાંનું મુખ્ય તત્વ એટલે, તારા કેવળ અનુભવમાં બંધનનો એહસાસ પણ નહીં થાય. પોતાના સ્વાભાવિક સ્વયંનો અનુભવ આરામ, આનંદસ્વરૂપ જ છે. હું અમૂક એક નામ રૂપાત્મક છું, તે ભાવનાને છોડીને કેવળ અનુભવમાં સ્થિત થઇ જશો, ત્યારે ત્યાં દુઃખ તેમજ બંધનની ભાવના માટે કોઇ અવસર જ મળતો નથી.

'હું પરવસ્તુ છું', 'હું મહાન છું, 'હું નિત્ય મુકત છું' એવી દ્રઢ ભાવના રાખ. તે વસ્તુસ્થિતિ હોવાથી તેની પ્રતીતિ તત્કાળ જ થાય છે. આ સીધો વિહંગમ માર્ગ છે. બાકીના અન્ય સાધન પિપીલીકા માર્ગ છે. અનેક સાધનાઓ કર્યા પછી પણ અલ્પફળ જ મળે છે. પરંતુ તે સાધનોના ઉપદેશકો એ જ ઉદઘોષ કરતા રહે છે કે, "આ સાધનથી મોક્ષ મળે છે, અને પૂરેપૂરું ફળ મળે છે". સાધકો તેમના ઉપદેશ પ્રમાણે ગમે તેટલી સાધના કરે તો પણ તેમને ફળ મળતું નથી. એટલે આ અંગે તેમને પૂછવામાં આવે ત્યારે એ ઉપદેશકો એમ કહે છે કે, "તમે અમે બતાવ્યા પ્રમાણે સાધના નહીં કરી હોય કે ઓછી સાધના કરી હશે કે મન દઇને સાધના નહીં કરી હોય" એમ કહી તેઓ સાધકની ભૂલને જ આગળ ધરી સ્વયં છટકી જાય છે.

આપણે કાર્યથી કોઇપણ વસ્તુ સિધ્ધ કરીએ, તો તે કર્તુતંત્ર એમ કહેવાશે અને કોઇ ક્રિયા ન કરતા આપોઆપ જ સિધ્ધ હોય એવી વસ્તુ વસ્તુતંત્ર કહેવાય. કર્તુતંત્ર કૃત્રિમ હોઇ તે કેટલીય ઉણપોથી ભરેલી છે. મુખ્ય એટલે કરનારો વધારે કામ કરે તો, કાર્ય વધુ થાય છે. ઓછું કરે તો, ઓછું થાય છે અને કાંઇ જ ન કરે તો લોપ પામે છે. પરંતુ વસ્તુતંત્રની બાબતમાં કરવું-છોડવું એ સંબંધ ન હોઇ, તે સ્વયમેવ પ્રકાશિત હોય છે. આત્મતત્ત્વની ભાવના કરવાથી તે એકદમ પૂર્ણપણે પ્રાપ્ત કરી શકશો.

અમે જે ઉપર જ્ઞાનબોધ આપ્યો છે, તે રોકડો અનુભવ છે. તમે તેને કોઇ પણ કસોટી પર કસીને પારખી શકો છો. તમારામાંથી દરેક વ્યકિત સદૈવ પરમ, પ્રેમાસ્પદ, સુખરૂપ અને અલિપ્ત થઇને રહે છે કે નહીં, એ વાત પોતાના અંતરંગમાં નિહાળશો તો આપને એ જ ઉત્તર મળશે કે ' હા, હા, હું એવો જ છું' !! તે માટે દેહ-મન-ઇન્દ્રિઓ રુપી પોતાનું વ્યક્તિત્વ એક બાજુએ રાખીને મૂળભૂત અનુભવ તરફ જોવાની અંર્તદ્રષ્ટિ જરૂરી છે.

એક જ 'સત્', 'અસિ' પદ દ્વારા અસ્તિત્વમાં છે. તેને જ 'તત્' અને 'ત્વં' એ બે નામથી ઓળખવામાં આવે છે. જેવી રીતે મૃતિકા અને માટી તથા જળ અને પાણી એક જ વસ્તુનાં બે નામ છે તેવી જ રીતે એ પણ છે, એમ કહેવામાં હરકત નથી. એકે દેહદ્રષ્ટીથીએ આત્મા કહ્યો અને બીજાએ જગતદ્રષ્ટીથી પરમાત્મા કહ્યો તો વસ્તુ બે થઇ ગઇ ભાઇ!

શ્રુતિ અને ગુરુજન જીવને, 'તત્વમસિ' એવો ખૂબ જ પ્રેમથી બોધ કરે છે. પોતે પરિપૂર્ણ સુખ સ્વરૂપ હોવા છતાં જીવ અત્યંત કષ્ટપૂર્ણ અને જરા પણ વિશ્રામ લીધા વગર હીન અવસ્થામાં પહોંચ્યો છે. તેની સ્થિતિ જોઇને જ્ઞાની પુરુષોને તેના ઉપર કરુણા આવે છે અને તેને સમજણ આપી, જ્ઞાનબોધ કરીને તેને મૂળ આનંદ સ્થિતિમાં પહોંચાડે છે. આમાંથી ગુરુએ પોતાનો ક્યો સ્વાર્થ સાધવાનો છે? "અહો ! આ સંસારમાં સ્વાર્થ સિવાય કોણ કોનું કામ કરે છે? જયારે ગુરૂ આટલું કષ્ટ વેઠી રહ્યા છે ત્યારે જરૂર આમાં તેમનો કોઇ સ્વાર્થ તો હોવાનો જ ને? એવું સામાન્ય બુધ્ધિના લોકો કહે છે. પણ જ્ઞાની પુરુષનો 'સ્વ' એટલે અહંકાર નિર્મૂળ થયો હોવાને લીધે તેમને સ્વ-અર્થ કયાંથી હોવાનો? એમ પોતાનો કોઇ સ્વાર્થ ન હોવા છતાં તેઓ બોધ આપે છે. તે પરથી તેમની કરુણા એટલે જ નિર્નિમિત્ત પ્રેમનો મહાઉદ્દેશ છે, એ સિધ્ધ થાય છે.

કેટલાક વિકલ્પી "જ્ઞાનીપુરુષ ધન, કીર્તિ, સન્માન અને સમાજમાં પૂજયત્વ મેળવવાની ઇચ્છાથી જ્ઞાનોપદેશ કરે છે" એવો તેમની પર આક્ષેપ કરે છે. પરંતુ તે જ્ઞાની પુરુષોની ઉન્નત સ્થિતિની દોષક દૃષ્ટિના ક્ષુદ્ર લોકોને શી કલ્પના હોઇ શકે? જ્ઞાની પુરુષ ધન, માન-સન્માન વગેરે બાબતો અત્યંત સામાન્ય, અસ્પૃહણીય છે, એવું માને છે. તો પણ જે વૈભવ, કીર્તિ, પૂજયત્વ વગેરે પ્રેમભાવથી સ્વાભાવિક રીતે જ આવી મળે છે તેનો સહજભાવે સ્વીકાર કરી લે છે, પણ તેમને તેની કોઇ જરુર હોતી નથી. બોધ કરતી વખતે "મને ગુરૂ કહેશો નહીં" એવું કહે તો શું લોકો આ વાત સાંભળશે? કોઇ મારી પૂજા ન કરે, મને નમસ્કાર ન કરે, જન્મોત્સવ ન ઉજવે, એવું જ્ઞાની પુરુષોને લાગે છે. પણ શિષ્યો એકત્ર થઈ નાનાપ્રકારે પ્રેમપૂર્વક આગ્રહ કરી ગુરુની ઇચ્છા ચાલવા દેતા નથી !! જ્ઞાની પુરુષ સ્વયં પોતાના નિજાનંદમાં રહેતા હોય તો પણ, લોકો પણ પોતાની જેમ સુખી થાય એટલા જ માટે કરુણામય થઈ ગુરુત્વની ભૂમિકાનો સ્વીકાર કર્યો છે. પણ તે કાર્ય પણ શુધ્ધ

વ્યવહાર જ! ગુરુપદ ધારણ કર્યા પછી જયારે તેઓ વ્યવહારમાં ઉતરે છે ત્યારે નમસ્કાર, પૂજા વગેરેને પરેચ્છા પ્રારબ્ધ સમજીને સ્વીકારી લે છે.

જ્ઞાનીપુરુષ, ગુરુરૂપે આપણને આત્મબોધ નામનું અમૃત અત્યંત પ્રેમપૂર્વક પિવડાવવા આવ્યા છે. પ્રેમથી પીરસેલ સ્વાદિષ્ટ પકવાન ખાવામાં આવે, તો આપનારને ખૂબ જ આનંદ થશે, પરંતુ, " ના હોં ! આ અમને ગમતું નથી" એવું કહીને પીરસનારાનો હાથ દૂર કરવામાં આવે, તો તેમને ખૂબ જ ખરાબ લાગશે ! ગુરુમા અત્યંત મહેનત કરીને તમારા માટે શ્રુતિદત્ત જ્ઞાનરૂપી પકવાન ખૂબ પ્રેમથી લાવ્યા છે. તે ગ્રહણ કરીને ગુરુમાતાને પ્રસન્ન કરવા જોઇએ કે તે ગ્રહણ ન કરીને, તેમને ખેદ થાય એવું કરવું જોઇએ, એનો વિચાર તમે જ કરો.

સાધકને હું સ્વયં બ્રહ્મસ્વરુપ છું, એ બાબતે જરાપણ સંશય ન હોવો જોઇએ. 'અહં બ્રહ્મસ્મિ' નો તેણે સ્પષ્ટપણે જાણવો જોઇએ. "હું બ્રહ્મ" છું, એટલે "આ શરીરરૂપી હું બ્રહ્મ છું'' એમ નહિ પણ 'હું' (અહંમમ) દૂર થવાથી જે બાકી રહે છે તે નિજ સ્વરૂપ બ્રહ્મ આપણે છીએ. ઉદા- દૂરથી જોવાથી દોરડું પણ સાપ જેવું દેખાય છે. પરંતુ જાણનાર વ્યકિત 'તે દોરડું છે' એમ સમજાવે છે. 'અહં બ્રહ્માસ્મિ' વાક્ય પણ એ જ પ્રમાણે છે. સારાંશ- દેહભાવ ધારણ કરનાર બ્રહ્મ તું નથી ભાઇ! દેહભાવનું નિરસન કર્યા પછી બાકી રહે છે તે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ તું છે.

પરમાત્મપદ આનંદામૃતનો સાગર છે. એ પરિપૂર્ણ હોવાને લીધે કયારેય ઓછો થતો નથી. એનો નાશ પણ થતો નથી. આવો આનંદ સાગર તમારી પાસે જ છે. પરંતુ પડોશમાં જ મીઠા જળનો કૂવો હોવા છતાં માથે ઘડો લઇને પાણી માટે જયાં-ત્યાં ભટકતા મૂર્ખની જેમ આપણે સુખ માટે બહાર જ ફર્યા કરીએ છીએ !!

"આટલી મહાન વસ્તુ આટલી સુલભ સાધ્ય કેવી રીતે હોઇ શકે" એવી શંકા ન કરો. ગુરુકૃપાથી અહીં જ, તરત જ સંપૂર્ણ ખજાનો હસ્તગત થાય છે. કોઇ નિર્ધન બાળકને કોઇ કરોડપતિ દત્તક લઇ લે, તો તે બાળકને એ જ ક્ષણે કરોડો રુપિયા એકદમ મળી જાય છે. એવી જ રીતે અત્યંત શ્રેષ્ઠ વસ્તુ તમને ખૂબ જ સહેલાઇથી મળી રહી છે. તમારા નસીબને જગાડનાર, શ્રુતિ-ગુરુનાં એ હિત વચનો ઉપર, વિશ્વાસ કેમ ન રાખવો? આ મળે એવું નથી, એવા ઘાતક વિચારોનો આગ્રહ કેમ રાખવો? એના માટે ખૂબ સાધના કરવી પડશે એમ વિચારીને આ નિધિને ગુમાવવાનો વ્યાપાર શા માટે કરવો? આ બારામાં મહર્ષિ વસિષ્ઠ એક દ્રષ્ટાંત આપે છે- એક શંકાશીલ ગરીબ માણસ હતો. તે રસ્તે જઇ રહ્યો હતો તે વખતે તેની નજર રસ્તામાં પડેલા હીરા ઉપર ગઇ. તે વિચાર કરવા લાગ્યો કે રસ્તામાં હીરો કયાંથી હોય ? અને તે પણ મારા જેવા ગરીબને તો કેવી રીતે મળી શકે? એટલા માટે આ કોઇ કાચનો ટૂકડો જ હશે. એવું વિચારીને તેની ઉપર માટી નાંખીને તે આગળ ચાલવા

લાગ્યો. અનેક સાધકોની સ્થિતિ પણ એના જેવી જ છે. શ્રુતિ-ગુરુજનનો મહત્ત્વનો સિધ્ધાંત એટલે પરવસ્તુ પોતાની અંદર જોઇ લેવાથી અને એવી ભાવના કરવાથી તે પ્રગટ થાય છે. આ સિધ્ધાંત સમજી લેવો જોઇએ. તથા તેનો નિશ્ચય દ્રઢ કરી લેવો જોઇએ. એ જ આનંદમાં રહેવું જોઇએ.

આત્મસુખની સરખામણી કોઇ પણ અન્ય સુખ સાથે થઇ શકે નહીં. કેમકે આત્મ સુખ સત્ય છે. બાકી બધાં સુખ ભ્રામક છે. સો ખોટાથી એક સત્ય બનાવી શકાય છે? કહો જોઇએ! કે હજાર ભેગા કરવાથી? જેટલું વધારે ખોટું તેટલું મોટું ખોટું થશે, પણ તેમાં જરાય સત્ય નહીં હોય ! આપણી પણ એ જ હાલત થઇ છે. આપણે અનેક ખોટા, વિપરીત સુખોનો સરવાળો કરીને એક મોટું સુખ મેળવવાની ઇચ્છા રાખીને અસાધ્ય પ્રયત્ન કરીએ છીએ ! પરંતુ એનાથી શું થયું? જેટલા વધારે ઉધામા એટલી જ વધારે જંજાળ અને ચિંતા પાછળ પડે છે, પણ સુખ કાંઇ મળ્યું નહી.

એમાં સુખ છે એવી ભાવના રાખીને આપણે જ તેમાં ડૂબેલા રહીએ છીએ. તેમાંથી બહાર નીકળીને, "હું જ સ્વયમેવ છું, જે સ્થિતિમાં છું, સુખરૂપ છું" એવી ભાવના રાખીને આપણે નિત્યમુકત થઇ શકીએ છીએ. આપણે આ બધી ઉપાધીઓનો ત્યાગ કરીને જેવા છીએ તેવા જ રહીએ અને અભિમાનનો યથાર્થ નિશ્ચય કરીએ તો દુઃખ – કષ્ટ આપને સ્પર્શ કરી શકતા પણ નથી.

મહર્ષિ વ્યાસે શુક મુનિને આ અધ્યાયના મુખ્ય વિષયોનો સારાંશ આ પ્રમાણે બતાવ્યો છે - '' હે પ્રિય શુકમુનિ ! મેં આપેલ 'અસિ' પદના યથાર્થ બોધનું ગ્રહણ કર્યું છે ને? તું "અસિ એટલે છે, અને નવીન કંઇક થવાનું છે" એમ માનીશ નહીં. જે નથી તે થવું મુશ્કેલ છે. પરંતુ જે છે તે થવું અત્યંત સુલભ છે. એક ટોપલી નીચે એક પ્રાણી સંતાડ્યું છે. તેને બિલાડી તરીકે બતાવવું છે એમ સમજો. જો તે સંતાડેલું પ્રાણી બિલાડી જ હશે, તો ટોપલી ઉપાડતા જ બિલાડી બહાર પડશે. પણ ટોપલી નીચે નોળિયો, પોપટ, કબૂતર ઇત્યાદિ પ્રાણી હશે, તો તેને બિલાડી બતાવવી શક્ય છે કે? તે જ પ્રમાણે આપણે છીએ તે છોડીને 'જે નથી' તે થવાનો પ્રયત્ન કરીએ છીએ.

આપણે પરમાર્થ કરવો, સાધના કરવી કષ્ટ માટે નહીં પણ સુખ માટે છે. આવું શ્રેષ્ઠ સુખ વેદાંત જ આપણા ખોળે આપે છે. એક વાકયમાં કહેવું હોય તો, "તું જ સુખરૂપ હોઇ, બીજાનો આશ્રય લીધા વગર, જો તું જ સ્વયંમાં સ્થિત થઇ ગયો તો સુખ મૂર્તીમંત પ્રગટ થાય છે" આ વાત જાણીને બધા જ સુખમય થઇ જાઓ ભાઇઓ!

હરિઓમ

પ્રકરણ-૨૪

આત્મરૂપનો ત્રિપુટીરહિત પરમાનંદ

આ સંસાર મિથ્યા છે, માયામય છે. એના મિથ્યાત્વને અનેક દ્રષ્ટાંત દ્વારા સિધ્ધ કરી બતાવવામાં આવેલ છે. જીવ ત્રણ પ્રકારના સ્વપ્ન જુએ છે, એમ કહીને તેની જાગૃત અવસ્થા અને જાગૃત અવસ્થામાં નજરે પડતું જગત ઊંઘ અને સ્વપ્ન એ બન્ને સ્વપ્નની કક્ષામાં મૂક્યા છે. **અર્થાત જાગૃત અવસ્થામાં નજરે પડતો સંસાર એક સપનું જ છે.**

એક સમયે રાજા જનકે સપનું જોયું, સપનામાં એક રાજય જોયું અને તેમાં રાજ્ય પ્રજા, રાજમહેલ વગેરે બધું હતું. ઊંઘમાંથી જાગ્યો ત્યારે પણ તેણે જોયું કે અત્યારે પણ રાજય છે, પ્રજા છે, બધું જ છે. તે વિચારવા લાગ્યો કે, જે મેં સ્વપ્નમાં જોયું અને જે બધું જાગૃતિમાં નજરે પડે છે એ બન્નેમાં કંઇ પણ તફાવત નથી. તે (સ્વપ્ન) ત્યારે સાચું જ લાગતું હતું અને આ પણ અત્યારે સાચું લાગે છે. આમાંથી સાચું શું છે? તે સાચું કે આ સાચું? એમ શંકાગ્રસ્ત થઈને પોતાની પાસે આવનાર ઋષિ-મુનિઓને તેઓ આ જ પ્રશ્ન કરતાં હતા. તે સાચું કે આ સાચું? જનક રાજાના આ પ્રશ્નનો ઉત્તર જ મળતો ન હતો. એક વખત તેમની સભામાં જયારે અષ્ટાવક્ર મુનિ આવ્યા તો રાજા જનકે તેમને પણ આ જ પ્રશ્ન કર્યો કે ‘ તે સાચું કે આ સાચું? ત્યારે તે મહાપુરુષે માર્મિકતાથી આમ કહયું, “ તે પણ ખોટું અને આ પણ ખોટું” !

સ્વપ્નનું લક્ષણ છે, થોડો વખત નજરે પડીને પછી અદ્રશ્ય થઇ જવું. તે રીતે જ આ સંસાર પણ થોડો સમય દેખાય છે અને પછી મટી જાય છે. આ વિચાર પ્રણાલીથી અને રાજા જનકના ઉપરોકત દ્રષ્ટાંતથી એ સિધ્ધ થાય છે કે, આ સંસાર સ્વપ્નની જેમ મિથ્યા છે.

'જગત મિથ્યા' ના સિધ્ધાંતને જાણ્યા પછી સાધકે શું કરવું જોઇએ, તો **મિથ્યા સંસાર પરથી નજર હટાવીને તેણે પોતાની નજરને સ્વમાં સ્થિત સત્ય આત્મસ્વરુપમાં કેન્દ્રિત કરવી જોઇએ.** સાધકનું આ જ કર્તવ્ય છે. પરંતુ અનેક મનુષ્યો આ મિથ્યા પ્રપંચથી ઘેરાયેલા રહીને અને એને જ સત્ય માનીને સુખ-દુઃખ, ચિંતા વગેરેની જાળમાં ફસાઇ જાય છે.

દરેક વ્યકિતની દુનિયા અલગઅલગ હોય છે ! જયાં તેનું શરીર છે, ત્યાં તેનો સંસાર નથી હોતો પણ જે કલ્પના રાજ્યમાં તે સદૈવ નિમગ્ન રહે છે તે જ તેની વાસ્તવિક દુનિયા હોય છે. અર્થાત, સૌ પોત-પોતાના કાલ્પનિક રાજ્યમાં જ વસવાટ કરે છે. પરંતુ જે સાધકે સત્ય જાણ્યું છે, તેણે ભ્રમ દ્વારા નિર્મિત આ કાલ્પનિક સંસારને એક બાજુ દૂર કરીને, પોતાનું લક્ષ્ય સત્યસ્વરૂપ ઉપર કેન્દ્રિત કરવું જોઇએ.

સાધકે સ્વયંનો આધાર સત્યવસ્તુને જ માનવો જોઇએ. આ જ વાસ્તવિક બોધ છે. પરંતુ મોટે ભાગે મનુષ્યે સંસારને જ આધાર ગણી લીધો છે. સંસારના વિષયોને આધાર માનીને નિશ્ચિંત થઇ જીવે છે. તેમાંના કેટલાક લોકો, પોતાની પત્ની, સંતાન, તથા સંબંધીઓને આધાર માને છે. તેઓ કહે છે, અમને સંતાનો છે ! અમને કઇ વાતની ચિંતા ! વગેરે. સારુ, હવે સંતાનોનો પ્રેમભાવ અત્યારે છે તેવો જ છેવટ સુધી ટકી રહેશે એની ખાતરી છે? આપણી આજુબાજુની પરિસ્થિતિ જોઇએ, તો આ આશાને બદલે નિરાશા મળવાની વધુ શક્યતા છે !

કેટલાક લોકો કહે છે કે મારા નામે બેંકમાં ખૂબ જ ધન જમા છે ! તો મારે શું ચિંતા છે? પરંતુ તે બેંકમાંના પૈસાનો આધાર ક્યાં સુધી? તું તંદુરસ્ત હોય ત્યાં સુધી! સંતાનોએ કોઇ વ્યાપાર-ધંધો શરૂ કર્યો કે તું બિમાર પડી પથારીવશ થયો, તો તે સમયે તમારી નજીક રહેનારા સગાંઓ જ આ ધનના માલિક! બેંકમાંથી પૈસા લાવનારા કોણ? વધેલા પૈસા ત્યાં જઈ જમા કરનારા કોણ? કાઢેલા પૈસામાંથી તેઓ જોઇએ એટલો ખર્ચ કરે તો તે સમયે તું શું કરી શકે છે? તાત્પર્ય—સાધકે કયારેય પણ અસત્ય વસ્તુથી સુખી થવાનો પ્રયાસ ન કરતાં, સત્યવસ્તુનો આશ્રય લેવો. તે સદવસ્તુ તમારૂં નિજસ્વરૂપ છે. તે જ આપણો સર્વ આશ્રય અને આધાર છે. આપણે તેને જ પ્રેમ કરવો જોઇએ ભાઇ!

તુલસીદાસ કહે છે—

જૈસો હેત હરામ સો, હોત રામસે જાય ।

ચલા જાએ વૈકુંઠ કો, રોક સકે ન હોય ॥

આ વિષયો હરામ છે, કૃતઘ્ન છે. તેમની પાસે રજ માત્ર પણ કૃતજ્ઞતાનો ભાવ નથી. જુઓ, તમે અથાક મહેનત કરીને, દુઃખ સહન કરીને, ચિંતાઓથી ઘેરાયેલા રહીને ધન ભેગું કર્યું. તે ધનને ચોર ચોરી ગયા. તે વખતે તે ધન શું એમ કહે છે કે, ‘મારા માલિકે ખૂબ-ખૂબ દુઃખ વેઠીને મને મેળવ્યું છે. હું તેને છોડીને તમારી સાથે નહીં આવું’. તે તો હર્ષપૂર્વક ચોર સાથે જતું રહે છે. એવા ધનને આપણે હરામ શા માટે ન કહીએ?

તમે વાંધો લેશો, કે પૈસો જડ વસ્તુ છે, એટલે તે એવું કહેશે નહી ! સારુ ભાઇ! જડ વસ્તુ બોલતી નથી, જવા દે ! પણ જેની પાસે બુધ્ધિ છે, શું તેઓ ક્યાં સુધી કૃતજ્ઞ છે? જે બુધ્ધિમાન સંતાનો માટે તમે સદૈવ ચિંતિત રહો છો. જેમના માટે તમારું તન-મન-ધન બધું લગાવી દો છો. શું તેઓ કૃતજ્ઞ છે? પોતાના માટે સર્વસ્વનો ત્યાગ કરનારા માતા-પિતાને રોજ સવારે ઉઠીને નમસ્કાર કરનારા સંતાનો કેટલા છે? નમસ્કારને બદલે રોજ ઉઠીને મા-બાપ સાથે ઝગડો કરનારા સંતાનો વધારે છે! એટલા માટે ઉપરોકત દોહામાં તુલસીદાસજીએ કહ્યું છે કે, જેટલી પ્રીતિ જડ પદાર્થો તથા વ્યકિતઓ પર છે, તેટલી પ્રિતી આત્મારામમાં થઇ જાય તો મનુષ્યને તરત જ મુકિત મળી શકે ! એવો બોધ આપ્યો છે. તાત્પર્ય- બાહ્ય વિષય જ શ્રેષ્ઠ છે, તે જ અમારા છે, તે જ આનંદ આપનારા છે, એ ભ્રમ છોડી આરામરૂપ એવા રામને સ્નેહ કરો અને આત્માના મહામૌન રૂપમાં પરમ સમાધાન રાખીને રહો.

તમે હંમેશાં મનમાં કલપના કરો છો એટલે કે વાતો કરતા હોવ છો. કલ્પના એટલે અંદર ચાલતા રહેતા બબડાટ સિવાય કાંઇ નથી. જુઓ- માની લો કે તમારે કયાંક જવું છે. આ વાતને વાણી દ્વારા વ્યકત કરતાં પહેલાં તમે તમારાં મનમાં વિચાર કરો છો કે, મારે અમુક સ્થળે જવું છે. અર્થાત્ કલ્પના એટલે અંદરનો વાર્તાલાપ જ છે ! એટલે **રામનું ધ્યાન કરતી વખતે પણ વાણીથી તો મૌન ધારણ કરેલું હોય, પણ જો આ આંતરિક વાર્તાલાપ ચાલુ રહે તો આ ધ્યાનનો કોઇ હેતુ સરતો નથી.** ધ્યાનના સમયે આંતરિક કલ્પનાઓનો ત્યાગ કરીને શાંત, આનંદ સ્થિતિમાં રહેવું જોઇએ.

કેટલાક વ્યકિત મૌનવ્રત ધારણ કરે છે. પરંતુ વ્યવહાર કરવાનું બંધ રાખતા નથી. તેમને કોઇ બાબત સમજાવવી હોય તો જુદા જુદા સંકેતો દ્વારા બતાવે છે ! જેમકે પાણી જોઇતું હોય તો એક પ્રકારનો ઇશારો કરી બતાવશે, સારુ! પણ ચા જોઇતી હોય તો હથેળીને રકાબી બનાવી મોઢે લગાવી બતાવશે ! ધારો કે, તેમને ગરમ પાણી જોઇતું હશે, તો તેનો ઇશારો કઇ રીતે કરશે? પહેલા પાણીનો સંકેત કરી, પછી સ્ટોવને પંપ મારવાનો અભિનય કરશે અને તે ચા એવું ન લાગે એટલે પાણીનો સંકેત કરવી પડશે. આટલી બધી કસરત કરવા કરતાં સીધું ગરમ પાણી જોઇએ છે એવા બે શબ્દો

કહી શકાયા હોત કે નહી ? તાત્પર્ય- મૌનનો દેખાડો કરવાથી કોઇ લાભ નથી. સાધકે બાહ્ય આશા, ભ્રમ, મમત્વ વગેરેનો ત્યાગ કરીને કલ્પનારહિત મૌન સ્થિતિમાં રહેવું જોઇએ.

ત્રિપુટીથી મળનારો આનંદ ક્ષણિક છે. ત્રિપુટી એટલે ત્રિગુણ. જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન, ભોક્તા-ભોગ્ય-ભોગ ઇત્યાદિ. આ ત્રિપુટી માયાવી અથવા મિથ્યા છે. તે જેના પર આધારિત છે, તે મૂળ અનુભવ માત્ર સાચો છે. તે જ સાચા આપણે છીએ. **તે સત્ય અનુભવવું એટલે ત્રિપુટીરહિત થઈને તે આપણી અંદર જ પ્રગટ કરી રહેવું.**

આપણને બધાને બધું જ જાણી લેવાની ઇચ્છા હોય છે. આ જાણવું છે, તે જાણવું છે, બીજા પણ ઘણા બધા વિષયોનું જ્ઞાન મેળવવું છે, એમ હંમેશાં બાહ્ય વસ્તુઓનું જ્ઞાન મેળવી લેવાનો આપણો સદૈવ પ્રયત્ન હોય છે. તેમાનાં કોઇપણ એકને પૂર્ણ જાણવું શક્ય નથી. પરંતુ સંસારની વસ્તુઓ જેટલી જાણીએ એટલી તે જાણી લેવાની વધારે ઇચ્છા થાય છે. તો પછી કોઇ પદાર્થ વિશે કંઇક જાણવાથી શું મળશે? તેનાથી તે વ્યક્તિને શું લાભ થવાનો છે?

જીવશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રો છે. તેમના અભ્યાસથી શું મળે છે, એ ખરા લાભની દૃષ્ટીએ, તેમનું પરિક્ષણ કરીશું- સમજો, ભૂસ્તરશાસ્ત્ર (જીઓલોજી) નો અભ્યાસ કરીને, તેમાં પારંગત થયા તો તેના જ્ઞાનથી ભૂગર્ભમાં કેટલા પ્રકારના ખડકો કેટલા ફૂટ નીચે છે, વગેરેનું જ્ઞાન થશે. તેને મોટી ડિગ્રી મળશે, મોટી નોકરી પણ મળશે. પણ આ બધા જ્ઞાન-ડિગ્રી-નોકરીથી તેને પોતાનો સ્વાનુભવ શું મળ્યો તે પૂછીએ તો તેનો ઉત્તર નકારમાં આવશે. મનુષ્યના આંતરીક અનુભવમાં આનંદ છે તે આ લોજી(Logy) શાસ્ત્રોથી મળશે કે કહો જોઇએ!

અથવા તો યોગાભ્યાસ દ્વારા કેટલાક લોકો સિધ્ધિઓ મેળવે છે. તેમને ધરતીમાં ખાડો ખોદી પુરાઇ જવું, જમીન પરથી હવામાં ઉછળવું કે પાણી ઉપર ચાલવું જેવી સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે ! કેટલાક લોકો દશાવધાની કે શતાવધાની પણ હોય છે. દશાવધાની તેમને કહે છે જે દશ વ્યકિતઓને વર્તુળાકાર બેસાડી પ્રત્યેકે કહેલી દસ વાતો સાંભળીને તેમને તે જ ક્રમમાં શબ્દશઃ ફરી વખત કહી સંભળાવે છે ! આવી કોઇ સિધ્ધિ હોય, તો સિધ્ધ પુરુષ શું કરે છે, તો તેનું પ્રદર્શન કરીને તે ઘણું ધન ભેગું કરે છે. તેના ચમત્કારો જોઇને જનતા પ્રસન્ન થઇ ભરપૂર પૈસા આપે છે. બક્ષિસ, પારિતોષિક વગેરેનો વરસાદ વરસાવે છે! સિધ્ધિ-પ્રદર્શન કર્તાનું બધું લક્ષ્ય આપણને પૈસા કેટલા મળશે, એની પર જ હોય છે. તાત્પર્ય—**યોગસિધ્ધિથી પ્રસિધ્ધિ તથા ધન પ્રાપ્તિ સિવાય અન્ય કોઇ લાભ થતો નથી. એકંદરે અમે અત્યારસુધી સ્પષ્ટ કર્યા પ્રમાણે કોઇપણ વિદ્યા, કલા કે સિધ્ધિ મેળવવાથી ધન, કીર્તિ અને સત્તા જેવા બાહ્ય વિષયો જ પ્રાપ્ત થાય છે. પણ તે સિવાય આપણા માટે અત્યાવશ્યક એવું પૂર્ણ મનશાંતિરૂપી નિજ સુખ માત્ર કયારેય પણ મળતું નથી.**

વ્યહારમાંની સત્તા, ઐશ્વર્ય વગેરે મોટાઈ નાટકમાં જોવા મળતી સજાવટ જેવા હોય છે. તે દૂરથી જ સુંદર લાગે છે. જેમકે, નાટકની રોશનીના ઝગમગાટમાં (Lime light) એક કદરુપી સ્ત્રી પણ સુંદર દેખાય છે. તે પ્રમાણે જ બધુ ધનવાન થયા કે મોટું પદ મળે, તો ક્ષુદ્ર કે સામાન્ય વ્યકિત પણ મહાન લાગે છે. આ વાત સમજાવવા એક ઉદાહરણ આપીએ- યલ્યા નામે એક ચમાર હતો. બધા તેને યલ્યા અહીં આવ, ત્યાં જા, આમ કર, તેમ કર એમ એકવચનમાં તોછડાઇથી બોલાવતા. દૈવયોગે તેને ધન મળ્યું અને તેણે કાપડનો વ્યાપાર કરવા માંડયો. એમાં થોડા દિવસમાં તેને ખૂબ ધન મળ્યું અને તે મોટો શાહુકાર થઇ ગયો. હવે જયારે તે દુકાનમાં પોતાની ગાદી પર બેસતો, ત્યારે સૌ તેને યલ્લપ્પા શાહુકાર, નમસ્કાર હો એમ કહી હાથ જોડવા લાગ્યા. યલ્લપ્પા પણ તેમને નમસ્કાર કરી 'કહી દઇશ હોં ' એમ કહેતો હતો. તેના આ ઉત્તરથી લોકોને નવાઇ લાગતી હતી ! એક દિવસ તેના એક મિત્રએ પૂછી જ લીધું કે 'યલ્લપ્પા જયારે તમે ''કહી દઇશ'' '' કહી દઇશ'' એમ કહો છો તો આપ કોને કહો છો? આથી યલ્લપ્પાએ તેને કહ્યું કે, 'હે મિત્ર, બધા લોકો જે નમસ્કાર કરે છે તે યલ્યાને નહી, પણ આ શ્રીમંતાઇને- લક્ષ્મીને કહે છે!' લક્ષ્મીજી આવવાથી હું યલ્યામાંથી યલ્લપ્પા શાહૂકાર થઇ ગયો, એટલા માટે મને નમસ્કાર કરે છે. આ કારણે જ **હું તેમના નમસ્કાર ''લક્ષ્મીજીને કહી દઇશ''** એમ કહું છું. તેનો આ શાણપણ ભર્યો ઉત્તર સાંભળીને લૌકિક પ્રભુતા, વ્યક્તિ કરતાં તેની શ્રીમંતાઇ, સત્તા વગેરેથી આવે છે એ પ્રશ્નકર્તાને સમજાયું.

અધિકારી હોવાથી બધા તે વ્યકિતને શ્રેષ્ઠત્વ આપે છે તેનું એક બીજું ઉદાહરણ છે—એકવાર વિજાપુરમાં એક આધ્યાત્મિક સંમેલન હતું. જેમાં જિલ્લા અધિકારી મુખ્ય વકતાના રૂપમાં આમંત્રિત હતા. પૂર્વઆયોજન અને પ્રચારને લીધે કાર્યક્રમમાં અનેક લોકો એકઠા થયા હતા. સંમેલન પણ મોટા વૈભવથી સંપન્ન થયું ! પણ સંબોધન કરતી વખતે કલેકટર મહોદયે અધ્યાત્મનો અર્થ ઢંગધડા વગરનો કર્યો ! તો પણ હાજર રહેલા શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે તેના વખાણ કર્યા. પછીના દિવસે સમાચાર-પત્રોમાં પણ તેમનો ભવ્ય ફોટો અને વકતૃત્વનું અલંકારિક ભાષામાં વર્ણન આવ્યું. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, ઐશ્વર્ય અને સત્તાથી પ્રભુતાના પોંખણા થાય છે, પણ તે સાચા નથી હોતા. રાજકારણમાં તો સામાન્ય માણસ પણ અલ્પકાળમાં મહાપુરુષ થઈ જાય છે અને તે જ મહાન પુરુષ થોડા જ વખતમાં સામાન્યની પંક્તિમાં આવી જાય છે એવું હંમેશા જોવા મળે છે ! તે જ પ્રમાણે મંત્રીપદ જેવા ઉચ્ચ પદ પર પહોંચ્યા પછી સામાન્ય વ્યકિત બની રહેવું ઘણું જ પીડાકારક લાગે છે !

ત્રિપુટીરુપ વિષયસુખ બહુ છેતરામણા હોય છે. પહેલાના કાળમાં ઠગ શ્રીમંત પ્રવાસી સાથે પહેલાં મિત્રતા કરતા હતા અને પછી તેમને ફસાવી ધન લૂંટી લેતા હતા. આ જ રીતે વિષયરૂપી ઠગ તમારી સાથે મિત્રતા કરી, તમારી મૂડી જ છીનવી લે છે. તેમની પાછળ લાગ્યા રહેવાને લીધે જ

તમે પોતાની સત્-ચિત્ આનંદરૂપી નિધિને ખોઇને દુઃખી થાઓ છો. એટલા માટે જ ગુરુ "વિષયો પર ભરોસો રાખ્યા વગર આનંદમય આત્મસ્થિતિમાં રહો, ભાઇઓ!" એવો બોધ આપે છે ! **આત્મસ્થિતિ એટલે નિરાંતક, નિરામય, અત્યંત સુખદ સ્થિતિ.** તેમાંની સુખમયતા ધ્યાનમાં લાવો. જયારે જવાબદારીઓ, કામ અને ચિંતા-રહિત પ્રવાસમાં જઇએ છીએ ત્યારે તેટલા પૂરતો કેટલો આરામ અનુભવાય છે. જયારે આમ જ છે તો સંપૂર્ણ ચિંતા-રહિત તેમજ જયાં દુઃખ લેશમાત્ર પણ નથી એવા ગગનમાં વિહાર કરનારા પક્ષીની જેમ સ્વચ્છંદ સ્થિતિમાં રહેવામાં કેટલો બધો આરામ હશે એની કલ્પના કરો અને તે સ્થિતિમાં નિમગ્ન રહો.

આ આનંદ સ્થિતિ તમારો મૂળ સ્વભાવધર્મ જ છે. કોઇપણ વસ્તુ માટે સ્વયંના મૂળ ગુણધર્મોનો ત્યાગ કરવો અસંભવ છે. કોઇ કારણવશ જો કયારેક એનાથી અલગ રૂપ તેણે ધારણ કર્યું હશે, તો પણ તે આગંતુક કારણ દૂર થતાં જ તે ફરી પોતાના સ્વાભાવિક ગુણોમાં ચિરકાળ રહે છે. આ તત્ત્વની જેમ અજ્ઞાન અને વિપરીત જ્ઞાનને લીધે તમારી મૂળ આનંદ સ્થિતિ લુપ્ત થઇ ગઇ છે. જો આ વ્યવધાન હટાવી દેવામાં આવે તો મૂળ આનંદ પૂર્વવત્ પ્રગટ થઇ જાય છે. ઉદાહરણ- મહોરમમાં એક વ્યકિત વાઘ બને છે. તે પોતાના શરીર ઉપર વાઘ જેવા રંગીન પટ્ટા ઓઢી લે છે. હાથમાં વાઘના નખ અને મુખ પર વાઘનું મહોરું પહેરી લે છે. પોતાનું મોં ખોલીને તે માણસોને ખાઇ જવાનો અભિનય કરતા કરતા તે પોતાને ખરેખર જ વાઘ સમજવા લાગ્યો. તે ચિંતા કરવા લાગ્યો કે " હવે હું ફરી માણસ ક્યારે થઈશ?" તે કૃત્રિમ વાઘને માણસ બનાવવા કોઇ પ્રયાસ કરવા પડશે? તેને 'તું વાઘ નથી માણસ જ છે' એટલું કહેવું પૂરતું છે. તે તરત જ શરીર પરના પટ્ટા દૂર કરી માણસ થઇ જશે.

ઉપરોકત દ્રષ્ટાંત પરથી ધ્યાનમાં રાખવાની વાત એ છે કે, વાઘ બનેલો માણસ મૂળભૂત રીતે મનુષ્ય હોવાથી તેને ફરી મનુષ્ય બની શકાયું. તે બીજું જ કાંઇ હોત તો તેના માટે મનુષ્ય થવું શક્ય ન બનત. કહેવાય છે કે, એક ગધેડો વાઘનું રૂપ ધારણ કરીને લોકોને ડરાવતો હતો અને તેમના ખેતરોમાં ધુસીને લીલો ચારો ચરી જતો હતો. એક દિવસ કેટલાક ખેડૂતોએ તેનો સ્વાંગ પકડી પાડી તે વેષધારી વાઘને જોરથી લાકડીઓથી ઝૂડી નાખ્યો. તે મારથી તે ગધેડો પોતાના અવાજમાં રાડો પાડવા લાગ્યો ! તે ક્ષણે લોકોને ખ્યાલ આવી ગયો કે આ વાઘ નથી, ગધેડો છે ! આ દૃષ્ટાંતમાં વેષધારી વાઘ મૂળભૂત રીતે ગધેડો હોવાથી છેલ્લે ગધેડો જ થયો, તે મનુષ્ય કે બીજું કોઇ પ્રાણી ન થયો. સારાંશ—જે મૂળમાં હોય છે તે છેલ્લે સુધી રહે છે. આ ન્યાય પ્રમાણે તમે પણ મૂળભૂત રીતે આત્મા છો. હું આવો છું, હું તેવો છું એ ધારણાઓને દૂર કરી ફેંકી દો, એટલે જીવરૂપી વાઘ જશે અને શિવરૂપી માણસ થશો. અને મૂળભૂત રીતે છો તેવા સ્વાભાવિક આનંદમાં રહેશો.

સ્વાભાવિકતાથી રહેવામાં આનંદ છે. પરંતુ મોટાભાગના માણસો એમ માને છે કે, કોઇ એક વિશેષતામાં આનંદ છે. તેમને યથાસ્થિતિમાં રહેવું સારું નથી લાગતું. તેમનું માનવું છે કે, કંઇ – ને કંઇ વિશેષ હોવું જ જોઇએ, કંઇક નવું થવું જોઇએ, જયાં છીએ ત્યાને ત્યાં રહેવામાં શું લાભ ? બીજું સ્થળ જોઇએ, જે નોકરી તે કરી રહ્યો છે તેને બદલે બીજી નોકરી જોઇએ ! સારાંશ- બધા લોકો અન્યમાં, નવી વસ્તુમાં સુખ શોધી રહ્યા છે. પરંતુ અમે પહેલાં પણ બતાવ્યું છે કે, મૂળમાં જે પરિપૂર્ણ આનંદ છે, તે જ વસ્તુસ્થિતિ છે. તેને ભૂલીને આપણે સ્વયંની અલગ વિશેષતા ઇચ્છી રહયા છીએ. આ કૃત્રિમતા જ દુઃખનું કારણ થઇ ગઇ છે. વિશેષતામાં તે વિષય જ હોવાને લીધે દુઃખ છે.

મનુષ્યને હંમેશા એ વિશ્વાસ હોય છે કે, સંતાન, સંબંધી તથા મિત્રગણ મને પ્રેમ કરે, વારંવાર તેમની મુલાકાત થાય, તેઓ મીઠી-મીઠી વાતો કરે, તો જ સુખ પ્રાપ્તિ થાય છે. એવો વિશ્વાસ રાખીને તે એમની પ્રતીક્ષામાં રહે છે. અને તે પ્રત્યેકની પાસે સુખની અપેક્ષા રાખીને તે પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરતો દેખાય છે. પરંતુ ખરેખર શું? તમારી તરફ ધ્યાન આપવું ન આપવું, તમારી સાથે વાર્તાલાપ કરવો ન કરવો એ તેમની મુનસૂફી પર નિર્ભર છે. બસ! તેઓ પોતાનો કામ-ધંધો, આશા–આકાંક્ષાઓ અને ફક્ત પોતાના જ કહેવાતા પત્ની-બાળકો અથવા પતિ-બાળકોને પ્રેમ કરીને તેમની પાસે કંઇક સમય, વધેલો હશે તો જ તે તમારી તરફ જોશે કે તમારી સાથે વાત કરશે ! પરંતુ આપણી અપેક્ષા એનાથી સો ગણી વધારે હોય છે ! આપણે એ પ્રતીક્ષામાં રહીએ છીએ કે આપણા સગા સંબંધીઓ આપણા વખાણ કરે, આપણી સાથે પ્રેમપૂર્વક વાતચીત કરે. પરંતુ તેઓ તમારા ગમે તેટલા નિકટના હોય, પોતાનો સ્વાર્થ છોડીને આપણી મરજી મુજબનો વ્યવહાર કરે એ શકય છે?

એક રીતે જોવા જઇએ તો બધા પોતે પોતાને માટે જ છે, સ્વતંત્ર છે. કોણ કોનું છે, ભાઇ? એવો પ્રશ્ન કર્યો તો તેનો શું ઉત્તર મળે છે? પિતા પુત્રનો છે કે પુત્ર પિતાનો છે? પતિ પત્નીનો છે કે પત્ની પતિની છે? તમામ એમ જ કહે છે કે આ મારો છે. પુત્ર "મારા પિતા" એમ કહે છે તો પિતા " મારો પુત્ર" એમ કહે છે. પતિ " આ મારી પત્ની" એમ કહે તો પત્ની " આ મારો પતિ" એમ કહે. આ રીતે બધા એકબીજા પર પોતાની માલિકી હક દર્શાવે છે. આમાં ખરું કોણ કોનું છે? આ પ્રશ્નનો "કોઇ કોઇનું નથી. બધા પોત પોતાને માટે છે" એ વાસ્તવિક ઉત્તર છે. છે કે નહિ, એ તમે જુઓ. દરેક વ્યકિત મુખ્યત્વે પોતાના સંબંધનો વિચાર કરીને તે પછી અન્ય સંબંધોના વિષયમાં વિચાર કરે છે. તેઓ પ્રમુખરૂપે પોતાની સમસ્યાઓ, આશાઓ, આકાંક્ષાઓ, પોતાનું શરીર સુખ વગેરે પોતાની સાથે સંબંધિત બાબતોનો વિચાર કરતા રહે છે. તેમને સ્વયંમાં જ રસ પડે છે અને પોતાને અનુકૂળ પડે તો જ તેઓ અન્યનો વિચાર કરે છે. એકંદરે પોતાના માણસોમાં જ વિચાર કરતા રહે છે. પોતાના

માણસોમાં જ અખંડ વેધ લાગેલા, બાળ-બચ્ચાં, પૌત્રો, આપ્તજનો વગેરે લોકોના પ્રેમ-હિત વચનો પર પોતાના સુખનું અવલંબન રાખવું એ દિવાસ્વપ્ન (ભ્રમ) જ છે !

મનુષ્ય જ્યાં રહે છે તે ગામમાં સુખ નથી, બીજા ગામમાં જઈશું તો સુખ મળશે, એવી કલ્પના કરીને, "તે ગામમાં ક્યારે જઇશ? હજી ત્યાં જવામાં પંદર દિવસ બાકી છે, તે કયારે સમાપ્ત થશે?" આ જ ગણતરી કરતો રહે છે ! એનો અર્થ એ જ થયો ને કે તે જે સ્થળે હાલમાં રહે છે, ત્યાં તે સુખી નથી ! પરંતુ સાધકની સ્થિતિ આથી બિલકુલ અલગ હોય છે. તે જયાં છે, જે સ્થળે છે, જે પરિસ્થિતિમાં છે, ત્યાં જ પૂર્ણ સુખી હોય છે. ક્યાંય ન જતાં, કાંઇ ન કરતાં, કોઇ બોલે નહિ, કોઇ ઘેર આવે નહી, કોઇ કાંઇ લાવી ન આપે, તો પણ અને કંઇ પણ વિશેષ ન હોવા છતાં, તે આનંદમાં હોય છે.

કોઇ પણ પ્રકારની ઉપરોકત ઇચ્છાઓ ન રાખવા છતાં, જો સુખી રહેતા આવડી જાય તો તે સ્વતંત્ર આનંદ મેળવી લેવા બરાબર થઇ જશે. બધા શું કરે છે, કે આ સ્વાધીન આનંદને ઘટના વિશેષ પર અવલંબિત કરીને દુઃખી થઇ જાય છે. તેઓ પોતાની નિત્યપ્રાપ્ત મૂળ સ્થિતિને શૂન્ય અથવા અર્થ વગરની ગણીને જે પોતાનાથી દૂર છે તેમજ અનિશ્ચિત તથા કષ્ટ સાધ્ય છે, તેને મહત્વ આપે છે ! હવે તે બદલાવું જોઇએ, ભાઇઓ !

સાધકે, એ નિશ્ચય કરવાનો છે કે બહાર જે-જે સુખ છે અને જેટલાં પણ સુખ છે, તેનાથી અનેકગણું સુખ પોતાની નિજ સ્થિતિમાં છે. સંસારના કોઇપણ વિષયમાં શું તમને પરિપૂર્ણ આનંદ મળશે? એ બાબતે વિચારી જુઓ. દસ રૂપિયા વધારે મળવાથી, સો રૂપિયા, હજાર રૂપિયા કે લાખ રૂપિયા વધારે મળવાથી, કરોડપતિ કે અબજપતિ થવાથી કે સંસારનું સર્વઐશ્વર્ય મળવાથી શું પરાશાંતિ પ્રાપ્ત થઇ શકે છે? કયારેય પણ નહીં. અર્થાત કયાંય પણ ન મળવાવાળો **સર્વશ્રેષ્ઠ આનંદ તમારામાં જ, તમારું નિજસ્વરૂપ થઈને સ્વતઃસિધ્ધ છે**, તેને ફોગટમાં, હવામાં છોડી દેવા જેવી મુર્ખામી કરાય?

સુખનો ખજાનો તમારામાં જ છે. તેને છોડીને આભાસી બાહ્ય વિષયો પાછળ દોડવું એટલે એ તો, એક તરસ્યો માણસ તેના ઘર પાસેથી નદીનું મીઠું જળ છોડીને ઘણે દૂર આવેલા ખારા જળના કૂવા માટે દોડે, એવી વાત થઈ ! તે કષ્ટપૂર્વક, ત્યાં જઈ પરિશ્રમથી ઉંડે રહેલું પાણી કાઢી, તેનું પ્રાશન કરી કૃતાર્થ થાય છે. તે ખારા જળથી તેની તૃષા છીપવાને બદલે વધે છે, તેમ છતાં તેનું કર્માભિમાન તો જુઓ ! તે કહે છે "ખુદની મહેનતથી મળેલું જે પણ હોય, જેવું પણ હોય તે જ ઉત્તમ છે, તે ઔષધિય પાણી છે'' આપણે પણ શું કરીએ છીએ? **આપણી પાસે પરિપૂર્ણ આનંદનો સાગર**

હોવા છતાં પણ વિષયરૂપી ખારા પાણીના કૂવા તરફ દોડી રહ્યા છીએ. અને આપણે તેના માટે ઘણું દુઃખ વેઠયું છે એટલા માટે તે અલ્પ સુખને અતિ શ્રેષ્ઠ દેખાડીએ છીએ.

અમૂલ્ય શાશ્વત સુખને છોડીને ક્ષણિક સુખને પસંદ કરવામાં આવે તો શું થાય તે સમજાવવા વધુ એક દૃષ્ટાંત આપીએ છીએ. સાંભળો. એક ભરવાડ હતો. તેના એક હાથમાં હીરો આપવામાં આવ્યો અને બીજા હાથમાં બકરાના ગળામાં લટકાવવા માટેનો ટોકરો, તો તેણે હીરાને છોડીને ટોકરા પર પસંદગી ઉતારી !! આમ ન થવું જોઇએ, એવું લાગતું હોય તો સાધક માટે, “વિષય સુખ ક્ષણિક, ક્ષુલ્લક, વિકારી, નાશવંત છે એમ સમજીને તેની અપેક્ષા રાખવી યોગ્ય નથી” એ સમજી લઈને, તેના પ્રત્યેનું આકર્ષણ છોડીને, શાશ્વત, પરિપૂર્ણ, સહજ, સ્વાભાવિક તેમજ એક ક્ષણમાં મળનારું આત્મ-સુખ ગ્રહણ કરવું જોઇએ.

આ મહાન તત્ત્વાનુભવ ફક્ત અધ્યાત્મશાસ્ત્ર જ મેળવી આપે છે. આ પરમાનંદ અધ્યાત્મ સિવાય કયાંય બીજેથી મળવાનો નથી. એટલા માટે અધ્યાત્મ જ સંસારમાં શ્રેષ્ઠ અને પૂજય છે. હે સાધક, તમે પણ અધ્યાત્મ જ્ઞાન ધ્વારા આ તત્વને આત્મસાત કરીને કોઈ બીજાની પરવાહ કર્યા વગર, તમારા મૂળભૂત, સ્વતઃ સિધ્ધ, ત્રિપુટી રહિત, સમાધાન રૂપ, સ્વાભાવિક પરમ તૃપ્તિને પ્રાપ્ત કરી લો, ભાઇઓ!!

પ્રકરણ-૨૫

પરમાનંદ રૂપનો આત્માભ્યાસ

(૧) તમે દેહ, ઈન્દ્રિઓ, મન, બુધ્ધિ, અહંકાર સાથે સંબંધ ન રાખનારા અસંગ, અલિપ્ત પરિપૂર્ણ સચ્ચિદાનંદ છો. જ્યાં સુધી દેહાદિના તાદાત્મ્યરુપ “હું’’ ની સાથે રહો છો, ત્યાં સુધી દુ:ખ અને દુ:ખોનું કારણ એવા વિષયોનો ત્યાગ કરવો અસંભવ છે. ઉદાહરણાર્થે - એક ભૂખ્યા વ્યક્તિની સામે પકવાન રાખી એ ખાવાના નથી એમ કહો, તો પણ એ વાતને ન સાંભળતા તે પકવાન તરફ દોડશે. એ જ રીતે આ “હું” ની સામે જ્યારે પ્રિય વિષયો હોય, તો તે વિષયો ગ્રહણ કરશો નહીં, એમ કહેશો તો પણ તે ક્યારેય સાંભળશે નહીં.

જીવભાવ કાયમ રહેવાથી શું હાલત થાય છે, એનું અવલોકન કરો. જીવે પોતાને ઉપાધિ વિશિષ્ટ ક્ષુદ્ર, અલ્પ અને નાનો માની લીધો છે. નાનો સ્વભાવતઃ જ મોટો થવાના પ્રયત્નો કરે છે. તેની નજરમાં વધારેમાં વધારે વિષયો મેળવીને પોતાની જંજાળને વધારવી એ જ મોટા બનવાનો ઉપાય છે. એમ માનીને તે વિષયોને એકઠા કરવાના કષ્ટદાયક ધંધામાં પરોવાયેલો રહે છે અને અંતહીન દુઃખોને નોતરે છે. સારાંશ- જીવભાવ છે, ત્યાં સુધી દુઃખોનો નાશ થવો અશક્ય છે. દરેક વ્યક્તિએ પોતાના તમામ દુઃખોથી છૂટકરો મેળવવો હોય, તો દેહબુધ્ધિ વગેરે ઉપાધીઓના તાદાત્મ્યરૂપી જીવભાવનો ત્યાગ કરવો જોઇએ. અહીં મુખ્ય વાત એ છે કે, 'હું એ તમામ જંજાળોથી અલગ છું' આ સિધ્ધાંતનો અંતરંગમાં નિશ્ચય કરવો પડે. અને સાતત્ય પૂર્વક તેનો અનુભવ કરતાં રહેવો જોઇએ. આ ઉપાય છોડીને, આનંદ માટે જંજાળો પર નિર્ભર રહેવું, એ અજ્ઞાન જનિત ભ્રમ છે.

(૨) ઉપાધિનું અવલંબન આપણને દુઃખ આપે છે, આ વાત આપણે જાણતાં હોવા છતાં તે પડતું મૂકી શાંતિથી કેમ રહી શકતા નથી? સુખ, શાંતિ અને આનંદથી રહેવામાં આપણને કોઇની અડચણ છે? આમાં બીજું કોઇ નહી પણ આપણે જ વચ્ચે આવીએ છીએ ! "તમારાં દુઃખો શાના લીધે છે?" એવું પૂછીએ તો દરેક જણ બહારનું જ કોઈ ને કોઈ કારણ બતાવે છે. " અહો, અમને સરકાર ત્રાસ આપે છે," " આપ્તજનો તરફથી દુઃખ મળે છે" " અમને શનિ, મંગળ, રાહુ, કેતુ ત્રાસ આપે છે" વગેરે વગેરે. પરંતુ એ કોઈ નથી જાણતું કે, વાસ્તવમાં આપણે પોતે જ પોતાના દુઃખનું કારણ છીએ.

તમે પ્રશ્ન કરશો કે "માણસ પોતે જ પોતાના દુઃખનું કારણ કેવી રીતે હોઈ શકે?" તમામ દુઃખોનું મૂળ કારણ અજ્ઞાન અને તેને લીધે પેદા થનારો ભ્રમ છે. આ વાત સર્વમાન્ય છે ને ! ભ્રમથી અહંકાર ઉત્પન્ન થાય છે અને તેનાથી અપૂર્ણતા, અસમાધાન વગેરે આવે છે, એ સમજી લો. એકંદરે - તમારા દુઃખોનું કારણ તમારામાં જ છે. પરંતુ આપણે તેને બહાર શોધી રહ્યા છીએ. અને **ફક્ત કહેવા પૂરતું, માત્ર નિમિત્ત એવા બાહ્ય દુઃખના કારણનો નાશ કરવાના પ્રયત્નોમાં લાગ્યા છીએ.** પરંતુ આ સંસારમાં દુઃખના અનેક કારણો હોવાથી, તે પૂરું જ થતું નથી એ વાત આપણે ભૂલી રહ્યા છીએ. એટલે **નિમિત્ત માત્ર એવા અને અંતે ન હોય એવા બાહ્ય કારણોનો નાશ કરવાની વ્યર્થ ચેષ્ટાઓ કરવા કરતા, દુઃખનું વાસ્તવિક કારણ એવી આપણી આંતરિક અપૂર્ણતાનું નિવારણ કરીને આનંદમય બનીને કેમ ન રહીએ ભાઇઓ !** સદૈવ દુઃખી રહેવા માટે તમારી ઉપર કોઈ દબાણ કે બંધન છે ? કોણે તમને કહ્યું છે કે કલ્પનાઓની જાળમાં ફસાઈને અસંતુષ્ટ રહો ભાઇ! આપણે સ્વયં આનંદમય છીએ, એ જાણ્યા પછી પણ તમે આનંદરૂપ થઈને ન રહી, અજ્ઞાનીઓની જેમ શા માટે દુઃખી થાઓ છો? **આ બધું છોડીને આરામથી, શાંતિથી, પરમાનંદરૂપ થઈને આત્માભ્યાસ કરતાં રહો ભાઇઓ!**

(૩) અમારા ધ્વારા બતાવેલો આત્માભ્યાસ સુખકર છે. પણ આ અભ્યાસ કરવો કોઇ ક્રિયાની જેમ કષ્ટદાયક છે એવું બધાને લાગે છે. એ સાચું છે કે વ્યાવહારિક કર્મ કષ્ટદાયક હોય છે. કોઇપણ કાર્ય કરવા માટે પૈસા જોઇએ, કામ માટેની સામગ્રી જોઇએ અને કુશળ કારીગરો પણ જોઇએ. " બધી સામગ્રી લાવી દીધી છે, પણ કારીગરો મળતા નથી. શું કરીએ" એવું ઠેકઠેકાણે સાંભળવા મળે છે. કામ શરૂ કર્યા પછી પણ ઘણીવાર પૈસાના અભાવે કે બીજા કોઇ કારણોસર કે નગરપાલિકાના લોકો દ્વારા " અહીંયા કામ કરવું નહી" એવી નોટીસ બજાવવાને લીધે કામ અટકે છે. સારાંશ- બહારના કામોમાં અનેક નિર્બંધ છે, ખામીઓ છે તથા બીજાઓનું કપટ, ઈર્ષ્યા જેવા અવરોધો છે. એટલા માટે એ કાર્યો દુ:ખરૂપ હોય છે. પરંતુ હવે અમે જે બતાવી રહ્યા છીએ તે સાધનરૂપી કર્મ જ સુખરૂપ છે ! તેમાં કોઈના તરફથી અડચણ ઊભી થઈ શકતી નથી. કાયદાનું બંધન પણ નડતું નથી. કોઈ એનો વિરોધ કરી શકતું નથી. તે સંપૂર્ણ પણે સ્વતંત્ર છે, અને લેશમાત્ર દુ:ખદાયક ન હોઇ અત્યંત સુખરૂપ છે. "તમે આનંદરૂપ છો, હમેશાં આનંદરૂપ છો અને સર્વદા આનંદમાં રહો ભાઇઓ! " એટલું જ અમે કહી રહ્યા છીએ તે સાધન છે ને?

(૪) અમે કેટલાય વિસ્તારપૂર્વક બોધ આપીએ, તો પણ તેનો મતિતાર્થ એક જ છે. જે રીતે ગીતનો સાર તેના ધ્રુવપદમાં હોય છે, તે રીતે અમારા બધા કથનનું મુખ્ય ધ્યેય શું છે, તે તમે જાણી લો. જુદી-જુદી રીતથી બતાવવાનો મુખ્ય ઉદેશ્ય એક જ છે. તે ઉદેશ્ય કેન્દ્રમાં રાખીને અનેક કથાઓ, આધાર વચન અને શબ્દ સૂચનાઓ કહેલ છે. એ બધાની પાછળ આપણો મુખ્ય ઉદેશ્ય શું છે, આપણું લક્ષ્ય શું છે, ક્યો સિધ્ધાંત છે, તમારે તેને આત્મસાત કરવાનો છે. તેને દ્રઢતાપૂર્વક સમજી લેવો જોઈએ. અન્ય તમામ વાતોને યાદ રાખવાની જરૂર નથી. જો મધ્યવર્તી મૂળ સિધ્ધાંતને જાણી લઈએ તો તમે અનેક દ્રષ્ટાંત આપી શકો છો. તમારે આ વિવેચનના મૂળ સિધ્ધાંતને ગ્રહણ કરવાનો છે. આજના પ્રવચનનો મુખ્ય સાર ધ્રુવપદની જેમ પુન: પુન: કહીએ છીએ. "સદૈવ સ્વાનંદ અનુભવિત રહો ભાઇ!" તેને જ આત્માભ્યાસ, નિદિધ્યાસન અને ધ્યાન કહે છે.

સ્વાનંદરૂપે રહેવું, એ જ તમામ સાધનાનો મુગટમણિ છે. એ સાક્ષાત્કારની અત્યંત નજીકનું અંતિમ સાધન છે. આમાં અનિર્વચનીય સુખ છે. એમ હોવા છતાં પણ, તે છોડીને આ માથાફૂટ કરનારા પ્રપંચ સાથે શા માટે ચોટી રહો છો ભાઇ? પ્રત્યક્ષ સુખને છોડીને ચિંતાના બજારમાં જવું એટલે જ ભ્રમ ! બીજું કંઈ નહી.

ઘરમાં કોઈ બીમાર પડી ગયું તો પત્યું જ ! એ વખતે અભ્યાસ કરવો દૂરની વાત રહી, ધ્યાન, ભજન, પાઠ, મનન બધું બંધ થઈ જાય છે ! એટલું જ નહીં માણસ એને માટે પરમ અર્થને જ દોષી ગણે છે. " અમારા જેવા ભક્તોને પણ રોગ કેમ થાય?" એમ કહીને તે ખૂબ દુ:ખી થઈ જાય છે. પરંતુ વિવેકી સાધક એમ કહે છે કે "રોગ થવો એ શરીરનો ધર્મ છે. તેની યોગ્ય સારવાર કરવો જોઇએ. તે કર્યું એટલે થયું ! તેના માટે સાધન છોડવાનું શું કારણ છે?" એમ વિચાર કરીને તે પોતાની સાધના કરતો રહે છે.

(૫) શિષ્ય - ગુરુમહારાજ ! આપનો બોધ એ છે કે સાધકે હંમેશા આત્મજાગૃતિ રાખવી જોઈએ. પરંતુ જાત-જાતના ખેંચતાણવાળા વ્યવહારિક કાર્યો કરતી વખતે આત્મ જાગૃતિ જાળવી રાખવી કેવી રીતે શક્ય છે?

ગુરુનો ઉત્તર- એમાં કોઈ શંકા નથી કે, કર્મ તો કરવાનાં જ છે. પરંતુ તે કર્મ કઇ ભાવનાથી કરવાથી આત્મભ્યાસમાં બાધા ઉત્પન્ન નહિ કરે તે કહીએ છીએ, સાંભળ. કર્મ કરતી વખતે કર્તુત્વાભિમાન તથા ફળેચ્છા ન રાખવામાં આવે, અલિપ્ત ભાવનાથી, માત્ર પોતાનું કર્તવ્ય પૂર્ણ કરવા માટે જ કરવામાં આવે તો તેનાથી સમાધાન અને શાંતિનો ભંગ થતો નથી. તે કર્મ કેવી રીતે કરવું, કેટલું કરવું, વગેરે કાર્યદૃષ્ટીથી વ્યવહાર કરવામાં આવે તો કોઈ બાધા આવતી નથી. ઉદા.- એક ન્યાયાધીશ છે. તેની સમક્ષ એક મુકદ્દમો ચાલે છે. વાદી અને પ્રતિવાદી બે પક્ષો છે. ન્યાયાધીશ બન્નેની દલીલો સાંભળી લઈ, તેને મૂલવીને નિર્ણય કરે છે. તેમાં તેનો પોતાનો કોઇ સંબંધ હોતો નથી. તે જ પ્રમાણે તમારી સમક્ષ કર્તવ્યરૂપે આવેલાં કર્મમાં તમારો અહંકાર- સ્વાર્થ કંઇપણ ન મેળવતા, ન્યાયાધીશની જેમ, યોગ્ય રીતે તે કરી નાખો. આવી રીતે નિ:સ્વાર્થ ભાવથી કેવળ કાર્યાકાર્ય અને હિતાહિતને નજર સમક્ષ રાખીને તન્મયતાપૂર્વક કર્મ કરશો તો, તે કર્મમાં પણ આત્મ સ્થિતિ તથા પરમશાંતિમાં રહેવું સાધ્ય છે.

(૬) હવે, સ્વયં આત્મરૂપ થઈને રહેવાની અને આત્માભ્યાસની પ્રાથમિક અવસ્થાને અમે સમજાવીએ છીએ. બાહ્ય વિષયો તરફ દોડનારા મનને વાળીને અંતર્મુખ કરવું હોય તો આત્મ વિવેકની આવશ્યકતા છે. પહેલાંની સાંસારિક કલ્પનાઓને "હું આત્મા છું" એ પ્રતિવિચાર દ્વારા છોડવાની છે. પછી બહાર દોડતું મન આત્માકાર થઈ જાય છે, ત્યારે "હું આત્મા છું" એમ કહેવાની જરૂર રહેતી નથી. પરંતુ તે સ્થિતિમાં પહોંચીએ ત્યાં સુધી 'શિવોહમ' 'ઓમ' એમ કહેતા રહેવું જોઇએ. જો મન પાછું વિષયો તરફ દોડવા લાગે તો પુન: 'શિવોડહમ- શિવોડહમ' કહો. જ્યાં સુધી કલ્પના અને કલ્પના કરનારો 'હું' રહેશે ત્યાં સુધી પુન: પુન: 'શિવોડહમ' કહેવાનો અભ્યાસ કરવો પડશે. પરંતુ **મુખ્ય જ્ઞાનસ્થિતિ લક્ષમાં રાખો ! તે એટલે જેમાં કંઈ પણ કહેવાપણું નથી, તથા કંઈ પણ હોવાપણું નથી, એવી સ્વયંભૂ સ્થિતિ છે.**

(૭) આપણે બધી જ અવસ્થાઓમાં સદૈવ પોતાના સ્વરૂપમાં રહીએ જ છીએ. સદા સર્વદા આત્મા અખંડરૂપે હોય છે. પરંતુ 'હું' કહેનારો જે એક છે, તે, જે છે તેનો લોપ કરવાનો ચમત્કાર કરે છે ! જે અહંકાર છે તે ખરાનું ખોટું કરે છે અને ખરેખર ખોટા એવા આપણે સાચા છીએ, એમ કહેતો આગળ આવે છે ! વચ્ચે આવેલી આ અહંતા કાઢી નાખીએ, તો મૂળમાં રહેલી વસ્તુ શેષ રહે છે. તે કેટલી પરમ સમાધાનરુપ છે તેની સાધકોને પ્રતીતિ થઈ શકે છે. થોડીવાર તેનો અનુભવ લેવામાં આવે, તો પણ તે અત્યંત સુખરૂપ છે તે સમજાય છે. આ અંતિમ સ્થિતિમાં ચિંતા અને ઉપર-નીચે થનારી દોલાયમાનતા લેશમાત્ર પણ નથી હોતી ! અને બધું જ ભરાઇ ગયું હોય એમ પરિપૂર્ણતાનો અનુભવ રહે છે. અમારા દ્વારા બતાવેલું સાધન પણ પોતાના આ અહંરહિત સ્વાભાવિક અનુભવમાં સ્થિત છે.

આ સાધન દ્વારા સાધ્ય સ્વતઃ પ્રાપ્ત થાય છે. સદૈવ સ્થિત રહેનારૂં, આ સત્યસ્વરૂપ છે જ નહિ એવો આભાસ ઉભો કરનારી કષ્ટદાયક કલ્પનાને કાઢી નાખી મુક્ત સ્થિતિ સાચવી રાખ ભાઇ! તું છે એવો, સહજ, નિશ્ચિંત અને નિત્યમુક્ત સ્થિતિમાં રહે ભાઇ! છે તેવો રહે સિધ્ધેશ્વર ! (ઇદિગિરો સિધ્ધેશ્વરા) જુઓને, બહુ મુશ્કેલ લાગતું સાધન કેટલું સુલભ છે !!

(૮) અમે તમને અંતિમ સાધનની સુલભતા બતાવી છે ને? પરંતુ આશ્ચર્ય એ છે કે તમારી તૈયારી તો જે કઠિન છે, તેને જ કરવાની છે ! ગુરુ મહારાજ કહે છે કે " સાર્થકતાનું આ સુલભ સાધન કરો", તો પણ તમે એમ કહો છો કે 'મોટા-મોટા મુશ્કેલ સાંસારિક કર્મોને છોડીને આ સુલભ અને નાનું એવું કામ શા માટે કરૂં?' એમ નિંદા કરી તે સાધન કરતા નથી ! તેની એવી જ ઇચ્છા હોય છે કે અમારે આ સુલભ સાધન નથી શીખવું, આ સિવાય કોઈ બીજું કાંઇ હોય તો કહો !! સારાંશ- જો આ સરલ, સુલભ સાધનનું મહત્વ સમજીને તે પ્રમાણે રહેવાનો અભ્યાસ કરશો તો પૂર્ણત્વને મેળવશો.

આ સાધન અને તેનાથી મળનાર પરમાનંદ એ સર્વ શ્રેષ્ઠ હોવા છતાં તેમાં એક ખામી છે. તે કઈ છે? અતિ સૂક્ષ્મ હોવાને લીધે એનું મહત્વ સ્થૂળ દ્રષ્ટિ રાખનારની સમજમાં તરત આવતું નથી. બહારનાં સ્થૂળ સાધન અને તેનાં ફળ કેવા દિવ્ય-ભવ્ય દેખાય છે, જુઓ ને ! પરંતુ સાધકે પોતાનું સાધન અને સાધ્ય માંથી આ સૂક્ષ્મત્વ ગુણનો અંગીકાર કરવો જોઈએ.

(૯) નામ, રૂપ, આકાર, ગુણ- એ બધાં દુઃખ લાવે જ છે. મનુષ્ય, " આપણું નામ થાય, નામ રહે" તે માટે કેટલા ઉધામા કરે છે જુઓ !! આ પ્રમાણે રૂપનું પણ છે. માણસ સુંદર હોય તો સુંદરતાનું અભિમાન રહે છે અને જો કદરૂપો હોયા તો તેના લીધે દુઃખી થાય છે. **પરંતુ પ્રત્યેક શરીર એક દિવસ તો કુરૂપ થવાનું જ છે**. સુંદર દેખાતું રૂપ તો શરીરનો ગુણધર્મ છે. પરીક્ષણ કરતાં એ સ્પષ્ટ દેખાય છે કે બચપણ અને યૌવન ,એ જ રૂપનું કારણ છે. પહેલા સુંદર રૂપ હોય તો પણ ઉમર વધવાની સાથે તે કુરૂપ દેખાય છે ! અંતતઃ કુરૂપ થવાથી કોઈ પણ બચી શકતું નથી ! સારાંશ- આધાર વગરના રૂપનું અભિમાન કરવાથી દુઃખ સિવાય બીજું કઈ જ મળતું નથી.

(૧૦) આત્મભાવમાં નામ, રૂપ, ગુણાદિ કોઈનું જરા પણ અભિમાન હોતું નથી. જ્ઞાની પુરુષ નિર્ગુણ સર્વતીત હોય છે અને તેની બહાર પણ તે જ દ્રષ્ટિથી જુએ છે. મનુષ્ય સ્વયં જેવો હોય છે. તેવી જ નજરથી સૌને જુએ છે. અંદર અહંકાર છે તો બહાર પણ તર-તમ ભાવથી એવું જ દેખાય છે. જો અંદર આત્મભાવ છે તો બહાર પણ બધા પ્રતિ જ સમભાવ રાખે છે.

જ્ઞાની પુરુષમાં રૂપ, ગુણ, જાતિ વગેરે સ્કુરણ નથી હોતાં, એટલા જ માટે બહાર પણ તેમનું ધ્યાન આ બાજું જતું નથી. એક ઉદાહરણથી જોઈએ- સામાન્ય રીતે બધામાં પોત-પોતાની જાતિનું અભિમાન હોય છે અને તે જ દ્રષ્ટિથી તેઓ જુએ છે. ધારો કે કોઇ એક વ્યક્તિને દસ લાખની લોટરીનું ઈનામ લાગ્યું, એવી

ખબર પડે તો, લોકો તરત પૂછે કે હિંદુને લાગી કે મુસલમાનને? જો હિંદુને લાએ તો તે વ્યક્તિ પોતાની પેટાજાતિની છે કે અન્ય પેટાજાતિની તેની શોધ શરૂ થાય છે. તાત્પર્ય – જાત્યાભિમાન આવો ભેદ કરાવવા લાએ છે. પરંતુ જ્ઞાની પુરુષમાં જાત્યાભિમાન હોતું નથી. તેઓ જાતિ નિરપેક્ષ રહીને, ભેદ-ભાવ વગરના હોય છે. તેમનાં માટે તો બધાં પોતાનાં છે. તેઓ સમદર્શી, ભાગ્યવંત લોકોમાં કોઈ ભેદભાવ કરતાં નથી. આ જાતિ-અભિમાન જેવા જ દેશ, ગ્રામ(ગામ) અને પ્રાન્ત જેવા અનેક દુરાભિમાન હોય છે. તમે કહો કે 'અમારી હૂબલી જ બહુ સારી!' અમે કહીએ, ' અમારું કન્નૂર જ અત્યંત શ્રેષ્ઠ છે !' એને લીધે ઝગડા શરૂ થઈ જાય છે.

11) જ્ઞાની પુરુષ સર્વસ્થિતિમાં એક જ વસ્તુને જાણે છે અને બધામાં તેને જ જુએ છે. તેમનો સ્વયં પ્રત્યે જેટલો પ્રેમ હોય છે, એટલો જ પ્રેમ તેઓ સ્વાભાવિક રૂપે બધાને કરે છે. તેમનો પ્રેમ કૃત્રિમ હોતો નથી. આનાથી ઉલટું વ્યવહારિક પ્રેમ કેવો હોય છે, તો આપણે કોઇ ઉદ્દેશથી પ્રેમ કરીએ છીએ. તેને વ્યાપારિક પ્રેમ કહેવામાં હરકત નથી ! અર્થાત થોડો ફાયદો તો થોડો પ્રેમ, વધારે ફાયદો તો વધારે પ્રેમ અને જો પ્રેમથી કોઈ ફાયદો થવાનો નથી તો 'લ્યો, અમે હવે જઈશું !'. જ્ઞાની પુરુષમાં આવો વ્યાપારિક પ્રેમ ન હોઇ નિર્નિમિત્ત સાચો પ્રેમ હોય છે. તેમનો પ્રેમ વાસ્તવિક અને અહેતુકી હોય છે. તેઓ બધાયને આત્મ સ્વરૂપ માને છે. એટલા જ માટે તેઓ બધાને અંતઃ સ્ફૂરણાથી પ્રેમ કરે છે.

(૧૨) જગતમાં અનુભાવિક જ્ઞાન મળવું દુર્લભ છે. સભા, સંમેલન, ભાષણ, ઉત્સવ વગેરે તો ઘણા થાય છે પરંત અનુભાવિક જ્ઞાન કદાચ ક્યાંક-ક્યાંક જ સાંભળવા મળે છે. એ લૌકિક સંમેલનોમાં મોટાભાગે ઔપચારિક, પ્રતિપાદિત વિષયો જ હોય છે જેવા કે પગાર વધારવો જોઇએ, નહિ તો કામ બંધ કરવાની ધમકીની ઘોષણા ! અન્ય પક્ષોની ખામી, દોષ કહેવા, પોતાનો પક્ષ સત્તામાં આવશે તો રામરાજ્ય લાવીશું એવી ઘોષણા કરવી! વગેરે વગેરે. પરંતુ વ્યક્તિનો હાથ પકડીને સુખસ્થિતિ સુધી પહોંચાડનારું વાસ્તવિક હિતૈષી આધ્યાત્મ અત્યંત દુર્લભ હોય છે.

વસ્તુની ગુણવત્તા જોઇને કોઇ લેતું નથી ! પણ તે વસ્તુના વિક્રેતા તરફ જોઈને વસ્તુ લે છે ! જ્યાં આરામથી બેસવાની ખુરશીઓ, પંખા વગેરે સાથેની સુસજ્જ ભવ્ય દુકાન અને સ્વચ્છ, કડક ઇસ્ત્રી બધ્ધ કપડા પહેરેલો વિતરક જ્યાં છે ત્યાં જ ગ્રાહક જાય છે. પણ આ દેખાવનો ખર્ચ કાઢવા માટે તે દુકાનની વસ્તુઓ ચોક્કસ પણે વધારે મોંઘી હોય છે. તેનાથી વિપરીત લોકોને ઓછી કિંમતે સારી વસ્તુ મળે એટલે પ્રામાણિકતાથી વેપાર કરનારાને ત્યાં લગભગ કોઇ જતું નથી ! પદાર્થની પરીક્ષા અને સાચી કિંમત જાણવાવાળા વ્યક્તિ જ સીધા-સાદા વ્યાપારી પાસેથી સામાન ખરીદે છે.

ઉપદેશકોના વિષયમાં પણ મોટાભાગના શ્રોતાઓનું વર્તન ઉપરોક્ત પ્રકારનું જ રહે છે. તેઓ વક્તાનું મૂલ્યાંકન તેની મુખાકૃતિ, પાંડિત્ય અને પ્રસિધ્ધિ અર્થાત શું તે જગદ ગુરુ છે વગેરે જોઈને કરે છે. પરંતુ જે વાસ્તવિક સાધક છે, તે કોઇપણ વક્તા હોય, તે જે કહે છે, તેને અનુભવની કસોટી ધ્વારા કસીને

તેનું મૂલ્ય આંકે છે. શું તેનું કથન શ્રોતાનું નિજ હિત કરનારું છે? સાધારણ એવા વિષયને વધારી-વધારી અને રંજનપૂર્ણ રીતે રજૂ કરનારા કરતાં તે અનુભાવીક વિષયને મહત્વ આપે છે. એટલા માટે સાધકમાં આ બધું જાણીને અનુભવની નજરે પરીક્ષણ કરવાની સત્યપ્રજ્ઞા જોવી જોઈએ.

પ્રકરણ-૨૬

સાધનાભ્યાસોના વિવિધ વિચાર

(૧) વિવેકરૂપી સાધન- આપણે કઈં પણ કહેવાનું થાય, તો સત્ય-અસત્ય, હિત-અહિતનો વિચાર કરને કહેવું, એક અત્યુત્તમ ગુણ છે. વાણી અને કૃતિના મૂળમાં વિચાર જ હોય છે. આરંભથી અંત સુધી, વાણી અને કૃતિમાં વિચારનો આશ્રય લેવો અત્યંત જરૂરી છે. જે વિચાર જાગૃતિથી વ્યવહાર કરે છે, તે યશસ્વી થાય છે. પોતાનું વાસ્તવિક સ્વરૂપ શું છે, પોતાની પ્રાપ્ત સ્થિતિ કેવી છે, એના માટે કયાં કયાં સાધન છે તથા જગતની સ્થિતિ શું છે, આ બધું વિચાર દ્વારા જ જાણી શકાય છે. આ રીતે અન્ય તમામ બાબતો માટે પણ વિચાર કરવો એ જ મુખ્ય હોવા છતાં, તે ગુપ્ત હોવાને લીધે સાધન છે, એમ નથી લાગતું.

(૨) મનુષ્યને અનેક સુખ આવી મળે છે, પરંતુ મનની ચંચળતાને લીધે તે તેનો ઉપભોગ નથી કરી શકતો. જેમકે- અત્યંત સુર-તાલમાં ગાયન થઈ રહ્યું છે, તેમાં લીન થઈને આપણે તેનો આનંદ લઈ શકીએ છીએ કે નહીં? પરંતુ મનની મૂર્ખતાને લીધે, અન્ય કલ્પનાઓમાં ખોવાઈ જવાને લીધે મનુષ્ય નજીકનું સુખ ગુમાવી બેસે છે !

(૩) જો મન પ્રસન્ન હોય તો કોદરાનું ભોજન, રાત્રે પ્રકાશ માટે દીવો અને શયન માટે જીર્ણ શેતરંજી પણ સ્વર્ગનું સુખ આપે છે. પરંતુ જો મન ક્ષુબ્ધ હોય તો અનેક સુખનાં સાધનો હોવા છતાં પણ કાંટાના ઢગલા પર બેઠા હોઇએ એવું લાગે છે.

ઉપરના અનુભવથી જાગી જા અને સુખ માટે બાહ્ય પદાર્થો અને બાહ્ય પરિસ્થિતિઓ પર નિર્ભય ન રહેતા મનને હંમેશા પ્રસન્ન રાખવાની કલા શીખી લો ભાઇ!

(૪) સાધન-માર્ગમાં કેટલાક સામાન્ય ઉપાયો ઘણા ઉપયોગી થાય છે. ઉદાહરણ ધ્યાન કરતી વખતે ઊંઘ આવે તો ઊઠીને ઊભા થઈ જવું, આંખો પર પાણી છાંટવું, ઠંડા પાણીથી મોઢું ધોઈ નાખવું વગેરે સહજ ઉપાયો દ્વારા નિદ્રા દૂર કરી શકાય છે. અથવા થોડી વાર માટે બહાર ખુલ્લી હવામાં ફરી આવી પુનઃ ધ્યાનમાં

બેસશો તો પણ ચાલશે. પરંતુ આ સુલભ સાધનો અજમાવવાને બદલે સંપૂર્ણ ધ્યાન કરતી વખતે ઝોકાં ખાતા રહેનાર સાધકની વિચારશૂન્ય બુધ્ધિ ને ધન્ય છે!

(૫) સાધકમાં મુખ્ય રૂપે અભ્યાસ-વૃતિ હોવી જોઈએ. ગપાટા મારવા, અન્ય વિષયોનું વાચન, વગેરેમાં જેમતેમ સમય પસાર કરનાર સાચો સાધક હોઈ શકે નહી. સાધકમાં અન્ય બધી વાતોને એક બાજુ ખસેડી સાધન કરવાની પ્રવૃતિ હોવી જોઈએ.

(૬) સાધક પોતાના મનમાં એ વાતને લઈને ભયભીત રહે છે કે મને સાધના કરતો જોઈને લોકો શું કહેશે !

મનની અદંર સાધના કરવાના તરંગો ઊઠતા હોય તેમ છતાં, તો પણ લોકલાજનો સંકોચ તેને સાધના કરવા દેતો નથી. કોઈ મિત્ર આવીને વાતો કરવા બેસી જાય તો તેનું દિલ કેમ દુભાઉ, રાત્રે પાનાં રમવાં માટે નિમંત્રણ આવ્યું અને હું તેને ના પાડું તો કેવું લાગશે? તેમનું મન દુભાશે તો? એને બદલે કાલ સવારનું ધ્યાન એક દિવસ બંધ રાખીએ તો શું બગડશે ! 'લગ્નનુ આમંત્રણ આવ્યું છે, ત્યાં નહી જઇએ તો કેવું લાગશે?' એમ કહી તરત જ જવા નીકળીએ છીએ! એને લીધે જો ૪/૬ દિવસની સાધના ન થઈ તો પણ ચાલશે ! આ રીતે અનેક સાધક લૌકિક રીતિઓને આધીન થઈને પોતાની સાધનાને છોડી દે છે.

(૭) સદૈવ જંજાળની નાની-નાની બાબતો કરતી વખતે બુધ્ધિને તાણ પડતો હોવાથી, સાધના માટે સમય જ નથી રહેતો ! ઉદા- પાઇ પાઇ નો હિસાબ રાખવામાં અત્યંત કુશળ હોવું, વસ્તુ જરાય ગંદી ન થાય તે માટે મથવું, તે અસ્તવ્યસ્ત ન થાય તે માટે તેમની તરફ અતિ લક્ષ્ય આપવું, બધી બાબતો ઘડિયાળના સેકન્ડ કાંટા સાથે સમયસર થાય તે માટે દોડધામ કરવી, વગેરે અનેક બાબતો તરફ ધ્યાન આપી થયું ન થયું કરવામાં બધો સમય જતો રહે છે. અને નિરાંતે સાધના માટે સમય જ બચતો નથી ! એટલે જ આટલી તેટલી બાબતો માટે આપણે સંસારથી જુદું કોઈ વિશેષ લૌકિક કાર્ય કરીએ છીએ, એ ભાવનાથી દોરડા પર ચાલવાની કસરત છોડીને, એના માટે થોડો સમય આપીને એને સહજતાથી પૂરું કરતા જાઓ !

(૮) સાધક આળસને લીધે અથવા કોઇ સામાન્ય કામમાં સમય બગાડી સાધનાને ટાળતો રહે છે. આ કારણે તે મહાન સુખથી વંચિત રહે છે ! માયાનું મુખ્ય હથિયાર ''લાસરિયાપણું'', એટલે 'કાલે-કાલે' એમ કરતા મોડું કરવું એ છે. દેવાદાર પોતાનું દેવું આજે નથી ચૂકવતો અને કાલે ચૂકવી દઇશું એમ કરતાં-કરતાં કરજ ડૂબાડે છે. માયાનો ખેલ પણ આવો જ છે.

(૯) એકધારો (સતત) ચાલતા રહેવાથી તો કૂતરો પણ ત્રણ દિવસમાં કાશીએ પહોંચી શકે છે. પરંતુ જો રસ્તામાં તે બીજા કુતરાઓ સાથે ઝગડતો- ભસતો ચાલે, તો ત્રણ વર્ષે પણ ત્યાં નહીં પહોંચી શકે ! સાધકની હાલત પણ એવી જ થઈ ગઈ છે. તે એકલો જ, સાતત્યથી અભ્યાસ કરે, તો તે ચાર-છ માસમાં જ

પોતાનું ધ્યેય પ્રાપ્ત કરી શકે છે. પરંતુ સાંસારિક વ્યક્તિઓ સાથે દોસ્તી રાખીને સાધના કરતો રહે તો અનેક વર્ષો પછી પણ તે પાછળ જ રહે છે !

(૧૦) સાધકે કરવું જોઇએ એ સાધન મુખ્યતઃ અંતર્ગત છે. તે વિચાર હોય, ભાવના હોય અથવા નિર્વિકલ્પ સ્થિતિ હોય, તેને 'આંતરિક સાધન' કહેવામાં હરકત નથી. આ આંતરિક સાધન જ મહત્ત્વનું હોવાથી બાહ્ય ક્રિયારૂપી સાધનોની કોઈ વિશેષતા નથી. સાધકે ભજન, પૂજન, સેવા જેવા ભક્તિ કાર્યો કરવાં હોય તો એ સમજી લેવું જોઈએ કે એ ક્રિયાઓનું પ્રયોજન આંતરિક સાધનને પુષ્ટી આપવાનું જ છે. આ જ વિચાર સાથે મુખ્યરીતે આંતરિક સાધન કરતા રહી એને પૂરક થાય એવાં બાહ્ય કર્મોનું આચરણ કરવાનુ છે.

(૧૧) સાધક પોતે જે જે સમયે અંતર્મુખ થઇ શકે, તે તે સમયે વિવેક ભાવનારુપી સાધન કરવું. આપણને તે સાધન કરવાનો સમય વ્યવહાર કરતી વખતે પણ જોઇએ તેટલો મળે છે. પણ લોકો હંમેશાં વિષયોનું ચિંતન કરતા રહે છે. પરંતુ તેને બદલે તે સમયે સાધકે વિચાર-અનુસંધાન કરવું જોઈએ.

વિષય ચિંતન માટે એકાંત સ્થળની આવશ્યકતા છે? નજીક કોઇ હોવું ન જોઇએ, કે તે સમયે કોઈએ વાતો ન કરવી જોઈએ એવો કોઈ નિયમ છે? બહાર કઈં પણ થતું રહે તો પણ અદંર તો વિષયોનું ચિંતન સહજતાથી કરીએ જ છીએ ને? વિચાર કે ભાવના રૂપ આંતરિક સાધન પણ એટલું જ સુસાધ્ય છે.

(૧૨) કંઈ પણ ચિંતા ન કરીને, કોઈથી પણ ડર્યા વગર, આપણે લોભ, મોહ અને સ્વાર્થની કલ્પનાઓ સ્વતંત્રતાથી કરી શકીએ છીએ કે નહીં? તેને માટે આપણે કોઈ કારણ શોધીએ છીએ? નહીં. કોઈ પણ ચિંતા રાખ્યા વગર, ઉત્સાહ પૂર્વક આપણે આ બધું ગુપ્ત રીતે કરીએ જ છીએ ! તો પછી એવી જ રીતે આપણને આપણામાં જ આત્માભ્યાસ કરતા કેમ ન આવડે? સ્વાર્થની કલ્પનાઓ કરવા માટે જોઇએ એટલો સમય મળતો હોય, તો આવશ્યક નિજ સાર્થકતાના સાધન માટે સમય શા માટે નથી મળતો?

(૧૩) 'શિવોહમ ભાવના' અને 'નિર્વિકલ્પ ધ્યાન' એ અત્યંત સુખકર છે ને? એવું હોય તો, તે સમયનો આનંદ આગળના વ્યવહારના સમયે રહેતો નથી એવો વાંધો કાઢી તે અભ્યાસ જ ન કરવો એમ કહેવામાં શાણપણ છે? તમે ભોગવો છો એ વિષય સુખો પણ તરત જ નિર્મૂળ થાય છે ને? તેટલા પૂરતુંય સુખ મળે છે, એટલે તેની પાછળ દોડો છો ને. તે જ પ્રમાણે તેટલા પૂરતુંય કેમ ન હોય, આ અત્યંત શ્રેષ્ઠ સુખ આપનારું સાધન કરવામાં ઉત્સુક કેમ ન રહીએ?

(૧૪) 'સંસાર અસાર છે', 'તે દુઃખ દાયક છે', 'અનાત્મા છે' એવું વૈરાગ્યનું શાબ્દિક જ્ઞાન હોય તે જુદું અને 'યોગ્ય સમયે ધ્યેય પ્રમાણે તે ફળદ્રૂપ થાય તે જુદું!' ખરું સાર્થક આગળ હસ્તગત થનાર હોઇ, અગાઉની કલ્પનાથી કોઇ ફળ પ્રાપ્ત થતું નથી. સારાંશ- વૈરાગ્ય આચરણમાં આવવો જોઈએ. ઉદાહરણાર્થ- નુકસાન થવા છતાં નિર્લોભતા ઉલ્લાસથી દેખાવી જોઈએ. પોતાના પ્રિય વયક્તિના મૃત્યુ વેળાએ પણ નિર્મોહત્વ શોકરહિતનાથી પ્રગટ થવું જોઈએ.

(૧૫) ગુરુ શિષ્યને દેહભાવનો ત્યા કરાવીને તેના ભયનું નિર્મૂલન કરે છે. તે પછી શિષ્ય ગુરુબોધ ગ્રહણ કર્યા પછી કહે છે-

ઉઠકર ખડા હૂં ખૌફ સે ખાલી જહાન મેં ।

તસકીન દિલ ભરી હૈ મેરે દિલ સે જાનમેં ॥

"ભયને થપાટો મારીને પાડી દીધો છે અને હું જમીન પર સીધો ઊભો છું. મારું હૃદય શાંતિરસથી ઓત-પ્રોત થઈને વહે છે!!"

"આત્મજ્ઞાનને કારણે મૃત્યુ વેળા એ પણ અમરતા ઉત્સાહથી પ્રગટ થાય છે !" એમ કહેવું નિતાંત સત્ય છે. એક ટંકનું ખાવાનું મળવું મુશ્કેલ હોય, શરીર દુર્બળ અને રોગથી ગ્રસ્ત થયેલું હોય, તો પણ એનાથી અસંબંધિત "હું અમર આત્મા છું" એમ ઉલ્લાસથી અને કોઇપણ અવસ્થામાં જે વિચારે છે, તેને હું આ સ્થિતિનું વર્ણન ઢંઢેરો પીટીને કહી રહ્યો છું.

વાહ વાહ! વિશ્વનાથ ભટ્ટજી ! આપને જ જ્ઞાની કહીને સંબોધવા જોઈએ ! વૃધ્ધાવસ્થાને કારણે આપને બન્ને નેત્રોથી દેખાતું નથી તો પણ આત્માના સ્વપ્રકાશમાં આપ અત્યંત ઉત્સાહની સાથે એનું પ્રતિપાદન કરી રહ્યા છો. સાધુ! સાધુ!

(૧૬) એક જ સિધ્ધાંતને માટે અનેક અભ્યાસ બતાવવાનો ઉદ્દેશ્ય એ છે કે, - કોઇ એક સાધકે તે બધા સાધન કરવા જોઇએ, એવું ન હોઇ જુદા-જુદા સાધકોએ પોતાને યોગ્ય લાગે તે સાધન પસંદ કરવું.

(૧૭) **જ્ઞાન સાધકની અભ્યાસ કરવાની રીત-** ક્રોધમાં આવીને થોડા કઠોર શબ્દોનું ઉચારણ કરવું પડ્યું હોય કે પ્રમાદવશ કોઈ ભૂલ થઈ ગઈ તો વિવેકી સાધકને, 'મારાથી ભૂલ થઈ ગઈ' કે 'મારાથી પાપ થઈ ગયું' એવો પશ્ચાતાપ થાય છે અને ઉદ્વિગ્નતા આવી જાય છે. પરંતુ જે સાધકને "હું આત્મા છું" એવું જ્ઞાન થઈ ગયું છે તેણે પોતાને 'હું પાપી', 'હું નીચ' એવું માની ન લેતાં તેનો આત્માજ્ઞાન માટે ઉપયોગ કરી લેવો. તે કઈ રીતે? તો "હું અલિપ્ત આત્મા હોવા છતાં પણ દેહબુધ્ધિ પકડાય તો હું પાપપુણ્યાતીત આત્મા હોવા છતાં મેં ક્ષુદ્ર જીવભાવને ગ્રહણ કરી લીધો છે !" એવો વિવેક કરવો રહ્યો.

(૧૮) પ્રશ્ન- અભ્યાસને વિભિન્ન પ્રકારથી બતાવવાની શું આવશ્યકતા છે? 'કલ્પના કરીશ નહીં' એટલું જ કહ્યું હોત તો ન ચાલત? "ધનની ઇચ્છા ન કરો", "સંબંધીઓની કલ્પના ન કરો" "યશની કલ્પના ન કરો" આમ અલગ-અલગ રીતથી કહેવાની શું જરૂર છે?

ઉત્તર- મન ધન, સંબંધીઓ, માન્યતાઓ વગેરે વિષયોમાં સ્વતંત્ર કલ્પનાઓ કર્યા કરે છે. એ બધી કલ્પનાઓ જ હોય તો પણ, મન તેને જુદા-જુદા રૂપ આપીને તેમાં જ રમમાણ રહે છે. તમને માત્ર એટલું જ કહેવામાં આવે કે, 'કલ્પના છોડી દ્યો' તો તેનાથી ઉદેશ્ય સ્પષ્ટ નથી થતો. એટલા માટે હાથ પકડીને 'આ કલ્પના છોડી દે' 'આ કલ્પના છોડી દે' એમ અલગ અલગ કહીએ તો જ તે સમજાય છે.

(૧૯) પુત્રેષણા, વિત્તેષણા અને લોકેષણા જેવી પ્રબળ વિષય કલ્પનાના ત્યાગને માટે પ્રતિકલ્પના રૂપી વિવેક અત્યાવશ્યક છે. એ સાચું, પરંતુ મનની ભાગ-દોડનું કારણ શોધી કાઢી તેના પર યોગ્ય એવો વિવેક કરવો પણ અનેક વાર યશસ્વી થતો નથી. કેમકે મન કેટલીક વાર જુદા ન કરી શકાય એવા અનેક સૂક્ષ્મ કારણોથી ક્ષુબ્ધ થતું રહે છે. આવે વખતે કલ્પનાઓ ખૂબ વધી જાય છે. અને સાધક એની સાથે લડતાં-લડતાં પરેશાન થઈ જાય છે ! આ લડવાવાળા કાલ્પનિક પુરુષને ઊંચા સાદે “તારી સાથે વાદ-વિવાદ કરવાવાળો હું જ મૂર્ખ છું” એમ કહીને એકદમ નિર્વિકલ્પ સ્થિતિમાં કૂદી પડવું જોઈએ. એ ભૂલવું જોઈએ નહીં કે તમામ પ્રકારના અભ્યાસનો મુખ્ય ઉદેશ્ય શરૂઆતથી જ તમામ કલ્પનાઓથી મુક્ત થવાનો છે.

(૨૦) મન જ્યારે સ્વગત થઈ જાય છે, તે જ અભ્યાસ કરવાનો મહત્વપૂર્ણ સમય છે. શરીર જ્યાં છે ત્યાં જ છોડીને અંદર જતા જવું, એ જ કલ્પના અને વિષય-ચિંતનનું પ્રગટીકરણ છે. એ મુક્ત ક્ષણે અભ્યાસરૂપી શસ્ત્રનો પ્રયોગ કરવાનો છે.

(૨૧) કોઈપણ ગામમાં રહીએ તોયે શું? ક્યાંય જઇએ તોયે શું? તે સ્થળને ભૂલીને પોતાનો પૂર્ણ હોશ! બહુધા જ્યારે ગમે ત્યારે આંખો બંધ કરીએ તો, સામ્ય જ પ્રતીત થાય, એમ કહીએ તો દેશકાળ વગેરે ભેદભાવને રજા આપી એકમેવાદ્વિતીય થઈને રહેવામાં શું અડચણ આવી શકે !

(૨૨) પ્રશ્ન- આત્મસ્વરૂપ એ જ્ઞાન-અજ્ઞાનાતીત, ત્રિપુટીરહિત છે એ વાત સમજાઇ. આ જ્ઞાન મળ્યા પછી મનુષ્યને અભ્યાસ કરવાનો નથી હોતો ને? કારણ કે અભ્યાસ કહીએ એટલે, ત્રિપુટીનું નિર્માણ થાય છે. તે આત્મા સ્વરૂપમાં ચાલશે નહી, એમ કહીએ તો, “હું ત્રિપુટી રહિત આત્મા છું” એ નિશ્ચયપૂર્વક જાણી લીધા બાદ મન, શરીર, ઇન્દ્રિઓએ ગમે તેમ વર્તવામાં હરકત નથી. ખરું ને?

ઉત્તર- જ્ઞાનાતીત આત્માસ્વરૂપને જાણ્યા પછી સ્વાનુભવ સુખનો અનુભવ કરવાનો હોય છે. અહંકાર સાથે જીવન ન જીવતા, આત્માસ્થિતિમાં જીવન જીવવાનું છે. બધાથી અસંગ એવું આત્મસ્વરૂપ અલગ જ છે. અહંતા-મમતાપૂર્વક વ્યવહાર કરતા કરતા જ તે અસંગ આત્મા હું છું એવું જાણ્યું એટલે બસ, એમ કહેવું એ અપરિપક્વ વિચાર છે. વાસ્તવમાં સર્વાતીત બ્રહ્માનુભવમાં આપણા પ્રત્યેક અસ્તિત્વની ભ્રાંતિ દૂર કરવાની છે.

(૨૩) વાસ્તવિક સાધન, “હું સાધનથી પરિપૂર્ણ થવારો નથી, પરંતુ સ્વયંભૂ પરિપૂર્ણ છું. મૂલતઃ મારામાં અંશ (ભાગ) હોવાની શક્યતા જ ન હોવાથી હું નિરંશ (નિર્ભાગ) અને સ્વતઃ સિધ્ધ છું” એવી ભાવના કરવી એ છે.

(૨૪) પ્રશ્ન- “હું સર્વાતીત આત્મા છું. અર્થાત વ્યવહાર સહિત ‘જગ મિથ્યા છે’ એવો વિવેક રાખી દુઃખ, અપમાન વગેરેનું પરિણામ દૂર કરવું એ સાચું છે. પરંતુ તે પછી અધૂરાં છોડેલા આપણા વ્યવહારિક

કાર્યો કરવા તૈયાર થયેલા સાધકે પહેલાની જેમ જ કર્તુત્વભાવનાથી વ્યવહાર કરવો પડે છે. એ વખતે જ્ઞાનની અલિપ્તતા અને વ્યવહારને માટે કર્તુત્વની જાગૃતિ એ વિરોધી પાત્રોને કેવી રીતે સંતુલિત કરવા?

ઉત્તર- સૌ પ્રથમ પરમાર્થિક ભૂમિકાને સ્થિર કરીને, પોતાના પરિપૂર્ણ આનંદાનુભવને પાપ્ત કરી લે અને તેનાથી પૂર્ણશાંતિ, સહજતા અને ઉલ્લાસ ઇત્યાદિ મનોવૃત્તિ પ્રાપ્ત કરી લીધા પછી વ્યવહારિક ભૂમિકાને ગ્રહણ કર. જ્ઞાનાભ્યાસ દ્વારા પ્રાપ્ત થયેલી નિશ્ચલ સ્થિતિની શિલા ઉપર વ્યવહારનું મકાન બાંધ. ત્યારે જ અંદર અહજાનંદ, પરાશાંતિ તથા બહાર આગંતુક વ્યવહાર સાચવવો એક સાથે સાધ્ય થઈ શકે છે.

(૨૫) તમે સતત અધ્યાત્મપર થવાનો અભ્યાસ કરો. સદૈવ પોતાની સ્વરૂપ સ્થિતિનું અવલોકન કરતાં કરતાં, વિવેકની મદદથી દિન-પ્રતિદિન સુખી થતાં જવું, એ જ અધ્યાત્મ છે. “હું સુખી છું, હું આનંદ સ્વરૂપ છું. મારો જન્મ આનંદ સિવાય બીજા કોઈ કાર્ય માટે નથી થયો.” એમ કહો અને આનંદમય થઈને રહો !

|| હરિ ઓમ ||